અમદાવાદસીટી...બનાસકાંઠા..પાટણ..ગાંધીનગર..મહેસાણા.. સુરેન્દ્રનગર.....

પાનાં : ૨૦ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૧૫ નવેમ્બર ૨૦૨૬ રવિવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

વાંચન વિશેષ

શતાબ્દિ

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૬ વર્ષ : ૯૪, અંક : ૩૦૮ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

અમેરિકાની એર ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમ ખોરવાતા ૧૮૦૦૦ ફ્લાઈટોને અસર

અમેરિકામાં ૮૦૦૦ ફ્લાઈટો રદ : ૧૫ લાખથી વધુ લોકો ફસાયા

વોશિંગ્ટન/નવી દિલ્હી, તા. ૧૪

એક ટેકનીકલ ખામીને કારણે સમગ્ર અમેરિકાની આશરે ૧૮૦૦૦ જેટલી ફ્લાટ્સને અસર પહોંચી હતી, જેમાંથી આશરે ૮૦૦૦ ફ્લાઈટ્સને તો રદ જ કરી દેવી પડી હતી. સમગ્ર અમેરિકાની એર ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમ જ ખોરવાઈ ગઈ હતી. જેને કારણે આ નિર્ણય લેવાયો હતો. જોકે એક સાથે અનેક ફ્લાઈટો રદ થતા હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. અમેરિકાના ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન દ્વારા રાષ્ટ્રવ્યાપી ગ્રાઉન્ડ સ્ટોપનો આદેશ જારી કરાયો હતો.

૯/૧૧ બાદ પ્રથમ વખત સૌથી વધુ સાડા ચાર કલાક સુધી ફ્લાઈટ્સ જમીન પર ઉતારાઈ, જાહેરાત સમયે ૩૫૦૦ વિમાન હવામાં હતા

અમેરિકામાં ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના આતંકી હુમલો થયો ત્યારે તમામ ફ્લાઈટો માટે રાષ્ટ્રવ્યાપી ગાઉન્ડ સ્ટોપનો આદેશ જારી કરાયો હતો. જે બાદથી પ્રથમ વખત સૌથી વધુ સતત ચાર કલાકથી વધુ સમય સુધી અમેરિકાની ફ્લાઈટો ઠપ રહી હતી. સમગ્ર અમેરિકાની એર ટ્રાફિક કન્ટ્રોલના જુના ટેલીકોમ્યુનિકેશન નેટવર્કમાં આવેલી ટેકનીકલ ખામીને કારણે સાત હજાર જેટલી ફ્લાઈટો રદ કરી દેવાઈ હતી ત્યારે ૧૦ હજારથી વધુ ફ્લાઈટો મોડી પડી હતી. જુની સિસ્ટમ અથવા એઆઈને કારણે આ ખામી સર્જાઈ હોવાની અટકળો ચાલી રહી છે. જોકે એઆઈની કોઈ ભૂમિકા હોવાની વાત પ્રશાસને નકારી હતી.

જૂની સિસ્ટમ અને એઆઈ પર શંકા વચ્ચે કોપર વાયર બદલતી વખતે સિસ્ટમ ખોરવાઈ હોવાનો ટ્રાન્સપોર્ટ મંત્રીનો ખુલાસો

અમેરિકા ટેકનોલોજી બાબતે એડવાંસ દેશ માનવામાં આવે છે જોકે ત્યાંની જ એર ટ્રાફિક સિસ્ટમમાં આ ખામી સામે આવતા અન્ય દેશોની સિસ્ટમો પર પણ સવાલો ઉઠી શકે છે. અમેરિકાના ટ્રાન્સપોર્ટ સેક્રેટરી સીન ડફીએ કહ્યું હતું કે અમેરિકાના ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન દ્વારા રાષ્ટ્રવ્યાપી ગ્રાઉન્ડ સ્ટોપનો આદેશ કરાયો હતો. અને અમેરિકાના એરપોર્ટ્સ પરથી ફ્લાઈટોને ઉડાન ભરતી રોકવામાં આવી હતી. તમામ એર રૂટ ટ્રાફિક કન્ટ્રોલ સેન્ટર્સ પર કોમ્યુનિકેશન ખામીને કારણે આ નિર્ણય લેવાયો હતો તેમ ટ્રાન્સપોર્ટ સેક્રેટરીએ કહ્યું હતું. બાદમાં તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ડેટા સાથે રાઉટર્સ અને સ્વિચો ઓવરલોડ થઈ ગયા છે. જોકે ઓવરલોડ પાછળનું કારણ શું હતું તેને લઈને તપાસ ચાલી રહી છે. ચાર કલાકથી વધુ સમય બાદ ગ્રાઉન્ડ સ્ટોપ હટાવાયો હતો જોકે સંપૂર્ણ ક્ષમતા સાથે ટ્રાફિક વ્યવસ્થા પરત ફરવામાં સમય લાગશે.

એક રિપોર્ટ મુજબ પ્રશાસને તમામ ફ્લાઈટનો થંભાવી દેવાનો આદેશ જાહેર કર્યો તેના થોડા સમય બાદ આશરે ૧૧,૦૦૦ જેટલી ફ્લાઈટ્સમાં ૧૫ લાખ મુસાફરો અમેરિકાથી ઉડાન ભરવા માટે તૈયાર હતા. જેઓ બાદમાં કલાકો સુધી ફસાયા હતા. ગ્રાઉન્ડ સ્ટોપ એ એક એવો આદેશ છે કે જેમાં તમામ ફ્લાઈટોને ઉડાન ભરતા રોકવામાં આવે છે, લેન્ડિંગ કરી રહેલી ફ્લાઈટોને યોગ્ય માર્ગદર્શન

(અનુસંધાન ૧૫મે પાને)



અમેરિકામાં એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાતાં દેશભરમાં એર ટ્રાન્સપોર્ટ ખોરવાયો હતો. શુક્રવારે લગભગ પાંચ કલાક સુધી મોટાભાગની ફ્લાઈટ્સ અટકાવી દેવામાં આવતાં હજારો મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા હતા. શુક્રવારની ઘટનાની અસર શનિવારે પણ જોવા મળી હતી. શનિવારે ૩,૭૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને લગભગ ૨,૦૦૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી. શુક્રવારે લગભગ ૧૦ હજાર ફ્લાઈટ્સ રદ થઈ હતી અને ૭ હજારથી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. આ ઘટનાએ અમેરિકાની જૂની એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમની મર્યાદાઓ ફરી સામે લાવી છે. સિસ્ટમને મોર્ડન બનાવવા માટે પરિવહન મંત્રીએ ૫૦ અબજ ડોલરના ફંડની માંગ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં સાયબર હુમલાના કોઈ પુરાવા મળ્યા નથી, જોકે તપાસ હજુ ચાલુ છે.

વિશ્વ નવા વોર ઝોનમાં જશે કે જૂના યુદ્ધો બંધ થશે : મોટો સવાલ

ટ્રમ્પ, પુતિન, જિનપિંગ વચ્ચે પહેલી વખત ગુરુવારે ત્રિપક્ષીય મંત્રણા

વોશિંગ્ટન,તા.૧૪

વિશ્વ નવા વોર ઝોનમાં જશે કે જૂના વોર ઝોન બંધ થશે તેના અંગે આગામી સપ્તાહે મહત્ત્વનો નિર્ણય થઈ શકે છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ, રશિયન પ્રમુખ પુતિન અને ચીનના પ્રીમિયર જિનપિંગ આગામી સપ્તાહે દક્ષિણ ચીનના શેનઝેનમાં ત્રિપક્ષીય મંત્રણા યોજવાના છે. એશિયા પેસિફિક ઈકોનોમિક કો-ઓપરેશનની પરિષદ દરમિયાન ત્રણેય નેતાઓ મળશે. આ બેઠકની તુલના ૧૯૪૫માં અમેરિકા, બ્રિટન અને સોવિયત યુનિયન વચ્ચે થયેલી યાલ્ટા કોન્ફરન્સ સાથે કરવામાં આવે છે, જેમા જર્મનીનું વિભાજન કરવાનો નિર્ણય લેવાયો હતો.

એઆઈ અને પરમાણુ અપ્રસારને લઈને શેન્ઝેન સમિટ ઐતિહાસિક બની શકે તેવી પ્રબળ સંભાવના

અમેરિકાના અધિકારીઓનું કહેવું છે કે, 'તે મંત્રણા દરમિયાન પરમાણુ અપ્રસારનો મુદ્દો કેન્દ્ર સ્થાને રહેશે. પ્રમુખ ટ્રમ્પ પરમાણુ પ્રસારને ઘણો જ ભયાવહ (ડેન્જર) માને છે. પ્રમુખે પોતે જ કહ્યું હતું કે, તે મંત્રણા દરમિયાન તેઓ તે મુદ્દા ઉપર જ સૌથી વધુ ભાર મુકશે.'

અનામી રહેવા માગતા એક અમેરિકન અધિકારીએ કહ્યું હતું કે, તે નેતાઓની મંત્રણામાં કોઈ નક્કર નિર્ણય તો લેવાય તેવી શક્યતા નથી પરંતુ ઈરાનનો મુદ્દો સહજ રીતે મહત્ત્વનો રહેશે. પ્રમુખ ટ્રમ્પ તે મુદ્દે શી અને પુતિન સાથે ચર્ચા કરે તેવી કોઈ સંભાવના દેખાતી નથી.

ચીન શેન્ઝેન સમિટનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવસ્થાના સૌથી મોટા હિતરક્ષક તરીકે બતાવવા કરી શકે

આ મંત્રણા દરમિયાન તે નેતાઓ વર્કિંગ લન્ચ લેશે તે પછી પ્રમુખ ટ્રમ્પ ચીનના પ્રમુખ શીજિનપિંગ સાથે મંત્રણા કરશે ત્યારબાદ તેઓ રશિયાના પ્રમુખ પુતિન સાથે મંત્રણા કરવાના હોય તેવું લાગતું નથી. પ્રમુખ ટ્રમ્પ અને પ્રમુખ પુતિન વચ્ચે એકથી એક તેવી અલગ મંત્રણા થવાની શક્યતા નહીવત છે.

'પ્રમુખ ટ્રમ્પ સોમવારે વૉશિંગ્ટનથી શેન-જેન જવા નીકળશે વચમાં ફિલિપાઈન્સમાં રોકાણ કરશે. મંગળવારે તેઓ ફીલીપાઈન્સના પ્રમુખ ફર્ડીનાન માર્કોસ (જુનિયર) સાથે મંત્રણા કરશે.

(અનુસંધાન ૧૫મે પાને)

ચીન અને અમેરિકા વચ્ચે મેળ બેસી જ ન શકે : વિશ્લેષકો

શેનઝેન મીટિંગ પૂર્વે જ પ્રાથમિકતાઓ અંગે ચીન અને અમેરિકા વચ્ચે મતભેદો

વોશિંગ્ટન, તા. ૧૪

અમેરિકા ના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે એશિયાની યાત્રાએ છે દરમિયાન તેઓ ચીનમાં દક્ષિણના શહેર શેનઝેનમાં યોજાયેલ ત્રણ પ્રમુખો શી જિનપિંગ, ટ્રમ્પ-પુતિન વચ્ચે યોજાનારી ત્રિપક્ષીય મંત્રણામાં કેન્દ્ર સ્થાને રહેશે પરંતુ બેઠક શરૂ થતા પહેલા જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના સર્વેસર્વા

(અનુસંધાન ૧૫મે પાને)

ચીન આર્થિક પરિવર્તન, AI અને રોબોટિક્સને મહત્ત્વ આપે છે જ્યારે અમેરિકા પરમાણુ અપ્રસાર પર ભાર મૂકી રહ્યું છે

U19 એશિયા કપ : ભારત પાક.ને પછાડી ચેમ્પિયન



શ્વાસ અધ્ધર કરી દે તેવી અંડર-૧૯ એશિયા કપની ફાઈનલમાં પાકિસ્તાન સામે ભારતને જીતવા માટે ૧ બોલમાં ૩ રનની જરુર હતી અને એક જ વિકેટ સલામત હતી, ત્યારે ૧૦મા ક્રમના બેટ્સમેન સૌરાષ્ટ્રના મોહિત ઉલ્વાએ વિજયી ચોગ્ગો ફટકાર્યો હતો. આ સાથે ભારતે હાઈડ્રામા બાદ એક વિકેટથી પાકિસ્તાનને પછાડીને અંડર-૧૯ એશિયા કપ ટ્રોફી જીતી લીધી હતી. (વધુ વિગતો માટે જુઓ સ્પોર્ટ્સ પેજ)

અંતિમ ટેરિફ માળખા પછી નિર્ણય થશે

ભારત પર અન્ય દેશોની તુલનાએ ઓછો ટેરિફ લગાવીશું: અમેરિકા

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકાએ ભારતને ખાતરી આપી છે કે તે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર (બીટીએ) હેઠળ ભારત પર બીજા દેશોની તુલનાએ ઓછો ટેરિફ નાખશે. તેની સાથે બંને દેશ વચ્ચેનું ટ્રેડ ડીલ નજીકના ભવિષ્યમાં થઈ જશે તેમ વિદેશપ્રધાન એસ જયશંકરે જણાવ્યું હતું. બંને દેશે વેપાર સમજૂતી સાથે સંલગ્ન મોટાભાગના મુદ્દાઓને ઉકેલી લીધા છે.

બંને દેશ વચ્ચે ટ્રેડ ડીલ હાથવેંતમાં, મોટાભાગના મુદ્દા ઉકેલાઈ ગયા: જયશંકર

જો કે અધિકારીએ સ્પષ્ટ કર્યું છે કે ભારતને મળનારો આ ફાયદો અંતિમ ટેરિફ વ્યવસ્થા પર આધારિત હશે. હાલમાં બંને દેશ વ્યાપાર સમજૂતીના પ્રથમ તબક્કા અને સમગ્ર સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવા માટે વાતચીત કરી રહ્યા છે. હવે

(અનુસંધાન ૧૫મે પાને)

આઉટેજ ૨૪ કલાકે ખતમ થયું, હવે સેવાઓ પૂર્વવત : માઈક્રોસોફ્ટ

માઈક્રોસોફ્ટ આઉટેજથી દુનિયામાં સાત અબજ ડોલરના નુકસાનનો દાવો

(પીટીઆઈ) શિકાગો,તા.૧૪

માઈક્રોસોફ્ટની આઉટલૂક, ટીમ સહિતની સેવાઓ ૨૪ કલાક કરતાં વધુ સમયથી ખોરવાયેલી રહેતાં સમગ્ર દુનિયામાં ઉત્પાદકતામાં સાત અબજ ડોલર જેટલું નુકસાન થયું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, આ ટેકનિકલ ખામીના કારણે થયેલા આર્થિક નુકસાનનો વાસ્તવિક આંકડો થોડા સમય પછી સામે આવી શકે છે. બીજીબાજુ આ આઉટેજના કારણે દુનિયાભરમાં વીમા કંપનીઓ પાસે ૩૦ કરોડથી ૫૦ કરોડ સુધીના ક્લેમ આવે તેવી પણ સંભાવના વ્યક્ત થઈ રહી છે. આ હોબાળા વચ્ચે અંતે માઈક્રોસોફ્ટે શનિવારે જણાવ્યું હતું કે લગભગ ૨૪ કલાક કરતાં વધુ સમય પછી તેની સેવાઓ સંપૂર્ણપણે પૂર્વવત થઈ ગઈ છે.

૭૪ દેશોમાં ૭૪ લાખથી વધુ ફરિયાદો થઈ : વીમા કંપનીઓ પાસે નુકસાન પેટે ૫૦ કરોડ ડોલર સુધીના ક્લેમની શક્યતા

માઈક્રોસોફ્ટના આઉટેજના લીધે વિવિધ દેશોની સરકારો, હેલ્થકેર સર્વિસિઝ, કોર્ટ, કારોબારો, એરલાઈન્સ અને કેટલાય સ્થળોએ બેન્કોની કામગીરી પર અસર પડી હતી. અમેરિકા, બ્રિટન, જાપાન, સિંગાપોર અને ઓસ્ટ્રેલિયા તથા ભારત સહિતની સરકારોએ તેમની કેટલીક કામગીરી શરૂ કરવામાં કેટલાય કલાકો સુધી રાહ જોવી પડી હતી. કંપનીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે અમે આ ઘટનાના સંદર્ભમાં હાથ ધરેલી જરુરી કાર્યવાહીના પગલે બધી સર્વિસ પૂર્વવત્ થઈ છે. વિશ્વના કુલ ૭૪થી પણ વધુ દેશોમાં અને ૪૩ કરોડથી પણ વધુ લોકો પર આ આઉટેજની અસર અનુભવી હતી. વિશ્વમાં કુલ ૪૩ કરોડ લોકો માઈક્રોસોફ્ટ ઉદ્દપ એપનો ઉપયોગ કરે છે.

અનેક યુઝર્સે કહ્યું હતું કે માઈક્રોસોફ્ટ ઉદ્દપ સર્વિસિઝમાં આઉટલૂક, ટીમ્સ અને એઆઈ આસિસ્ટન્ટ કોપાયલોટનો સમાવેશ થાય છે, આ બધી સર્વિસ

(અનુસંધાન ૧૫મે પાને)

વિવિધ દેશોની સરકારો, હેલ્થકેર સર્વિસિઝ, કોર્ટ, કારોબારો, એરલાઈન્સ અને બેન્કોની કામગીરી પર અસર

આરબીઆઈએ ઘરેલુ મની ટ્રાન્સફર નિર્દેશ, ૨૦૨૬ જાહેર કર્યા

બેન્કમાં ખાતા વિના પણ રૂ. ૫૦ હજાર સુધી નાણાં મોકલી શકાશે : આરબીઆઈ

નવી દિલ્હી, તા. ૧૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ દેશમાં નાણા મોકલવા અને રોકડ રકમ મેળવવા સાથે સંકળાયેલા નિયમો અંગે નવા નિર્દેશ જારી કર્યા છે. નવા નિર્દેશો મુજબ હવે બેન્ક ખાતું ના હોય તેવા લોકો પણ એનઈએફટી મારફત અન્ય લોકોને નાણાં મોકલી શકશે અથવા મેળવી શકશે. નવા નિયમ મુજબ બેન્ક ખાતું ના હોય તો પણ વ્યક્તિ નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ્સ ટ્રાન્સફર એટલે કે એનઈએફટી મારફત નાણાં મોકલી શકશે. કોઈપણ વ્યક્તિ બેન્કની શાખામાંથી મહત્તમ રૂ. ૫૦,૦૦૦ જેટલી રકમ મોકલાવી શકશે.

બિઝનેસ કોરસપોન્ડન્ટ, એટીએમ, અન્ય માધ્યમોથી ૫,૦૦૦થી રૂ. ૨૫,૦૦૦ સુધી બેન્ક ખાતામાં મોકલી શકાશે

દેશમાં આજે પણ ઘણા એવા લોકો છે જેમની પાસે બેન્ક ખાતા નથી અથવા તેમના માટે બેંકિંગ સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ નથી. વિશેષરૂપે પોતાના ઘરથી દૂર અન્ય શહેરોમાં કામ કરતા મજૂરોને વતનમાં નાણા મોકલવામાં મુશ્કેલી ઉભી થાય છે. આવા લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આરબીઆઈએ ઘરેલુ મની ટ્રાન્સફરના નિયમોમાં સ્પષ્ટતા કરી છે અને નવા નિર્દેશો જાહેર કર્યા છે.

કોઈ બેન્કમાં તમારું ખાતું ના હોય તો પણ બેન્ક મિત્ર એટલે કે બિઝનેસ કોરસપોન્ડન્સ (બીસી), એટીએમ કે અન્ય મંજૂર માધ્યમોથી નાણા મોકલી શકે છે. આ માધ્યમથી મહત્તમ ૫૦૦૦ રૂપિયા અન્ય બેંક ખાતામાં મોકલી શકાય છે. આરબીઆઈએ એવા લોકોને પણ નાણા પ્રાપ્ત કરવાની સુવિધા આપી છે જેમની પાસે બેંક ખાતું નથી. નાણા પ્રાપ્ત કરનાર વ્યકિત પાસે બેંક ખાતું નથી તો તે વ્યકિત એટીએમ, બેંક મિત્ર કે અન્ય મંજૂર પેમેન્ટ માધ્યમોનો ઉપયોગ કરી શકે છે.

આરબીઆઈએ ઘરેલુ મની ટ્રાન્સફરના નવા નિર્દેશ, ૨૦૨૬ જારી કર્યા છે. તેનો અમલ શરૂ થઈ ગયો છે. આ નિયમો હેઠળ બેંક ખાતા વગરનાં લોકો પણ નિર્ધારિત મર્યાદામાં રોકડ નાણા અન્ય વ્યક્તિનાં બેંક ખાતામાં મોકલી શકે છે. આ ઉપરાંત જે લોકો પાસે બેંક ખાતા નથી તે પણ મોકલવામાં આવેલી રકમ રોકડમાં પ્રાપ્ત કરી શકે

(અનુસંધાન ૧૫મે પાને)

એનઈએફટી મારફત એક વખતમાં મહત્તમ રૂ. ૧૦,૦૦૦ અને મહિનામાં કુલ રૂ. ૨૫,૦૦૦ મોકલી શકાશે

દિલ્હીની વાત

સોનિયા ગાંધીના પુસ્તકમાં રેહાન વાડ્રા અને મંગેતરનું પણ યોગદાન

નવીદિલ્હી, તા. ૧૪

સોનિયા ગાંધીના બહુચર્ચિત પુસ્તક 'બીલોગીંગ : અ જર્ની ઓફ લવ' પ્રકાશિત થયા પછી સતત ચર્ચામાં છે. આ પુસ્તકની રાજકીય ચર્ચા તેમજ ઐતિહાસિક વિગતો અને વિવાદો વચ્ચે એક કૌટુંબીક કનેકશન પણ બહાર આવ્યું છે. પુસ્તકમાં સોનિયા ગાંધીના દોહિત્ર રેહાન વાડ્રા અને એમની મંગેતર અવીવા બેગનું યોગદાન પણ રહ્યું છે. પુસ્તકના બેક કવર પર પ્રકાશિત થયેલી સોનિયા ગાંધીની તસવીર રેહાન વાડ્રા અને અવીવા બેગે પાડી છે. પુસ્તકના કવર પરનો ફોટો રાજીવ ગાંધીએ પાડ્યો હતો. આમ ગાંધી કુટુંબની બે પેઢીનો ફોટોગ્રાફીનો શોખ જોવા મળે છે.

(અનુસંધાન ૧૫મે પાને)

નેટફ્લિક્સ કરતા એઆઈને વધુ મહત્ત્વ

જેન-ઝી માટે એઆઈ ચેટબોટ્સના સબસ્ક્રિપ્શન જીવન જરૂરિયાત બન્યા

કેલિફોર્નિયા, તા.૧૪

એઆઈ હવે માત્ર નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવા પૂરતું મર્યાદિત રહ્યું નથી. જેન-ઝી માટે એઆઈ રોજિંદા જીવનનો એક ભાગ બની ગયું છે. કામકાજ, અભ્યાસ, કન્ટેન્ટ બનાવવાથી લઈને વ્યક્તિગત જીવનનું આયોજન કરવા સુધી યુવાનો એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરી રહ્યા છે. તેના કારણે ચેટજીપીટી, ક્લોડ, જેમિની અને ગ્રોક જેવી સર્વિસનું પેઇડ સબ્સ્ક્રિપ્શન હવે તેમના માસિક બજેટનો ભાગ બની ગયા છે.

બેંક ઓફ અમેરિકા ઈન્સ્ટિટ્યુટના આંકડા મુજબ, જેન-ઝીના સબ્સ્ક્રિપ્શન પાછળના ખર્ચમાં વાર્ષિક ધોરણે લગભગ ૧૪ ટકાનો વધારો થયો છે. જ્યારે રીડિંગ અને ઈન્ફોર્મેશન સર્વિસિસની કેટેગરીમાં, જેમાં એઆઈ સર્વિસનો પણ સમાવેશ થાય છે, જેન-ઝીનો ખર્ચ ૬૧ ટકા વધ્યો છે. આ કેટેગરીમાં તમામ પેઢીઓની સરખામણીએ સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાઈ છે.

જાણકારોના મતે, એઆઈથી કામની ઝડપ અને આવકમાં વધારો થતો હોય તો પેઇડ સબ્સ્ક્રિપ્શન યોગ્ય રોકાણ બની શકે છે. પરંતુ માત્ર નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ઉત્સુકતામાં અનેક સબ્સ્ક્રિપ્શન લેવાને બદલે તેનો વાસ્તવિક ફાયદો જોવો જોઈએ.

આ સાથે જ બચત, ઈમરજન્સી ફંડ અને ભવિષ્યની આ થક જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

ચેટજીપીટી, ક્લોડ, જેમિની, ગ્રોકની સર્વિસ પાછળ દર મહિને મોબાઈલ બિલની જેમ ખર્ચો કરી રહ્યા છે

બેધડક -મંજુલ



ફુગાવો પાંચ ટકાને પાર થઈ ગયો તેની અમારા પર કોઈ અસર થઈ નથી. અને તો લોબા સમયથી ડબલ ડિજિટ ફુગાવાની અસર અનુભવી રહ્યા છીએ!

Starting from 1.68 CR++ Gokul flora 3 BHK - 2400 SQ.FT. Architect Apurva Amin SAMPLE HOUSE READY Developed by VIRANI GROUP 76009-07009 B/h Jahanvi Restaurant & Goyal tower, Panjrapole-University Rd, Ambawadi

Since-1988 KOYO સી.જી.રોડ પરીસીમા કોમ્પલેક્ષ 94269 79127 શ્યામલ ચાર રસ્તા વેસ્ટસાઈડ ની સામે 94285 47099 પ્રત્યેક પ્રસંગે.... કુર્તા શોપ Pure Silk • Pure Linen • Pure Cotton SIZE 0 To 54 • કોટી • શેરવાની • ઈન્ડો વેસ્ટર્ન • જોધપુરી • શોર્ટ કુર્તા

100% શુદ્ધ Shreejee HONEY SINCE 1960 શ્રીજી મધ દરેક મેડિકલ તથા પ્રોવિઝન સ્ટોર્સમાં મળે છે. amazon M.: 9586322535 એગમાર્ક

દાનની અપીલ રૂપિયા તો ખૂબ કમાયા હવે પુણ્ય કમાવો. ૧૦૦ અંધજન ભાઇઓ બહેનો માટે ચા-નાસ્તો - ૩૦૦૦, સાદુ ભોજન - ૮૦૦૦, મિષ્ટાન ભોજન - ૧૪૦૦૦,એક દિવસનો ભોજન ખર્ચ - ૨૫૦૦૦, ૬૦૦ અંધજન કુટુંબોને સંસ્થા દ્વારા દર મહિને અનાજ કરિયાણું ફીમાં આપવામાં આવે છે. ૧ કુટુંબ માટે ૧૫૦૦, ૫ કુટુંબ માટે ૭૫૦૦, ૧૦ કુટુંબ માટે ૧૫૦૦૦, ૧ કુટુંબને દત્તક લેવા માટે એક વર્ષનો ખર્ચ રૂા. ૧૮૦૦૦ (૮૦-જુ કલમ હેઠળ ઇન્કમટેક્ષમાં રાહત મળશે.) સંસ્થાની પ્રવૃત્તિઓ જોવા માટે You-Tubeમાં સર્ચ કરો : Navjyot Andhjan Mandal સંસ્થાની વેબસાઇટ પર દાન કરનાર દાતાઓને પોતાના Email પર રસીદ મળશે WEBSITE www.navjyotandhjanmandal.org ઓનલાઇન QR અથવા UPI થી દાન કરો છો તો આપેલ દાનની રસીદ મેળવા સંસ્થાનો સંપર્ક કરો. મો.: 9726884422, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ Bank Details : Navjyot Andhjan Mandal, HDFC Bank, Paldi Branch Account No. : 50100239406592, IFSC CODE : HDFC0000299



જૈન દર્શનમાં સમ્યક જ્ઞાનનું મહત્વ ખુબ જ છે. મોહના અંધકારને દૂર કરવા તમામ પાપોથી છૂટવાનો એકમાત્ર રસ્તો સમ્યક છે. જ્ઞાન રૂપી પુસ્તક પર જ્ઞાનના પાંચ રૂપ મતિજ્ઞાન, શ્રુતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યજ્ઞાન અને કેવલજ્ઞાનની વિશેષ પૂજા કરવામાં આવતી હોય છે. કારતક સુદ-૫ને જૈન ધર્મીઓ જ્ઞાન પંચમી તરીકે ઉજવે છે. ત્યારે આ દિવસે વિવિધ જૈન તત્વજ્ઞાન શાળાઓમાં હસ્તલિખિત પ્રાચીન ગ્રંથો, હાથીદાંત, સ્ફટિક, રત્નો વગેરેથી બનાવેલી પ્રભુજીની મૂર્તિઓ, જ્ઞાનનાં ૫૦૦થી ૨૦૦ વર્ષ પ્રાચીન અને વિવિધ ઉપકરણો વગેરેનું ઐતિહાસિક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. (તસવીર- સુરેશ મિસ્ત્રી)

સ્માર્ટ સિટીમાં છ મહિનામાં છઠ્ઠી વખત પાણી પુરવઠો ખોરવાયો!

બોડકદેવ, બોપલ, થલતેજ, ગોતા સહિત ૧૦ વિસ્તારમાં મંગળવારે 'પાણી કાપ'

અમદાવાદ, શનિવાર

સ્માર્ટ સિટી અમદાવાદના પોશ વિસ્તારોમાં પણ પાણી કાપની સમસ્યા રોજિંદી બની રહી છે. હજી ઓક્ટોબરમાં શહેરના ૭૦ ટકા વિસ્તારમાં પાણી કાપ મુકાયો હતો. તેવામાં મંગળવારે ફરીવાર ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમ ઝોનના વિવિધ વોર્ડ-વિસ્તારમાં લોકોને પૂરતું પાણી મળશે નહીં. ઉપલબ્ધ જથ્થા અનુસાર વિતરણ કરાશે. છ મહિનામાં આ છઠ્ઠી વખત પાણી પુરવઠો ખોરવાયો છે. મેગા સિટીમાં દર મહિને પાણી કાપ મુકવાની નોબત આવે છે.

પાણી વિતરણના નેટવર્ક માટે દર વર્ષે ૮૦૦ કરોડનોખર્ચ છતાં પણ સમારકામ માટે વારંવાર સપ્લાય બંધ કરવાનો વારો

અમદાવાદના ૧૦થી વધુ વિસ્તારોમાં ૧૭ તારીખે લોકોને પૂરતું પાણી મળશે નહીં. જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ટ્રંક લાઈન પૈકી લીલાપુર તળાવ પાસે ૧૩૦૦ મીમી વ્યાસના સ્કાવર વાલ્વનો સ્પિંડલ રોડ ખરાબ થઈ ગયો હોય તેને બદલવાની ફરજ પડી છે. તેમજ સરખેજ નેશનલ હાઈવે-કેડિલા સર્કલથી એપીએમસી તરફ જતી ૭૫૦ મીમી વ્યાસની ટ્રંકમેઈન લાઈન પરની લાઈન ડ્રેનેજ લાઈન રિહેબની કામગીરીમાં નડતરરૂપ બનતા તેને ખસેડવાનો વારો આવ્યો છે. આ બંને કામ માટે ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમ ઝોનને પાણી પૂરું પાડતા જાસપુર ૨૦૦ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી સોમવારે પુરવઠો બંધ કરાશે. જેના લીધે ૧૬ તારીખે સાંજે બંને ઝોનના વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનને પાણી મળશે નહીં. વાર્ષિક ૧૮,૫૦૦ કરોડનું બજેટ અને તેમાં પણ ૭૦૦થી ૮૦૦ કરોડ મ્યુનિ. દ્વારા ફક્ત પાણીના પુરવઠા વિતરણના માળખા પાછળ વપરાય છે. તેમ છતાં સમારકામ દરમિયાન વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરાતી નથી. .

આ વિસ્તારમાં પાણી કાપની અસર થશે

* ગોતા
* બોડકદેવ
* થલતેજ
* હેબતપુર
* બોપલ-ઘુમા
* સરખેજ
* મક્તમપુરા
* શીલજ ગામ
*ભાડજ

શહેરીજનોની પાયાની સુવિધા આપવામાં શાસકો નિષ્ફળ

વૈશ્વિક ટેકનોલોજીની ગુલબાંગો સામે પાણી માટે વૈકલ્પિક વ્યવસ્થાના ફાંફાં

એક બાજુ અમદાવાદ મ્યુનિ. દ્વારા કામગીરીમાં વૈશ્વિક લેવલની ટેકનોલોજી અને એઆઈનો ઉપયોગ કરાતો હોવાનો દાવો કરાય છે. ઓલિમ્પિક માટે ડ્રોનથી રૂ.૨૫૦ કરોડના ખર્ચે શહેરનું થ્રીડી મેપિંગ કરવાના સ્વપ્ન જોવાઈ રહ્યા છે. નવી તકનીક અને સીસ્ટમ શીખવા મ્યુનિ.ના અધિકારીઓ વિદેશ યાત્રા પણ કરી આવે છે! શહેરને દુબઈની હરોળમાં મુકવા ૫૭૦ કરોડનું સિટી સ્ક્વેર બનાવવાના આયોજન થાય છે. પરંતુ કડવી હકીકત એવી છે કે, પાણી જેવી જીવન જરૂરિયાતની સુવિધા પૂરી પાડવા મ્યુનિ.એ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા વિકસાવી નથી. હજી એ જ બીબાઢાળ પદ્ધતિથી સમારકામ કરાય છે. એકાદ મેઈન લાઈન કે ટ્રંક લાઈનમાં પણ ફોલ્ટ થાય તો શહેરના ૪૦ ટકા વિસ્તારમાં પાણી કાપ મુકવો પડે છે. આ બાબત મ્યુનિ.ના શાસકોની સૌથી મોટી નિષ્ફળતા છે.

લોકરમાંથી દાગીના લઈને ઘરે પહોંચ્યા તે પહેલાં ચોરી થઈ ગયા

અમદાવાદ, શનિવાર

શિલજમાં આવેલા અવનીશ હાઈટ્સમાં રહેતા રીનાબેન પટેલ ઘરે ધનતેરસના દિવસે લક્ષ્મીપુજન કરવાનું હોવાથી પુત્ર સાથે મેમનગર ગુરૂકુળ રોડ પર આવેલી બેંકના લોકરમાંથી રૂપિયા પાંચ લાખની કિંમતના દાગીના લઈને ઘરે જતા હતા અને રસ્તામાં થલતેજમાં પુજાનો સામાન લેવા માટે ગયા હતા. આ સમયે કોઈ વ્યક્તિ નજર ચુકવીને પર્સમાંથી સોનાની છ બંગડીઓ પર્સમાંથી ચોરી કરી ગયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે ગુનો નોધીને સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે.

દિવસે ૩૫ ડિગ્રી તાપમાનથી મિશ્ર સિઝન

સવારે-રાત્રે ઠંડીનો પ્રારંભ, લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી સુધી નોંધાયું

અમદાવાદ,શનિવાર

અમદાવાદમાં હાલ મોડી રાત્રે અને વહેલી સવારે ગુલાબી ઠંડી અનુભવાઈ રહી છે. આગામી ૧૯ નવેમ્બર બાદ અમદાવાદમાં તાપમાન ૧૭ ડિગ્રીથી નીચે ગગડતાં ઠંડીનું પ્રમાણ વધે તેવી સંભાવના છે.

૩ દિવસ બાદ તાપમાન ૧૭ ડિગ્રી જેટલું થતાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાની સંભાવના

ગત રાત્રિના અમદાવાદમાં ૨૦ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૩ ડિગ્રીનો વધારો થયોહતો. આજે દિવસ દરમિયાન અમદાવાદનું તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું હતું. આમ, મોડી રાત્રે ગુલાબી ઠંડી અને દિવસે ગરમીથી મિશ્ર સિઝન અનુભવાય છે. રાજ્યમાંથી અન્યત્ર વડોદરામાં ૧૭, રાજકોટમાં ૧૮.૩, ડીસામાં ૧૮.૮, ગાંધીનગરમાં ૧૯, સુરતમાં ૨૦, નલિયામાં ૨૦.૨, ભાવનગરમાં ૨૦.૯, ભુજમાં ૨૧.૪ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ-દુબઈની ફ્લાઈટ ફરી કેન્સલ કરાઈ

અમદાવાદની ૧૦ ફ્લાઈટ ૧ કલાકથી વધુ મોડી પડી, ૧ કેન્સલ

અમદાવાદ,શનિવાર

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટને સાંકળતી ૧૦ ફ્લાઈટમાં આજે ૧ કલાકથી વધુનો વિલંબ થયો હતો જ્યારે સ્પાઈસ જેટની અમદાવાદ-દુબઈની ફ્લાઈટ કેન્સલ થઈ હતી.

ફ્લાઈટમાં વિલંબ-કેન્સલેશન થતાં સેંકડો મુસાફરો કનેક્ટિંગ ફ્લાઈટ ચૂકી જતાં હાલાકી

દિવાળી વેકેશન દરમિયાન ફ્લાઈટ કેન્સલેશનનું પ્રમાણ જારી રહેતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આજે પણ ફ્લાઈટમાં વિલંબ થતાં અનેક પ્રવાસીઓ કનેક્ટિંગ ફ્લાઈટ ચૂકી ગયા હતા. આજે ઈન્ડિગોની સૌથી વધુ ૫, સ્પાઈસ જેટની ૩, એર ઈન્ડિયા અને સ્ટાર એરની ૧-૧ ફ્લાઈટમાં વિલંબ થયો હતો.

અમદાવાદની કઈ ફ્લાઈટના શેડ્યૂલ ખોરવાયા?

સ્પાઇસ જેટ : અમદાવાદ, શ્રીનગર ૧.૨૦ કલાક, અમદાવાદ-દુબઈ કેન્સલ, અમદાવાદ-સિલિગુડી ૪ કલાક, શ્રીનગર-અમદાવાદ ૧.૨૦ કલાક. ઈન્ડિગો : અમદાવાદ-નવી મુંબઈ ૨.૪૫ કલાક, અમદાવાદ-દીવ ૨ કલાક, ચેન્નાઈ-અમદાવાદ ૧.૩૦ કલાક, નવી મુંબઈ-અમદાવાદ ૧.૩૦ કલાક, દીવ-અમદાવાદ ૧.૩૫ કલાક.

એર ઇન્ડિયા : દિલ્હી-અમદાવાદ ૧.૩૦ કલાક. સ્ટાર એર : પૂર્ણિયા-અમદાવાદ ૧ કલાક.

દેવભૂમિ દ્વારકામાં ખેડૂતોનું સરકારને અલ્ટિમેટમ

બે હજારથી વધુ ટ્રેક્ટર-વાહનો લઈ ગાંધીનગરનો ઘેરાવ કરાશે

અમદાવાદ,શનિવાર

દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકાના ખિરસરા ગામે યોજાયેલી ખેડૂત મહાસભામાં જગતના તાતે સરકાર સામે આરપારની લડાઈનું રણશિંગુ ફૂંક્યું છે. ગુજરાત કિસાન કોંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ એકત્ર થયેલા ખેડૂતોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની પડતર માંગણીઓનો તાત્કાલિક ઉકેલ નહીં આવે, તો બે હજાર કરતાં વધુ ટ્રેક્ટરો અને વાહનોના કાફલા સાથે રાજ્યના પાટનગર ગાંધીનગરનો ઘેરો ઘાલવામાં આવશે.

ધિરાણ માફ કરો, વીજલાઈનનું પૂરતું વળતર આપો અને જમીન રિ-સર્વેની ખામી રદ કરવા ખેડૂતોની માંગ

ખેડૂત મહાસભામાં ઉપસ્થિત ખેડૂત આગેવાનોએ સરકારની નીતિઓ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. અપૂરતા વરસાદને કારણે ખરીફ પાક નિષ્ફળ ગયો હોવાથી વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અને ખેડૂતોને તાત્કાલિક પાક વીમો ચૂકવવા પ્રબળ માંગ ઉઠી હતી. આ ઉપરાંત, દેવાના બોજ હેઠળ દબાયેલા ખેડૂતોનું સંપૂર્ણ પાક ધિરાણ માફ કરવા, ખેતરોમાંથી પસાર થતી હેવી વીજ લાઇનનું પૂરતું વળતર આપવા અને જમીન રી-સર્વેની ખામીઓ રદ કરવા જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરવામાં આવી હતી.

વિરોધના નવતર ભાગરૂપે ખેડૂતોએ નિષ્ફળ ગયેલા પાકની ખાલી મગફળી મુખ્યમંત્રીને પાર્સલ કરીને પોતાની વ્યથા ઠાલવી હતી. આગેવાનોએ અલ્ટિમેટમ આપ્યું છે કે જો સરકાર આગામી દિવસોમાં યોગ્ય નિર્ણય નહીં લે, તો આ આંદોલન વધુ ઉગ્ર બનશે અને ગાંધીનગરનો ઘેરાવ કરવામાં આવશે.

સંમેલનમાં ખેડૂત આગેવાનોએ દાવો કર્યો હતો કે રાજ્યના ૧૦૦થી વધુ તાલુકાઓમાં હાલ દુષ્કાળ જેવી વિકટ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. ખેડૂતોને સરકાર તરફથી પૂરતી આર્થિક સહાય મળી નથી. સાથે જ, અસરગ્રસ્ત વિસ્તારોમાં પશુઓ માટે તાત્કાલિક ધોરણે પૂરતો ઘાસચારો ઉપલબ્ધ કરાવવા અને ખેડૂતોને સરળતાથી પાક ધિરાણ મળી રહે તેવી વ્યવસ્થા કરવા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ખેડૂતોના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો આંદોલનને ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. મહાસભામાં એલાન કરવામાં આવ્યું હતું કે, રાજ્યભરના ખેડૂતોને એકજૂથ કરવા માટે આગામી દિવસોમાં ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં પણવિરાટ ખેડૂત સભાઓ યોજવામાં આવશે.

પીએમના વારંવારના ગુજરાત પ્રવાસથી વહેલી ચૂંટણીની અટકળો તેજ

દુષ્કાળના ભણકારા અને જનાક્રોશથી બચવા ભાજપ વહેલી ચૂંટણીની તૈયારીમાં

જૂનાગઢ, શનિવાર

ગુજરાતનાં રાજકારણમાં અત્યારે ચૂંટણીલક્ષી ગરમાવો તેજ બન્યો છે એવામાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાતની સતત અને ટૂંકા ગાળાની મુલાકાતોએ રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. ગત ૩૦-૩૧ ઓક્ટોબરના પ્રવાસ બાદ હજુ ગઈકાલ અને આજે જ વડાપ્રધાન ગુજરાતમાં હતા અને હવે આગામી તા.૧૯મીએ તેઓ ફરીથી જામનગરની મુલાકાતે આવે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે ત્યારે, વડાપ્રધાનના આ 'મેરેથોન પ્રવાસો' પાછળ ગુજરાત વિધાનસભાની ચૂંટણી નિર્ધારિત સમય (ડિસેમ્બર ૨૦૨૭) કરતાં વહેલી યોજવાની રણનીતિ હોવાના એંધાણ રાજકીય પંડિતોને વર્તાઈ રહ્યા છે.

જનતામાં પ્રચંડ 'એન્ટિ-ઈન્કમ્બન્સી' પેદા થયાનો અહેસાસ ખુદ ભાજપના જ ટોચના નેતાઓને આંતરિક સર્વેમાં થઈ ચૂક્યો છે

રાજકીય વિશ્લેષકો અને આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વહેલી ચૂંટણી પાછળનું સૌથી મોટું કારણ રાજ્યમાં તોળાઈ રહેલું દુષ્કાળનું સંકટ છે. લાંબા સમય બાદ રાજ્યમાં નબળા ચોમાસાને કારણે દુષ્કાળ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આગામી ઉનાળામાં પીવાનાં પાણી, પશુઓ માટે ઘાસચારા અને સિંચાઈની ગંભીર તંગી સર્જાઈ શકે છે. સરકારને ભય છે કે જો ચૂંટણી સમયસર યોજાય, તો ઉનાળામાં દુષ્કાળની કપરી પરિસ્થિતિ અને રાહત કામગીરીની નિષ્ફળતાને કારણે પ્રજાના સીધા રોષનો ભોગ બનવું પડશે. તેથી, દુકાળની અસર જમીન પર વર્તાય તે પહેલાં જ આગામી ટૂંક સમયમાં ટૂંકું બજેટ સત્ર બોલાવી, વિધાનસભા ભંગ કરીને વહેલી ચૂંટણી જાહેર કરી દેવાની દિશામાં ગંભીર મંથન ચાલી રહ્યું હોવાની ચર્ચા ઉઠી રહી છે. આમ પણ, છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતમાં ભાજપનું એકહથ્થુ શાસન રહ્યું છે, જેના પરિણામે હવે જનતામાં પ્રચંડ 'એન્ટી-ઈન્કમ્બન્સી' લહેર પેદા થઈ હોવાનો અહેસાસ ખુદ ભાજપના જ ટોચના નેતાઓ અને આંતરિક સર્વેમાં થઈ ચૂક્યો છે.

ખેડૂતો સહિતની પ્રજાને મદદની જરૂર છે ત્યારે જ ખુરશી બચાવવાના શાસકોના કથિત ખેલ સામે સવાલ

આ તબક્કે, વિપક્ષ અને જાગૃત નાગરિકોમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે, જ્યારે રાજ્ય દુષ્કાળના ઉંબરે ઊભું છે અને ખેડૂતો-પ્રજાને સરકારની મદદની સૌથી વધુ જરૂર છે, ત્યારે તંત્રને રાહત કામગીરીમાં જોતરવાને બદલે ભાજપ સરકાર પોતાની ખુરશી બચાવવા 'ચૂંટણી મોડ' પર આવી ગઈ છે.

સત્તાની વૈતરણી પાર કરવા માટે લોકાર્પણો અને ભાવનાત્મક મુદ્દાઓનો સહારો લેવાની તજવીજ

વડાપ્રધાનની ગુજરાત મુલાકાતો એ વાતની સાક્ષી પૂરે છે કે, જનતાનો રોષ ફાટી નીકળે તે પહેલાં ભાવનાત્મક મુદ્દાઓ અને લોકાર્પણોના સહારે ફરી સત્તાની વૈતરણી પાર પાડી લેવાની પેરવી રચાઈ રહી છે. હવે જોવાનું એ રહેશે કે, શાણી જનતા સરકારની આ ચાલને ઓળખીને પોતાના પાયાના પ્રશ્નોનો હિસાબ માંગે છે કે કેમ!

સરકારની નીતિઓ અને વહીવટી નિષ્ફળતાઓને કારણે બહોળો વર્ગ નારાજ

* પાક નિષ્ફળ જવા છતાં પૂરતું વળતર ન મળવું, * ખાતર-બિયારણની અછત, * ટેકાના ભાવના પ્રશ્નો અને ખેતીની જમીનો પર ઊભા કરાતા વીજપોલનાં વળતર મુદ્દે ધરતીપુત્રોમાં ભારે આક્રોશ. * સરકારી કચેરીઓમાં વ્યાપેલો બેફામ ભ્રષ્ટાચાર, * નબળા બાંધકામો (પુલ અને રસ્તાઓનું ધોવાણ), * રાજ્યમાં વધતી જતી ગુંડાગીરી તથા અસામાજિક તત્ત્વોના ત્રાસ સામે સરકાર વામણી પુરવાર થઈ હોવાની લાગણી પ્રજામાં ઘર કરી ગઈ છે. * સામાન્ય મધ્યમ વર્ગ મોંઘવારીના મારથી પીસાઈ રહ્યો છે, * શિક્ષિત યુવાનો સરકારી ભરતીના અભાવે હતાશ છે.

મેડિકલ-ડેન્ટલમાં પાંચ રાઉન્ડ સાથે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ

આયુર્વેદ સામે હોમિયોપેથીમાં ક્રેઝ ઘટ્યો ૪ રાઉન્ડ બાદ પણ ૧૫૦૦ બેઠકો ખાલી

અમદાવાદ,શનિવાર

આયુર્વેદમાં પ્રવેશ માટે આ વર્ષે વધુ વિદ્યાર્થીઓએ જ્યાં રસ દાખવ્યો છે ત્યારે બીજી બાજુ હોમિપોયેથીમાં પ્રવેશને લઈને ક્રેઝ ઘટતો હોવાનું સામે આવ્યુ છે.આયુર્વેદ અને હોમિયોપેથીમાં ગુજરાતની મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા ચાર રાઉન્ડ કરવામા આવ્યા છે. ચોથા રાઉન્ડનું સીટ એલોટમેન્ટ આજે જાહેર કરવામા આવ્યુ હતું.જેમાં આયુર્વેદમાં એલોટમેન્ટ બાદ ૩૮ અને હોમિયોપેથીમાં એલોટમેન્ટ બાદ ૧૫૦૮ બેઠકો ખાલી રહી છે.આયુર્વેદમાં પ્રથમવાર આટલી બધી બેઠકો ચાર રાઉન્ડ બાદ પણ એલોટમેન્ટમાં ખાલી રહી છે. જ્યારે ધો.૧૨ સાયન્સ પછીના નીટ આધારીત મેડિકલ-ડેન્ટલ કોર્સીસમાં ઓલ ઈન્ડિયા ક્વોટા અને ગુજરાત સ્ટેટ ક્વોટામાં પાંચ રાઉન્ડ પુરા થઈ ગયા છે.

મેડિકલ-ડેન્ટલમાં પ્રથમવાર આ વર્ષે પાંચ રાઉન્ડ બાદ પણ ઓલ ઈન્ડિયા ક્વોટામાં ૪૦૦થી વધુ બેઠકો ખાલી રહી

ધો.૧૨ સાયન્સ પછીના નીટ આધારીત ચાર કોર્સીસમાંથી મેડિકલ અને ડેન્ટલ માટે અલગ અને આયુર્વેદ-હોમિયોપેથી માટે અલગ પ્રવેશ પ્રક્રિયા કરવામા આવી રહી છે.મેડિકલ અને ડેન્ટલમાં ગુજરાત સ્ટેટ ક્વોટામાં ચાર રાઉન્ડ બાદ પાંચમા એટલે કે સ્પેશ્યલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડમાં હાઈકોર્ટના આદેશ બાદ ઉમેરાયેલી વધુ ત્રણ બેઠકો સાથે કુલ ૯૧ બેઠકોમાં સીટ એલોટમેન્ટ કરવામા આવ્ય હતુ.

જેમાંથી આજની નિયત મુદત સુધીમાં ૯૦ વિદ્યાર્થીએ ફી ભરી દીધી છે.જ્યારે હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગનો છેલ્લો દિવસ ૧૬મીએ છે.જો રિપોર્ટિંગ નહી કરાવ્યુ હોય તો પ્રવેશ કન્ફર્મ નહીં ગણાય.હાલ ૧ વિદ્યાર્થીએ ફી ન ભરી પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી.જ્યારે મહત્વનું છે કે મેડિકલ-ડેન્ટલમાં પાંચમા અને ખાસ રાઉન્ડ બાદ પણ ઓલ ઈન્ડિયા ક્વોટામાં ૪૦૦થી વધુ બેઠકો ખાલી રહી છે.જે પ્રથમવાર સૌથી વધુ છે.

નીટ આધારીત ચાર કોર્સીસમાંથી અન્ય બે કોર્સ એવા આયુર્વેદ અને હોમિયોપેથી માટે પણ અલગ રજિસ્ટ્રેશન-પ્રવેશ પ્રક્રિયા કરવામા આવી રહ્યા છે ત્યારે ગુજરાત સ્ટેટ ક્વોટામાં ચોથા રાઉન્ડનું આજે સીટ એલોટમેન્ટ કરી દેવામા આવ્યુ છે.જેમાં આયુર્વેદમાં ઉપલબ્ધ ૨૦૭માંથી ૧૬૯ અને હોમિયોપેથીમાંથી ૧૬૦૨માંથી ૯૪ બેઠકોમાં એલોટમેન્ટ થયુ છે.આયુર્વેદમાં હજુ પણ ૩૮ અને હોમિયોપેથીમાં ૧૫૦૮ બેઠકો સાથે કુલ ૧૫૪૬ બેઠકો ખાલી રહી છે.આયુર્વેદ-હોમિયોપેથી બંનેમાં ચોથા રાઉન્ડમાં ખાનગી કોલેજોની ૧૫ ટકા ઓલ ઈન્ડિયા ક્વોટાની ૩ રાઉન્ડ સુધી ખાલી રહેલી બેઠકો સ્ટેટ ક્વોટામાં ઉમેરી પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

પીજી મેડિકલમાં બીજા પહેલા નવું રજિસ્ટ્રેશન શરૂ

પીજી મેડિકલમાં ગુજરાત સ્ટેટ ક્વોટામાં પ્રથમ રાઉન્ડમાં એલોટમેન્ટમાં ખાલી રહેલી અને ત્યારબાદ નોન રિપોર્ટેડ રહેલી અને નવી મંજૂર થયેલી બેઠકો સાથે કુલ મળીને હાલ ૧૬૦૦ જેટલી બેઠકો ખાલી પડી છે.જેના માટે બીજો રાઉન્ડ શરૂ કરતા પહેલા રાજ્યની પ્રવેશ સમિતિ દ્વારા નવું ઓનલાઈન રજિસ્ટ્રેશન નિયમ મુજબ શરૂ કરાયુ છે.જેમાં ૧૫મી સુધી રજિસ્ટ્રેશન અને ૧૬મી સુધી હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટ ચકાસણી થશે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મોજે કોચરબ, અમદાવાદના ટી.પી. સ્કીમ નં. ૩/૬ ના ફાઈનલ પ્લોટ નં. ૬૩૪ ના સબ પ્લોટ નં. ૫૩ ઉપર આવેલ સંકુલ ઓનર્સ એસોસિએશનના 'સંકુલ એપાર્ટમેન્ટ'નો ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટ નં. જી/૨, જેનું બાંધકામ ક્ષેત્રફળ ૧૫૮.૮૫ ચોરસ મીટર છે, તે મિલકત કમલેશ જે. પટેલની માલિકીની છે. તેમણે આ મિલકત વેચાણ દસ્તાવેજ નં. ૧૫૧૪, તારીખ ૦૫/૦૩/૨૦૧૪ થી ખરીદેલ છે. અશોકકુમાર દામાણી અને કમલાબેન દામાણી દ્વારા દક્ષાબેન દામાણી ની તરફેણમાં તથા ખરીદનાર નાઝનીન મિસ્ત્રી દ્વારા નૌશીર મિસ્ત્રીની તરફેણમાં કરી આપવામાં આવેલ પાવર ઓફ એટર્ની (જેનો ઉપયોગ વેચાણ દસ્તાવેજ નં. ૭૫૧૦/૨૦૦૫ હેઠળ થયો હતો) ની અસલ કે ઝેરોક્ષ નકલ ઘણા પ્રયત્નો કરવા છતાં મળી આવેલ નથી. આ વ્યવહાર અંગે જો કોઈ વ્યક્તિને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય, તો તેમણે આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ૭ દિવસમાં નીચે જણાવેલ સરનામે આધાર-પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. અન્યથા, મુદત વીત્યે મારા દ્વારા ટાઈટલ ક્લિયર સર્ટિફિકેટ (રિપોર્ટ) આપવામાં આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો કે વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

તારીખઃ ૧૪/૧૧/૨૦૨૬

શ્રીરાજ એમ. પાઠક
મો. ૯૮૨૫૦૧૫૩૧૨
પ્રિયાંશ એસ. પાઠક
મો. ૯૮૯૮૧૨૧૫૧૫
૨૦૧, સુરુચિ એપાર્ટમેન્ટ, નહેરુ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫

જાહેર નોટિસ

મોજે ઢેઢાલ, તા. બાવળા

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, મોજે ઢેઢાલ, તા. બાવળા, જી. અમદાવાદના રી-સર્વે નં. ૧૫૭ (જુના સર્વે નં.૧૩૦) ની કુલ ક્ષેત્રફળ ૧-૪૯-૧૭ હે.આરે.ચો.મી. ખેતીની જમીન પૈકી વણ વહેંચાયેલ ૦-૯૯-૪૫ હે.આરે.ચો.મી હીસ્સાની જમીનના માલીક, કબજેદાર, ભોગવટેદાર (૧) સોલંકી ખોડાભાઈ રામાભાઈ, (૨) સોલંકી બળદેવભાઈ રામાભાઈ, (૩) સોલંકી પ્રવિણભાઈ રામાભાઈ, (૪) માણેકબેન તે રામાભાઈ સોલંકીની પુત્રી તે રમણભાઈ પુરબીયાના પત્નિ, (૫) કોકીલાબેન તે રામાભાઈ સોલંકીની પુત્રી તે ગોપાલભાઈ પુરબીયાના પત્નિ, (૬) વીણાબેન તે રામાભાઈ સોલંકીની પુત્રી તે ભગવાનભાઈ કબીરાના પત્નિ, (૭) કાંતિભાઈ જીવાભાઈ સોલંકી, (૮) ઈશ્વરભાઈ જીવાભાઈ સોલંકી, (૯) ધનજીભાઈ જીવાભાઈ સોલંકી, (૧૦) રમેશભાઈ જીવાભાઈ સોલંકી, (૧૧) મંજુબેન તે છગનભાઈ જીવાભાઈની વિધવા, (૧૨) ભરતભાઈ છગનભાઈ સોલંકી, (૧૩) નટવરભાઈ છગનભાઈ સોલંકી, (૧૪) નવીનભાઈ છગનભાઈ સોલંકી, (૧૫) રાહુલભાઈ છગનભાઈ સોલંકી નાઓ દ્વારા સદર જમીનના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોય અને અમારા અસીલે અમારી પાસેથી સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદર જમીન પર કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય કે ઉપરોક્ત જમીન સબંધે કોઇએ કોઇ કાયદેસરની કાર્યવાહી કોટ-રેવન્યુ કે બીજા કોઇ અધિકારી સમક્ષ કરી કોઇપણ દાદ માંગેલ હોય તો તમોએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૦૭ માં અમોને પોતાના હક્ક સબંધે તમામ દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં નીચેના સરનામે મોકલવા અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો સદરહું જમીન ઉપર કોઇપણ વ્યકિત, સંસ્થા કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગ- ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે વેવ (જતો) કરેલ છે તેમ માની અમો દ્વારા ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેશો.

તા. ૧૫/૧૧/૨૦૨૬

YOGEN H. SHAH
ADVOCATE,
504, MOTILAL CENTER, B/S SALES INDIA,, ASHRAM ROAD, NAVRANGPURA, AHMEDABAD-380009
M. 9879489384

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદના સાણંદ તાલુકાના મોજે સાણંદ ગામની સીમના સર્વે/બ્લોક નંબર-૯૯૯ ની ૧ હેકટર ૦૭ આરે ૨૪ ચો.મી. જુની શરતની ખેતીની જમીન (૧) ધ્રુવીન જતીનભાઈ અમીન (વ.વહે. ૩૬ પૈસાના હિસ્સેદાર), (૨) જયેશકુમાર કાન્તીભાઈ પટેલ (વ.વહે. ૧૮.૫૦ પૈસાના હિસ્સેદાર), (૩) ધવલ મહેશકુમાર પટેલ (વ.વહે. ૧૫.૫૦ પૈસાના હિસ્સેદાર), (૪) જગજીવનભાઈ ત્રિભોવનદાસ પટેલ (વ.વહે. ૧૦ પૈસાના હિસ્સેદાર), (૫) પિયુષ મગનલાલ પટેલ (વ.વહે. ૧૦ પૈસાના હિસ્સેદાર) તથા (૬) જય જતીનભાઈ અમીન (વ.વહે. ૧૦ પૈસાના હિસ્સેદાર) એ તમામની પોતાની કુલ સંયુક્ત માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે તો સદર મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, ગાડાહક્ક, રસ્તાહક્ક, ગણોતહક્ક, ખેડહક્ક, કબજાહક્ક, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, ડેવલપમેન્ટ વિગેરે ના હક્કો રહેલ/કરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના આધાર- પુરાવાઓ સહિત નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો તે તમામ મિલકતના માલીકની અથવા અમારા અસીલની તરફેણમાં બીનશરતી જતા (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને અમારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ :- ૧૫ - ૧૧ - ૨૦૨૬

પ્રથિત શ્રેણીક શાહ
(MCA, DLP, LL.M.) એડવોકેટ,
જાનકી શ્રેણીક શાહ
(B.com, LL.B.) એડવોકેટ,
૫૧૨, શિવાલીક સ્કવેર, અદાણી સીએનજી પંપ પાસે, વાડજ, અમદાવાદ-૨૭.
(મો). ૯૮૨૪૭૧૨૦૫૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ - ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર ના મોજે ગામ - આલમપુર ની સીમના ખાતા નંબર ૫૧૦ ના સર્વે/બ્લોક નંબર ૩૧૯ (જુનો સર્વે નં. ૨૯૧) નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૩૯-૭૧ ચો.મી. આકાર રૂ. ૨.૧૦ પૈસાવાળી જુની શરતની જમીન (૧) મનસુરી ફારૂકભાઈ અબ્દુલભાઈ (૧૧ ટકાના હિસ્સેદાર) (૨) મનસુરી અયુબભાઈ અબ્દુલભાઈ (૧૧ ટકાના હીસ્સેદાર) (૩) મનસુરી રાજુભાઈ યુનુસભાઈ (૧૬.૫૦ ટકાના હિસ્સેદાર) (૪) મનસુરી જાવેદ રહેમાનભાઈ (૧૬.૭૫ ટકાના હીસ્સેદાર) (૫) મનસુરી ઈમરાનભાઈ રહેમાનભાઈ (૧૬.૫ ટકાના હીસ્સેદાર) (૬) મનસુરી મંહમદસલીમ અબ્દુલભાઈ (૨૮.૨૫ ટકા ના હિસ્સેદાર) નાઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટાવાળી ખેતીની જમીન આવેલ છે. સદરહું જમીન અમારા અસીલશ્રી ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહુ જમીનમાં તમામ પ્રકારના રાઈટ ટાઈટલ ક્લીયરન્સ અને માર્કેટેબલ હોવા બાબતના સર્ટીફીકેટની માંગણી અમો પાસે કરેલ છે. સદરહું જમીનોમાં ઉપર જણાવેલ વ્યક્તિઓ સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા કે કાયદેસરની રજી. સહકારી મંડળી, શ્રોફ વિગેરેનો કોઈપણ પ્રકારનો વેચાણ દસ્તાવેજ લાગ-ભાગ, હક્ક, હિસ્સો, બોજો, સંબંધ દર દાવો, અલાખો કે અન્ય કોઈપણ કાયદેસરના પુરાવા હોય તો તેવોએ અમોને લેખિત પુરાવા સાથે દિન - ૦૭ માં નીચે જણાવેલ સરનામે રજી.એડી થી જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્કહિત સંબંધ, ગીરોખત, બોજો કે લીટીગેશન નથી અને હોય તો વેવ યાને જતા કરેલ છે. તેમ માની સદરહું જમીનનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

તારીખ : ૧૫/૧૧/૨૦૨૬

મારી મારફતે
નિકુંજ વાય. પટેલ (એડવોકેટ)
હ ષલ એચ. પટેલ (એડવોકેટ)
૮,દેવ આશિષ ડિવાઈન, ગાયત્રી ગ્રીનની સામે, સદગુરુ સર્કલની બાજુમાં, હંસપુરા, નરોડા, અમદાવાદ - ૩૮૨૩૩૦
મો.નં. ૯૯૨૪૬૬૧૧૪૩
મો.નં. ૭૦૧૬૪૫૦૪૨૪

જાહેર નોટિસ

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ-અમદાવાદના, સબ-ડીસ્ટ્રીકટ-અમદાવાદ-૯ (બોપલ)ના ઘાટલોડીયા તાલુકાના ઘુમા ગામના બ્લોક/રેવન્યુ સર્વે નં. ૫૮(જુના રેવન્યુ સર્વે નં.૩૭/૨) ની જમીન ચો.મી.આ.૭૮૮/૫૨ બરાબર ૯૪૩ ચો.વાર કે જે "આરાધના એસોસીએશન" તરીકે ઓળખાય છે. તેના સબ-પ્લોટ નં.ડી/૧૯ કે જે નીલમ (નરોડા) ઓનર્સ એસોસીએશન કે જે ''સાંઈ નિકેતન રો હાઉસ વિભાગ-૫'' તરીકે ઓળખાય છે તે પૈકી મકાન નં.ડી/૧૯/૧૦ની જમીન ચો.મી.આ.૧૧૩-૨૮ બરાબર ૧૩૫-૫૦ ચો.વાર આ.(બાંધકામ ચો.મી.આ.૧૩૭-૯૪ બરાબર ૧૬૫ ચો.વાર આ.) આવેલ છે. તે મકાન-(૧) જતીન વલ્લભભાઈ સવાણી તથા (૨) પટેલ વિજયકુમાર વલ્લભભાઈ ની સંયુકત માલિકી, કબજા ભોગવટા અને સુખાધિકારનું આવેલ છે. તેઓ પાસેથી અમારા અસીલ અવેજ આપી ખાલી કબજે વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા નકકી કરેલ છે. જેથી આ નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વર્ણનવાળી મિલ્કત સંબંધે, ટાઈટલ સંબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સંબંધે કોઈ વ્યક્તિ, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો, સરકારી, અર્ધ-સરકારી કચેરી વિગેરેનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઈ હકક, ભરણપોષણ હકક, લેણું, બોજો, ગીરો, લીયન કે કોઈપણ જાતની જવાબદારી કે હકક-અધિકાર સદરહું મિલ્કત પરત્વે હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમારી ઓફીસે લેખીત રજુઆત આધાર પુરાવા સાથે કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈના વાંધા તકરાર નહિ આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી, તેમજ જો હોય તો જતો યાને વેઈવ કરેલ છે, તેમ સમજી અમારા અસીલ સદરહું મિલ્કત પરત્વેના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે. જેની સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિં જેની સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ :- અમદાવાદ.
તારીખ : ૧૫/૧૧/૨૦૨૬

અમારા મારફત
ગોડા એન્ડ કું. એલ.એલ.પી. - એડ્વોકેટ્સ,
૧૩૦૩-૧૩૦૪, ટાઈટેનીયમ વન, પકવાન ક્રોસ રોડ નજીક, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪.
મો. ૯૯૨૪૩૧૮૧૮૦,

રોડ એક્સિડેન્ટના મોટાભાગના કેસમાં ઓવરસ્પીડ જવાબદાર

ગુજરાતમાં દરરોજ સરેરાશ ૭૭ માર્ગ અકસ્માતમાં ૨૩ વ્યક્તિ જીવ ગુમાવે છે

અમદાવાદ, શનિવાર

ગુજરાતમાં માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના અમલ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યા સતત વધી રહી હોવાની ચિંતાજનક તસવીર સામે આવી છે. વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા કુલ માર્ગ અકસ્માતોની સરખામણીએ વર્ષ ૨૦૨૬માં ૮૮ ટકા જેટલા અકસ્માતો નોંધાઈ ચૂક્યા હતા.

અકસ્માતમાં ઘાયલોની સંખ્યા ૧૦૫ ટકા વધી જ્યારે મૃત્યુઆંક ગયા વર્ષના કુલ મૃત્યુના ૫૬.૮ ટકા સુધી પહોંચ્યો

દર વર્ષે ૧૫ નવેમ્બરની ઉજવણી 'વિશ્વ માર્ગ અકસ્માત પીડિત સ્મૃતિ દિવસ' તરીકે કરવામાં આવે છે. પ્રાપ્ત આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૫ દરમિયાન ગુજરાતમાં કુલ ૧૮,૨૯૨ માર્ગ અકસ્માતો નોંધાયા હતા. આ અકસ્માતોમાં ૮,૪૦૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે ૧૮,૮૧૩ લોકો ઘાયલ થયા હતા. તેની સામે ૧ જાન્યુઆરીથી જુલાઈ- ૨૦૨૬ સુધીના માત્ર સાત મહિનાના ગાળામાં જ રાજ્યમાં ૧૬,૧૧૨ માર્ગ અકસ્માતો નોંધાયા હતા. આ અકસ્માતોમાં ૪,૭૬૩ લોકોનાં મૃત્યુ થયાં હતાં, જ્યારે ઘાયલ થયેલા લોકોની સંખ્યા વધીને ૧૯,૮૩૫ થઈ હતી.

આમ, વર્ષ ૨૦૨૫ના આખા વર્ષના અકસ્માતોની સરખામણીએ ૨૦૨૬ના પ્રથમ સાત મહિનામાં જ અકસ્માતોનો આંકડો ૮૮.૧ ટકા સુધી પહોંચી ગયો હતો. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, ઘાયલોની સંખ્યા ગયા આખા વર્ષ કરતાં ૧,૦૨૨ વધુ નોંધાઈ હતી. એટલે કે ઘાયલોના આંકડામાં ૧૦૫.૪ ટકાનો વધારો થયો હતો. જ્યારે મૃત્યુઆંક ગયા વર્ષના કુલ મૃત્યુના ૫૬.૮ ટકા જેટલો નોંધાયો હતો.

માસિક સરેરાશની સરખામણી કરવામાં આવે તો વર્ષ ૨૦૨૫માં દર મહિને સરેરાશ ૧,૫૨૪ માર્ગ અકસ્માતો નોંધાતા હતા, જે ૨૦૨૬માં વધીને ૨,૩૦૨ સુધી પહોંચ્યા હતા. આ રીતે માસિક સરેરાશમાં આશરે ૫૧ ટકાનો વધારો નોંધાયો હતો. અકસ્માતોમાં ઘાયલ થનારાઓની માસિક સરેરાશ પણ વર્ષ ૨૦૨૫ના ૧,૫૮૪થી વધીને ૨૦૨૬માં ૨,૮૩૪ થઈ હતી, જે ૮૦.૭ ટકાનો વધારો દર્શાવે છે.

રાહદારીઓ સાથે થયેલા અકસ્માત

વર્ષ	મોત	ઘાયલ
૨૦૨૫	૨૧૦૦	૨૫૭૦
૨૦૨૬	૧૦૭૭	૨૨૨૩

'વિશ્વ માર્ગ અકસ્માત પીડિત સ્મૃતિ દિવસ'

અરજદાર યુવકની ફરિયાદ રદ કરવાની પિટિશન હાઈકોર્ટે ફગાવી

શારીરિક સંબંધ બાંધ્યા બાદ લગ્નનો ઈન્કાર કરાય તો તે દંડનીય ગુનો

અમદાવાદ,શનિવાર

ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદા મારફતે સ્પષ્ટ કર્યું છે કે, લગ્નનું વચન આપીને યુવતી સાથે શારીરિક સંબંધ બાંધવા અને ત્યારબાદ કોઈ પણ વ્યાજબી કારણ આપ્યા વિના લગ્ન કરવાનો ઈનકાર કરવો તે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ-૬૯ હેઠળ શિક્ષાપાત્ર ગુનો બને છે. જસ્ટિસ એમ. કે. ઠક્કરે આરોપી યુવક દ્વારા પોતાના વિરુધ્ધ નોંધાયેલી એફઆઈઆર રદ કરવા દાદ માંગતી હાઈકોર્ટ સમક્ષ કરેલી ક્વોશિંગ પિટિશ ફગાવી દીધી હતી.

કોઈ પણ કારણ દર્શાવ્યા વિના લગ્ન કરવાની ના પાડવી એ દર્શાવે છે કે આરોપીનો ઈરાદો શરૂઆતથી જ લગ્ન કરવાનો ન હતો

અરજદાર યુવક તરફથી દલીલ કરવામાં આવી હતી કે ફરિયાદી ૨૩ વર્ષની પુખ્ત વયની યુવતી છે અને સંબંધો સહમતિથી બંધાયા હતા. પરંતુ, જસ્ટિસ એમ. કે. ઠક્કરે આ દલીલ નકારતા મહત્ત્વના અવલોકનો કરતાં જણાવ્યું કે, ફરિયાદી કે અરજદાર બંનેમાંથી કોઈના દ્વારા લગ્ન નહી કરવા પાછળનું કોઈ ચોક્કસ કારણ જણાવવામાં આવ્યું નથી. લગ્નના બહાને શારીરિક સંબંધ બાંધ્યા બાદ કોઈ પણ કારણ વગર લગ્નનો ઈનકાર કરવો તે બીએનએસ કલમ ૬૯ હેઠળ ગુનો આકર્ષે છે. કોઈ પણ કારણ દર્શાવ્યા વિના લગ્ન કરવાની ના પાડવી એ દર્શાવે છે કે આરોપીનો ઈરાદો શરૂઆતથી જ લગ્ન કરવાનો ન હતો, પરંતુ લગ્નના ખોટા વચન હેઠળ તેણે શારીરિક સંબંધ બાંધ્યા હતા.

સહમતિ અને છેતરપિંડી વચ્ચેનો તફાવત કરતાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે બળાત્કાર અને સહમતિથી બંધાયેલા શારીરિક સંબંધો વચ્ચે સ્પષ્ટ તફાવત છે. પરંતુ, સંજોગોની તપાસ પરથી જ નક્કી કરી શકાય કે આરોપી ખરેખર પીડિતા સાથે લગ્ન કરવા માંગતો હતો કે પછી પોતાની વાસના સંતોષવા માટે ખોટું વચન આપીને દૂષિત ઈરાદાથી છેતરપિંડી આચરી હતી.

પ્રસ્તુત કેસમાં કાયદાકીય પ્રક્રિયાનો દુરુપયોગ નથી એમ કહેતાં હાઈકોર્ટે જણાવ્યું કે, આ કેસમાં પ્રાથમિક દ્રષ્ટિએ દખલપાત્ર ગુનો બને છે અને તે સુપ્રીમ કોર્ટના સ્ટેટ ઓફ હરિયાણા વિ. ભજનલાલ ચુકાદાના માપદંડો હેઠળ આવતો નથી. તેથી, ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવી એ કાયદાકીય પ્રક્રિયાનો દુરુપયોગ ગણી શકાય નહીં અને તેથી આરોપીની એફઆઈઆર રદ કરવાની અરજી ફગાવવામાં આવે છે.

શું છે સમગ્ર મામલો ?.....

અરજદાર યુવક અને ફરિયાદી યુવતી (ઉંમર આશરે ૨૩ વર્ષ) છેલ્લા બે વર્ષથી વધુ સમયથી એકબીજાને ઓળખતા હતા અને તેમની વચ્ચે આત્મીય સંબંધો હતા. વર્ષ ૨૦૨૪માં અરજદાર યુવક યુવતીના ઘરે ગયો હતો અને ત્યારબાદ બંનેના માતા-પિતા આ લગ્ન માટે સંમત થયા હતા. બંનેની જે દિવસે સગાઈ થવાની હતી, તે દિવસે અરજદારના પરિવારમાં એક સભ્યનું અવસાન થવાથી સગાઈ થઈ શકી ન હતી. જોકે, યુવતીના માતા-પિતાને ખાતરી આપવામાં આવી હતી કે લગ્ન તો યુવતી સાથે જ કરવામાં આવશે. ત્યારબાદ યુવતી અરજદાર સાથે ઉદયપુર ગઈ હતી, જ્યાં લગ્નના વચન હેઠળ બંને વચ્ચે શારીરિક સંબંધો બંધાયા હતા.

આ ઘટના બાદ અરજદારના પિતાએ સગાઈ આગળ વધારવા માટે રૂ.૧૫ લાખની માંગણી કરી હતી, જેના માટે યુવતીના માતા-પિતા સંમત પણ થયા હતા. પરંતુ, આ વર્ષે મે મહિનામાં જ્યારે યુવતીના પિતાએ લગ્નની તારીખ અંગે પૂછપરછ કરી, ત્યારે અરજદારના પરિવારજનોએ લગ્ન માટે સ્પષ્ટ ના પાડી દીધી હતી. અરજદાર યુવકે પણ યુવતીને જણાવી દીધું હતું કે તે તેની સાથે લગ્ન કરવા માંગતો નથી. આથી યુવતીએ બીએનએસ કલમ ૬૯ હેઠળ અમદાવાદના મહિલા પોલીસ મથક(પૂર્વ)માં આરોપી યુવક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ (એફઆઈઆર) નોંધાવી હતી.

શું છે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૯.....??

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ-૬૯ હેઠળ છેતરપિંડીથી અથવા લગ્નનું ખોટું વચન આપીને શારીરિક સંબંધ બાંધવાને ગુનો ગણવામાં આવ્યો છે. ૧ જુલાઈ, ૨૦૨૪ થી ભારતમાં જૂના આઈપીસીના કાયદાના સ્થાને અમલમાં આવેલા નવા કાયદામાં આ એક મહત્વપૂર્ણ અને નવી જોગવાઈ ઉમેરવામાં આવી છે. આ કલમનો સરળ ભાષામાં અર્થ સમજીએ તો, જો કોઈ પુરુષ કોઈ ૧ સાથે લગ્ન કરવાનો ઈરાદો ન હોવા છતાં લગ્નનું ખોટું વચન આપીને અથવા અન્ય કોઈ છેતરપિંડીથી શારીરિક સંબંધ બાંધે છે, તો તે આ કલમ હેઠળ દંડનીય ગુનો બને છે.

ઉત્તર ગુજરાતના ધાર્મિક સ્થળો રેલવે સાથે જોડાશે

તારંગા હિલ-આબુ રેલ લાઈનમાં ૧૫ સ્ટેશન, ૧૧ સુરંગ, ૨૦૫ પુલ બનશે

અમદાવાદ, શનિવાર

ઉત્તર ગુજરાતના ધાર્મિક અને પ્રવાસન સ્થળો સુધી રેલવેમાં મુસાફરી કરી શકાય તે માટે તારંગા હિલ- અંબાજી- આબુ રોડ વચ્ચે નવી રેલવે લાઈન બનાવવામાં આવી રહી છે. આશરે ૧૧૭ કિલોમીટર લાંબી રેલવે લાઈનમાં જમીન સંપાદન પૂર્ણ થયા બાદ બાંધકામના કામ માટે કોન્ટ્રાક્ટ પણ ફાળવી દેવાયા છે.

અંદાજે રૂ.૩૦૫૦ કરોડના ખર્ચે બનનારી રેલવે લાઈનમાં ૧૫ સ્ટેશનો, ૧૧ સુરંગો, ૨૦૫ નાના-મોટા પુલો અને ૫ રોડ ઓવરબ્રિજ, ૫૪ રોડ અંડરબ્રિજ બનાવવામાં આવશે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ પરિયોજનાને મંજૂરી આપવામાં આવી હતી. રેલવે લાઈન શરૂ થયા બાદ અંબાજી શક્તિપીઠ, તારંગા હિલના જૈન તીર્થસ્થળ અને રાજસ્થાનના માઉન્ટ આબુ સુધી પહોંચવા માટે મુસાફરોને રેલવેની સુવિધા મળશે. હાલમાં આ સ્થળોએ જવા માટે મુસાફરોને અન્ય પરિવહન સાધનોનો ઉપયોગ કરવો પડે છે. હાલ જમીન સંપાદન કાર્ય પૂર્ણ કરાયું છે. બાંધકામ માટે કોન્ટ્રાક્ટ ફાળવવામાં આવ્યાં છે. આ લાઈન તૈયાર થતાં ધાર્મિક યાત્રાળુઓ અને પ્રવાસીઓની અવરજવર સરળ બનાવની સાથે સ્થાનિક વેપાર અને પ્રવાસનને પણ વેગ મળશે.

સાસરિયાઓ મુંબઈ રહેવા જતા રહ્યા

પરિણીતાને તેના પિતાને ઘરે મોકલી ઓસ્ટ્રેલિયા વિઝા રદ કરાવી દીધા

અમદાવાદ,શનિવાર

વેજલપુરમાં રહેતી પરિણીતાને ઓસ્ટ્રેલિયામાં રહેતા સાસરિયાઓએ અમદાવાદ આવીને તેના પિયરમાં મોકલ્યા બાદ સંપર્ક કાપીને ઓસ્ટ્રેલિયાના વિઝા રદ કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધવામાં આવી છે.

ઓસ્ટ્રેલિયાથી પરત આવ્યા બાદ પિયરમાં મોકલીને પતિએ સંપર્ક પણ કાપી નાખ્યો હતા

વેજલપુર બકેરી સીટીમાં આવેલા સુલય રૉ હાઉસમાં રહેતા ૨૩ વર્ષીય દિયા ગોડાએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે ગત જાન્યુઆરી ૨૦૨૫માં તેની સગાઈ ઓસ્ટ્રેલિયાના ગ્રેટર સીડનીમાં રહેતા અને મુળ અમદાવાદના વતની કરણ ગોડા સાથે નક્કી થઈ હતી. લગ્ન બાદ વિઝાની પ્રોસેસ કરવાની હોવાથી બીજા મહિનામાં કોર્ટ મેરેજ કર્યા હતા અને ડિસેમ્બરમાં સામાજિક રીત રિવાજથી લગ્ન કર્યા હતા. બાદમાં તે સાસરિયા સાથે જ સિડનીમાં રહેતી હતી. પરંતુ, લગ્ન બાદ જાણવા મળ્યું હતું કે કરણ દારૂ પીવે છે. સાથેસાથે મારઝુડ પણ કરતો હતો. ગત ઓક્ટોબરના મહિનામાં દિયા તેના પતિ અને સાસુ સસરા સાથે અમદાવાદ આવી હતી. ત્યારે તેને સાયન્સ સિટી રોડ પર આવેલા મકાન પર લઈ જવાને બદલે વેજલપુર તેના પિતાને ઘરે મોકલી દીધી હતી અને તેની સાથેનો સંપર્ક બંધ કરી દીધો હતો. આ દરમિયાન દિયાને ઓસ્ટ્રેલિયાના વિઝા રદ થયાનો મેસેજ આવતા તેણે આ મામલે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

મામાના દીકરાએ જ યુવકને ફસાવ્યો

વાડજમાં યુવકને છેડતીમાં ફસાવી દેવાની ધમકી આપી નાણાં પડાવ્યાં

અમદાવાદ,શનિવાર

વાડજમાં રહેતા યુવકને તેના મામાના દીકરાએ અન્ય એક વ્યક્તિ સાથે મળીને તેને છેડતીના કેસમાં ફસાવવાના તેમજ હાઈકોર્ટની બોગસ નોટિસ મોકલીને ડરાવ્યા બાદ સમાધાનના નામે અઢી લાખથી વધુની રકમ પડાવી હોવાની ફરિયાદ વાડજ પોલીસ મથકે નોંધવામાં આવી છે.

નારોલ પોલીસ સ્ટેશનની બોગસ ફરિયાદ અને હાઈકોર્ટની અરજીની કોપી મોકલી અઢી લાખથી વધુ રકમ પડાવી

જુના વાડજમાં આવેલા ઠાકોર વાસમાં રહેતા ૨૧ વર્ષીય મિહીર પરમારે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે થોડા મહિના પહેલા તેને મોબાઈલ ફોન પર અજાણ્યા મોબાઈલ નંબરથી નકલી નોટો અંગેનો મેસેજ આવ્યો હતો અને વાત કરનારે યુવતી તરીકે ઓળખ આપીને મિત્રતા કેળવીને અશ્લીલ ચેટ શરૂ કરી હતી. જેના થોડા દિવસ બાદ મિહીરને તેને મામાના દીકરા અજય પરમાર (રહે.ચામુંડાનગર,બાપુનગર)નો ફોન આવ્યો હતો કે તે મોબાઈલ ફોન પર જે યુવતી સાથે ચેટિંગ કરે છે તેનું નામ મનીષા રાણે છે અને તેણે નારોલ પોલીસ સ્ટેશનમાં છેડતીની ફરિયાદ નોંધાવી છે. કેસની પતાવટ માટે તેને ૧૫ હજાર રૂપિયા આપવા પડશે. આ બાબતથી ડરીને મિહીરે અજયને ૧૫ હજાર રૂપિયા આપ્યા હતા.

થોડા દિવસ બાદ અજયે મિહીરને ધમકીઆપેલી કે તારા વિરૂદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં અરજી થઈ છે અને તેમાં પાંચ વ્યક્તિઓના નામ છે. સાથેસાથે કહ્યું હતું કે હવે આ કેસમાં સમાધાન માટે મનીષાને બે લાખ રૂપિયા આપવા પડશે. જેથી યુવકે ૧.૮૨ લાખ ટ્રાન્સફર કર્યા હતા. કુલ ૪૦ હજાર રૂપિયા બાકી હોવાથી તે સતત ઉઘરાણી કરતો હતો. જેથી મિહીરે તેનું બાઈક વેચીને ૨૫ હજાર આપ્યા હતા. ગત ઓગસ્ટ મહિનામાં મિહીર તેના પર થયેલી એફઆઈઆર અંગે નારોલ પોલીસ સ્ટેશનમાં તપાસ કરી ત્યારે તે ચોંકી ઉઠ્યો હતો. કારણ કે તેના વિરૂદ્ધ કોઈ એફઆઈઆર થઈ નહોતી.

અમૂલ દહીં અને લસ્સીના ભાવમાં પણ વધારો ઝીંકી દેવાયો

અમદાવાદ,શનિવાર

અમૂલે દહીંના વિવિધ પેકિંગ અને લસ્સીમા ભાવમાં રૂપિયા ૨ થી લઈને રૂ. ૫ સુધીનો વધારો કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. બે દિવસ પહેલા જ અમૂલ દૂધના ભાવમાં કરેલા વધારા બાદ હવે ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને અમૂલ દહીં અને લસ્સીના ભાવમાં પણ વધારો કરી દીધો છે. અમૂલ દહીંના એક કિલોના પાઉચના કિલોદીઠ ભાવ રૂ. ૮૦થી વધારીને રૂ. ૮૫ કરી દેવામાં આવ્યા છે. તેમ જ અમૂલ દહીં ૩૮૦ ગ્રામના પાઉચના ભાવ રૂ. ૩૫થી વધારીને રૂ. ૩૭ કરી દેવામાં આવ્યા છે. અમૂલ દહીં બકેટ એક કિલોના ભાવ રૂ.૧૧૫થી વધારીને ૧૨૦ કરી દેવામાં આવ્યા છે. તેની સાથે જ અમૂલ રોઝ લસ્સીને પેકિંગના ભાવ રૂ.૧૫થી વધારીને રૂ. ૧૭ કરી દેવામાં આવ્યા છે. અમૂલે હજી પંદરેક દિવસ પહેલા જ ઘી અને પનીર સહિતની દૂધની બનાવટોના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી હતી.

આંબરડીમાં વનતંત્રના સ્ટાફ દ્વારા જ સિંહને શ્વાનની જેમ દોડાવી પજવણી!



આંબરડી સફારી પાર્કમાં વન્યજીવ સંરક્ષણના દાવાઓની પોલ ખોલતી અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોએ સમગ્ર વનવિભાગની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થચિહ્નો ખડા કર્યા છે. વાયરલ ફૂટેજમાં બેફામ બાઈકસવારો દ્વારા જંગલના રાજા ગણાતા સિંહની શ્વાનની જેમ પજવણી કરવામાં આવી રહી છે, એટલું જ નહીં પરંતુ આ સમગ્ર ઘટનામાં વનતંત્રની ભૂમિકા સામે પણ શંકાની સોય તાકવામાં આવી રહી છે.વાયરલ થયેલા વીડિયોની સૂક્ષ્મ તપાસ કરતાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. બાઈક સવાર શખ્સો દ્વારા સિંહની ખૂબ જ નજીક મોટરસાઈકલ ચલાવીને તેને ખદેડવામાં આવી રહ્યો છે અને તેની પજવણી કરાઈ રહી છે, જેમાં સરકારી બાઈક સવાર પાસે વોકી-ટોકી સજ્જ હોવાનું પણ દેખાઈ રહ્યું છે. આટલું જ નહીં, આ જ ઘટનાક્રમ દરમિયાન વન વિભાગની સરકારી બોલેરો ગાડી પણ ત્યાંથી પસાર થતી નજરે ચડે છે. સામાન્ય નાગરિકો દ્વારા જો વન વિસ્તાર કે તેની આસપાસ વન્યજીવોના નિયમોનો ભંગ કરવામાં આવે અથવા પજવણી કરવામાં આવે તો તંત્ર દ્વારા ત્વરિત કાયદાકીય કાર્યવાહી કરી ગુનો દાખલ કરવામાં આવે છે. પરંતુ, ખુદ વન્ય પ્રાણીઓની રક્ષાની પવિત્ર જવાબદારી જેના શિરે છે તે જ વનતંત્રની નજર હેઠળ અથવા સંડોવણીથી આ પ્રકારની હરકતો થતી હોય તો તે અત્યંત ગંભીર અને ચિંતાજનક બાબત છે.

બ્રોડગેજ બાદ હવે મીટરગેજ રેલવે ટ્રેક પણ સિંહો માટે ગોઝારો

જૂનાગઢ-વિસાવદર રૂટ પર ટ્રેનની હડફેટે સિંહણનું કમકમાટીભર્યું મોત

જૂનાગઢ, શનિવાર

અમરેલીના બ્રોડગેજ રેલવે ટ્રેક પર અત્યાર સુધી અનેક સાવજોએ જીવ ગુમાવ્યા છે પરંતુ હવે જૂનાગઢ-વિસાવદર વચ્ચેનો શાંત ગણાતો મીટરગેજ રેલવે ટ્રેક પણ સિંહો માટે જીવલેણ સાબિત થયો છે. વિસાવદર-જૂનાગઢ રેલવે લાઈન પર ખંભાળિયા નજીક આવેલા ઓઝત નદીના પુલ પાસે ટ્રેનની અડફેટે આવી જતા અંદાજે પથી ૯ વર્ષની વયની એક સિંહણનું કપાઈ જવાથી કરૂણ મોત નિપજ્યું છે. આ રૂટ પર સિંહ અકસ્માતની આ સૌપ્રથમ ઘટના બનતા વન વિભાગ અને રેલવે તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

ખંભાળિયા નજીક ઓઝત નદીના પુલ પાસે ઘેટા-બકરાનો શિકાર કરવા જતા સિંહણ ટ્રેનની હડફેટે ચડીને કાળનો કોળિયો બની ગઈ

જૂનાગઢથી વિસાવદર, ધારીથી ચલાળા તરફ જતી ટ્રેન બપોરના સાડા બાર વાગ્યા આસપાસ વિસાવદર તાલુકાના ખંભાળિયા નજીક પહોંચી ત્યારે અચાનક સિંહણનું ટ્રેન હડફેટે મોત થયું છે. ઓઝત નદીના પુલ આસપાસના વિસ્તારમાં આ સિંહણ ઘેટા-બકરાના ટોળાનો શિકાર કરવા માટે પાછળ દોડી રહી હતી. શિકારની લ્હાયમાં સિંહણને ટ્રેક પર આવતી ટ્રેનનો અંદાજ રહ્યો ન હતો અને અચાનક મીટરગેજ રેલવે ટ્રેક પર આવી ચડતા પસાર થઈ રહેલી ટ્રેનની અડફેટે આવી ગઈ હતી. ટ્રેનની ટક્કર એટલી જોરદાર હતી કે સિંહણ ટ્રેક પર જ કપાઈ ગઈ હતી અને તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. ઘટનાની ગંભીરતાને પગલે વન વિભાગના અધિકારીઓ સહિતનો સ્ટાફ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો. અકસ્માતને કારણે આ રૂટ પર અંદાજે એક કલાક જેટલો સમય ટ્રેન વ્યવહાર રોકી રાખવામાં આવ્યો હતો.

વન્યજીવપ્રેમીઓમાં રોષ અને શોક, સિંહોના અકાળે મોત રોકવા રેલ ટ્રેક પર ટ્રેકરોની સંખ્યા વધારવી જરૂરી

પીપાવાવ-રાજુલા-સાવરકુંડલા જેવા બ્રોડગેજ રેલવે ટ્રેક સિંહો માટે 'ડેથ ટ્રેપ' બન્યા હોવાની ફરિયાદો વર્ષોથી ઉઠી રહી છે પરંતુ જૂનાગઢ-વિસાવદર મીટરગેજ ટ્રેક પર ટ્રેનોની ઓછી સંખ્યા અને ધીમી ગતિને કારણે અત્યાર સુધીમાં ક્યારેય સિંહ અકસ્માતનો આવો બનાવ બન્યો ન હતો. પ્રથમવાર જ આ રૂટ પર સિંહણનું ટ્રેન હડફેટે મોત થતા વન્યજીવ પ્રેમીઓમાં ઘેરો શોક અને રોષ જોવા મળી રહ્યો છે. ગિરનાર અભયારણ્ય અને બૃહદ ગીર વિસ્તારમાં સિંહોની વસ્તી વધી રહી છે. મીટરગેજ ટ્રેક પર પણ ટ્રેનની ગતિ મર્યાદા ખુબ ધીમી હોવા છતાં આ ઘટના બની છે. વન વિભાગના ટ્રેકર્સ તહેનાત કરવામાં આવે છે પરંતુ હવે આ ટ્રેકરોની સંખ્યા વધારવી પડે તેવી સ્થિતિ છે.







એક જ બર્થ પર બે યાત્રિકોને રાત્રે ભોગવવી પડતી હાલાકી

ભાડું પૂરું છતાં બર્થ અડધી! RACની વર્ષો જૂની વ્યવસ્થા બદલવા રેલવેની વિચારણા

અમદાવાદ, શનિવાર

ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ ન મળતાં આરએસી ટિકિટ પર મુસાફરી કરતાં લોકોને હવે રાહત મળી શકે છે. ભારતીય રેલવે વર્ષોથી ચાલી આવતી આરએસી વ્યવસ્થામાં ફેરફાર કરવા અંગે વિચારણા કરી રહી છે. હાલ આ વ્યવસ્થામાં એક જ બર્થ બે મુસાફરોને ફાળવવામાં આવે છે. જેના કારણે ખાસ કરીને રાત્રિના સમયે મુસાફરોને બેસીને અથવા મર્યાદિત જગ્યામાં સૂઈને મુસાફરી કરવી પડે છે. આ મુશ્કેલીને ધ્યાનમાં રાખીને રેલવે આ નિયમોની સમીક્ષા કરશે.

ટ્રેનમાં સંપૂર્ણ બર્થ મળતી ન હોવા છતાં પૂરું ભાડું વસૂલવા સામે સવાલો ઊઠતાં રેલવે RACના નિયમો બાબતે સમીક્ષા કરશે

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 700 Sq. Yd, બાંધકામ- 767 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9909076276.

વેચવાનો છે બંગલો 3 B H K, પ્લોટ- 138 Sq. Yd, બાંધકામ- 223 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9978078022.

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ- 342 Sq. Yd, બાંધકામ- 444 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9978078023.

વેચવાનો છે બંગલો, 5 B H K પ્લોટ- 381 Sq. Yd, બાંધકામ- 537 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ 9978078023.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 618 Sq. Yd, બાંધકામ- 573 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9512012005.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 926 Sq. Yd, બાંધકામ- 767 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9909076276.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 650 Sq. Yd, બાંધકામ- 573 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9512012005.

વેચવાનો છે બંગલો 3 B H K, પ્લોટ- 187 Sq Yd, બાંધકામ- 253 Sq Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9978078022.

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ- 264 Sq Yd, બાંધકામ- 382 Sq Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9512345275.

વેચવાનો છે બંગલો, 2.5 B H K, 1050 વાર પ્લોટ, પ્રાઈમ લોકેશન, સૂર્યમ રિપોઝ, અગોલ, Happy Home Estate- 9998504007

For Sale Plot 1250 Yard Suramya 2 Rancharda Asset Procon. 9898908051

For Sale Plot 553 Yard Suramya 3 Palodia Asset Procon. 9898908051

For Sale Plot 780 Yard Corner Shilpgram 3 Lapkaman Asset Procon. 9898908051

For Sale Plot Corner 1200 Yard Antarkshitij Nasmed Asset Procon. 9898908051

For Sale Plot 1250 Yard Shilpgram 1 Lilapur Asset Procon. 9898908041

વેચવાનો છે પ્લોટ 521 વાર સુરમ્ય -7 નાંદોલી કેયુરભાઈ 9687057027

અર્જન્ટ વેચવાનો છે પ્લોટ 5000 વાર રોડ ઉપરનો સ્વતંત્ર કોદાળીયા 9574000935

વેચવાનો છે પ્લોટ 1300 વારનો, ઝાલોરા Broker 9327041600, 9974931507, 9664730213

વેચવાનો છે પ્લોટ 3415 વારનો R2, 3 રોડ કોર્નેર, અદાણી શાંતિગ્રામ, ખોડિયાર, Adisvar Globale 9879963837

વેચવાનો છે પ્લોટ 537 વાર, શિલ્પગ્રામ- 3, લપકામણ 9824539077, 9824691575

વેચવાનો છે પ્લોટ, 600 વાર, બે રોડ કોર્નર, લપકામણ- 6359163215

વેચવાનો છે રેસીડેન્શીયલ પ્લોટ, 200 વાર, શંખેશ્વર. 9978311138

વેચવાનો છે ફ્લેટ 2 B H K, લાંભા. 8401641668

વેચવાનો છે. પ્લોટ, 780 Sq. Yard, Shilpgram- 3, લપકામણ. (બ્રોકર માફ) 9913770884

વેચવાનો છે પ્લોટ 576 ચોરસ વાર ઈન્ડસ્ટ્રીયલ લાયક, કમલા અમૃત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ઈન્દ્રાડ, છત્રાલ- કડી રોડ 9427703246, 9558883246

જોઈએ છે

જોઈએ છે પ્લોટ, 500- 5000 વાર, રાંચરડા, વાયણા, નાંદોલી, થોળ, નાસમેદ, ચેખલા, મેઢા, અગોલ, Happy Home Estate- 9998504007

વેચાણ જોઈએ છે પ્લોટ 2000 વાર, રાંચરડામાં M. No. 9099144270

વેચાણ જોઈએ છે પ્લોટ 2000 વાર, ખ્યાતી હોમમાં, સાંતેજ. 9099144270

વેચાણ જોઈએ છે પ્લોટ 2000 વાર તુલીપ, રાંચરડા. Mob 9099144270

ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે. ઓફિસ, ફુલ્લી ફર્નિશ્ડ, ગિફ્ટ સિટી, પ્રાઈમ લોકેશન. ગાંધીનગર. 9879545812

ચાંગોદર

વેચવાનું છે

વેચવાનો છે પ્લોટ 5000 વાર, ઈન્ડસ્ટ્રીયલ લાયક, ચાંગોદર- મટોડા રોડ- 9925464347

વેચવાનો છે શેડ 6000 વારના પ્લોટમાં, હાઈવે ટચ, ચાંગોદર, Adisvar Globale 9879963837

વેચવાની છે જગ્યા 1763 વાર, ગેલોપ્સ ઈન્ડસ્ટ્રીયલ, મેટોડા રોડ, ચાંગોદર 9662072054

વેચવાનો છે. શેડ, 2325 વાર, બાંધકામ 1500 વાર, ચાંગોદર- 9824590138

ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે શેડ, 1200 Sq. ft. ચાંગોદરમાં 9426356771



ભાડજ

વેચવાનું છે

વેચવાનો છે બંગલો પ્લોટ 1300 વાર, 390 વાર બાંધકામ શિલ્પગ્રામ 3, ભાડજ CA Realtors- 8401411929

વેચવાનો છે બંગલો 4 Bed, Super City Shine, 367 વાર plotમાં, 489 વાર બાંધકામ, ભાડજ, 9227246676, 9316427557

બાવળા-સાણંદ

વેચવાનું છે

વેચવાનો છે પ્લોટ 600 વારનો સાણંદ Broker 9327041600, 9974931507, 9664730213

ગુજરાત સમાચાર
રવિવાર, ૧૫-૧૧-૨૦૨૬

રવિપૂર્તિ

www.gujaratsamachar.com

૮



વૈભવ સૂર્યવંશી :
અસાધારણ સિદ્ધિ સાથે અકળાવનારી સમસ્યા !

૧૧



પહેલા શ્વાસની યાદ :
સાચો અનુભવ કે સાંભળેલી વાર્તા?

નવા વર્ષના સંકલ્પનું બાળ મરણ થયું? ચિંતા ન કરતા. સુખદ પરિવર્તન લાવવાનો પ્રારંભ કરવા મુહૂર્ત જોવાની જરૂરી જ નથી

સંકલ્પની સીડીથી જ સપના સાકાર થાય

હોરાઈઝન
ભવેન કચ્છી

નવા વર્ષની શરૂઆત એટલે માત્ર કેલેન્ડરનું એક પાનું બદલાવું એટલું જ નહીં, પરંતુ પોતાની જાતને નવેસરથી જોવાનો, અધૂરાં સપનાંઓને ફરી યાદ કરવાનો અને જીવનમાં કંઈક નવું કરવાની ઈચ્છા જગાવવાનો અવસર પણ છે. દિવાળી પછી શરૂ થતું ગુજરાતી નવું વર્ષ હોય કે ૩૧ ડિસેમ્બરની મધરાતે શરૂ થતું અંગ્રેજી નવું વર્ષ, બંને પ્રસંગે એક વાત લગભગ સરખી જોવા મળે છે. લોકો પોતાની જાતને વચન આપે છે કે આ વર્ષે ચોક્કસ કંઈક બદલવું છે. કોઈ કહે છે કે હવે નિયમિત કસરત કરીશ, કોઈ નક્કી કરે છે કે વજન ઘટાડવું છે, કોઈ પૈસા બચાવવાનો સંકલ્પ લે છે તો કોઈ હવે ગુસ્સો ઓછો કરીશ તેવું મનોમન વચન આપે છે. મોબાઈલનો ઉપયોગ ઘટાડીને પરિવારને વધુ સમય આપીશ કે પછી વર્ષોથી અધૂરું રહેલું પુસ્તક વાંચવાનું શરૂ કરીશ જેવા સંકલ્પો પણ વધ્યા છે.

પરંતુ આ સંકલ્પોની એક રસપ્રદ અને થોડી રમૂજી વાસ્તવિકતા પણ છે. નવા વર્ષની શરૂઆતમાં જે ઉત્સાહથી સંકલ્પ લેવાય છે, તેમાંથી ઘણા સંકલ્પો થોડા જ દિવસોમાં હવામાં ઓગળી જાય છે. શક્ય છે ગત મંગળવારે નવા વર્ષે લીધેલા સંકલ્પોનું બાળ મરણ પણ થઇ ગયું હોય.

જો કે આવું થાય તો જરાપણ નિરાશ ન થતાં કેમ કે સંકલ્પ લેવાનો પ્રયત્ન કરીએ છીએ તે જ બતાવે છે કે આપણે કમ સે કમ આપણામાં શું ત્રુટિ છે તે તો જાણીએ છીએ. આજે નહીં તો કાલે તેમાં સફળ થઈ શકવાની પુરી શક્યતા છે.માનવીની મૂળભૂત ઇચ્છા એ જ છે - ગઈકાલ કરતાં આવતીકાલે થોડા વધુ સારા બનવું.નવા વર્ષના સંકલ્પો પાછળ દરેક વ્યક્તિની પોતાની એક અધૂરી વાર્તા હોય છે.

પ્રાચીન પરંપરા

નવા વર્ષના સંકલ્પોની પરંપરા આજના જમાનાની નથી. પ્રાચીન બેબિલોનમાં પણ નવા વર્ષની શરૂઆત વખતે લોકો દેવતાઓ સમક્ષ વચનો આપતા હતા. લગભગ ચાર હજાર વર્ષ પહેલાં બેબિલોનિયનો વસંત ઋતુમાં નવા વર્ષની ઉજવણી કરતા અને દેવતાઓને વચન આપતા કે ઉધાર લીધેલી વસ્તુઓ પરત કરશે, દેવું ચૂકવશે અને પોતાની જવાબદારીઓ નિભાવશે. પ્રાચીન રોમમાં પણ જાન્યુઆરી મહિનાનું નામ જેનસ (Janus) નામના દેવ પરથી પડ્યું હોવાનું માનવામાં આવે છે. જેનસને બે ચહેરાવાળા દેવ તરીકે દર્શાવવામાં આવતા હતા. એક ચહેરો ભૂતકાળ તરફ અને બીજો ભવિષ્ય તરફ જોતો હતો. નવા વર્ષની શરૂઆતમાં ભૂતકાળનું મૂલ્યાંકન કરીને ભવિષ્ય માટે નવા નિર્ણયો લેવાની પરંપરા સાથે આ પ્રતીકાત્મક જોડાણ ઘણું રસપ્રદ છે.

અમેરિકન સાઈકિયાટ્રિક એસોસિયેશનના સર્વેક્ષણમાં ૮૧ ટકા નાગરિકો નવા વર્ષ માટે કોઈ ને કોઈ સંકલ્પ લેવાની વાત કરી હતી. તેમાં ૩૯ ટકા લોકોએ શારીરિક તંદુરસ્તી, ૩૮ ટકાએ નાણાકીય બાબતો, ૩૩ ટકાએ માનસિક સ્વાસ્થ્ય, ૨૫ ટકાએ ખોરાકની ટેવો અને ૨૫ ટકાએ સામાજિક સંબંધો સુધારવાના સંકલ્પ કર્યા હતા. અમેરિકામાં જ નહીં ભારત સહીત વિશ્વના દેશોમાં પણ નાગરિકો આ જ પડકારો ધરાવે છે અને આવી જ ટકાવારી પ્રમાણે સંકલ્પ લે છે.

સંકલ્પો વ્યક્તિની ઉંમર અને જીવનના તબક્કા પ્રમાણે પણ બદલાતા હોય છે. વિદ્યાર્થી માટે સમયનું વ્યવસ્થાપન, પરીક્ષામાં સારા પરિણામ અને મોબાઈલથી દૂર રહેવું મહત્ત્વનું હોય છે. નોકરી કરતા યુવાનો માટે કારકિર્દીમાં પ્રગતિ, નવી



સ્કિલ શીખવી અને બચત કરવી અગત્યની બને છે. મધ્યમ વયની વ્યક્તિઓ માટે સ્વાસ્થ્ય, પરિવાર અને આર્થિક સુરક્ષા પ્રાથમિકતા બને છે. જ્યારે વયસ્ક લોકો માટે નિયમિત ચાલવું, જૂના મિત્રો સાથે સંપર્ક જાળવવો, વાંચન અને માનસિક શાંતિ મહત્ત્વનાં બની જાય છે.

નવો વિષય ઉમેરાયો

સંકલ્પોની યાદીમાં એક નવો વિષય પણ ઝડપથી ઉમેરાઈ રહ્યો છે. તે છે ડિજિટલ ડિટોક્સ. સોશિયલ મીડિયા પર ઓછો સમય પસાર કરવો, ઊંઘતા પહેલાં મોબાઈલ બાજુ પર મૂકવો, ભોજન વખતે ફોનનો ઉપયોગ નહીં કરવો અને દિવસના અમુક કલાકો ડિજિટલ દુનિયાથી દૂર રહેવું. એક જમાનામાં લોકો નવા વર્ષે સિગારેટ કે અન્ય ખરાબ ટેવો છોડવાનો સંકલ્પ લેતા હતા, હવે ઘણા લોકો મોબાઈલની આદત ઓછી કરવાનો સંકલ્પ લે છે. ટેક્નોલોજીએ જીવન સરળ બનાવ્યું છે, પરંતુ એ જ ટેક્નોલોજીમાંથી થોડો સમય મુક્તિ મેળવવાની ઇચ્છા પણ વધતી જાય છે.

સંકલ્પ લેવો સરળ છે, તેને જીવનનો ભાગ બનાવવો મુશ્કેલ છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે આપણે ઘણી વાર ઉત્સાહના આવેશમાં પોતાની ક્ષમતા કરતાં મોટા નિર્ણયો લઈ લઈએ છીએ. આખું વર્ષ કસરત નહીં કરનાર વ્યક્તિ દરરોજ એક કલાક જિમમાં જવાનો સંકલ્પ કરે છે. વર્ષોથી વાંચનથી દૂર રહેલી વ્યક્તિ દર મહિને બે પુસ્તકો વાંચવાનું નક્કી કરે છે. આખો દિવસ મોબાઈલમાં વ્યસ્ત રહેનાર વ્યક્તિ એકાએક સોશિયલ મીડિયા છોડી દેવાનો નિર્ણય લે છે. આ બધા નિર્ણયો સારા છે, પરંતુ તેની સાથે જોડાયેલી રોજિંદી ટેવોમાં ધીમે ધીમે ફેરફાર કર્યા વગર આટલો મોટો બદલાવ લાવવો મુશ્કેલ છે.

બીજું કારણ એ છે કે આપણે પરિણામ પર વધારે ધ્યાન આપીએ છીએ, પ્રક્રિયા પર ઓછું. ઉદાહરણ તરીકે, વજન ઘટાડવું એ પરિણામ છે, પરંતુ તેના માટે રોજિંદી જીવનશૈલીમાં કયા નાના ફેરફારો કરવા તે પ્રક્રિયા છે. વધુ પૈસા બચાવવા એ લક્ષ્ય છે, પરંતુ દર મહિને આવકમાંથી ચોક્કસ રકમ અલગ રાખવી એ પ્રક્રિયા છે. પુસ્તક વાંચવાનો સંકલ્પ કરવો સહેલો છે, પરંતુ દરરોજ સૂતાં પહેલાં પંદર મિનિટ વાંચવા બેસવું એ ખરેખરનો બદલાવ છે.

હવે શું ફાયદો

ત્રીજું કારણ છે 'ઓલ ઓર નથિંગ' એટલે કે બધું જ અથવા કશું જ નહીં એવી માનસિકતા. આપણે સંકલ્પ લઈએ કે દરરોજ ચાલવા જવું છે. એક દિવસ વરસાદ પડે, કામ વધારે હોય કે તબિયત સારી ન હોય અને ચાલવાનું રહી જાય તો મનમાં થાય કે સંકલ્પ તૂટી ગયો. હવે શું ફાયદો? પછી બીજા દિવસે પણ ચાલવાનું ટળી જાય છે. હકીકતમાં એક દિવસ કે કેટલાક દિવસોની ગેરહાજરી આખા સંકલ્પની નિષ્ફળતા નથી. એક દિવસ ચૂક્યા પછી ફરી શરૂઆત કરવાની તૈયારી જ સફળતાની ચાવી છે.

ચોથું કારણ છે તાત્કાલિક આનંદ અને લાંબા ગાળાના ફાયદા વચ્ચેનો સંઘર્ષ. રાત્રે વહેલા સૂવાનો નિર્ણય કર્યો હોય છતાં મોબાઈલ પર એક વીડિયો પછી બીજો વીડિયો જોવાની લાલચ થાય છે. પૈસા બચાવવાનો સંકલ્પ કર્યો હોય છતાં ઓનલાઈન શોપિંગમાં કોઈ આકર્ષક ઓફર દેખાય છે. બહારનું ખાવાનું ઓછું કરવાનો નિર્ણય કર્યો હોય ત્યારે મિત્રો સાથેની પાર્ટી સામે આવે છે. આપણા રોજિંદા જીવનમાં આવા નાના નાના પ્રસંગો સંકલ્પની કસોટી લેતા રહે છે.

જુદો દ્રષ્ટિકોણ

નવા વર્ષના સંકલ્પોની વાત આવે ત્યારે આપણે સામાન્ય રીતે પોતાની જાતને લગતા નિર્ણયો લઈએ છીએ. પરંતુ એક વિચાર એવો પણ છે કે નવા વર્ષમાં આપણે સમાજ અને સંબંધો માટે પણ કેટલાક સંકલ્પ લઈ શકીએ.

ઉદાહરણ તરીકે, વર્ષમાં ઓછામાં ઓછા એક વૃદ્ધ વ્યક્તિની મદદ કરવી, કોઈ જરૂરિયાતમંદ બાળકના શિક્ષણમાં યોગદાન આપવું, અઠવાડિયામાં એક દિવસ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, વૃક્ષોનું જતન કરવું, ટ્રાફિકના નિયમોનું પાલન કરવું, જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવી કે પછી કોઈ જૂના મિત્ર સાથે ફરી સંપર્ક કરવો. આવા સંકલ્પો માટે મોંઘી વસ્તુઓ ખરીદવાની કે કોઈ ખાસ સાધન વસાવવાની જરૂર નથી. માત્ર ઈચ્છાશક્તિ અને થોડા પ્રયત્નોની જરૂર છે.

ક્યારેક આપણે કોઈ વ્યક્તિને વર્ષોથી માફ કરી શકતા નથી. કોઈની સાથે અણબનાવ થયો હોય, કોઈ સંબંધમાં અંતર આવી ગયું હોય કે કોઈ જૂની વાત મનમાં રહી ગઈ હોય. નવા વર્ષે એ વ્યક્તિને ફરી એક વાર વાત કરવાની તક આપવાનો સંકલ્પ પણ જીવનને વધુ હળવું બનાવી શકે છે. દરેક સંબંધ ફરી પહેલાં જેવો બને એ જરૂરી નથી, પરંતુ મનમાં રહેલો ભાર ઓછો થાય એ પણ એક પ્રકારની સફળતા છે.

મર્યાદા જાણો

આપણે સંકલ્પો ઘણી વાર બીજાને જોઈને લઈએ છીએ. કોઈ મિત્ર મેરેથોન દોડવાની તૈયારી કરે એટલે આપણને પણ દોડવાનું મન થાય. કોઈ પરિચિતે વિદેશ પ્રવાસ કર્યો હોય તો આપણે પણ આ વર્ષે વિદેશ જવાનું નક્કી કરીએ. સોશિયલ મીડિયા પર કોઈ વ્યક્તિની શિસ્તબદ્ધ જીવનશૈલી જોઈને આપણને પણ એવું જ જીવન જીવવાની ઈચ્છા થાય. પરંતુ બીજાની પ્રેરણાથી શરૂ કરેલી બાબતને પોતાની આંતરિક જરૂરિયાતમાં ફેરવી ન શકાય તો તેનો ઉત્સાહ લાંબો સમય ટકતો નથી.આપણે પોતાની મર્યાદા જાણીને સંકલ્પ લેવા જોઈએ. સંકલ્પ તૂટી જાય તો દોષની લાગણી અનુભવ્યા વગર ફરી પ્રયત્નશીલ બનવું પણ જરૂરી છે.

હવે જરા જુદી વાત. માની લો કે નવા વર્ષે લીધેલા સંકલ્પનું પાલન કરવામાં નિરાશ થયા તો તે રીતે વિચારો કે બદલાવ માટે કોઈ ખાસ દિવસ, પ્રસંગ કે સમયની રાહ જોવાની શું જરૂર? કોઈ પણ દિવસ નવી શરૂઆત માટે યોગ્ય હોઈ શકે છે. સોમવારથી શરૂ કરીશ, આવતા મહિનાથી શરૂ કરીશ, જન્મદિવસ પછી શરૂ કરીશ કે નવા વર્ષથી શરૂ કરીશ એવી વાતોમાં ઘણી વાર આપણે આજનો દિવસ ગુમાવી દઈએ છીએ. તમે વર્ષ દરમ્યાન કોઈપણ તિથિ કે તારીખથી સંકલ્પ લઈ શકો છો. 'જાગ્યા ત્યારથી સવાર' કહેવત કેટલી સાર્થક છે.

નાની શરૂઆત

દસ સંકલ્પો લઈને નવ નિષ્ફળ જવા કરતાં એક જ સંકલ્પ લઈને તેને પૂરા વર્ષ સુધી જાળવી રાખવો વધુ સારું છે. અને જો એ એક સંકલ્પ પણ ક્યારેક તૂટી જાય તો ફરી વર્ષ દરમ્યાન શરૂઆત કરવામાં કોઈ સંકોચ ન રાખવો જોઈએ.

ફિલસુફ અને મનોવિજ્ઞાની જેમ્સ ક્લિયરનું માનવું છે કે નાની નાની આદતોમાં થતો સુધારો જ સમય જતાં મોટા પરિણામો આપે છે. એટલે પોતાની જાતને સંપૂર્ણપણે બદલી નાખવાનું વચન આપવાને બદલે દરરોજ થોડું વધુ સારું બનવાનું વચન આપીએ તો તે વધુ સારું પરિણામ આપે છે. રોજ ૫૦૦૦ ડગલાં ચાલવાનો સંકલ્પ લઈએ તેના કરતા તેને લક્ષ્ય રાખીએ અને શરૂઆત રોજના ૫૦૦-૧૦૦૦ ડગથી કરીએ તો સફળ થવાની શક્યતા વધી જાય છે. આ જ રીતે રોજ બે પાના વાંચવા, ૧૫ મિનિટ મોબાઈલ વગર રહેવું, દસ મિનિટ ધ્યાન ધરવું જેવી શરૂઆત કરવી જોઈએ.

આવા નાગરિકોની પણ બહુમતિ છે જેઓ કહે છે કે હું તો પરફેક્ટ છું મારે કોઈ સંકલ્પની જરૂર જ નથી

જ્ઞાન પોસ્ટ

મિલને કી તુમ કોશિશ કરના વાદા કભી ન કરના.. વાદા તો તૂટ જાતા હૈ (એક ફિલ્મ ગીતની પંક્તિ)

ભારતમાં ન્યુમોનિયાનો કાળો કેર

હોટલાઈન
ભાલચંદ્ર જાની

ભારતમાં ન્યુમોનિયા એ શ્વાસ સંબંધિત એક ગંભીર ચેપી રોગ છે, જે સીધો ફેફસાંને અસર કરે છે. દેશમાં ખાસ કરીને પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને વૃદ્ધોમાં આ રોગનો પ્રભાવ વધારે જોવા મળે છે. વિશ્વભરમાં બાળપણમાં થતા ન્યુમોનિયાના કેસોમાં ભારતનો મોટો હિસ્સો રહેલો છે. દેશમાં દર વર્ષે અંદાજે ૩૫ થી ૪૦ લાખ ગંભીર બાળ ન્યુમોનિયાના કેસો નોંધાય છે. એટલે જ ભારતમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુ માટે ન્યુમોનિયા મુખ્ય કારણો પૈકીનું એક છે.

વધુ વિસ્તારપૂર્વક વાત કરીએ. ન્યુમોનિયા એટલે ફેફસાંમાં લાગેલો ચેપ (ઇન્ફેક્શન), ગુજરાતીમાં વરાધ, વાવડી કે દુઃખણા તરીકે ઓળખાતો આ ન્યુમોનિયા જાતજાતના વાઈરસ, બેક્ટેરિયા, ફુગ કે અન્ય સૂક્ષ્મ જંતુઓના ચેપને કારણે ઉદ્ભવે છે. તમને જાણીને કદાચ નવાઈ લાગશે, પણ ક્યારેક જીવલેણ બની શકતો ન્યુમોનિયા માટે જવાબદાર બેક્ટેરિયા ઘણા તંદુરસ્ત માણસના ગળામાં કોઈ જાતની ઉપાધિ વગર રહેતા હોય છે. માત્ર ગળામાંથી આ બેક્ટેરિયા જ્યારે શ્વસનમાર્ગમાં નીચે ઊતરે અને ખાંસી વડે બહાર ફેંકી શકાતા નથી ત્યારે જ એ ફેફસાંમાં ચેપ લગાવવા સમર્થ બને છે.

એક સમયે 'ફરગોટન કિલર' રોગ તરીકે વિશ્વભરમાં જાણીતા બનેલા ન્યૂમોનિયા અંગે સભાનતા કેળવવા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને ૨ નવેમ્બરને વિશ્વ ન્યુમોનિયા દિવસ તરીકે જાહેર કર્યો છે. ન્યુમોનિયા મુખ્યત્વે ન્યુમોકોક્સ અને હીબ બેક્ટેરીયા થતો રોગ છે. ન્યુમોનિયા ઉત્પત્તિના આધારે તેને વિવિધ નામે ઓળખવામાં આવે છે.જેમકે,બેક્ટેરિયાથી તે થાય તો બેક્ટરિયલ ન્યુમોનિયા,ફુગથી થાય તો ફંગલ ન્યુમોનિયા,વાયરસના ચેપથી થાય એ વાયરલ ન્યુમોનિયા,હોસ્પિટલમાં રહેવાથી થાય તે હોસ્પિટલ એકવાયર્ડ ન્યુમોનિયા, જનસમૂહમાં રહેવાથી થતો કોમ્યુનિટી ન્યુમોનિયા અને તબીબી વેન્ટિલેટરના ઉપયોગથી થતો ન્યુમોનિયા વગેરે. આમાં અમુક ન્યુમોનિયાનાં નામ વિશે કદાચ નવાઈ લાગે.પણ ન્યુમોનિયાનો એક પ્રકાર એવો છે કે એનું નામ વધુ આશ્ચર્ય ઉપજાવે તેવું છે અને તે છે વૉકિંગ ન્યુમોનિયા (ડબલ્યુ પી)!

દરેક તંદુરસ્ત માણસમાં ફેફસાં સુધી ચેપ ન પહોંચી જાય એ માટે જડબેસલાક સંરક્ષણ વ્યવસ્થા હોય છે. હવામાં તરતાં સૂક્ષ્મ જંતુઓ શ્વાસ વાટે સીધાં ફેફસાંમાં ન ઘૂસી જાય એટલા માટે નાકના વાળ, નાકના પોલાણમાંથી ગળા સુધીનો વાંકોચૂકો રસ્તો અને ગળા પર આવેલી અંતઃત્વચાની રચના જવાબદાર હોય છે.

આ જ રીતે ગળામાં નિરુપદ્રવી પરોપજીવી તરીકે રહેતા બેક્ટેરિયાઓ ફેફસાં સુધી ન પહોંચે એ માટેની વ્યવસ્થા પણ હોય છે. સામાન્ય સંજોગોમાં ગળામાંથી ફેફસાં સુધી કોઈ પણ પ્રવાહી કે ઘન વસ્તુ જઇ શકતી નથી. જેવું થોડુંક પણ પ્રવાહી ગળામાંથી શ્વાસનળીમાં પ્રવેશે કે તરત જ ગળા અને શ્વાસનળી વચ્ચે આવેલી સ્વરપેટીનો પડદો બંધ થઈ જાય છે અને જે થોડુંક પ્રવાહી શ્વાસનળીમાં પહોંચ્યું હોય તે આપોઆપ ખાંસી વાટે બહાર નીકળી જાય છે. (અંતરાસ જાય ત્યારે આવું જ થાય છે). આ ઉપરાંત શ્વાસનળીની દીવાલ પર ખાસ પ્રકારના રેસા સિલિયા તરીકે ઓળખાતા આ વાળ સતત હલનચલન કરતા રહે છે તેમના હલનચલનને કારણે શ્વાસનળીની દીવાલ પરના આ સિલિયા સૂક્ષ્મ જંતુઓને શ્વાસનળીની બહાર ધકેલી દે છે. આટલું ઓછું હોય તેમ શરીરનું રોગપ્રતિકારક તંત્ર દિનરાત ખાસ જાતનાં રસાયણો શ્વાસનળી અને ફેફસાંમાં મોકલ્યા જ કરે છે જેને કારણે ઘણાં દુશ્મન જંતુઓ તો આ રસાયણના સંપર્કમાં આવતાં જ મૃત્યુ પામે છે. ફેફસાંમાં આવેલા રોગપ્રતિકારક તંત્રના ચોકીદારોનું કામ કરતા કેટલાક ખાસ પ્રકારના કોષો (મેકોફેઝ), ત્યાં સુધી પહોંચી ગયેલા જીવાણુંને આખા ને આખા ગળી જાય છે અને પછી તેનો યોગ્ય રીતે નિકાલ કરી નાખે છે.



નાના બાળકમાં કુદરતી રીતે જ કફનું પ્રમાણ વધારે હોય છે કેમકે એ મોટેભાગે ચોકલેટ, બિસ્કીટ, પીપરમીંટ, પેંડા જેવા ગળ્યા પદાર્થો વધારે ખાય છે. મોટેભાગે આહારમાં દૂધનું સેવન કરે છે. તદ્દન નાનું બાળક સૂતાસૂતા જ મળમૂત્રની હાજતો કરતું હોવાથી ઘોડિયા કે પથારીમાં ઘણીવાર ભીનું જ પડ્યું રહે છે. ઠંડી લાગવા છતાં એ જાતે કશું ઓઢી શકતું નથી. થોડીક મોટી ઉંમર થતાં બાળક માટીથી કે પાણીથી રમ્યા કરતું હોય છે અને એ કારણે વારંવાર તેને સાફ કરવા માટે પાણીનો ઉપયોગ કરવો પડતો હોય છે. બરફ, બરફના ગોળા, આઈસક્રીમ, કેળાં, દહીં, મીઠાઈ, જ્યૂસ, ઠંડા પીણાં વગેરે ગળ્યા ખટમીઠા કે ઠંડા પદાર્થો બાળકને વિશેષ પ્રિય હોવાથી એને અવારનવાર શરદી અને કફ થવાની શક્યતા રહે છે. આવી તકલીફને સામાન્ય માની મા-બાપ એના તરફ દુર્લક્ષ્ય રાખે તો ફેફસામાં કફ એકઠો થાય છે અને એકાએક બાળકને શ્વાસ લેવામાં તકલીફ જેવું લાગે છે. ખાંસી ખાતાં છાતીમાં કફ ખખડતો હોય તેવું લાગે છે અને ત્યારે ગભરાયેલા મા-બાપ મૂળગામી કે યોગ્ય સારવાર ન લેતાં તાત્કાલિક શરદી માટે અથવા તો કફ સૂકાય તેવા ઉપચાર (કફ સિરપ) તરફ વળી જાય છે. શરૂ શરૂમાં આવી સારવારથી લાભ લાગે છે પણ ધીમે ધીમે ફેફસામાં કફ એકઠો થવાથી અને આ રીતે સૂકાતો રહેવાથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે. સૂકાયેલો કફ કાઢવામાં તકલીફ પડતી હોવાથી નાની વયમાં કે થોડી મોટી ઉંમર થયા બાદ વ્યક્તિ જલદીથી હાંફી જાય છે.

ખાંસી અને શ્વાસનો હુમલો આવે ત્યારે મોં અને શરીર પર પસીનો વળી જાય છે. હાથ-પગ ક્યારેક ઠંડા પડી જાય છે. શ્વાસ ધમણની જેમ ચાલવા લાગે છે. દિવસભરનો થાક હોવા છતાં રાત્રે ઊંઘ આવતી નથી. ક્યારેક આખી રાત આગળ નમી તકિયાના સહારે બેસી રહેવું પડે છે. ઘણીવાર તો ઓક્સિજન પણ આપવો પડે છે. રૂમ બંધ હોય તો ગભરામણ થાય છે અને બારી પાસે કે ખુલ્લી હવામાં જઈને ઊભા રહેવાનું મન થાય છે.

મેડિકલ જર્નલ લેન્સેટમાં રજૂ થયેલો આ અભ્યાસ 'યુનિવર્સિટી ઓફ એડિનબર્ગે' ભારતની વિવિધ અગ્રણી તબીબી સંસ્થાઓના સહકારથી હાથ ધર્યો હતો. અભ્યાસમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે દર વર્ષે વિશ્વભરમાં પાંચ વર્ષથી નીચેના લગભગ નવ કરોડ બાળકો સિઝનલ ફ્લુનો શિકાર બને છે. આમાંના બે કરોડ ભૂલકાં ફ્લુ સંબંધી ન્યુમોનિયાનો ભોગ બને છે, જેમાંથી એક કરોડ બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડે છે.

દુનિયાભરમાં ઇન્ફ્લુએન્ઝા-ન્યુમોનિયાને કારણે થતાં કુલ મોતમાંથી ચોથા ભાગના મૃત્યુ ભારતમાં પાંચ વર્ષથી નીચેના બાળકોના થાય છે,

એક ખાસ વાત એ છે કે બાળકને ઓરી થયા પછી ન્યુમોનિયા થવાના કિસ્સાઓ વધુ જોવા મળે છે. એનું કારણ છે કે ઓરીના જે વાઈરસ છે એ આગળ જતાં બાળક માટે ન્યુમોનિયાનું કારણ બને છે. આજના સમયમાં પ્રદૂષણને કારણે પણ ન્યુમોનિયાના કેસ બહુ વધી ગયા છે.

જેમ કે બાંધકામના પ્રોજેક્ટ્સ, સતત બદલાતા હવામાન અને ધુમ્રપાનના હાનિકારક વ્યસનને કારણે વધુ પ્રદૂષિત થતી હવા આપણા ફેફસાનો ભોગ લઇ રહી છે. હૃદયની બીમારીઓ, ટીબી અને કેન્સર બાદ પાંચ સૌથી ઘાતક રોગોની ટોચની યાદીમાં ન્યૂમોનિયા અને બ્રોન્કાઈટીસ જેવા શ્વસનતંત્રના બીમારીઓએ સ્થાન જમાવ્યું છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ એન્વાર્યનમેન્ટલ મેડિસીનના એક તબીબે જણાવ્યું હતું કે 'ન્યૂમોનિઆના એક-બે નહિ પણ આઠ અવતાર છે. 'આપણને સમાજમાંથી ન્યૂમોનિયાનો ચેપ લાગી શકે અને સર્જરી બાદ હોસ્પિટલમાંથી પણ ઈન્ફેક્શનરૂપે ન્યૂમોનિયા થઈ શકે. ન્યૂમોનિયા થવાના ઘણા બધા કારણો છે.'

ડોકટરો કહે છે કે ઉનાળા દરમિયાન ન્યૂમોનિયાના કેસોમાં જે ૩૦ થી ૪૫ ટકાનો વધારો થાય છે એને માટે હોલીડે પેટર્નસમાં ફેરફાર અને જ્યાં બાળકો એકબીજાના સંપર્કમાં આવે છે એવા સમર કેમ્પસ પણ જવાબદાર હોઇ શકે છે. ભારતમાં દર વરસે ૪.૨૫ લાખ બાળકો ન્યૂમોનિયાથી મૃત્યુ પામે છે. '૨૦ ટકાથી ઓછા બાળકોને જરૂરી એન્ટીબાયોટિક્સ દવાઓ મળે છે. ન્યૂમોનિયાથી પીડાતા બાળકને સમય પર સારવાર ન મળે તો એના મગજને નુકસાન થઇ શકે, માનસિક વિકલાંગપણુ આવી શકે છે, અંશત : પક્ષાઘાત આવી શકે અને આંચકીનો હુમલોપણ થઇ શકે છે.'

વિશ્વ આરોગ્ય સંગઠનના જણાવ્યા અનુસાર દુનિયામાં થતાં મોતનું ત્રીજું મોટું કારણ સીઓપીડી છે. ૨૦૧૯માં સીઓપીડીને કારણે ૩૨.૩ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. મુંબઈમાં પણ આ જ પ્રકારે સીઓપીડી વધારે ઘાતક બની રહ્યો છે.

જેમની સામાન્ય તંદુરસ્તી જ નબળી હોય એવા માંદલા વૃદ્ધો અને ડાયાબિટીસ કે અન્ય બીમારીઓથી પીડાતા લોકોમાં પણ બીજાઓની સરખામણીએ ન્યૂમોનિયા થવાની શક્યતાઓ વધી જાય છે. ઘણી વાર તો એવું જોવા મળે છે કે કોઇ બીજા રોગ માટે . હૉસ્પિટલમાં દાખલ થયેલા દર્દી, હૉસ્પિટલમાં ને હૉસ્પિટલમાં જ ન્યુમોનિયાનો ચેપ મેળવે છે અને ક્યારેક એ જ કારણસર મૃત્યુ પણ પામે છે.

જે વ્યક્તિને ન્યુમોનિયા થાય તેને અચાનક જ ઠંડી લાગીને ધ્રુજારી સાથે તાવ આવે છે. ક્યારેક તાવના એક-બે દિવસ પહેલાંથી સૂકી ખાંસીની શરૂઆત થઇ ગઇ હોય છે. તાવ ઘણી વાર ૧૦૨ ડિગ્રી ફેરનહીટ જેટલો કે એથી પણ વધારે હોય છે. મોટા ભાગના કિસ્સામાં જો તાવ ઉતારવાની દવા ન આપવામાં આવે તો તાવ સતત ચાલુ રહે છે અને વારંવાર ઠંડી કે ધ્રુજારી આવે છે. તાવની સાથોસાથ હૃદયના ધબકારા અને શ્વાસોશ્વાસની ગતિ વધી જાય છે.

નાના છોકરામાં વારંવાર શરદી ખાંસી તાવ થતાં હોય છે એટલે જે તે બીમારી સામાન્ય શરદીખાંસી છે કે ન્યુમોનિયા એ નક્કી કરવું ખૂબ અગત્યનું છે. વળી મોટા ભાગનાં બાળકો ગળફો થૂંકી શકતાં નથી જેને કારણે ખાંસીનો પ્રકાર નક્કી કરવાનું મુશ્કેલ બને છે. આવે વખતે નાનાં બાળકોમાં ન્યુમોનિયાનું નિદાન કરવા માટે બાળકના શ્વાસોશ્વાસનો દર ખૂબ ઉપયોગી બને છે. શરદી ખાંસી તાવવાળા બાળકની ઉંમર જો બે મહિનાથી નાની હોય અને એ દર મિનિટે ૬૦થી વધુ વખત શ્વાસોશ્વાસ લેતો હોય તો એને ન્યુમોનિયા હશે એવું માની શકાય. આ જ રીતે બે મહિનાથી બાર મહિનાની વચ્ચેની ઉંમરનું બાળક મિનિટમાં ૫૦થી વધારે અને એક વર્ષથી ઉપરનું બાળક મિનિટમાં ૪૦થી વધારે વખત શ્વાસોશ્વાસ લેતું હોય તો તેને ન્યુમોનિયા છે એવી શક્યતા વધી જાય. શ્વાસોશ્વાસ ગણતી વખતે બાળક રડતું ન હોય કે બીજી કોઇ પ્રવૃત્તિ ન કરતું હોય એ ખૂબ જરૂરી છે. સૂતેલા બાળકના શ્વાસોશ્વાસનો દર ગણી શકાય તો આદર્શ, જ્યારે પણ શરદી ખાંસી તાવ સાથે આટલો ઊંચો શ્વાસોશ્વાસનો દર હોય તો તાત્કાલિક તબીબી સારવાર લેવી જરૂરી બની જાય છે, જો આવું બાળક એક મહિનાથી નાનું હોય, કુપોષિત હોય, તાજેતરમાં જ ઓરી થયા હોય, દૂધપાણી પી ન શકતું હોય, ભૂરું પડી ગયો હોય, બેભાન હોય કે શ્વાસોશ્વાસ વખતે છાતીનો નીચેનો ભાગ અંદર તરફ ખેંચાતો હોય તો એને હૉસ્પિટલમાં ભરતી કરવાની જરૂર પડે છે.

પુખ્ત દર્દીની સ્ટેથોસ્કોપથી તપાસ કરીને મોટા ભાગે ન્યુમોનિયાનું નિદાન થઈ શકે છે પણ નિદાનની ખાતરી કરવા અને ભવિષ્યમાં થતો સુધારો સરખાવી શકાય એ માટે મોટા ભાગના કિસ્સામાં છાતીના એક્સ-રે કઢાવવામાં આવે છે. છાતીના એક્સ-રેમાં કાળાં ફેફસાંમાં ન્યુમોનિયાનો સફેદ ડાઘ દેખાય છે. એક્સ-રે ઉપરાંત ગળફાની તપાસ કરવી ખૂબ જરૂરી હોય છે, કારણ કે ગળફામાં રહેલા ન્યુમોનિયા માટે જવાબદાર જીવાણુંને માઈક્રોસ્કોપ હેઠળ જોઇને અને લેબોરેટરીમાં ઉછેરીને ચોક્કસ સારવાર કરવામાં માર્ગદર્શન મળે છે.

ન્યુમોનિયાની સારવાર માટે સામાન્ય રીતે એન્ટીબાયોટિક દવાઓ વપરાય છે. પેનિસિલિનનાં ઈન્જેક્શનો કે એ જૂથની દવાની કૅપ્સ્યૂલથી મોટા ભાગના ન્યુમોકોક્સથી થતા ન્યુમોનિયા સારા થઈ જાય છે. ક્યારેક સલ્ફા દવાઓ કે એરિથ્રોમાઈસીન કે સિફેલોસ્પોરીન પણ વાપરવામાં આવે છે. ગમે તે એન્ટીબાયોટિક દવા લેવાનું ડૉક્ટર સૂચવે, એ દવાનો સંપૂર્ણ કોર્સ નિયમિતપણે લેવાનું ખૂબ જરૂરી છે. અધૂરી દવા છોડવાથી રોગ વકરવાની અને જે તે બેક્ટેરિયા દવાથી રેસિસ્ટન્ટ થઈ જવાની શક્યતા વધી જાય છે.

એન્ટીબાયોટિક દવાઓ ઉપરાંત વધુપડતા તાવ માટે પેરાસિટામોલ જેવી તાવશામક દવા અથવા પાણીનાં પોતાં વાપરવાં પડે છે. ફેફસાંમાંથી ગળફો સહેલાઈથી છૂટો પડી બહાર નીકળી શકે એ માટે સાદા ગરમ પાણીની વરાળનો નાસ ખૂબ ઉપયોગી થાય છે.

હવે ઓરી-અછબડાની વેક્સિન એટલે કે રસી ઉપલબ્ધ છે. એ લગાવવાથી ઓરીથી જ નહીં, પરંતુ ઓરીને કારણે થતા ન્યુમોનિયાથી પણ છુટકારો મેળવી શકાય છે. એના સિવાય ખાસ ન્યુમોનિયા માટે પણ હિમોફિલસ ઈન્ફ્લુએન્ઝા ટાઈપ-બી વેક્સિન અને ન્યુમોકોકોલ વેક્સિન આવે છે જે દરેક બાળકને લગાવવી જોઈએ. આ બન્ને વેક્સિન લગાવવાથી બાળક પર ન્યુમોનિયા થવાનું રિસ્ક ઘણું ઘટી જાય છે.

દુનિયાભરમાં ઇન્ફ્લુએન્ઝા-ન્યુમોનિયાને કારણે થતાં કુલ મોતમાંથી ચોથા ભાગના મૃત્યુ ભારતમાં પાંચ વર્ષથી નીચેના બાળકોના થાય છે

જો કે રસીકરણ અને સ્વાસ્થ્ય સેવાઓના સુધારાને કારણે મૃત્યુદરમાં ક્રમશઃ ઘટાડો આવી રહ્યો છે. સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યો છે ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઝારખંડ જેવા ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યોમાં વસ્તી અને આરોગ્ય માળખાકીય પડકારોના કારણે કેસોનું પ્રમાણ દક્ષિણ ભારતના રાજ્યોની સરખામણીએ વધુ જોવા મળે છે.

જો ન્યુમોનિયાની સારવાર સમયસર ન કરવામાં આવે તો છાતીમાં પરું થઈ જવાથી માંડીને હૃદય, સાંધાઓ કે મગજ સુધી ચેપ ફેલાઈ જવાની શક્યતાઓ ઊભી થાય છે. આમ, ન્યુમોનિયાને વહેલો ઓળખી વહેલી સારવાર કરવી ખૂબ જરૂરી છે.

વૈભવ સૂર્યવંશી : અસાધારણ સિદ્ધિ સાથે અકળાવનારી સમસ્યા!

પારિજાતનો પરિસંવાદ

ડૉ. કુમારપાળ દેસાઈ

ક્યારેક સિદ્ધિઓનો બોજ સમસ્યાઓને લઈને આવતો હોય છે. એવી પરિસ્થિતિ ૨૦૧૧ની ૨૭મી માર્ચે જન્મેલા પંદર વર્ષના વૈભવ સૂર્યવંશીની બાબતમાં જોવા મળે છે. ક્રિકેટમાં પંદર વર્ષની નાની વયનાં નાનાં-મોટાં પંદર જેટલાં વિક્રમો હાંસલ કરનાર વૈભવ સૂર્યવંશીની આક્રમક ઓપનિંગ બેટિંગે વિશ્વભરનાં રમતચાહકોને સ્તબ્ધ કરી દીધા છે, પરંતુ એની સાથોસાથ એની આસપાસ સતત એક વિવાદ વિંટળાયેલો રહે છે અને તે એ કે આવી અસાધારણ પ્રતિભા ધરાવતા ખેલાડીને શા માટે ભારતીય ટીમમાંથી વખતોવખત રુખસદ આપવામાં આવે છે.

એક બાજુ એની શક્તિ જોઈને સહુ વિચારે છે કે જો એને બધી મેચોમાં ખેલવાની પૂરેપૂરી તક મળે તો ભારતીય ક્રિકેટનો અસાધારણ ખેલાડી બની શકે. સચિન તેંદુલકર અને યુવરાજ સિંહે નાની વયે સર્જેલા વિક્રમો વૈભવે ધરાશાયી કર્યા છે અને એમ છતાં આજે ભારતની પ્લેઈંગ-ઈલેવનમાં એને સ્થાન આપવામાં આવતું નથી.

નબળું બોલિંગ આક્રમણ ધરાવતા ભારતની પાસે અત્યારે કામયાબ ઓપનિંગ બેટ્સમેનો છે. અભિષેક શર્મા એ ટીમનો સ્થાપિત ઓપનર છે. પહેલા દડે જ સિક્સર લગાવવાનો મહાવરો ધરાવનાર અભિષેક શર્મા પાવર-પ્લેમાં મેચનો મિજાજ બદલી શકે છે. સંજુ સેમસનનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો બહોળો અનુભવ એને અભિષેક શર્માનો ઓપનિંગ સાથી બનાવે છે. વળી ઈશાન કિશન પણ ઓપનિંગ અને વિકેટકિપીંગ બંને કરી શકે છે. આવી પરિસ્થિતિમાં એ સ્વભાવિક છે કે વૈભવ સૂર્યવંશી ઓપનર તરીકે કઈ રીતે ટીમમાં સામેલ થઈ શકે ? પણ સવાલ એ છે કે એને ટીમમાં તક આપ્યા પછી સાતત્યપૂર્ણ રીતે શા માટે ખેલવા મળતું નથી.

ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં ત્રણ દાવમાં ૧૫૧ રન કરીને 'પ્લેયર ઓફ ધ સિરીઝ' બનેલા વૈભવને પછીની અફઘાનિસ્તાનની શ્રેણીમાં પ્રારંભે ટીમમાં સ્થાન મળ્યું નહીં. ઝીમ્બાબ્વે સામેની ત્રીજી ટી-૨૦માં એણે ૪૯ દડામાં ૮૧ રન કર્યા હતા. એની સિદ્ધિને કારણે ક્રિકેટચાહકો એની બેટિંગ જોવા અતિ આતુર હોય, ત્યારે જાણવા મળે કે એને ટીમની પ્લેઈંગ ઈલેવનમાંથી બાકાત રખાયો છે. એ પછી ફરી વાર ન્યુઝીલેન્ડ સામે આ ઘટના બની. ઝીમ્બાબ્વેમાં કામિયાબી મેળવનાર વૈભવે ન્યુઝીલેન્ડ સામેની મેચમાં ૧૯ દડામાં ૪૫ રન કર્યા હતા અને છતાં ચોથી ટી-૨૦ મેચમાંથી એને બાકાત રાખવામાં આવ્યો અને એને સ્થાને ઈશાન કિશનને તક આપવામાં આવી. સંજુ સેમસન, ઈશાન કિશન અને વૈભવ સૂર્યવંશીને ઓપનીંગમાં આવી વારાફરતી તક આપવાનો અર્થ શો ?

વૈભવને તક નહીં આપવાના કારણ રૂપે ટીમ મેનેજમેન્ટે એમ કહ્યું કે, 'ટીમનું સંતુલન જાળવવા માટે સિનિયર ખેલાડીઓને અવગણી શકાય નહીં.' ખેલાડી કદાચ ઘણો પ્રતિભાશાળી હોય, પરંતુ એ ટીમના સંતુલનમાં બંધબેસતો ન હોય તો એને ટીમમાંથી બહાર રાખવો પડે છે. આ વાત પણ સાચી છે કે અત્યારે ભારતની પાસે ઓપનિંગ બેટ્સમેનના સ્થાન અંગે સારી એવી સ્પર્ધા છે.

બીજી બાજુ એ પણ હકીકત છે કે પંદર વર્ષની વય ધરાવનારા આ ખેલાડીઓને ખેલવા માટે વધુ મેચોની જરૂર પડે છે. એની અસાધારણ સિદ્ધિએ એની પ્રતિભા પર મહોર મારી છે, પરંતુ એને એકાદ બે મેચમાં સામાન્ય દેખાવ કરવા માટે પછીની મેચની ટીમમાંથી બાકાત રાખવામાં આવે તે બરાબર નથી. આવી રીતે એને બહાર બેસાડી દેવાથી એની પ્રતિભાનો પૂરો વિકાસ થતો નથી અને એથીયે વધારે તો જુદા જુદા પ્રતિસ્પર્ધીઓ સાથે રમીને પોતાની બેટિંગ ટેકનિકની કસોટી કરવાની હોય છે તે કરી શકતો નથી.

સચિન તેંદુલકર અને યુવરાજ સિંહે નાની વયે સર્જેલા વિક્રમો વૈભવે ધરાશાયી કર્યા છે અને એમ છતાં આજે ભારતની પ્લેઇંગ- ઈલેવનમાં એને સ્થાન આપવામાં આવતું નથી

વળી સાતત્યપૂર્ણ રમત રમવા મળે, તો ખેલાડીમાં આત્મવિશ્વાસ પણ જાગે છે અને તેથી એની ખેલવાની ક્ષમતા ઘણી વધી જાય છે. એ સાચું છે કે ક્યારેક વૈભવને નિષ્ફળતા મળી છે.



ઈંગ્લેન્ડના ગોલંદાજોનાં શોર્ટપીચ દડા સામે વૈભવ સફળ થયો નહોતો, પરંતુ એ પછી ઝીમ્બાબ્વેમાં અસાધારણ પ્રદર્શન કર્યું અને ૧૯૬ના સ્ટ્રાઈક રેટ સાથે ૧૫૧ રન કર્યા. બધાની ધારણા હતી કે એ પછી અફઘાનિસ્તાન સામેની મેચોમાં વૈભવને ખેલવાની તક મળશે, પરંતુ વૈભવને બદલે ફરી સંજુ સેમસનને સ્થાન આપવામાં આવ્યું.

ન્યુઝીલેન્ડમાં ફરી આવી જ ઘટના બની. એણે બીજી મેચમાં ૨૩૬ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી, પણ ચોથી ટી-૨૦ની ટીમમાંથી એને રુખસદ આપવામાં આવી. અગાઉની મેચમાં વૈભવે ૪૫ રન બનાવ્યા હોવા છતાં એને પછીની મેચમાંથી બહાર બેસાડવામાં આવ્યો. આને કારણે ખેલાડીની બેટિંગના લય પર પણ અસર થાય છે. એને સતત એક અનિશ્ચિતતા રહે છે કે એ ટીમમાં સામેલ થશે કે પછી એને પેવેલિયનની ખુરશી પર બેસીને મેચ જોવી પડશે.

આમાં રસપ્રદ બાબત એ છે કે ઘણી વાર વૈભવ આક્રમક બેટિંગ કરીને પોતાની ક્ષમતા સાબિત કરે છે, પરંતુ આવો સારો દેખાવ કર્યા પછી પણ એને આગામી મેચમાં પ્લેઈંગ-ઈલેવનમાં સ્થાન મળતું નથી. વૈભવને માટે આ જેટલી સમસ્યા છે, એટલી જ સમસ્યા સિલેક્ટરોને માટે છે. સિલેક્ટરો નિવડેલા ખેલાડીઓ પર મદાર રાખવાનું વિચારીને વૈભવને પ્લેઈંગ-ઈલેવનમાંથી બહાર રાખે છે. એ પછી ક્યાંક એને તક મળે તો વૈભવ એની ક્ષમતા દાખવે છે, પરંતુ એને પોતાની ક્રિકેટ ક્ષમતાને સતત કસતા રહેવાની અનુકૂળતા સાંપડતી નથી.

જેમકે શોર્ટ બોલ સામે ખેલવામાં એને મુશ્કેલી પડે છે. એ મુશ્કેલી દૂર કરવા માટે એ સતત પ્રયત્નશીલ છે, પરંતુ એ ખેલવા માટે એને પૂરતી તકો મળવી જોઈએ. એની બેટિંગ સામે એક બીજો સવાલ એ છે કે એ લાંબા સમય સુધી સાતત્યપૂર્ણ બેટિંગ કરી શકતો નથી. જોકે એના વિક્રમો જોતાં આ વાતનો સ્વીકાર થઈ શકે તેમ નથી. નાની વયનાં અનેક વિક્રમો ધરાવનાર વૈભવે આઈ.પી.એલ.માં, રણજી ટ્રોફી અને દુલિપ ટ્રોફીમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી કામિયાબી બતાવી છે.

અંડર-૧૯ વર્લ્ડકપ ફાઈનલમાં એણે ઈંગ્લેન્ડ સામે ૮૦ દડામાં ૧૭૫ રનની ઐતિહાસિક રમત બતાવી હતી, જે આ સ્પર્ધાનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર છે. આથી વિકેટ પર ટકી રહીને લાંબા સમય સુધી ખેલવાની એની ક્ષમતા એણે હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બતાવવાની છે. એવી જ રીતે પોતાની ઈનિંગને આગળ વધારવાની કળા વિકસાવવાની એને જરૂર છે, એમ ટીકાકારો કહી રહ્યા છે. પણ હકીકત એ છે કે આ એક એવો ઓપનિંગ ખેલાડી છે કે જેને લાંબા સમય સુધી સામે છેડે રહેલા બેટ્સમેનને સાચવી લઈને ખેલવાનું હોતું નથી. એની પાસે રનના ઝંઝાવાતની અપેક્ષા રાખવામાં આવે છે.

આમ વૈભવની બેટિંગકલા અંગે કરેલી ટીકાઓમાં બહુ ઝાઝો દમ નથી, પરંતુ સૌથી વિશેષ જરૂરિયાત તો એ છે કે એને આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો વધુને વધુ અનુભવ મળે અને એની પ્રતિભા ઉજાગર થતી રહે. જુદાં જુદાં દેશની વિકેટ પર, જુદાં જુદાં વાતાવરણમાં અને જુદાં જુદાં પ્રકારની ઝડપી ગોલંદાજી ધરાવનારા ગોલંદાજો સામે એને વધુ તક મળે તે જરૂરી છે. સૌથી વિશેષ તો એણે સારો દેખાવ કર્યો હોય અને એ પછીની મેચમાં એને ટીમમાંથી બાકાત રાખવામાં આવે તે બાબત આઘાતજનક છે. એ ટીમ-મેનેજમેન્ટ સમજવું જોઈએ.

આને કારણે ખેલાડી પર માનસિક અસર થતી હોય છે. એમ પણ થાય કે કદાચ એ નિષ્ફળ જશે તો ટીમમાંથી બહાર ફેંકાઈ જશે. એવો ભય રહે છે, ધીરે ધીરે સંભાળીને વિકેટ બચાવીને રમવું કે પછી પોતાની સ્વાભાવિક આક્રમક રમત બતાવવી, તેની દ્વિધા એને સતાવવા લાગે છે. ઘણી વાર આક્રમક રમતને બદલે રક્ષણાત્મક રમત ખેલે છે. આમ આવી અનિશ્ચિતતા ખેલાડીના મન પર ઘેરી અસર કરતી હોય છે.

હા, એટલું સાચું કે વૈભવ પર આવી અસર થતી હોવાની કોઈ બાબત હજી સુધી જાણવા મળતી નથી. બલ્કે ક્યારેક તો એવું બન્યું છે કે આવી રીતે ટીમમાંથી બાકાત રહ્યા બાદ એ ટીમમાં પાછો ફરે છે, ત્યારે વધુ પ્રભાવક રમત બતાવે છે, પણ સૌથી મોટો સવાલ ખેલાડીની માવજત કરવાનો છે. આપણે ત્યાં ૨૦૧૬ની ૧૯મી ડિસેમ્બરે ઈંગ્લેન્ડ સામે કરુણ નાયરે અણનમ ૩૦૩ રન બનાવ્યા હતા અને પછીની ટેસ્ટમાંથી બાંગ્લાદેશ સામે એને બાકાત રાખવામાં આવ્યો હતો. અસાધારણ પ્રદર્શન છતાં ટીમમાં પોતાના સ્થાનની અનિશ્ચિતતા હોય તે ખેલાડીના દિમાગ પર કેવી અસર કરે છે ? નાયરની કારકિર્દી ત્રણેક ટેસ્ટમાં જ કરુણ અંજામ પામી.

એ જ રીતે કુલદીપ યાદવ, ઈશાન કિશન જેવા ખેલાડીઓને ઉત્કૃષ્ટ સફળતા પછી પણ ટીમની બહાર રાખવામાં આવ્યા હતા. કેટલાકને તો બીજા સિનિયર ખેલાડીઓની વાપસી થતા પોતાનું સ્થાન ગુમાવવું પડ્યું છે, પણ સૌથી મહત્ત્વની બાબત એ ખેલાડીના આત્મવિશ્વાસની છે. એનો ઘવાયેલો આત્મવિશ્વાસ પાછો હાંસલ કરવો ઘણો મુશ્કેલ હોય છે. આથી વૈભવ સૂર્યવંશી સાથે એક સાતત્યપૂર્ણ નીતિ અપનાવવાની જરૂર છે. ટીમની અંદર-બહાર રાખીને એના મનમાં અનિશ્ચિતતાનો ભય ઊભો કરવાની જરૂર નથી. આવા સમયે વૈભવે હરભજનસિંહ, પૃથ્વી શો અને શેફાલી વર્માને યાદ કરવા જોઈએ, જેમને પ્રારંભિક સફળતા પછી પુનઃ તક મેળવવા માટે લાંબો સંઘર્ષ કરવો પડ્યો હતો.

મનઝરૂખો

ગુલામોના મુક્તિદાતા તરીકે જાણીતા વિલિયમ લોઈડ ગેરિસનને અત્યંત ગરીબીમાં બાળપણ વ્યતીત કરવું પડ્યું. એના સ્વચ્છંદી પિતા એકાએક ઘર છોડીને ચાલ્યા ગયા અને ધર્મનિષ્ઠ માતા પર કુટુંબપાલનની સઘળી જવાબદારી આવી પડી.

નિરક્ષર માતા શું કામ કરે ? એણે શ્રીમંતોના ઘરમાં આયા તરીકે કામ કરવાનું શરૂ કર્યું અને શ્વેત ધનિકોનાં બાળકોને ઉછેરવા લાગી. આ કામ પેટે સાવ નજીવી રકમ મળતી હતી, તેથી એને ભૂખ્યા અને ગરીબ લોકોને માટે ચાલતા સદાવ્રતમાંથી અનાજ લાવીને નિર્વાહ કરવો પડતો હતો.

ગરીબ ગેરિસન ક્યાં જાય ? આખરે તેરમા વર્ષે માંડ માંડ 'ન્યૂબરી હેરલ્ડ' નામના અખબારમાં કમ્પોઝિટર તરીકેની કામગીરી મળી.

ગેરિસનને આ કામમાં ખૂબ રસ પડ્યો. એ બીબાં ગોઠવવાની સાથોસાથ અખબારના લેખોને રસપૂર્વક વાંચવા લાગ્યો. એમાં રજૂ થયેલા વિચારો સમજવા લાગ્યો. આ કમ્પોઝિટરને એક દિવસ કલમ પકડવાનું મન થયું.

મનમાં ઘૂમતા વિચારોને રજૂ કરવા માટે એણે ચર્ચાપત્રો લખવાનું શરૂ કર્યું. એ વિચારવા લાગ્યો કે કમ્પોઝ કરી જાણું છું, લખાણ લખી જાણું છું, ત્યારે મારા વિચારો પ્રગટ કરવા પોતીકું અખબાર પ્રગટ કરું તો કેવું ?

બસ, પછી તો રાતદિવસ ગેરિસનના મનમાં પોતાના અખબારનાં સ્વપ્નો આવવા લાગ્યાં. પોતે વિચારે, પોતે લખે અને પોતે જ કમ્પોઝ કરીને અખબાર પ્રગટ કરે.

અંતે એક દિવસ સ્વપ્નસિદ્ધિ થઈ. એણે 'ફ્રી પ્રેસ' નામનું અખબાર શરૂ કર્યું અને નિર્ભયતાથી પોતાના વિચારો પ્રગટ કરવા લાગ્યો.

એણે અમેરિકામાં પ્રવર્તતી ગુલામીની પ્રથા સામેના પોતાના અવાજને બુલંદ કર્યો.

સત્યપ્રિય અને નીડર પત્રકાર તરીકે વિલિયમ ગેરિસન સર્વત્ર આદર પામ્યો.

તુંબહ તુંબા

વિન્ડો સીટ

ઉદયન ઠક્કર

નવેમ્બરની ચૌદમીએ બાળદિન હતો. તે નિમિત્તે ગિજુભાઈની બાળવાર્તાઓને યાદ કરીએ. ગિજુભાઈ ગયાને આજે સત્યાશી વર્ષ થયાં, છતાં તેમની વાર્તાઓ લીલીછમ છે, તેનું એક કારણ કે તે માત્ર બાળકો માટે નથી. આ રહી તેમની વાર્તા 'ટશુકભાઈ.'

એક હતી ડોશી. તે પાદર લાકડાં લેવા ગઈ.તેણે વેલા પર ચીભડું દીઠું.ડોશીએ તોડીને ઘેર આણ્યું. હાથપગ ધોઈને ખાવા જાય છે ત્યાં ચીભડું બોલ્યું, 'મા, મા, મને ખાશો મા! હું તો તમારો દીકરો!' ડોશીએ ચીભડાને એક કોરે મૂકી દીધું. થોડી વારે તેમાંથી છોકરો નીકળ્યો. ડોશીએ તેનું નામ પાડ્યું, 'સાંગો.' પછી તો થોડા થોડા દિવસે ચીભડામાંથી છોકરા નીકળવા માંડ્યા. ડોશીએ નામ પાડ્યાં 'શરવણ', 'લાખો', 'લખમણ' અને 'ટશુકભાઈ.' પાંચે દીકરા ખાઈપીને મોટા થયા. એક દિ ડોશી જંગલમાં લાકડાં વીણતી હતી ત્યાં સિંહ મળ્યો, 'ડોશી, તને ખાઉં!' ડોશીએ સમજાવ્યું, 'તું તો મારો ભાઈ થાય. મને ખાય તો તારા ભાણેજો રખડી પડે ને.' સિંહે વિચાર્યું, 'આને એકલીને ખાવા કરતાં, ભાણેજોની સાથે કાં ન ખાઉં?' સિંહ અને ડોશી ચાલ્યા ઘેર. ભાણેજોએ સિંહની સારી ચાકરી કરી. પછી સિંહ વાર્તા કહેવા બેઠો :

પહેલાં તે ખાશું સાંગો શરવણ,
પછી તે ખાશું લાખો લખમણ,
પછી તે ખાશું ટશુકભાઈને,
પછી તે ખાશું ડોહલીબાઈને.

સિંહ ભાણેજોને કહે, 'ભાણાભાઈ, હવે તમારો વારો.' છોકરાઓ બોલ્યા :

હાથડા તે થોભશે સાંગો શરવણ,
પગડા તે ઝાલશે લાખો લખમણ,
માથડું તે કાપશે ટશુકભાઈ રે,
દીવડો તે થોભશે ડોહલીબાઈ રે.

આ સાંભળી સિંહના પેટમાં ફાળ પડી.પૂંછડું માથે લેતોક જંગલમાં નાઠો.

ડોશીએ પેટે પાટા બાંધીને પાંચ દીકરા ઉછેર્યા તો ખરે ટાણે ઢાલ બનીને ઊભા. આ વાર્તા પરિવારભાવનાને પોષે છે, સાહસને બિરદાવે છે. પાંચ છોકરા સિંહનું ડોકું ન કાપી શકે, પણ હિંમતભર્યો હુંકાર કરી સિંહને બિવડાવી શકે.

'મા, મા, મને ખાશો મા! હું તો તમારો દીકરો!' ડોશીએ ચીભડાને એક કોરે મૂકી દીધું. થોડી વારે તેમાંથી છોકરો નીકળ્યો. ડોશીએ તેનું નામ પાડ્યું, 'સાંગો.'

યાદ છે વાર્તા સૂપડકન્ના રાજાની? વગડામાં ભટકી ગયેલા રાજાને લાગી ભૂખ. માળામાં બેઠેલાં બે ચકલાંની ડોક મરડી નાખી. શેકીને ખાઈ ગયો. રાજાને પાપ લાગ્યું. તરત તેના કાન સૂપડા જેવા થઈ ગયા. રાજાની શરમનો પાર નહિ. ગુપચુપ મહેલમાં પેઠો. સાતમે માળે રહેવા લાગ્યો. કોઈને મળે જ નહિ ને. હજામતનો દિવસ આવ્યો. રાજાએ એકલા ધનિયા હજામને બોલાવ્યો. ચેતવણી આપી, 'મારા કાનની વાત કોઈને કરી છે, તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ!' ધનિયાની નિંદર ઊડી ગઈ. આવી ચટાકેદાર વાત અને કોઈને કરાય નહિ? એ વગડે ગયો, અને ઝાડને કહી આવ્યો. થયું એવું કે કઠિયારે તે જ ઝાડ કાપ્યું અને લાકડામાંથી વાજિંત્રો બનાવ્યાં : તબલાં, સારંગી ને ઢોલ. રાજાને ભેટ આપ્યાં. રાજાએ ભોંયતળિયે સંગીતનો જલસો ગોઠવ્યો. પોતે સાતમે માળેથી સાંભળે. તબલાં બોલવા માંડ્યાં :

'રાજા સૂપડકન્નો, રાજા સૂપડકન્નો!'

સારંગી તીણા સ્વરે બજી ઊઠી :

'તને કોણે કહ્યું, તને કોણે કહ્યું?'

ઢોલક ચૂપ થોડું રહે? ઢમઢમવા લાગ્યું:

'એ તો ધનિયો હજામ!'

રાજાની પોલ ખૂલી ગઈ. એણે ધનિયાને ઘાણીએ ઘાલ્યો હશે? કોર્પોરેટ બોસ લોકો, સંપ્રદાયના વડાઓ, મહાન નેતાઓ, મહેલને સાતમે માળે મુશ્તાક બેઠા હોય છે- કોણ જાણવાનું છે આપણું કદરૂપું રહસ્ય? પણ યે પબ્લિક હૈ, યે સબકુછ જાનતી હૈ. આજે નહિ તો કાલે વાત ઢોલ વગડીને સામે આવવાની જ છે : રાજા સૂપડકન્નો!

ત્રીજી વાર્તા ભટજીની, જે કાશીથી ચાર વેદ અને છ શાસ્ત્ર ભણીને આવેલા. કોઈ ગામે કથા કરવા ગયા. ગામવાળા કહે, અમારા સવાલના જવાબ આપો તો કથા કરવા દઈએ. ન આપી શકો તો તમારી પોથી અહીં મૂકી જવાની. ભટજી કહે, કબૂલ. ગામવાળાએ પૂછ્યું, 'તુંબહ તુંબા' એટલે શું? ભટ પોથીપાનાં જોઈ વળ્યા પણ અર્થ જડે નહિ.પોથી ગામમાં છોડીને પાછા જવું પડ્યું. એને ભાઈ હતો, ભણેલો નહિ પણ ગણેલો. એણે બીડું ઝડપ્યું. ગામવાળાએ પેલી જ શરત મૂકી : તંબહ તુંબા એટલે શું? ભટ કહે, ભાઈ તમે ભૂલ્યા.

પહેલાં તો હોય ખેડં ખેડા,
પછી વાવં વાવા
પછી વેલં વેલા
પછી ફૂલં ફૂલા
ને પછી તુંબહ તુંબા.

બધા કહે : ભટ ભારે, ભટ ભારે, ભટ ભારે. બરાબર કળી ગયા. ભટને જમાડ્યા, પોથી પુસ્તક પાછાં આપ્યાં, દક્ષિણા પણ આપી.

તુંબહ તુંબાનો જમાનો ચાલે છે. સાચા જ્ઞાન-વિજ્ઞાનની કોને પડી છે? કોઈ કહે છે, એલોપથી અને વેક્સીન નકામાં છે. (વેક્સીન ન હતે, તો શીતળા, પોલિયો અને ધનુર્વાથી માણસો આજે પણ મરતા હોત.) કોઈ કહે છે, વિમાનની શોધ કુબેરે કરી હતી.(રચના એરો ડાઇનેમિક્સના કયા સિદ્ધાંતો પર થઈ હતી? છેલ્લાં ત્રણ હજાર વર્ષથી આપણે કેમ વિમાન ઉડાવ્યું જ નહોતું?) કેટલાંક ભૂગોળનો વિષય આજે પણ પુરાણો પ્રમાણે ભણાવે છેઃ જંબૂદ્વીપ, શાકદ્વીપ,તેને ફરતા દુગ્ધસમુદ્ર, (દૂધનો), ઈક્ષુસમુદ્ર, (શેરડીના રસનો), ઘૃતસમુદ્ર (ઘીનો), દધિસમુદ્ર (દહીંનો) ઈત્યાદિ.

કિમ્ બહુના? (વધુ શું કહેવું?)

જ્ઞાનનો પ્રારંભ અજ્ઞાનથી થાય છે

લેન્ડસ્કેપ

સુભાષ ભટ્ટ

ઈતિહાસ મેં કહાં દર્જ હોતે હૈ
વો યુદ્ધ જો મનમેં ચલતે હૈ !
- દુષ્યંત કુમાર

સાચ્ચે જ જગત હોય કે જીવન, દરેક પળે અને પ્રસંગે એક લડાઈ અથાક ચાલ્યા કરે છે : શબ્દ-મૌન, સંદેહ-શ્રધ્ધા, જ્ઞાન-અજ્ઞાન, હકાર-નકાર વગેરેની વચ્ચે. ક્યારેક આપણે ઉતરો નથી શોધતા હોતા પણ ઉતરો ઉતરી શકે એવા અવકાશને શોધતા હોઈએ છીએ. એક એવી મોકળાશ જ્યાં બધા વિરોધાભાસો મૈત્રીપૂર્ણ સંવાદ રચી શકે. વિચારોનું સ્વાતંત્ર્ય સંદેહ, સંઘર્ષ, સંવાદ વિના અધૂરું છે. જેમ પૃથ્વી અને આકાશ, સ્ત્રી અને પુરુષ, આચાર અને વિચાર એકમેક વીના અધૂરા છે. આઈન્સ્ટાઈન કહેતાં, 'એવું નથી કે હું સ્માર્ટ છું એ તો હું સમસ્યાઓ સાથે વધારે રહું છું. તેથી' સવાલો-શંકાઓ વચ્ચે રહેવું તો ખરી બૌદ્ધિક સાધના છે. કમનસીબે, સવાલો અને શંકાઓના ઉતરો પણ શાબ્દિક-બૌદ્ધિક માત્ર હોય છે. કારણ કે તેના આધારો જ ધારણાઓ-અભિપ્રાયો હોય છે. જેને સપાટી છે પણ ઊંડાઈ નથી.



જીવનનું સૌથી મોટું નૈતિક સાહસ છે બજાર વચ્ચે ઉભા રહીને કે શિખર પર ચડીને કહેવું કે 'હું જાણતો નથી'. આમ કહેનાર દરેક સોક્રેટીસ ગોત્રના હોય છે. તેમણે કહેલું 'ડેલ્ફીક ઓરેકલે કહ્યું કે સમગ્ર ગ્રીસમાં હું સૌથી વધુ ડાહ્યો છું. તેનું કારણ એ કે બધાં ગ્રીક વચ્ચે હું એકલો જ જાણું છું કે હું કશું જાણતો નથી'. હું કશું નથી જાણતો એ જાણકારીનો પ્રારંભ છે. હું અજ્ઞાની છું તે પામી જવું એ જ્ઞાનની સંભાવના છે. જેમ શ્રધ્ધાનો પ્રારંભ સંદેહથી અને હકારનો પ્રારંભ નકારથી થાય છે તેવી જ રીતે જ્ઞાનનો પ્રારંભ અજ્ઞાનથી થાય છે. અઢળક જાણકારી પછી જ આપણે જાણીએ છીએ કે આપણે ખાસ જાણતા નથી. આજકાલની જાણકારીમાં લંબાઈ-પહોળાઈ છે પણ ઊંડાઈ નથી. જાણે કે સમથીંગ અબાઉટ એવરીથીંગ. આજે મૂઠ્ઠીભર જાણકારી થકી બ્રહ્માંડભરની દાવેદારી કરનારા છે. યુ ટ્યુબમાં જોઈએ તો, 'પાંચ મિનીટ આપો-જીવન બદલી નાખું' આવું લખનાર સાંજે એકલો બેસીને વ્યુઅર્સનો સરવાળો કરતો હોય છે. આજે કોઈને જાણવું નથી- સૌને જણાવવું છે. સ્વયં પીડાય છે તે રોગની દવા સૌને વહેંચવી છે. સ્વયં પહોંચ્યો નથી તે સ્થળના નક્શા સૌને વહેંચવા છે. અલીફ શફાક નામની તુર્કી નવલકથાકાર કહે છે. 'હું જાણતો નથી તે કહેવાનું આપણે ભૂલી ગયા છીએ.'

પ્રયાસની નિરંતરતા પૂર્ણતા કરતા પણ વધારે મુલ્યવાન છે. હકાર કે નકાર અંતિમ નથી. વિજય કે પરાજય પછી પણ ચાલ્યા કરવાનું જ મુલ્યવાન હોય છે. અજ્ઞેયવાદી ક્યાંયે અટકતો કે અટવાતો નથી. તેણે તો ક્યાંયે અંતિમ બન્યા સિવાય કે કશાયને એકમાત્ર બનાવ્યા સિવાય ચાલ્યા કરવાનું છે. જીવનની સાર્થકતા અસંખ્ય પ્રતીતીઓમાં તો છુપાયેલી છે. ખરું ડહાપણ એ જ છે કે; સૂર્યોદય કે સૂર્યાસ્ત માટે દરરોજ શિખર પર જવાનું છે- ક્યારેક વાદળો હટશે તેવી આસ્થા સાથે. પછી દર્શન થાય કે ન થાય. હકાર કે નકારમાં બંધાવાનું નથી. નીચેના વાક્ય લખનારનું નામ ખોવાયું છે પણ તે એક અસામાન્ય જીવન શૈલી ચીંધે છે :

ગલત જગહ બંધ હો જાને સે બેહતર હૈ, ઉમ્રભર ભટકતે રહના...

'જેવાં બાપ તેવા બેટા'

કેમ છે, દોસ્ત

ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મનસ્વી સવારે ઊઠીને જુએ છે, તો એનો પુત્ર દીપ તેના શયનખંડમાં નથી. તેના ટેબલ પર પડેલી ચિઠ્ઠી તરફ મનસ્વીનું ધ્યાન જાય છે...એમાં જે લખ્યું હતું તે મનસ્વીની ધારણા કરતાં જરાય જુદું નહોતું. એટલે તેને આશ્ચર્ય પણ ના થયું.

પિતૃપ્રેમને મનમાંથી સદા માટે જાકારો આપવા માટે દીપને માતૃત્વની સરિતામાં નહીં મહોદધિમાં મનસ્વીએ સ્નાન કરાવ્યું હતું...પરંતુ

પરંતુ દીપના મનમાં એવી કોઈ પ્યાસ હતી, જે તેને પિતૃગૃહની પણ પરબ ભણી દોરી ગઈ ! મનસ્વીના મનમાં એક જ પ્રશ્ન ઘૂંટાતો હતો કે 'મારા પ્રેમમાં એવી તે શું ખોટ રહી ગઈ કે દીપ પોતાના પિતા પાસે જતો રહ્યો....

વીસ વર્ષ વીતી ગયાં એ વાતને. જ્યારે નાનકડા દીપને તેડીને એક સૂટકેસ લઈને મનસ્વી પોતાના પપ્પાના ઘરે આવી હતી. તેના મમ્મીનો સ્વભાવ જરા ઉગ્ર, પણ પપ્પાજી એટલે હેતનો હિમાલય. એમણે મનસ્વીને કશું જ પૂછ્યા સિવાય ભોજન કરાવ્યા બાદ એમના જ રૂમમાં સુવાડી દીધી અને પોતે બહાર અગાશીમાં સૂઈ ગયા.

બીજા દિવસે મનસ્વીના આકસ્મિક આગમન વિષે ભાઈ મૃદંગ અને ભાભી મિતાએ વિગતે પૃચ્છા શરૂ કરી, ત્યારે પણ મનસ્વીના પપ્પાએ તેમને રોકતા કહ્યું : ''મૃદંગ, દીકરીને પિયર આવવા માટે કારણોની જરૂર હોતી નથી. આગમનનું પ્રયોજન ગેસ્ટહાઉસવાળા પૂછે, સ્વજનો નહીં. સદાય સ્વાગત માટે આતુર હોય એનું નામ પિયર.''

એ પછી કોઈએ કશીય પૂછપરછ કરવાનું માંડી વાળ્યું. પણ મનસ્વીએ નવરાશના સમયે મિતાભાભીને કહ્યું : ''ભાભી, હું મારા પતિ માનવનું ઘર સદા માટે છોડીને આવી છું. એટલા માટે નહીં કે એણે મને ઝઘડો કરીને કાઢી મૂકી છે પણ એટલા માટે કે તેની સાથે માનસિક રીતે હું અનુકૂળ થઈ શકતી નથી. નાની હતી ત્યારથી મને ફિલ્મી મેગેઝીન વાંચવાનો શોખ છે, ફિલ્મો જોવાનો પણ એટલો જ શોખ છે. ફિલ્મમાં પતિને ઉષ્માભરી વિદાય આપતી પત્નીનું દ્રશ્ય કે પત્નીની સાથે મસ્તીની ક્ષણો માણતા પિતાના સુખદ સંસારનું ચિત્ર જોઈ હું પણ આંખોમાં એક સ્વપ્ન વાવતી હતી કે મારે પણ મારા સપનાનો સંસાર હોય. એક ઊર્મિશીલ, ભાવાવેશી, તરવરાટભર્યો, આધુનિક ફેશનેબલ મારો પતિ હોય, તેની ઉપર હું મારી લાગણીનો અભિષેક અહર્નિશ કરતી રહું....

અને ભાભી તમે પણ જાણો છો ને કે માનવ કેટલો સરસ હતો. ગોરોવાન, વિશાળ કપાળ, કાળી ભમ્મર આંખો, ઊંચો-કદાવર, સ્વભાવે મિલનસાર, જોતાંની સાથે જ વહાલો લાગે તેવું એનું વ્યક્તિત્વ ! એટલે મારી કલ્પનાનો પતિ મને મળી ગયો, માનીને મેં લગ્નના પ્રસ્તાવને તરત સ્વીકારી લીધો હતો.

માનવ બહુ મોટી કંપનીમાં નાની વયે મેનેજરનું પદ પ્રાપ્ત કરી ચૂક્યો હતો. એટલે મેં માની લીધું હતું કે મારી અપેક્ષાઓના અંબારનો, માનવ સંતરી અને સમર્થક બનશે.

પણ ભાભી, માનવ અંગત જીવનમાં સાવ ગંભીર. ઓફિસે પેન્ટ-કોટ ટાઈ પહેરીને રૂઆબભેર જનારો માનવ સવારે કલાકો સુધી રેશમી વસ્ત્રો પહેરીને ગાયત્રીના જાપ કર્યા કરે....એની તમે કલ્પના કરી શકો ખરાં? સાંજે ઘેર આવ્યા બાદ ચિંતનપ્રધાન લેખો કે ગંભીર પ્રકારની નવલકથાઓ વાંચ્યા કરે તો એવી કોઈ જીવનસંગિની હોય જેને માનવ સાથે જીવવામાં રસ પડે ! એ રહે આધુનિક રીતે, પણ સંસ્કારથી સાવ પ્રાચીન....


..ભાભી માનવના ફ્લેટમાં હું માછલીની જેમ તડપતી રહી...મેં એને મારા ઢાંચામાં ઢાળવાની કોશિશ કરી જોઈ. પણ બધું જ બેકાર ! મને થયું કે માનવ તો એવો ને એવો 'પરિવર્તન પ્રૂફ' જ રહેશે પણ હું બદલાઈ જઈશ એટલે થાકીને હું દીપને લઈને અહીં પપ્પાને ઘરે આવતી રહી.''

અને મિતાભાભીએ મનસ્વીને ખૂબ જ આશ્વાસન આપ્યું હતું. ફૂલની જેમ તેને જાળવવાની ખાતરી આપી હતી. અને પપ્પાજીનો તો આશીર્વાદ ભર્યો હાથ તો મનસ્વીના શિર પર હતો જ.

દિવસો વહેતા રહ્યા....મનસ્વીએ સ્વાવલંબી બનવા માટે પાર્ટટાઈમ નોકરી પણ શરૂ કરી. પણ એકાએક ટીબીના રોગમાં સપડાઈ એટલે મનસ્વીએ નોકરી છોડવી પડી. ભાઈ અને પપ્પાજીને દવા અને સારાવારનું સારું એવું ખર્ચ થયું. મનસ્વીના મમ્મી કશું બોલતા નહોતા પણ એમનો ચહેરો એ વાતની ચાડી ખાતો હતો કે તેમની નજરમાં મનસ્વી 'માથે પડેલી મહેમાન' જેવી જ હતી.

મનસ્વી ક્યારેક મનોમન વિચારતી હતી કે 'આમ તો માનવમાં બીજો કોઈ દોષ નહોતો. પહેલી તારીખે પૂરેપૂરો પગાર મારા હાથમાં લાવીને મૂકી દેતો હતો. મને મનપસંદ પહેરવા-ઓઢવા કે ખાવા-પીવાની છૂટ હતી....માનવમાં પતિપણું દાખવવાની લેશમાત્ર વૃત્તિ નહોતી. કશી રોકટોક પણ નહોતી. બસ ખામી કેવળ એક જ કે એનો અંદરથી એક આગવો સંસાર હતો. જેમાં એના એકલાનું અબાધિત શાસન હતું. સ્વભાવે સરળ, નમ્ર અને નિખાલસ, શાંત...ધીરગંભીર...બસ આ જ મને પસંદ નહોતું. મારે તરવરાટભર્યા, મોજશોખમાં માનનારા આધુનિક ફેશનેબલ જીવનસાથીની જરૂર હતી અને એ અસંતોષે જ મને એનું ઘર છોડવાની ફરજ પાડી હતી...''

આમ તો માનવમાં બીજું કશું જ કહેવાપણું નહોતું, છતાં મનસ્વીએ ગૃહત્યાગ કર્યો હતો. એક દસકામાં તો મનસ્વી સ્તબ્ધ થઈ ગઈ હતી. એકવાર મનસ્વી બહાર શોપિંગ કરવા ગઈ હતી ત્યારે રસ્તામાં તેને પોતાની સહેલીની પુત્રી દુઆ મળી ગઈ હતી. એણે કહ્યું હતું : ''આન્ટી, મારે આગળ ભણવા માટે પૈસાની જરૂર હતી, એટલે હું માનવ અંકલ પાસે ગઈ હતી. એમણે પચીસ હજારનો ચેક મારા હાથમાં તરત મૂકી દીધો. આન્ટી ખરેખર માનવ અંકલનો સ્વભાવ ખૂબ જ લાગણીશીલ અને દયાળુ છે. એમની કામવાળીના દીકરાને પણ ડૉક્ટર બનવવા માટેનો તમામ ખર્ચ એમણે



મમ્મી-પપ્પા બન્નેની શીખી છાયા મનસ્વીએ સદા માટે ગુમાવી દીધી. મોટાભાઈ મધ્યમ આવકના માણસ હતા. એટલે તેઓ મનસ્વીના પુત્ર દીપ પાછળ વધુ ખર્ચ કરવાને બદલે તેને જલદી નોકરી મળી જવામાં ખપ લાગે એવું શિક્ષણ અપાવવા ઈચ્છતા હતા.

''મમ્મી, તમારી જીદનો અજગર, સંતાનના સુંદર ભવિષ્યને ગળી જાય એટલી હદ સુધી અભિમાની બનાવવાનો શો અર્થ ?'' દીપની મનોવ્યથા

એક દિવસ મોટાભાઈ મૃદંગે મનસ્વીને સામેથી જ કહ્યું : ''મનસ્વી, દીપને તું ડૉક્ટર કે એન્જિનીયર બનાવવાનાં સ્વપ્ન જોતી હોય તો એ વાત મનમાંથી કાઢી નાખજે. એના મામા પાસે રૂપિયાનાં ઝાડ નથી, કે જેને ખંખેરીને એ મનમાન્યું ભણી શકે. હું તો તેને હાયર સેકન્ડરી પછી એકાદ ટેકનીકલ કોર્સમાં દાખલ કરવા માગું છું. જેથી એક-બે વર્ષમાં એ કમાતો થઈ જાય. અને હું આ બધી ઝંઝટમાંથી છૂટું. આખરે મારો પણ પરિવાર છે. ભાવનાના પ્રવાહમાં તણાઉ તો આખી જિંદગી દેવાદાર બનીને વ્યાજ ભરવાનો વારો આવે અને ભણી-ગણીને તારો છોકરો તને ખવડાવવાનો છે, મને નહીં. મને તો મારાં જ ખપમાં આવવાનાં છે.''

ત્યારે મોટાભાઈના શબ્દો સાંભળી જાતે ઉપાડી લીધો છે. મને ઘણીવાર વિચાર આવે છે..આ દેવ જેવા અંકલ જોડે તમને કેમ ન ફાવ્યું ?''

મનસ્વી ચૂપ રહે છે. મનમાં તો એને થયું કે દુઆને કહી દઉં : ''બેટા, માણસને જીવવા માટે પહેલાં માણસના આધારની જરૂર પડે છે. પછી દેવની દેવ-પ્રતિમાનું પૂજન-અર્ચન થાય. પણ માનવ હૃદયમાં ઉષ્માનો અહેસાસ તો ધબકતા હૃદયનો ભાવનાશીલ માણસ જ કરાવી શકે. તારા એ અંકલ દેવ છે, એટલે જ હું એમને દૂરથી પૂજું છું...એમને માણસ રૂપે જોવા તો હું તડપું છું...

દીપનું હાયર સેકન્ડરીનું પરિણામ જાહેર થાય છે. અને વિજ્ઞાન વિષય સાથે દીપ નેવું ટકા માર્ક્સ મેળવી ઉત્તીર્ણ થાય છે. અને દીપને ડૉક્ટર બનાવવાનું મનસ્વીનું સ્વપ્ન સાકાર થવાની શક્યતાથી મનસ્વી રોમાંચિત થઈ જાય છે.

પણ બીજે જ દિવસે મનસ્વીના મોટાભાઈ એક આર્ટ્સ કોલેજનું ફોર્મ એના હાથમાં મૂકતાં કહે છે : ''મનસ્વી, લે આ સવારની કોલેજનું ફોર્મ છે. સવારે અભ્યાસ અને બપોરે ટેકનિકલ કોર્સમાં પ્રવેશ. એક વર્ષમાં તો તારો દીપ તૈયાર થઈને નોકરી કરતો થઈ જશે. સમજી ? હું એને ડૉક્ટર બનાવવા માટે દસ વર્ષ વૈતરું કરવા તૈયાર નથી. મોટા બનવા માટે તેજસ્વી લલાટ જોઈએ. તારા દીકરાની જિંદગી તો તેં પોતે જીદ કરીને વેડફી નાખી છે, પોતાનું ઘર છોડીને...રામ જેવા પતિને છોડીને પિયરમાં રહેતી સ્ત્રી....જવા દે મારાથી કંઈ વધારે બોલાઈ જશે તો તને ખોટું લાગશે મનસ્વી.

મોટાભાઈ એટલું કહી આર્ટ્સ કોલેજનું ફોર્મ મનસ્વીના હાથમાં પકડાવીને ચાલતા થયા. મનસ્વીના હાથમાં હતી દીપની નેવું ટકા વાળી માર્કશીટ. દીપ ત્યાં જ ઊભો હતો. દીપ પંદર વર્ષનો થયો, આજ સુધી ક્યારેય એણે મનસ્વી મમ્મીને પોતાના પપ્પા વિષે કોઈ પ્રશ્ન કર્યો નહોતો. આખરે તો એ માનવનો પુત્ર હતો. પોતાની મમ્મીને દુઃખ થાય એવો સવાલ એ પૂછવા જ માગતો નહોતો.

બીજે દિવસે દીપ મનસ્વી પર ચિઠ્ઠી લખીને પોતાના પપ્પા પાસે ચાલ્યો ગયો હતો. એણે એટલું જ લખ્યું હતું ''મમ્મી, તમારી જીદનો અજગર સંતાનના સુંદર ભવિષ્યને ગળી જાય એટલી હદ સુધી અભિમાની બનાવવાનો શો અર્થ ?


અહીં મામાને ઘેર તમે મામા-મામી દ્વારા હડધૂત થાઓ છો, તમારું સ્વમાન બાજુએ મૂકીને કામ કરો છો. પણ ભગવાન જેવા પતિને ઘેર જવામાં તમને સંકોચ થાય છે એવું કેમ ? પપ્પા પાસે પુત્રત્વના અધિકારની ઉઘરાણીને હું નાનમનો વિષય નથી ગણતો. તારા અહમ્‌ની હિમશીલા ઓગળી જાય...એની હું રાહ જોઈશ...એક ભાવિ ડૉક્ટર તરીકે. દીપની ચિઠ્ઠી મનસ્વીનાં હાથમાં છે. તે બારી બહાર નજર કરે છે. પાણી ભરેલી વાદળીઓની વણજારની આવનજાવન, આસમાનને આંગણે છે એમ લાગે છે કે આજે વાદળો મન મૂકીને વરસશે. પણ મનસ્વીની આશા ઠગારી નીવડે છે.

મનસ્વીનું મન એને ધીરેથી પૂછે છે....''નથી તું તાકાતથી વરસી શકતી કે નથી તું બેપરવા બની વીખરાઈ શકતી. આખરે તું શું ઝંખે છે...એટલું તો તારા માંહ્યલાને પૂછ.''

દીપ પોતાના પપ્પા માનવને ઘેર પહોંચ્યો...માનવ દીપને ભેટીને રડવા લાગ્યો એના અશ્રુના પાવન નીર જાણે કહી રહ્યાં હતાં કે હજીયે સતપુત્ર રૂપે ક્યાંક દેવો ધરતી પર જન્મ લેતા હોય છે.

બીજી બાજુ જીદ્દી મનસ્વી દીપના જવાથી દુઃખી થવાને બદલે મોં બગાડીને કહે છે : ''જેવા બાપ તેવા બેટા.'' કેમ કરે એનું હૈયું પીગળવા તૈયાર નથી.

ચાલો, દેશ-વિદેશના પ્રવાસે...



ભારતમાં સ્થાનિક પ્રવાસન પણ છેલ્લાં એક દશકામાં ખૂબ વિકસ્યું છે. દેશના જ ૧૦૩થી ૧૧૦ કરોડ લોકો એક રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં પ્રવાસ ખેડે છે. ડોમેસ્ટિક ટૂરિઝમનો વિકાસ ૧૬.૫ ટકાના દરે થયો છે. તમિલનાડુ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કેરળ, ઉત્તરાખંડ, દિલ્હી સહિતના રાજ્યો ટૂરિઝમમાં સૌથી મોખરે છે. આ રાજ્યો દેશભરના પ્રવાસીઓની પહેલી પસંદ છે. ધાર્મિક દૃષ્ટિએ પ્રવાસ કરતા યાત્રાળુઓમાં ઉત્તરાખંડ મોખરાનું સ્થાન ભોગવે છે. દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, આગરા અને જયપુર - પાંચ શહેરો સૌથી પોપ્યુલર શહેરો છે. સ્થાનિક ઉપરાંત વિદેશી પ્રવાસીઓની પણ આ પાંચ શહેરો પ્રથમ પસંદ બનતા રહ્યા છે.

દોઢ કરોડ ભારતીયો વિદેશ પ્રવાસ કરે છે

એકાદ દશકાથી ભારતીય પ્રવાસીઓનું વિદેશ ફરવા જવાનું પ્રમાણ ખૂબ વધ્યું છે. એટલું જ નહીં, પણ આંકડો ખૂબ ઝડપથી વધીને કરોડ સુધી પહોંચી ગયો છે. બે દશકા પહેલા જે આંકડો માત્ર ૧૦-૧૫ લાખ હતો એ બે દશકામાં વધીને ૨૦૧૦સુધીમાં ૯૦ લાખ સુધી પહોંચી ગયો હતો. તેના બીજા એક દશકામાં વિદેશનો પ્રવાસ કરતા ભારતીયોની સંખ્યામાં જંગી ઉછાળો વર્તાયો હતો. વર્ષે દોઢ કરોડ ભારતીયો વિદેશનો પ્રવાસ ખેડે છે. ચીનના લગભગ ૫ કરોડ લોકો વિદેશને જુએ છે, ત્યાર બાદ સૌથી વધુ એશિયન પ્રવાસીઓમાં ભારતનો ક્રમ આવે છે. ૨૦૩૦ સુધીમાં ત્રણથી ચાર કરોડ ભારતીયો દર વર્ષે વિદેશ પ્રવાસ ખેડતા હશે.

ક્યો ખંડ પ્રવાસીઓનો હોટ ફેવરિટ છે?

વિશ્વભરના અડધો અડધ ટૂરિસ્ટ યુરોપમાં ધામા નાખે છે. જગતની કુલ ટૂરિસ્ટ ઈકોનોમીમાં બ્રિટન, ફ્રાન્સ, સ્પેન અને ઈટલી એમ ચાર દેશો મળીને ૩૦ ટકાનો ફાળો નોંધાવે છે! જગતના પ્રતિ ૧૫ પ્રવાસીઓમાંથી ૯ પ્રવાસીઓ યુરોપના એકાદ દેશમાં રોકાઈને યુરોપની માનવસર્જિત કે કુદરતી સુંદરતા માણવાનું પસંદ કરે છે. પ્રવાસીઓનો આંકડો જ એટલો વિશાળ છે કે એના પરથી અંદાજ લગાવી શકાશે કે યુરોપ વિશ્વના કોઈ પણ દેશના પ્રવાસી માટે કેટલા આકર્ષણનું કેન્દ્ર હશે! ૨૦૦૧માં ૧૯ કરોડ પ્રવાસીઓ યુરોપનો પ્રવાસ ખેડ્યો હતો. ૨૦૦૯માં વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશનને જાહેર કરેલા આંકડાને ધ્યાન લઈને પાંચ વર્ષ પહેલા પણ ૨૪-૨૫ કરોડ પ્રવાસીઓ યુરોપીયન દેશમાં આવ્યા હતા. ૨૦૧૫માં આ આંકડો સ્હેજેય ૩૦ કરોડને આંબી ગયો હતો. કોરોનાકાળ પહેલાં ૩૫ કરોડથી વધુ પ્રવાસીઓએ યુરોપમાં જઈને રજાનો આનંદ માણ્યો હતો.

ક્યો દેશ પ્રવાસીઓને આકર્ષવામાં અવ્વલ?

અમેરિકા અને યુરોપ જગતભરના અન્ય દેશોના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હોય એ સ્વાભાવિક છે, પરંતુ તેમાં સ્હેજ વધુ ઊંડા ઉતરીએ તો સવાલ થાય કે ક્યો દેશ એવો હશે કે જે દુનિયાને સૌથી વધુ આકર્ષે છે. જવાબમાં જો અમેરિકા અને બ્રિટનના નામો વિચાર્યા હોય તો જવાબ ખોટો સાબિત થઈ શકે છે!

ભારતના ૧૦૩ કરોડ પ્રવાસીઓ પ્રાદેશિક પ્રવાસો કરે છે. ૨૦૩૦ સુધીમાં ત્રણથી ચાર કરોડ ભારતીયો દર વર્ષે વિદેશ પ્રવાસ ખેડતા હશે

આંકડાઓ પ્રથમ દેશનું બહુમાન ફ્રાન્સને આપે છે. આર્ટથી સાહિત્ય, સંસ્કૃતિથી ફેશનપરસ્તી માટે જાણીતું ફ્રાન્સ ટૂરિસ્ટને આકર્ષવામાં અને સાચવવામાં પણ સજ્જ સાબિત થતું આવ્યું છે, પરિણામે વર્ષે દહાડે ૮ કરોડ પ્રવાસીઓ ફ્રાન્સની સવાર-બપોર-સાંજ માણવાનું પસંદ કરે છે. દર વર્ષે રહેવા લાયક શહેરોમાં તો પેરિસનો સમાવેશ થાય જ છે, પરંતુ જગતભરના અસંખ્ય પ્રવાસીઓની આંખોમાં પણ ડ્રિમલેન્ડ પેરિસ જોવાનું શમણું અંજાય છે. એ જ કારણ છે કે ફ્રાન્સ વર્ષોથી સૌથી વધુ પ્રવાસીઓને વેલકમ કરવામાં અગ્રેસર રહે છે.

પ્રવાસન ઉદ્યોગના આધારસ્તંભ ૧૭૦ કરોડ પ્રવાસીઓ

મોર્ડન પ્રવાસન ઉદ્યોગ આમ તો ૬૦-૭૦ વર્ષ જૂનો છે. બીજાં વિશ્વયુદ્ધ પછીના બદલાતા વિશ્વમાં પ્રવાસને લોકોના મોજ-શોખના લિસ્ટમાં સ્થાન મેળવવાનું શરૂ કર્યું હતું. ૧૯૪૫માં યુદ્ધ પૂર્ણ થયું અને ૧૯૫૦ સુધીમાં શાંતિપૂર્ણ વાતાવરણ સર્જાયું પછી એક દેશમાંથી બીજા દેશમાં માત્ર પ્રવાસન હેતુથી જવા-આવવાનો ટ્રેન્ડ શરૂ થયો હતો. ૧૯૫૦માં અઢી કરોડ લોકોએ પોતાના દેશમાંથી બહાર જઈને પાડોશી દેશ કે અન્ય દૂરદરાજના દેશના જોવા-ફરવા લાયક સ્થળોનો નજારો માણ્યો હતો. એમાં સૌથી આગળની હરોળમાં યુરોપીયન્સ હતાં. આજે પર્યટન એક આખી ઈન્ડસ્ટ્રી બની ચૂકી છે અને એના પર વર્ષે દહાડે દોઢ ટ્રીલિયન ડોલરનો બિઝનેસ નિર્ભર છે. ૨૦૧૨-૧૩માં ૧૫૦ કરોડ પ્રવાસીઓએ વિદેશનો પ્રવાસ ખેડ્યો હોવાનો વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશને અહેવાલ રજૂ કર્યો હતો. ૨૦૨૦ના પહેલાં વિશ્વપ્રવાસીઓનો આંકડો ૧૭૦ કરોડને પાર થયો હતો. ખનીજતેલ, કેમિકલ્સ અને ઓટોમોટિવ પ્રોડક્ટ પછી ટૂરિઝમ ચોથું એવું ક્ષેત્ર છે, જે સૌથી વધુ વિકસી રહ્યું છે અને એટલી જ મોટી આવક પણ રળી રહ્યું છે.

નેપાળ : કુદરતી સૌંદર્યથી છલકાતો દેશ

હિમાલયન પર્વતમાળાના ખોળામાં આવેલા દેશ નેપાળ કુદરતી સુંદરતાથી છલકાય છે. તાજી હવાની લહેરખી લેવા અને પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ માણવા દુનિયાભરના પ્રવાસીઓ નેપાળ જાય છે. નેપાળનું સુંદરતમ વાતાવરણ કોઈપણ પ્રવાસીને જકડી રાખે છે. અસંખ્ય પર્વતો, હરિયાળાં જંગલો અને નદીઓથી સમૃદ્ધ દેશ પર્યટકોને પરાણે વહાલો લાગે એવો છે.

નેપાળમાં કોતરણીવાળાં મંદિરો, સ્તૂપો, પેંગોડા અને અન્ય આસ્થાનાં સ્થાનોની મુલાકાત પ્રતિવર્ષ અસંખ્ય સહેલાણીઓ લે છે. નેપાળમાં ઐતિહાસિક ઈમારતો હોવાની સાથે સાથે વિશ્વનું ૮૮૪૮ મીટર ઊંચું શિખર એવરેસ્ટ પણ છે. વિશ્વના ૧૦ મોટા પર્વતો પૈકી ૮ પર્વતો તો એકલા નેપાળમાં જ છે. એવરેસ્ટ ઉપરાંત કાંચનજંઘા, લાહોત્સ, મકાલુ જેવા શિખરો પણ દુનિયાભરમાં વિખ્યાત છે.

પશુપતિનાથ મંદિર કાઠમંડુમાં આવેલું છે જે બાગમતી નદીના તટ પર સ્થિત છે. આ મંદિરે હંમેશાં ભાવિકોની ભીડ રહે છે. વિશાળ જગ્યામાં પથરાયેલા ભગવાન શિવના મંદિર સિવાય પણ અહીં બીજાં જોવા જેવાં મંદિરો આવેલાં છે. પશુપતિનાથ મંદિર ભારતના પ્રવાસીઓમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહે છે.

કાઠમંડુમાં જ ભગવાન બુદ્ધ સાથે સંકળાયેલા બે મુખ્ય સ્તૂપ છે. એટલું જ નહીં, ભગવાન બુદ્ધનું જન્મસ્થળ લુમ્બિની પણ નેપાળમાં જ આવેલું છે. આ જગ્યા ભારત અને નેપાળની સરહદ પાસે આવેલી છે. નેપાળના પોખરાને ઝરણાંઓનું શહેર કહેવામાં આવે છે. આ શહેરમાં કુલ આઠ ઝરણાં છે.

ગંડકી નામની નદીમાં બોટિંગ કરી શકાતું હોવાથી બોટિંગનો આનંદ પણ ઉઠાવી શકાય. નેપાળ પ્રકૃતિના ખોળામાં આવેલો ટચૂકડો પણ મનોરમ્ય દેશ છે. નેપાળમાં પર્યટન ઉદ્યોગ પર જ આવકનો મુખ્ય આધાર છે. નેપાળમાં ૧૦થી ૨૦ લાખ લોકોને ટૂરિઝમમાંથી રોજગારી મળે છે. નેપાળની જીડીપીમાં ટૂરિઝમનો હિસ્સો આઠ ટકા જેટલો છે. નેપાળમાં દર વર્ષે ૧૦ લાખ કરતાં વધુ વિદેશી પ્રવાસીઓ આવે છે. એમાં ભારતના પ્રવાસીઓને ગણવામાં આવ્યા નથી. દક્ષિણ એશિયામાં આવતા વિઝિટર્સમાં નેપાળનો શેર છ ટકા છે.


મગજની સંભાળ કેવી રીતે લેશો?

આખા શરીરના અનેક અંગોના અસંખ્ય કોષો ને મગજમાંથી સંદેશા પહોંચાડવા માટે અને કોષોમાંથી મગજને સંદેશા પાછા મોકલવા માટે જે રચના શરીરમાં કરેલી છે તેને શરીરની 'નર્વસ સિસ્ટમ' કહે છે.તમારા શરીરમાં દરેક અંગોને મગજ સાથે જોડનારી બધા જ પ્રકારની નર્વસ ને 'પેરિફ્લ નર્વસ સિસ્ટીમ' કહે છે જ્યારે મગજ અને સ્પાઈનલ કોર્ડમાં રહેલી બધાજ પ્રકારની નર્વસને 'સેન્ટ્રલ નર્વસ' સિસ્ટીમ કહે છે. કોઈપણ પ્રકારનો અનુભવ શરીરના અંગોના કોષોને થયો તે 'પેરીફ્લ નર્વસ મારફતે સેન્ટ્રલ નર્વસ સિસ્ટીમને ખબર પડે અને તેની મારફતે મગજને ખબર પડે છે.

મગજને જીંદગીભર સંભાળવું હોય તો વિશ્વનું સૌથી મોટું ફળ ફણસ એક પવિત્ર એનર્જી ફૂડ પણ છે...!!

આપણો દેશ જાતજાતના ધાર્મિક વૃક્ષોથી ભરેલો છે. પશ્ચિમ ઘાટમાં આવા વૃક્ષોના જંગલો છે. આપણાં શાસ્ત્રોમાં પણ આવા વૃક્ષોનો ઉલ્લેખ છે. નિષ્ણાતોના મત પ્રમાણે આવા ૧,૫૦,૦૦૦ વૃક્ષો સદીઓથી ઊગી રહ્યા છે. સૌથી વધુ વૃક્ષો કેરળમાં જણાય છે. આ પવિત્ર વૃક્ષોમાં દેવ-દેવીઓ રહે છે. થય્યમ દેવ કેરળના અનેક વૃક્ષોમાં રહે છે એટલે જ થય્યમ નામનો ભક્તિ ડાન્સ ૧૫૦૦ વર્ષથી કેરળમાં પ્રચલિત છે.

પીપળો, ચમ્પક અને પલશ જેવા વૃક્ષોની ડાળીઓ પર દેવ-દેવીઓ રહે છે. દેવીઓનું અતિપ્રિય વૃક્ષ ફણસ છે. હું માનું છું કે એટલા માટે જ કેરળના દેવી મંદિરોમાં, ફણસના વૃક્ષમાંથી બનેલી લાકડાંની મૂર્તિઓ ગોઠવવામાં આવે છે.



દક્ષિણ ભારતના મંદિરોમાં ફણસના વૃક્ષો ખાસ જોવા મળે છે. ૧૦૮ વિષ્ણુ મંદિરોમાંથી બે મંદિરોના વૃક્ષો માતૃવૃક્ષ કહેવાય છે. એક વૃક્ષ તામિલનાડુના થીરૂકુડાલુર અને બીજું કેરળના થ્રીકોડીથાનમમાં આવેલું છે.

ભારતની બહાર થાઈલેન્ડ, બાલી, ઈન્ડોનશીઆમાં પણ ફણસનું મહત્ત્વ છે. વિએટનામના ટે ફુઓન્ગ નામના પેગોડામાં બુધ્ધની ૭૨ મૂર્તિઓ ફણસના વૃક્ષમાંથી બનાવવામાં આવી છે. ફણસના ઝાડમાંથી સોનેરી ડાય એટલે કે રંગ મેળવવામાં આવે છે. બુધ્ધ સાધુઓના રોબ્સ કે ગાઉન કે વસ્ત્રોને આ રંગથી રંગવામાં આવે છે. ફણસ આટલું પવિત્ર વૃક્ષ છે.

થાઈલેન્ડમાં ફણસને તુલસીની માફક પવિત્ર માનવામાં આવે છે અને એટલે જ તેને ઘરની પાછળ ઊગાડવામાં આવે છે. ફણસ તમારૂ ભાગ્ય ખોલી દે છે.

ફણસને રોગ થતો નથી કે તેમાં ઊધઈ લાગતી નથી એટલે કેરળ, થાઈલેન્ડ, બાલીના મહેલોમાં ફર્નિચર બનાવવા તેનો ઉપયોગ થાય છે. પોલિસ કર્યા પછી ફણસના ફર્નિચરનો રંગ ગોલ્ડનમાંથી મરૂન થઈ જાય છે જેનાથી પેલેસ ભવ્ય લાગે છે.

વિશ્વના સૌથી મોટા ફળ ફણસમાંથી ચાંપા કાઢી તેને મિલ્ક શેક બનાવાય છે. તેનો બીજ એટલે કે ગોટામાંથી સરસ શાક બને છે. ફણસનાં સોનેરી રંગ અત્યંત શક્તિશાળી એન્ટિઓક્સીડન્ટ બીટા કેરોટિનને આભારી છે. બીટા કેરોટિન રૉ મટીરિઅલ છે જેમાંથી શરીર વિટામિન-એ બનાવે છે..!

બાંગ્લાદેશનું આ નેશનલ ફ્રુટ તાંતણાથી ભરપુર છે. તે કેલ્શ્યમ, પોટેશ્યમ અને આયરન જેવા મિનરલથી ભરપુર છે. ફણસના ચાંપા એક જબરજસ્ત એનર્જી ફૂડ ગણાય છે.

ચાંપામાંથી નીકળતા મોટા બી અથવા ગોટા વિટામિન-બી૧, બીર, એ, અને વિટામિન સી ઉપરાંત અનેક મિનરલ ધરાવે છે. દક્ષિણ કેરળના સમગ્ર દરિયાકાંઠે આ ગોટાને મીઠાના પાણીમાં બોળી, સુકવી સાચવવામાં આવે છે. ચોમાસામાં શાકભાજી ના મળે ત્યારે સુગંધીત દાળ અને ભાજી તરીકે તે વપરાય છે. વાપીથી તાપી સુધી ચોમાસામાં ગોટાનું શાક અનેક ઘરોમાં થાય છે. સુકા, ભૂંજેલા ગોટા મુખવાસ તરીકે વખણાય છે.

ગણપતિ દાદાના ૩૮ અવતારમાં એક અવતાર બાળ ગણપતિનો છે. તેમના ચાર હાથાં કેળાં, કેરી, શેરડી અને ચાંપા જોવા મળે છે. આટલું પવિત્ર ફળ બાળક ખાય તો તે બુધ્ધિવાન, ચતુર અને સાહસિક બને છે...!!

નીચેની વાતોનુ ખાસ ધ્યાન રાખો :

૧.કસરત કરવી પડશે :
નિયમિત કસરતના અનેક ફાયદા છે તમારા મગજને પૂરતા પ્રમાણમાં ઓક્સીજન મળે તે માટે તમારે કસરત તો કરવી પડશે તમારી ઉંમરનો ખ્યાલ રાખીને આજ સુધીકોઈપણ જાતની કસરત ના કરી હોય તો તમને ગમતી અને તમારા અનુકુળ સમયે કરી શકો તેવી ૪૦ થી ૫૦ મિનીટની કસરત કરવાનું શરૂ કરી દો. લાફીંગ ક્લબની કસરત શ્રેષ્ઠ છે નજીકના ગાર્ડનમાં લાફીંગ ક્લબની કસરત ચાલતી હોય તો ત્યાં જઈને શીખી લો અને તમારા અનુકુળ સમયે તમારા ઘરમાં કરી લો ના ખબર હોય તો ગુજરાત સમાચાર મારફતે મારો સંપર્ક કરશો.

૨. રોજ બે લિટર જેટલુ પાણી પીઓ :
એકવાગાર્ડના ચોકખા પાણી ઉપરાંત બીજા પ્રવાહી ચા,કોફી,ઠંડા પીણાં મળીને બે થી અઢી લિટર પીઓ. તમારા મગજમાં ૬૦ થી ૭૦ ટકા પાણી છે તે ઓછું ના થાય માટે પાણી યોગ્ય પ્રમાણમાં પીઓ.

૩.કેફી પદાર્થો લેવાના બંધ કરો :
તમારા મગજની કાર્યશકતીને નબળી પાડવા ના દેવી હોય અને જીદગીભર કાર્યરત રાખવું હોય તો એ ખુબ જરૂરી છે કે તમાકુ(સિગારેટ કે ગુટકા) અને દારૂ કે બીજા કોઈ કેફી પદાર્થો લેતા હો તો તે તદ્દન બંધ કરી દો.

૩.પુરતી ઊંઘ લો :
તમે તમારા ધંધા કે નોકરીમાં ગમે તેટલા બીઝી હો પણ તમારે ૬ થી ૮ કલાકની ઊંઘ લેવી જોઈએ. તમારા મગજને જિંદગીભર તરોતાજા રાખવા આ વાત ખાસ યાદ રાખશો. આટલા માટે સમયસર સુવાની અને સમયસર ઉઠવાની આદત પાડો. તમે સુઈ જાઓ છો ત્યારે તમારા શરીરના બધાજ અંગોને અને મગજને આરામ મળે છે આ વાત યાદ રાખો.

૪. ડાયાબીટીસ અને બ્લડ પ્રેશર :
વારસાગત કારણો સિવાય મોટી ઉમ્મરે થતાં ટાઈપ - ૨ ડાયાબિટીસ અને બ્લડપ્રેશર ને લીધે તમારા મગજને નુકશાન થશે . બ્લડપ્રેશર અને ડાયાબીટીસ માટે બેદરકાર ના રહેશો. બંને રોગોના ખાસ ડોક્ટરની સલાહ લઈને યોગ્ય સારવાર કરી બંને રોગને કાબુમાં રાખો.આ બંને રોગો કાબુમાં નહિ રાખ્યા હોય તો તમારા મગજ ની કાર્યશક્તિ ઉપર ઘણી અસર પડશે. ખાસ કરીને ડાયાબિટીસ વધશે તો શરીરમાં ચેપી રોગો તરત થશે અને મગજને નુકશાન થશે.

૬. ખોરાક નું આયોજન કરો :
સમતોલ,પૌષ્ટિક અને ચોખ્ખો ખોરાક લો. જેમાં ૫૦ થી ૬૦ ગ્રામ પ્રોટીન.૨૫૦ થી ૩૦૦ ગ્રામ કોમ્પ્લેક્ષ કાર્બોહાયડ્રેટ અને ૩૦ થી ૪૦ ગ્રામ તેલ અને ઘી જેવા ચરબીવાળા પદાર્થો ઉપરાંત કુદરતી પદાર્થો જેમાંથી તમારા શરીરને જરૂરી વિટામીન, મિનરલ અને ફાઈબર મળે માટે દિવસમાં ૨ થીઉ તાજા ફળો અને૨૦૦ થી ૨૫૦ ગ્રામ જેટલા લીલા શાકભાજી ખાઓ. તમારી રોજની કેલરીની જરૂરતથી વધારે(પુરુષને ૨૦૦૦ અને સ્ત્રી ને ૧૮૦૦ કેલરી) ગમતો ખોરાક પ્રમાણભાન વગર કદાપી ના ખાશો વજન વધશે તો પણ તમારા મગજ ને નુકશાન થશે માટે ખાસ ધ્યાન રાખીને તમારો બોડી.માસ ઈન્ડેક્સ ૨૫થી વધવા ના દેશો. ફાસ્ટ ફૂડ અને જંક ફૂડ ના લેશો.

૭.કાનની અને આંખોની તપાસ :
તમને બરોબર દેખાતું ના હોય કે બરોબર સંભળાતું ના હોય ત્યારે તમારા મગજ ને બધી જ બાબતો રેકોર્ડ કરવામાં મુશ્કેલી પડશે અને તેને કારણે તમારી સોશીઅલ લાઈફમાં અને લોકોની સાથે વાતચીતમાં તકલીફ પડશે માટે તમારા કાનની અને આંખોની તપાસ નિયમિત કરાવો.

૮. ડાયરી અને કેલેન્ડરનો ઉપયોગ :
એક સાથે રોજની બધી વાતો કરવામાં અને યાદ રાખવામાં જેમ જેમ ઉંમર વધતી જશે ત્યારે તકલીફ પડશે માટે જે કઈ કરો તે વારાફરતી કરો.જરૂર લાગે તો ડાયરી અને કેલેન્ડરનો ઉપયોગ કરો.

૯. મગજની કસરત કરવી પડશે :
મગજની શક્તિ વધારવા આટલી વધારાની કસરત કરો. ૧. શબ્દ વ્યુહ ભરો ૨, સુડોકું ભરો ૩. કોઈપણ તમને ગમતા લખાણનું એક પાનું બરોબર વાંચીને પછી એ જ લખાણ યાદ રાખીને કોરા કાગળમાં લખો ૪. જેટલા સગાવહાલા, મિત્રો, સબંધીઓ. આડોશીપાડોશી આ બધામાંથી જેમના નામ યાદ આવે તે એક ડાયરીમાં લખો પછી તમારા પતિ/પત્નીને કે દીકરા/દીકરીને એ ડાયરી આપી અને યાદ કરીને બોલી જાઓ.

૧૦ . જરૂર વગરની દવાઓ અને કેફી પદાર્થો લેવાના બંધ કરો :
તમારા મગજની કાર્યશકતીને નબળી પાડવા ના દેવી હોય તો કોઈએ કહ્યું એટલે તમે શરૂ કર્યું એવા બિન જરૂરી દવાઓ કે અખતરાનો પ્રયોગ તમારા શરીર પર કરશો નહીં .મગજને શક્તિ મળે તેવો ખોરાક લો :

૧૧. ખાસ ધ્યાન રાખીને નીચેની વસ્તુઓ ખોરાકમાં લો :
૧. બ્લ્યુબેરી : અમેરિકામાં થનારું ફાલસા જેવુ ફળ જે ખાવાથી મગજના કોષને લોહી વધારે મળે છે અને યાદશક્તિ સુધરે છે.આહિ ફલસા મળતા હોય તે ખાઓ કે તેનું શરબત પીઓ. ૨. લસણ : રોજના ખોરાકમાં બે કે ત્રણ કળી લસણની લેવાથી શરીરમાં સેરોટીનીન નામના ન્યૂરોટ્રાન્સમીટરનું લેવલ વધે છે જેનાથી મગજ ની કાર્યશક્તિ સુધરે છે.૩.પાલખ ની ભાજી : પાલખમાંથી વિટામિન બી-૬,વિટામિન બી-૧૨ અને ફોલિક એસિડ મળે છે જેનાથી મગજની એકાગ્રતા વધે છે.૪. હળદર : હળદરમાં ઓમેગા - ૩ ફેટી એસિડ છે જે મગજના કોષોને ચેપ લાગતો અટકાવે છે. મગજને શક્તિની ઘણી જરૂર છે કારણ તે આખી જિંદગી દિવસ રાત સતત કાર્યરત છે માટે આગળ જણાવેલી વસ્તુઓ સિવાય લીલી ચા,બદામ, ડાર્કચોકલેટ.નારંગી જાંબુ,શેતૂર, સ્ટ્રોબેરીમાંથી જે મળે તેનો નિયમિત ઉપયોગ કરવાથી મગજને ખૂબ શક્તિ મળશે

૧૨. માથાને ઈજા ના થાય માટે ખાસ ધ્યાન રાખો :
ટુ વ્હીલર ચલાવતી વખતે 'હેલ્મેટ' પહેરવાનું ભૂલશો નહીં. આ સિવાય મોટી ઉમ્મરે બહાર જાઓ ત્યારે એક્સિડંટ ના થાય તેનું ધ્યાન રાખો.

૧૩. ધ્યાન અને યોગ
માનસિક તનાવને કારણે તમારા મગજ ને ઘણું નુકશાન થઈ શકે માટે રોજ ૩૦ મિનિટ ધ્યાન,યોગ વગેરે કરો.

૧૪. તમારા લોહીમાં 'હિમોગ્લોબિન'નું પ્રમાણ ૧૦૦ ટકા રાખો :
પુરુષો માટે ૧૪ થી ૧૬ ગ્રામ અને સ્ત્રીઓ માટે ૧૩ થી ૧૫ ગ્રામ ૧૦૦ ટકા ગણાય. હિમોગ્લોબિન જેટલું સારું એટલી તમારી રોગપ્રતિકારક શક્તિ સારી ગણાય. આને કારણે મગજના કોઈ રોગ થતાં અટકશે અને તેની કાર્યશક્તિ જીંદગીભર જળવાઈ રહેશે.

પેટની ચરબી કેવી રીતે ઓછી થાય?

બેલી ફેટનો સાદો અર્થ પેટ ઉપરની ચરબી. ૨૫ કે ૩૦ વર્ષ પછી તંદુરસ્ત હોય તેવા સ્ત્રી પુરુષને પણ પેટ ઉપર થોડી ચરબી (બેલી ફેટ) હોય છે. આમ હોવું તે સ્વાભાવિક છે. બેલી (પેટ) સિવાય શરીરના બીજા અનેક ઠેકાણે રહેલી ચરબી જેટલા પ્રોબ્લેમ કરી શકે છે.

બેલી ફેટ થોડી તમારા પેટની ચામડી નીચે અને પેટના સ્નાયુ ઉપર હોય છે, જ્યારે મોટા ભાગની બેલી ફેટ તમારા પેટની બખોલમાં રહેલા દરેક અંગો (વાઈસેરા) એટલે કે આંતરડા, હોજરી, લિવર, કિડની, સ્પ્લીન પેન્ક્રિયાસ વગેરે અવયવો ઉપર લાગેલી હોય છે. દેખીતી રીતે પાતળી વ્યક્તિમાં પણ આ ''વાઈસેરલ ફેટ'' વધારે હોઈ શકે છે. ''બેલી ફેટ'' વધારે હોય તો બ્લડપ્રેશર, હાર્ટએટેક, ડાયાબિટીસ, યાદશક્તિ જતી રહેવી અને સ્ત્રીઓમાં સ્તનના અને પુરુષોમાં આંતરડાના કેન્સર જેવા આરોગ્યના પ્રોબ્લેમ ઊભા કરી શકે છે.

બેલી ફેટ હોવાનું એક કારણ તમારા ''જીન્સ'' છે જેનાથી તમારા શરીરમાં કેટલા ફેટ સેલ્સ હોવા જોઈએ અને આ ફેટ સેલ કઈ જગાએ સ્ટોર થયેલા છે તે નક્કી થાય છે. પુરુષોમાં ''ટેસ્ટોસ્ટરોન'' નામના મેલ હોર્મોનને કારણે મોટે ભાગે ચરબીના કોષ તેમના પેટ ઉપર હોય છે જ્યારે સ્ત્રીઓમાં ''ઈસ્ટ્રોંજન'' નામના ફિમેલ હોર્મોનને કારણે તેમના શરીરમાં હિપ્સ, સાથળ અને નિતંબ પર ચરબી વધારે હોય છે. મેનોપોઝ પછી 'ઈસ્ટ્રોજન' ઓછો થવાથી તેમની ''બેલી ફેટ'' વધે છે. આ ઉપરાંત ''કોર્ટિસોલ'' નામનો સ્ટ્રેસ હોર્મોનને કારણે પણ પુરુષો અને સ્ત્રીઓમાં બેલી ફેટ વધે છે.

તમે ખોરાકનું કડક રીતે નિયંત્રણ (સ્ટ્રીક ડાયેટિંગ) કરો પણ કસરત ના કરો તો તમારા પેટની અંદર રહેલા અંગો ઉપરની ચરબી (વાઈસેરલ ફેટ) વધે એટલે કે બેલી ફેટ વધે છે. બેલી ફેટ વધારે હોવાના કારણોમાં આગળ જણાવ્યા પ્રમાણે ૧. જીન્સ એટલે કે વારસાગત અને તે ઉપરાંત ૨. પુરુષ જાતી ૩. મેનોપોઝમાં આવેલ સ્ત્રીઓ, જન્મજાત જાડાપણું (ઓબેસિટી) ૪. બેઠાડું શ્રમવગરની જીવનશૈલી ૫. સિગારેટ પીવાનું અને તમાકુ ખાવાનું વ્યસન ૬. વધારે પડતો દારૂ પીવાનું વ્યસન અને ખૂબ માનસિક તનાવવાળી જીવન શૈલી ગણાય છે.

બેલી ફેટનું માપ કેવી રીતે કાઢવામાં આવે?

એક મેઝર ટેપ તમારા બંને બાજુના ''હિપ બોન''થી થોડા ઉપર ''મેઝર ટેપ''ની પટ્ટી આવે તેવી રીતે રાખી તમારા પેટનો ગોળાકાર માપો. પુરુષો માટે જો આ માપ ૪૦ ઈંચ (૧૦૨ સેન્ટીમીટર) વધારે હોય અને સ્ત્રીઓ માટે ૩૫ ઈંચ (૮૮ સેન્ટીમીટર)થી વધારે હોય તો તમને ''એબ્ડોમિનલ ઓબેસિટી'' કે બેલી ફેટ છે એમ કહેવાય.

બેલી ફેટ ઓછી કેવી રીતે થાય?

આખા જગતમાં અનેક ઠેકાણે અનેક જાતના પ્રયોગો ''બેલી ફેટ'' ઓછી કરવા માટે થયા છે અને થતાં રહેશે. આપણા દેશમાં પણ થાય છે. બધા જ પ્રયોગો તમારે કરવાના છે સફળ થાઓ કે નિષ્ફળ એની જવાબદારી આવા પ્રયોગો બતાવનારા ગેરંટી આપી હોવા છતાં લેતા નથી, બેલી ફેટ જલ્દી



વજન ઓછું કરવા માટે અને તમારા શરીરનો મેટાબોલિક રેટ (ખોરાકનો શરીરના ઉપયોગ માટે રૂપાંતર કરવાની ગતિ) વધારવા માટે તમારે ૬૦ થી ૮૦ ગ્રામ પ્રોટીન લેવું જોઈએ.



ઓછી કરવા આડેધડ આવા પ્રયોગો કરનારા પૈસા તો ગુમાવે છે પણ સાથે સાથે આવા પ્રયોગોનો કોઈ વૈજ્ઞાનિક આધાર ન હોવાને કારણે તેમણે આરોગ્યના અનેક જાતનો પ્રોબ્લેમ પણ થાય છે. તમે કોની ઉપર ભરોસો રાખો ? અમેરિકામાં બેલી ફેટ ઓછી કરવા માટે અનેક પ્રયોગો કરનારા વૈજ્ઞાનિકોએ થોડા ખાત્રી લાયક પ્રયોગો તમારી બેલી ફેટ ઓછી કરવા સૂચવ્યા છે જેનો વૈજ્ઞાનિક આધાર છે તે જોઈએ.

ખાંડવાળા બધા જ ખોરાક તદ્દન બંધ કરો

ખાંડ (રિફાઈન્ડ સુગર) અને લિક્વિડ સુગરમાં મોંમાં અર્ધો ભાગ ગ્લુકોઝ અને અર્ધો ભાગ ફ્રક્ટોઝ છે. આ ફ્રક્ટોઝનું શરીરના ઉપયોગ માટે રૂપાંતર (મેટબોલાઈઝ) કરવાનું કામ લિવર કરે છે. ''રિફાઈન્ડ સુગર'' કે લિક્વિડ સુગર વધારે હોય તો લિવર તેમાં રહેલા વધારાના ફ્રક્ટોઝનું રૂપાંતર ચરબીમાં કરે છે. આ ચરબીનો મોટો ભાગ તમારા પેટની અંદર રહેલા અંગો (આંતરડા, લીવર, કિડની, સ્પ્લીન, હોજરી અને પેનક્રિયાસ) પર અને થોડો તમારા પેટના સ્નાયુઓ ઉપર જમા થાય છે.

તમે આ વાત સારી રીતે જાણો છો કે ખાંડ એટલે કે રિફાઈન્ડ સુગરનું પ્રમાણ તમારા રોજના ખોરાકમાં વધારે હોય છે. ચા, કોફી, લસ્સી, દાળ, શાક, કઠોળમાં અને વારતહેવારે પાર્ટીઓમાં કે શુભપ્રસંગે મીઠાઈ અને ઘણી જાતના ગળ્યા પદાર્થો તમે ખાઓ છો ત્યારે તમારા શરીરમાં ખાંડ પુષ્કળ જાય છે જ્યારે લિક્વિડ સુગર મોટે ભાગે બજારમાં વેચાતા શરબતો, એરેટેડ પીણાં, ફ્રૂટ જ્યુસ, લસ્સી અને ગળ્યા લાગે તેવા બ્રેડ, બિસ્કિટ, કેક, પેસ્ટ્રી અને નાનખટાઈમાં આવે છે. આ રીતે રિફાઈન્ડ સુગર (ખાંડ) અને લિક્વિડ સુગરને કારણે તમારા શરીરમાં ફ્રક્ટોઝ વધારે જાય છે. બેલી ફેટ ના વધારવી હોય તો આજથી જ રીફાઈન્ડ સુગર, લિક્વિડ સુગર અને તેમાંથી બનાવેલી બધી જ ખાવાની વસ્તુઓ ભલે તમને ખાવી કે પીવી ગમે સ્વાદમાં સારી લાગે પણ તે તદ્દન બંધ કરો.

ખોરાકમાં ''પ્રોટીન''નું પ્રમાણ વધારે લો

વજન ઓછું કરવા માટે અને તમારા શરીરનો મેટાબોલિક રેટ (ખોરાકનો શરીરના ઉપયોગ માટે રૂપાંતર કરવાની ગતિ) વધારવા માટે તમારે ૬૦ થી ૮૦ ગ્રામ પ્રોટીન લેવું જોઈએ. આ પ્રોટીન પણ એનિમલ પ્રોટીન એટલેકે પ્રાણીજ પદાર્થો જેવા કે દૂધ અને દૂધની બનાવટો, માછલી, ઈંડા, મીટ અને પોલ્ટ્રીમાંથી મળે તે પ્રકારનું અથવા બજારમાં પાઉડર રૂપે મળતા પ્રોટીન હોવું જોઈએ.

ખોરાકમાં કાર્બોહાયટ્રેટ ઓછા લો

આગળ જણાવેલા રિફાઈન્ડસુગર (ખાંડ) અને લિક્વિડ સુગર સિમ્પલ કાર્બોહાયટ્રેટ કહેવાય. આ સિવાય ખોરાકમાં કોમ્પ્લેક્સ કાર્બોહાયટ્રેટ્સ જે અનાજ, કઠોળ, ફળો, સૂકો મેવો અને તેલીબિયામાંથી મળે છે તે અને રોજના નાસ્તામાં લેવાતા સફેદ બ્રેડ, પાસ્તાનું પ્રમાણ ઓછું કરી દેવાથી તમારા પેટ ઉપર જામી ગયેલી ચરબી (બેલી ફેટ) ઓછી થશે.

ખોરાકમાં ફાઈબરનું પ્રમાણ વધારો

તમારા ખોરોકમાં ૧૫ થી ૨૦ ગ્રામ ચીકણી (વિસકસ) ફાઈબર લો. બજારમાં મળતા ઓટ્સ, ફાડા (ઘઉંનો જાડો લોટ), શાકભાજી અને ફળોમાંથી મળતી ફાઈબર ઉપરાંત દવાવાળાને ત્યાંથી મળતી ફેર સપ્લીમેંટ (ગ્લુકોમેનોન) લેવાથી તમારી બેલી ફેટ ઓછી થશે.

કસરત શરૂ કરો

૪૦ મિનિટ એરોબિક કસરત જેવી કે ચાલવાની, જોગિંગ, તરવાની, સાઈકલ ચલાવવાની, દાદર ચડવા ઉતારવાની અને હેલ્થ ક્લબમાં કરાવવામાં આવતી ''કારડીઓ'' કસરતો નિયમિત ઓછામાં ઓછા ૬ મહિના કરવાથી બેલી ફેટ ઓછી થશે. એક વાત યાદ રાખશો આસનો, સૂર્યનમસ્કાર કે પેટના સ્નાયુની કસરતોથી બેલી ફેટ ઓછી નહિ થાય.

વ્યસનોથી દૂર રહો

''બિયર બેલી'' નામ સાંભળ્યું છે ને ? કોઈ લોકો શોખથી કોઈ લોકો ટેન્શન (માનસિક તનાવ)માંથી થોડો વખત આનંદ મળે માટે સિગારેટ અને દારૂ પીવાની શરૂઆત કરે છે અને પછી ધીરે ધીરે આ વ્યસન વધતું જાય છે જેને કારણે બેલી ફેટ વધે છે અને શરીર બેડોળ બની જાય છે.

પૂરતી ઊંઘ લો

અમેરિકામાં થયેલા એક પ્રયોગમાં જે લોકો ૬ થી ૮ કલાક નિરાંતની ઊંઘ લે છે તેની સરખામણીમાં જે લોકો ૪ થી ૫ કલાક માંડ ઊંઘી શકે છે તેમને બેલી ફેટ થવાની શક્યતા વધારે છે.

માનસિક તનાવ દૂર કરવા પ્રયત્ન કરો

આગળ જણાવ્યા પ્રમાણે માનસિક તનાવ વધે ત્યારે ''કોર્ટીસોલ'' વધે છે અને તેને કારણે બેલી ફેટ વધે છે. તમારે મેડિટેશન કરી અને તમારા ઈષ્ટદેવની પ્રાર્થના કરી માનસિક તનાવ દૂર કરવા પ્રયત્ન કરો.

આ પણી રોજિંદા વપરાશની દરેક ચીજવસ્તુઓ પાછળ લાંબી કહાની હોય છે. સવારે ઉઠ્યા પછી પહેલી જરૂર ટૂથબ્રશ અને ટૂથપેસ્ટની પડે છે અને દિવસભર પંખો-એસી-ફ્રિજ-ગિઝર-કમ્પ્યુટર-મોબાઈલ-બાઈક-કાર-બલ્બ-ટિફિનબોક્સ-બેગ-પર્સથી લઈને રાતે સુતા પહેલાં જરૂરી એવા નાઈટ લેમ્પ સુધીની દરેક પ્રોડક્ટ આપણાં જીવન સાથે અભિન્ન રીતે, સહજતાથી જોડાઈ ચૂકી છે. કદાચ એટલે ભાગ્યે જ તેની શોધ વિશે આપણને વિચાર આવે છે.

આવી સગવડના કારણે જ આપણાં જીવનમાં સુખાકારી ભળે છે. ૨૧મી સદીનો માનવી વધુ સુખ-સુવિધા ભોગવે છે એનું કારણ આ બધી શોધો છે. આવી પ્રોડક્ટ્સ આપણને થોડા પૈસા ખર્ચીને માર્કેટમાંથી મળી જતી હોય છે. પણ જે તે વખતે તેની શોધ પાછળ સંશોધકોએ શબ્દશઃ જીવ રેડી દીધો છે. તેમના એ બલિદાનો પછી આપણે વિનાવિઘ્ને સુખ-સગવડ ભોગવી શકીએ છીએ. એવા જ કેટલાક સંશોધનો વિશે જાણીએ, જેમણે સંશોધનના ઝનૂન પાછળ જીવ આપી દીધો હતો. જીવની પરવા કર્યા વગર થયેલા સંશોધનોએ જ પછી એ દિશાના દરવાજા ખોલી આપ્યાં હતાં.

મેડિકલના પ્રયોગમાં જીવ ગુમાવનારા વિજ્ઞાનિકો

એલેક્ઝાન્ડર બોગડાનોવ નામના રશિયન ફિઝિશ્યનનો જન્મ ૧૮૭૩માં થયો હતો. ૧૯૨૮માં તેનું મૃત્યુ થયું ત્યાં સુધીમાં એલેક્ઝાન્ડરે કેટલાય ક્ષેત્રોમાં સદ્ધર કામ કર્યું હતું. ફિઝિશ્યન ઉપરાંત એલેક્ઝાન્ડર ફિલોસોફર પણ હતો અને સાયન્સ ફિક્શન રાઈટર તરીકે ય નામ કમાયો હતો. અત્યારે દર્દીને જરૂર પડ્યે તુરંત લોહીની બોટલ ચડાવી દેવાય છે. દર્દીને લાગુ પડતા બ્લડ ગ્રૂપનું બ્લડ જેટલી સરળતાથી આજે ચડાવાય છે એવું ૧૯મી સદીના અંતમાં શક્ય બન્યું ન હતું. એ વખતે એલેક્ઝાન્ડરે અસંખ્ય પ્રયોગો કર્યા હતા અને આખરે એવા જ એક વિરૂદ્ધ બ્લડ ગ્રૂપનું ટેસ્ટિંગ પોતાના પર જ ૧૯૨૮માં કર્યું હતું અને તેની આડઅસરથી આ પ્રતિભાશાળી ફિઝિશ્યનનું ૫૪ વર્ષની વયે નિધન થયું હતું.



એલેક્ઝાન્ડર બોગડાનોવ

એલેક્ઝાન્ડર બોગડાનોવે અસંખ્ય પ્રયોગો કર્યા હતા. આખરે એવા જ એક વિરૂદ્ધ બ્લડ ગ્રૂપનું ટેસ્ટિંગ પોતાના પર જ ૧૯૨૮માં કર્યું હતું. તેની આડઅસરથી આ પ્રતિભાશાળી ફિઝિશ્યનનું ૫૪ વર્ષની વયે નિધન થયું હતું.

૧૭૪૨માં જન્મેલો ફાર્માસ્યૂટિકલ કેમિસ્ટ કાર્લ શીઅલ પણ આ જ યાદીમાં આવે છે. ૪૩ વર્ષના જીવનકાળ દરમિયાન તેણે કેટલાંય કેમિકલ એલિમેન્ટ્સ અલગ તારવી આપ્યા હતા. કીટનાશક રસાયણોની બાબતે પણ કાર્લનું સંશોધન દિશાસૂચક બની રહ્યું. તેને પોતાના સંશોધનોની પોતાના જ શરીર ઉપર પ્રયોગ કરવાની બૂરી આદત હતી. દરેક વખતે નસીબ સાથ આપી દેતું હતું, પરંતુ એક વખત હાઈડ્રોજન સાઈનાઈડનો આવો જોખમી પ્રયોગ જીવલેણ નીવડ્યો.

જેમના માટે ઉડ્ડયનના પ્રયોગો જીવલેણ નીવડ્યા...

પેરાશૂટની મદદથી આજે નીતનવા સાહસો થાય છે. દિવસમાં સરેરાશ એકાદ સાહસમાં પેરાશૂટ મદદે આવે છે. પરંતુ પેરાશૂટની ડિઝાઈનમાં પાયાની ભૂમિકા અદા કરનારો સંશોધક ફ્રાન્ઝ રેઈચેલ્ટ એવા જ એક સાહસમાં માર્યો ગયો હતો. ફ્રાન્સનો આ સંશોધક મૂળ તો કપડા સિવવાનું કામ કરતો હતો, પણ તેની આંખોમાં માણસને આકાશમાં ઉડાડવાનું સપનું અંજાયું હતું.

૧૮૭૯માં જન્મેલા ફ્રાન્ઝે ૧૯૧૨ની ૪થી ફેબ્રુઆરીએ એક પ્રયોગ હાથ ધર્યો હતો. પોતાનો જ બનાવેલો પેરાશૂટ પહેરીને તે એફિલ ટાવર પરથી પડતું મૂકવાનો હતો અને તેને જોવા માટે અસંખ્ય લોકો એકઠાં થયા હતા. અગાઉના થોડા અંતરના પ્રયોગમાં ફ્રાન્ઝને સફળતા મળી હતી એટલે વધુ પડતાં આત્મવિશ્વાસમાં તેણે એફિલ ટાવર પરથી કૂદવાનું આયોજન કર્યું હતું, પણ એ છલાંગ તેના જીવનની છેલ્લી ક્ષણ બની ગઈ હતી. એફિલ ટાવર પરથી કૂદનારો ફ્રાન્ઝ નીચે પડકાયો તે સાથે જ મૃત્યુ પામ્યો હતો. જોકે, તેણે કરેલા પેરાશૂટના પ્રયોગો પછીથી દુનિયા માટે ખરેખર કારગત નીવડ્યાં હતાં.

ઓસ્ટ્રિયા-હંગેરીમાં જન્મેલો આવો જ એક હોનહાર સંશોધક ઓરેલ વ્લેઈકુ પણ ફ્લાઈંગના પ્રયોગમાં મૃત્યુ પામ્યો હતો. ૧૮૮૨માં જન્મેલા એન્જિનિયર ઓરેલે જાતે એક પ્લેન બનાવ્યું હતું. હોનહાર સંશોધકોમાં તેની ગણતરી થતી હતી. ઓસ્ટ્રિલયા-હંગેરી નેવીમાં કામ કર્યા પછી ઓરેલને એક વિમાન ડિઝાઈન કરવાનો વિચાર આવ્યો હતો. ૧૯૧૦માં લશ્કરી તાલીમના ભાગરૂપે તેણે એક નાનકડું વિમાન બનાવીને તેનું જાત પરીક્ષણ પણ કર્યું હતું, જે સફળ રહ્યું હતું.

એ પછી રાઈટબ્રધર્સે કરતા અલગ રીતે બનાવેલા વિમાનનું પરીક્ષણ પણ તેણે ૧૯૧૩માં જાતે કરવાનું વિચાર્યું અને એ પરીક્ષણ તેના જીવનનું છેલ્લું પરીક્ષણ બની ગયું. વિમાનને બરાબર ઉડાન ભરાવવામાં તે સફળ થયો હતો, પણ એ વખતે તેણે પર્વતમાળાને ઓળંગીને વિમાન ઉડાડવાનો પ્રયોગ કરવાનો હતો. પર્વતમાળાને ઓળંગવાના પ્રયાસમાં તેને નિષ્ફળતા મળી હતી અને પ્રયોગ દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. જોકે, એ પછી તેના નામે ઉડ્ડયનની એક ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરાઈ હતી. તેની ડિઝાઈનનું પ્લેન આજેય સાચવી રાખવામાં આવ્યું છે. રોમાનિયામાં તેના સન્માનમાં તેના પ્રથમ સફળ ઉડ્ડયન દિવસને નેશનલ એવિએશન ડે તરીકે ઉજવાય છે.

સમુદ્ર સાથેના પ્રયોગોમાં જીવ ગુમાવનારા મરજીવા

બ્રિટિશ પેઈન્ટર અને એન્જિનિયર હેનરી વિન્સ્ટેન્લીએ પહેલી વખત ઈંગ્લિશ ચેનલમાં આવેલા ખતરનાક ઈડીસ્ટોન સમુદ્રી પર્વત ઉપર દીવાદાંડી બનાવવાનું કામ ૧૬૯૬માં કર્યું હતું. ત્યાં પહોંચવામાં જ તેને બે જહાજો ગુમાવવા પડ્યાં હતાં. દીવાદાંડી એક વખત બાંધ્યા પછી ભયાનક સમુદ્રી તોફાનમાં એ ધ્વસ્ત થઈ ગઈ હતી. તેને ફરીથી બાંધવાનું કામ હેનરીએ ઉપાડ્યું હતું અને એ દરમિયાન જ ૧૭૦૩માં ત્રાટકેલા વાવાઝોડાંમાં ફરીથી એ ધ્વસ્ત થઈ ગઈ હતી. એ વખતે જ હેનરી સહિતના પાંચ લોકોના મોત થયા હતા. એ પછી આ ટીમના કોઈ જ અવશેષો મળ્યાં ન હતાં.

ઈડીસ્ટોન પર્વત ઉપર દીવાદાંડી બનાવીને ઈંગ્લેન્ડનો ઝંડો ફરકાવવાનું સૌપ્રથમ કામ કરવા બદલ ઈંગ્લેન્ડના ઈતિહાસમાં તેને યાદ રખાય છે, પણ એને યાદ રાખવાનું વિશ્વના ઈતિહાસ પાસે બીજું ય એક સબળ કારણ છે. આધુનિક લાઈટહાઉસની ડિઝાઈન બનાવનારો તે વિશ્વનો પહેલો એન્જિનિયર હતો. ૧૭મી સદીના અંતમાં તેણે બનાવેલી દીવાદાંડીની ડિઝાઈન પછીથી જગતભરની દીવાદાંડીની ડિઝાઈનનો આધાર બની હતી. પરંપરાગત દીવાદાંડીથી અલગ તેણે બધી બાજુથી દેખાય એવો દીવાદાંડીનો ઢાંચો તૈયાર કર્યો હતો.


જે માણસે જગતની પ્રથમ આધુનિક દીવાદાંડી બનાવી હતી એ માણસનું તેની દીવાદાંડીમાં જ મૃત્યુ થયું હતું.

હોરાસ હન્લી. ૧૮૬૧થી ૧૮૬૫ દરમિયાન અમેરિકન સિવિલ વોર વખતે આ એન્જિનિયરે જગતની



હેનરી વિન્સ્ટેન્લી

પહેલી કોમ્બેટ સબમરીન બનાવી હતી. એ પહેલાં સબમરીનની શોધ તો થઈ ચૂકી હતી, પરંતુ હોરાસની આ સબમરીન ઘણી બધી રીતે અલગ ભાત પાડતી હતી. આ પહેલી એવી સબમરીન હતી કે જે દુશ્મનો સામે છુપાઈ શકતી હતી. હોરાસ હન્લીની સબમરીનની ડિઝાઈનને પછી તો વિશ્વભરમાં આવકાર મળ્યો હતો, પણ કમનસીબે હોરાસ ખુદ એક નિયમિત ટેસ્ટના ભાગરૂપે સબમરીનને ટેસ્ટ કરી રહ્યો હતો ત્યારે ભરયુવાનીમાં સાત અન્ય સભ્યો સાથે ડૂબી ગયો હતો. તેના અન્ય સાથીઓએ સબમરીનને ડૂબતી બચાવી લીધી હતી, પરંતુ હસ્લી સહિતના આઠના મૃત્યુ થયાં હતાં. હસ્લીએ જે સબમરીન પોતાના હાથે બનાવી હતી, એ જ તેના મોતનું કારણ બની હતી.




ખાલીપાની ખાતાવહીમાં સંવેદનાનું 'શ્રી સવા'...

ઝાકળઝંઝા
રવિ ઈલા ભટ્ટ

હાજા પટેલની પોળના નાકે આવેલા સાંકડા ખાંચામાં 'શારદા ફર્નિચર વર્કસ' નામની એક નાનકડી, જૂની ફર્નિચરની દુકાન આવેલી હતી. દુકાનના બોર્ડ પરનો કાળો કલર સમયની થપાટો ઝીલીને હવે ઝાંખો પડી ગયો હતો, પણ તેના માલિક અરવિંદભાઈ પંચાલના નામના અક્ષરો હજી સ્પષ્ટ વંચાતા હતા. અરવિંદભાઈ એટલે હાથની કારીગરીના જાદુગર. સાગના લાકડામાંથી જ્યારે તેઓ પોતાની ઘસાયેલી વાંસલી અને રંધા વડે નકશીકામ કરતા, ત્યારે એવું લાગતું જાણે લાકડામાં પ્રાણ ફૂંકી રહ્યા હોય. છેલ્લાં ચાલીસ વર્ષથી તેઓ આ પોળમાં દરેક ઘરનો પ્રસંગ, લગ્નનું કરિયાવર કે વડીલો માટે આરામખુરશી બનાવી ચૂક્યા હતા. જૂના માણસોને ફર્નિચરને લગતું કોઈપણ કામ હોય તો તેઓ અરવિંદભાઈને જ યાદ કરતા.

પરંતુ સમયનું ચક્ર ક્યારેય એકધારું ફરતું નથી. છેલ્લા પાંચ વર્ષોમાં ટેકનોલોજી અને બજારનો પવન એવો બદલાયો કે જૂની કારીગરી પર આધુનિકતાના પ્લાયવુડનું ભુંસુ જામવા લાગ્યું. ઈન્ટરનેટ પર 'વન-ક્લિક' ફર્નિચર ડિલિવરી, ચમકતી મોડ્યુલર ઓફિસો અને પ્લાસ્ટિકના સસ્તા ફર્નિચરે બજાર કબજે કરી લીધું હતું. લોકો હવે મજબૂતી કરતાં ઈન્સ્ટન્ટ લૂક અને હપ્તાવાળી સગવડ પાછળ દોડતા હતા. તેના પર મોંઘવારી, લાકડાના વધતા ભાવ બધું જ અરવિંદભાઈના ધંધાને કોરી ખાવા લાગ્યું. તેમાંય છેલ્લે અરવિંદભાઈની પત્ની શારદાબેનની લાંબી બીમારીએ તેમની આખી જિંદગીની બચત કોરી ખાધી અને શારદાબેનને પણ લઈ ગઈ. દવાખાનાના બિલો ચૂકવવામાં દુકાન ગીરવે મુકાઈ ગઈ અને વ્યાજના પૈસા દર મહિને ગળાનો ગાળિયો બની રહ્યા હતા.

તેના કારણે જ કદાચ આ વર્ષની દિવાળી અરવિંદભાઈ માટે ઉત્સવ નહીં, એક કપરો પડકાર બનીને આવી હતી. મહિનાની શરૂઆત અને તહેવારો, ખિસ્સાં ખાલી, લેણદારોની ધમકીઓ બધું જ અરવિંદભાઈની આંખો સામે તરવરતું હતું. ધનતેરસના દિવસે જ્યારે આખા બજારમાં ઝગમગાટ હતો, ત્યારે અરવિંદભાઈની દુકાનની લાઈટનું બિલ ન ભરાતા મીટર કપાઈ ગયું હતું. કાળીચૌદશે લેણદારોના બે માણસો આવીને દુકાને ગાળાગાળી કરી ગયા હતા અને ચેતવણી આપી હતી કે જો લાભ પાંચમ સુધીમાં બાકી વ્યાજ અને મુદ્દલ નહીં ચૂકવાય, તો



દુકાનની ચાવીઓ તેઓ જપ્ત કરી લેશે. દિવાળીની રાત્રે આખું શહેર દિવા અને લાઈટોના પ્રકાશમાં ઝમગતું હતું, ફટાકડાના અવાજથી ગૂંજતું હતું, ત્યારે અરવિંદભાઈ કાળી અંધારી રાત સિવાય કશું જ નહોતું.

નવા વર્ષના દિવસે પોળના લોકો નવાં કપડાં પહેરીને 'સાલમુબારક' કરવા નીકળ્યા, પણ અરવિંદભાઈ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. તેમને લાગતું હતું કે પોતે જિંદગીની રેસમાં હારી ગયા છે. લોકોને લાગ્યું કે કદાચ ગામડે ગયા હશે. હવે અહીંયા કોઈ સ્વજન નથી તો કદાચ ગામડે કોઈ ભેરુ-ભાંડુને મળવા ગયા હશે. વાસ્તવિકતા તો અંધારું ઓઢીને અંદર ડુસકાં ભરતી હતી. નવી પેઢીની ઝડપ સામે તેમની ધીમી, સાચી કારીગરી નકામી થઈ ગઈ હતી. ભાઈબીજના દિવસે તો તેમણે મનોમન નિર્ણય લઈ લીધો હતો : હવે લડવાની તાકાત નથી રહી. લાભ પાંચમે દુકાનનું શટર ખોલીને વ્યાજખોરોને

અરવિંદભાઈની આંખોમાંથી આંસુ છલકાઈ ગયા. 'પણ હસમુખભાઈ, પૈસા... દેવું... વ્યાજખોરો આજે ચાવી લેવા આવવાના છે. મારી પાસે હવે લાઈટબિલ ભરવાના પણ રૂપિયા નથી.'

પોતાના અંધારા ઘરમાં બેસીને પોતાની ખરબચડી હથેળીઓ જોઈ રહ્યા હતા.

સંતાનો તો પહેલેથી હતા જ નહીં અને તેમાંય શારદા દેવ થઈ ગઈ. હવે અરવિંદભાઈ પાસે ખાલીપો અને બળાપો જેવા બે જ સાથી વધ્યા હતા. તેમાં ત્રીજા અંધકારનો ઉમેરો થયો હતો. તેમના માટે તો દિવાળી અમાસની એક ચાવીઓ સોંપી દેવી અને ગામડે જઈને કોઈની મદદ લઈને નાની-મોટી મજૂરી કરી લેવી.

લગભગ તહેવારો પૂરા થયા અને નવા ઉત્સાહ સાથે બજાર નવી ઈનિંગ માટે સજ્જ થઈ ગયું. લાભ પાંચમની સવાર પડી. ગુજરાતીઓ માટે આ દિવસ એટલે નવા વેપારના શ્રીગણેશ કરવાનો, ચોપડામાં કુમકુમના પગલાં પાડીને 'શ્રી સવા' લખવાનો અને સમૃદ્ધિની આશા રાખવાનો પવિત્ર દિવસ. અરવિંદભાઈના ચહેરા પર સ્મશાન જેવી શાંતિ હતી. તેમણે જૂનો, ધોયેલો કુર્તો પહેર્યો, કપાળે ઔપચારિક કંકુનો ચાંદલો કર્યો અને ખિસ્સામાં દુકાનની ભારે લોખંડની ચાવીઓ મૂકી. પોળના સાંકડા રસ્તેથી પોતાની દુકાન તરફ ધીમા પગલે ચાલવા લાગ્યા.

પોળના નાકે પહોંચતા જ અરવિંદભાઈના પગ થંભી ગયા. તેમની આંખોને વિશ્વાસ નહોતો થતો.

તેમની બંધ, ધૂળ ખાતી દુકાનની સામે વીસેક લોકોનું ટોળું ઊભું હતું. દુકાનનું જૂનું શટર ફૂલોના તોરણથી શણગારેલું હતું અને જમીન પર કંકુ તથા આસોપાલવના પાનથી સુંદર સાથિયો પૂરેલો હતો.

અરવિંદભાઈને આવતા જોઈને ભીડમાંથી એક પચીસેક વર્ષનો યુવાન પાર્થ આગળ આવ્યો. પાર્થની પાછળ પચાસ વર્ષના હસમુખભાઈ, સાઠ વર્ષના રમણલાલ અને અન્ય ઘણા જૂના ગ્રાહકો ઊભા હતા.

'અરવિંદકાકા, કેમ આટલા મોડા પડ્યા? આજે લાભ પાંચમ છે, મુહૂર્તનો સમય વીતી જશે!' પાર્થે હસીને કહ્યું.

અરવિંદભાઈના ગળામાંથી અવાજ ન નીકળ્યો. તેમના હોઠ ધ્રૂજવા લાગ્યા. 'પાર્થ આ બધું શું છે? તમે લોકો અહીં કેમ ભેગા થયા છો? મારી દુકાન તો... હું તો આજે આ શટર હંમેશ માટે બંધ કરવા આવ્યો છું. હવે મારામાં તાકાત નથી રહી.'

હસમુખભાઈ આગળ આવ્યા અને અરવિંદભાઈના ખભા પર હાથ મૂક્યો. 'અરવિંદભાઈ, તમે બંધ કરવાવાળા કોણ? આ દુકાન માત્ર તમારી નથી, આખી પોળની સ્મૃતિઓનો હિસ્સો છે. પચીસ વર્ષ પહેલાં મારી દીકરીના લગ્નમાં તમે રાત-દિવસ જાગીને જે પલંગ અને કબાટ બનાવી આપ્યા હતા ને, એ આજેય એના ઘરમાં નવા જેવા અડીખમ ઊભા છે. ઓનલાઈન મંગાવેલું ટેબલ તો બે વર્ષમાં તૂટી જાય છે, પણ તમારી કારીગરી પેઢીઓ સુધી અકબંધ રહી છે. તમે હારી કેવી રીતે શકો?'

અરવિંદભાઈની આંખોમાંથી આંસુ છલકાઈ ગયા. 'પણ હસમુખભાઈ, પૈસા... દેવું... વ્યાજખોરો આજે ચાવી લેવા આવવાના છે. મારી પાસે હવે લાઈટબિલ ભરવાના પણ રૂપિયા નથી.'

પાર્થે આગળ આવીને પોતાના હાથમાં રહેલી એક મોટી લાલ મખમલની ડાયરી અને એક ચેક અરવિંદભાઈના હાથમાં મૂક્યા.

'કાકા, આ જુઓ,' પાર્થે ફોન બતાવતા કહ્યું. 'ગયા અઠવાડિયે મને ખબર પડી કે તમે તકલીફમાં છો. મેં પોળના વોટ્સએપ ગ્રૂપમાં ફક્ત એક નાનો વીડિયો અને મેસેજ મૂક્યો હતો. મારા મિત્રોના ગ્રૂપમાં અને સોશિયલ મીડિયામાં પણ આ વીડિયો અને મેસેજ ફરતા કર્યા હતા. આ તમામ લોકોએ જે પૈસા આપ્યા છે તેનાથી તમારું તમામ દેવું પૂરું થઈ જશે. આ આખી દુકાન પણ નવી નક્કોર થઈ જશે.'

'અરવિંદ દેવું પૂરું થઈ જશે નહીં, થઈ ગયું છે, અમે પેલા દેવલાને કાલે રાતે જ પાઈ-પાઈ ચુકવી દીધી છે. આજે દેવલો તો શું એની સાથે પેઢીમાંથી કોઈ દેખા દે એમ નથી. હવે જે વધ્યું તે બધું જ તારું છે.' હસમુખભાઈએ કહ્યું.

અરવિંદભાઈ સ્તબ્ધ થઈ ગયા. તેઓ ચેક સામે અને તેમાં લખેલી રકમ સામે જોઈ રહ્યા. 'ના, ના... પાર્થ, હું કોઈની દાન-દક્ષિણા ન લઈ શકું. હું મહેનત કરનારો માણસ છું.'

'કાકા, આ દાન નથી, આ આપણું નવું ખાતું છે! પાર્થના અવાજમાં અદભુત આત્મવિશ્વાસ હતો.

'આ ડાયરી ખોલો. આમાં આવનારા છ મહિનાના એડવાન્સ ઓર્ડર્સ છે! મારી કંપનીમાં પાંચ ઓફિસો બની રહી છે, ત્યાં અમે કોઈ ચાઈનીઝ કે સસ્તું પ્લાયવુડ નથી વાપરવાના. અમે નક્કી કર્યું છે કે આપણી બધી ઓફિસોમાં સાચા લાકડાનું, ટકાઉ અને દેશી કળાવાળું ફર્નિચર 'શારદા ફર્નિચર' જ બનાવશે. આ સિવાય, મેં ઈન્ટરનેટ પર તમારી હાથબનાવટની ચીજો-જેમ કે પૂજાના બાજોઠ, હિંચકા અને કલાકૃતિઓ-વેચવા માટે એક નાની વેબસાઈટ પણ બનાવી દીધી છે. અમે યુવાનો ટેકનોલોજી અને માર્કેટિંગ સંભાળીશું, પણ ફર્નિચરની અંદરનો જીવ રેડવાનો કસબ તો તમારો જ રહેશે!' - પાર્થ ગર્વ સાથે બોલ્યો.

આ સાંભળીને અરવિંદભાઈના પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવો અનુભવ થયો. જે આધુનિક પેઢીને તેઓ પોતાની દુશ્મન માનતા હતા, જે ટેકનોલોજીથી તેઓ ડરી રહ્યા હતા, એ જ પેઢી અને એ જ ટેકનોલોજી આજે તેમની પડખે ઊભી હતી. જૂની કારીગરી અને નવી પેઢીના વિચારોનો આવો સુંદર સમન્વય તેમણે ક્યારેય વિચાર્યો પણ નહોતો.

શ્રીનીધિએ અરવિંદભાઈના હાથમાં પૂજાની થાળી આપી. 'કાકા, હવે મોડું ન કરો. શુભ મુહૂર્ત નીકળી જશે. શટર ઊંચું કરો!' અરવિંદભાઈએ સજળનેત્રે હસમુખભાઈ અને પોળના લોકો સામે જોયું.

ધ્રૂજતા હાથે અરવિંદભાઈએ તાળું ખોલ્યું અને દુકાનનું શટર ઊંચું કર્યું. વર્ષો જૂની લાકડાની મીઠી સુગંધ હજી દુકાનની અંદર અકબંધ સચવાયેલી હતી. દુકાનની અંદર રહેલા ગણપતિ બાપા અને શારદા માતાના ફોટા સામે દીવો પ્રગટાવવામાં આવ્યો.

અરવિંદભાઈએ લાલ ચોપડાના પ્રથમ પાના પર કંકુથી 'શ્રી સવા' લખ્યું, સાથિયો દોર્યો અને હાથ જોડીને આંખો મીંચી દીધી. તેમની આંખોમાંથી કૃતજ્ઞતાના આંસુ વહી રહ્યા હતા.

તહેવારો, સોશિયલ કોમર્સ અને કમાણી



૨૦૦૫માં સોશિયલ મીડિયાનો નવો નવો ઉદ્ભવ થયો હતો ત્યારે યાહૂએ પહેલી વહેલી વખત 'સોશિયલ કાત્મર્સ' શબ્દનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તે વખતે હજુ સોશિયલ મીડિયામાં એટલા યુઝર્સ ન હતા એટલે ત્યારે ઈ-કોમર્સનો દબદબો શરૂ થયો હતો. ઈ-કોમર્સ એટલે ઓનલાઈન કોઈ પણ પ્લેટફોર્મના માધ્યમથી થતો વેપાર. સોશિયલ કોમર્સમાં માત્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ - ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે વોટ્સએપ વગેરેનો સમાવેશ થાય છે.

આ આમ તો ઈ-કાત્મર્સની પેટા શાખા છે. ઈ-કાત્મર્સનો જ હિસ્સો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ચીજવસ્તુઓ વેચવી કે ખરીદવી તેને સોશિયલ કાત્મર્સ કહેવાય. પદ્ધતિ ઈ-કાત્મર્સ પ્લેટફોર્મ જેવી જ છે, પરંતુ થોડી વધારે 'સોશિયલ' છે! સોશિયલ મીડિયામાં દોસ્તો સાથે ચેટ કરતાં, પોસ્ટ લાઈક કરતાં કે કોમેન્ટ લખતાં લખતાં અચાનક કોઈ પ્રોડક્ટ ધ્યાનમાં આવે. એમાં વળી કોમન ફ્રેન્ડ્સની લાઈક-કોમેન્ટ મળી હોય તો એ પ્રોડક્ટને ચેક કરવા મન પ્રેરાય ને એ રીતે ઈ-કાત્મર્સ સાઈટ-એપમાં ગયા વગર સોશિયલ મીડિયામાંથી જ ઓર્ડર પ્લેસ થઈ જાય. આ 'સોશિયલ કાત્મર્સ' છે ને એનો ટ્રેન્ડ દેશ-દુનિયામાં ઝડપભેર વધતો જાય છે.

એમેઝોન-ફ્લિપકાર્ટ-અજીયો વગેરેમાં ભલે સેંકડો ચીજવસ્તુઓ ઉપલબ્ધ હોય, પણ એના રિવ્યૂ વાંચતી વખતે સોશિયલ મીડિયામાં કોઈ પ્રોડક્ટમાં કોમન ફ્રેન્ડની લાઈક જેટલી વિશ્વસનીયતા ન આવે. ફ્રેન્ડ લિસ્ટમાંથી કોઈએ એ પ્રોડક્ટમાં રસ બતાવ્યો એટલે આપોઆપ રસ પડે એ હ્યુમન ટેન્ડન્સી છે. એ જ રીઝન છે કે આજે સોશિયલ કાત્મર્સનું ગ્લોબલ માર્કેટ એક હજાર અબજ ડોલરે પહોંચી ગયું છે ને ૩૦ ટકાના દરે આ ક્ષેત્ર વિકસી રહ્યું છે.

ભારતમાં અત્યારે સોશિયલ કોમર્સનું માર્કેટ ૧૦ અબજ ડોલરનું છે, પણ પાંચેક વર્ષમાં એ વધીને ૮૦ અબજ ડોલર થઈ જશે. એ અરસામાં ભારતનું ફુલ ઈ-કોમર્સ માર્કેટ ૧૮૦ અબજ હશે અને એમાંથી ૮૦-૯૦ અબજ ડોલરનો હિસ્સો સોશિયલ કોમર્સનો હશે. દેશમાં ૩૯ ટકાની ઝડપે આ ટ્રેન્ડમાં વૃદ્ધિ થઈ રહી છે.

ગ્લોબલ ઈ-કોમર્સના સ્કેલની તુલનાએ સોશિયલ કોમર્સનો આંકડો નાનો છે, પરંતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પરથી જ કરોડો-અબજો રૂપિયાની શોપિંગ થાય તે બહુ જ મોટી વાત ગણાય. સોશિયલ મીડિયા શેરિંગ પ્લેટફોર્મ તો છે જ, પણ હવે બિઝનેસ પ્લેટફોર્મ પણ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મમાંથી બહાર નીકળ્યા વગર એમાં જ સેલ-પર્ચેસના વિકલ્પો મળે છે. વોટ્સએપ ચેટનો ઓપશન્સ પણ મળે છે. ઈ-કોમર્સ કંપનીની કસ્ટમર હેલ્પલાઈન કરતાં યુઝર્સને વોટ્સએપનો વિકલ્પ વધારે ફ્રેન્ડલી લાગે છે. આ બધા કારણોથી જ કદાચ યુઝર્સની પસંદ બને છે. આ ટ્રેન્ડ ઈશારો કરે છે કે કરોડો લોકોની શોપિંગની મેથડ ઝડપભેર બદલાઈ રહી છે.

ફેસબુક-ઈન્સ્ટામાં સ્પોન્સર્ડ બ્રાન્ડિંગનો એરા શરૂ થયો છે. એક તરફ ઈ-કોમર્સના કારણે દેશમાં લોકલ વેપારીઓનું માર્કેટ ભાંગી પડ્યું છે તો બીજી તરફ સોશિયલ મીડિયાએ જ એ માર્કેટમાં નવો પ્રાણ પૂર્યા છે. સેંકડો નાના વેપારીઓ કે ગૃહ ઉદ્યોગો વોટ્સએપના માધ્યમથી પ્રોડક્ટ લોકો સુધી પહોંચાડીને આજે હજારો રૂપિયાની કમાણી કરવા માંડ્યા છે. કોઈને કોઈ રેફરન્સથી કે ઓળખાણથી પ્રોડક્ટના ફોટો યુઝર્સ સુધી પહોંચતા હોય છે એટલે ઈ-કોમર્સમાં ગમે તે વસ્તુ ઠઠારી દેવાના બનાવો બને છે તે આમાં રેર જોવા મળે છે. સોશિયલ મીડિયાના બિઝનેસ એકાઉન્ટ્સમાંથી હવે છૂટથી લે-વેચ થાય છે. ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી એ વેપાર વધુ સરળ બન્યો છે. કદાચ એટલે જ ભારતમાં સોશિયલ કોમર્સનો ટ્રેન્ડ દુનિયાના કોઈ પણ દેશ કરતાં વધુ ઝડપે આગળ ધપી રહ્યો છે.

સોશિયલ મીડિયા શરૂઆતમાં માત્ર ફીલિંગ્સ શેરિંગ પ્લેટફોર્મ્સ હતા. એમાં બિઝનેસ થઈ શકે કે માર્કેટિંગ થઈ શકે એ કલ્પના થોડાં વર્ષો સુધી થઈ ન હતી. પણ જેમ જેમ ઓડિયન્સ વધ્યું તેમ તેમ એનો ઉપયોગ આર્થિક ફાયદામાં કરવાના ઉપાયો કંપનીઓએ શોધી કાઢ્યા. યુઝર્સ વધ્યા એટલે ધંધો કરનારા પણ આવી પહોંચ્યા. શેરિંગ પ્લેટફોર્મ્સ આજે બિઝનેસ હબ બનીને ઉભર્યા છે.

ઈ-કોમર્સના પેટા પ્રકાર જેવો સોશિયલ કોમર્સનો ટ્રેન્ડ વધ્યો છે. લોકો ઈ-કોમર્સ એપ્સ કે સાઈટ્સ પર જવાને બદલે સોશિયલ મીડિયાને જ ખરીદ-વેચાણનું પ્લેટફોર્મ બનાવી રહ્યા છે


પહેલા શ્વાસની યાદ : સાચો અનુભવ કે સાંભળેલી વાર્તા?

ફ્યુચર સાયન્સ

કે.આર.ચૌધરી

તમારી સૌથી જૂની, પહેલવહેલી યાદ કઈ છે? જરા આંખો બંધ કરીને, સ્મૃતિના ઊંડાણમાં ડૂબકી લગાવો. કદાચ બાળપણમાં ઉજવાયેલો કોઈ રંગીન જન્મદિવસ, ખભે દફતર ભરાવીને, ધ્રૂજતા પગલે ગયેલા શાળાનો પહેલો દિવસ, કે પછી વ્હાલથી માથે હાથ ફેરવતી દાદીમાનો હૂંફાળો ખોળો. માનવમન આવા સ્મૃતિચિત્રોને આજીવન વહાલથી સાચવી રાખે છે. પણ વિચારો ? શું કોઈ માણસ પોતાના, ખુદના જન્મની ક્ષણને યાદ રાખી શકે ખરો? માતૃગર્ભમાંથી બહાર આવીને, આ ધરતી પર પહેલો શ્વાસ લીધો તે ઘડી, કોઈના માનસપટલ પર અંકિત રહી શકે ખરી? વિશ્વપ્રસિદ્ધ 'બીટલ્સ' રોક બેન્ડના દંતકથારૂપ ગાયક અને સંગીતકાર, સર પૉલ મેકકાર્ટની એક અત્યંત ચોંકાવનારો દાવો કરે છે. તેઓ કહે છે કે 'તેમને તેમની પ્રસૂતિ સમયની ઘટનાઓ બિલકુલ યાદ આવે છે! એ ક્ષણે ઑપરેશન થિયેટરમાં થતો, ચીપિયાઓનો તીણો ખણખણાટ, નવજાત શિશુ તરીકે પોતાને દુનિયામાં લાવનારા ડૉક્ટરનો ચહેરો, અને તેમનો આખો દેખાવ, આ બધું જ, તેમના મનમાં જાણે ગઈકાલે જ બન્યું હોય તેવું તાજું છે. પરંતુ, આ ખરેખર તેમના મનની એક સાચી અને વાસ્તવિક યાદ છે? કે પછી સમય જતાં, મગજે જાતે જ રચી લીધેલી કોઈ આભાસી કલ્પના છે ? તે તેમને ખુદને પણ ખબર નથી!





અભિમન્યુથી ફ્રોઈડ સુધી : સદીઓ જૂનો કોયડો

આ એક સીધા અને સરળ લાગતા સ્વીકારમાં, આધુનિક મગજવિજ્ઞાન એટલે કે ન્યુરોસાયન્સનો, સૌથી મોટો વણઉકેલાયેલો કોયડો છુપાયેલો છે. આધુનિક પ્રયોગશાળાઓનાં સંશોધનો સાબિત કરે છે કે 'નાનાં શિશુઓ બધું જ શીખી શકે છે, પળેપળનું ગ્રહણ કરી શકે છે અને અવનવી માહિતીને યાદ પણ રાખી શકે છે. તેમ છતાં આપણે જ્યારે પુખ્ત વયે પહોંચીએ છીએ, ત્યારે આપણા પોતાના જ જીવનનાં શરૂઆતનાં બે-ત્રણ વર્ષો, આપણી સ્મૃતિમાંથી એકદમ ભૂંસાઈ ગયેલાં કેમ માલૂમ પડે છે? માનવ સ્મૃતિએ કોઈ હાઈ-ડેફિનેશન વીડિયો કૅમેરા નથી કે 'જે તમામ ઘટનાઓને જેમની તેમ ટેપ કે હાર્ડ ડ્રાઈવમાં રેકોર્ડ કરી રાખે.' તો શું જન્મની ક્ષણ જેવી અતિપ્રારંભિક ઘટનાને યાદ રાખવી, જૈવિક રીતે શક્ય છે ખરી ? ઈતિહાસના પાનાંઓમાં ઊંડા ઊતરીએ તો, આ કોયડો માનવજાત માટે ક્યારેય નવો રહ્યો નથી. સદીઓ જૂની મહાભારતની કથા કહે છે કે 'સુભદ્રાના ગર્ભમાં રહેલા અર્જુનપુત્ર અભિમન્યુએ, પિતાના મુખેથી ચક્રવ્યૂહ ભેદવાની ગુપ્ત વિદ્યા સાંભળી લીધી હતી. તેને ગર્ભાવસ્થામાં જ યાદ રાખી લીધી હતી.' પૌરાણિક દ્રષ્ટિએ આ એક ચમત્કારિક દંતકથા હોઈ શકે છે. જે આજે કોઈ પ્રયોગશાળામાં ચકાસાયેલું વિજ્ઞાન નથી.

આધુનિક મનોવિજ્ઞાનની દુનિયામાં આ કોયડાને, સૌપ્રથમ વાર ચોક્કસ નામ આપનાર ચિકિત્સક હતા : સિગ્મંડ ફ્રોઈડ. વર્ષ ૧૯૦૫માં પ્રકાશિત થયેલા, તેમના સીમાચિહ્નરૂપ પુસ્તક 'થ્રી એસેઝ ઑન ધ થિયરી ઑફ સેક્સ્યુઆલિટી'માં, તેમણે બાળપણની યાદોના આ રહસ્યમય અભાવ માટે, સૌપ્રથમ 'ઈન્ફન્ટાઈલ એમ્નેસિયા' શબ્દ પ્રયોગ વહેતો મૂક્યો હતો. ફ્રૉઈડની માન્યતા એવી હતી કે 'માનવમન પોતાની શિશુઅવસ્થાની અસહ્ય અને ઉત્તેજક લાગણીઓ કે યાદોને અચેતન મનમાં સભાનપણે દબાવી દે છે.' જોકે વીસમી સદીની શરૂઆતથી આજના અદ્યતન સંશોધનો સુધી આવી પહોંચીએ તો, વિજ્ઞાનની તસવીર ઘણી બદલાઈ ચૂકી છે. અસલ વૈજ્ઞાનિક કોયડો એ નથી કે 'શિશુ માહિતી સંગ્રહી શકે છે કે નહીં? અસલ કોયડો એ છે કે 'શિશુઅવસ્થા દરમિયાન અનુભવાયેલીએ ઘટનાઓ, કોઈ વિગતવાર અંગત પ્રસંગ એટલે કે એપિસોડિક મેમરી તરીકે, ફરીથી આપણને પાછી કેમ મળતી નથી?

દાદીમાની વાર્તાની જેમ, બદલાતી યાદ

સ્મૃતિ વિજ્ઞાનમાં મગજના જે ચેતાકોષીય જૂથમાં, ચોક્કસ યાદ સંગ્રહાયેલી હોય, તેને 'એન્ગ્રામ' કહેવામાં આવે છે. આ એન્ગ્રામ અથવા સ્મૃતિચિહ્નોને શોધી કાઢવાની વૈશ્વિક મથામણમાં, આ બંને વૈજ્ઞાનિકોનું યોગદાન પાયાનું રહ્યું છે. જૉસેલિનની લેબોરેટરી ખાસ કરીને એ દિશામાં કામ કરી રહી છે કે 'મગજના અબજો ન્યુરોન્સમાંથી, છેવટે કયા ચોક્કસ ચેતાકોષો? કોઈ નવી ઘટનાને સ્મૃતિપટલ પર 'પકડી' રાખે છે.

જો તબીબી પારિભાષિક ગૂંચવણો છોડીને, સાદી સરળ ભાષામાં સમજીએ તો, માનવ સ્મૃતિ એ કબાટના કોઈ ખાનામાં, કાયમ માટે સાચવી રાખેલો કોઈ જૂનો સ્થિર ફોટોગ્રાફ નથી. માનવ મગજનો હિપ્પોકેમ્પસ નામનો ભાગ, નવી યાદોનું નિર્માણ કરવામાં કેન્દ્રવર્તી એન્જિન જેવો છે. જે ક્યારેય એકલદોકલ કામ કરી શકતો નથી. ઘટનાની સ્મૃતિ ઘડવા માટે આંખોની દૃષ્ટિ, અંતરની લાગણી, ભાષા અને સેરેબ્રલ કૉર્ટેક્સમાં ચાલતો લાંબા ગાળાનો સંગ્રહ, આ બધાં ન્યુરલ નેટવર્ક્સનું એક વિશાળ સંકુલ જાળું એકસાથે કામ કરે છે. શિશુઅવસ્થામાં મગજનું, આ આખું બાયોલોજિકલ નેટવર્ક હજી કાચું હોય છે. જે ધીમે ધીમે બંધાઈ રહ્યું હોય છે.

બીજી સૌથી મહત્ત્વની હકીકતએ છે કે 'યાદ જ્યારે પણ તાજી કરવામાં આવે છે, ત્યારે તે દર વખતે મગજમાં ફરીથી રચાય છે.' આપણા ઘરમાં દાદીમા, એકની એક જૂની વાર્તા દર વખતે પોતાની શૈલીમાં, થોડી નવી રીતે ઉમેરો કરીને કહે છે. બરાબર એ જ રીતે આપણું મગજ, ભૂતકાળને વાગોળતી વખતે, મૂળ અનુભવમાં પાછળથી સાંભળેલી જાણકારી, પોતાની કલ્પનાઓ અને કુટુંબીજનોએ કહેલી, નવી વાતોને અજાણતાં જ ભેળવી દે છે. આવા સમયે એ પારખવું અશક્ય બની જાય છે કે 'આમાંથી કઈ વિગત તેણે પોતે પ્રત્યક્ષ અનુભવી હતી? કઈ વિગત વાતો સાંભળીને મગજે ઉપજાવી કાઢી હતી?' મનોવૈજ્ઞાનિક પરિભાષામાં, આ ગૂંચવણને સ્રોત-નિરીક્ષણ એટલે કે સોર્સ મોનિટરિંગની મર્યાદા કહેવાય છે. હાર્વર્ડ યુનિવર્સિટીના જાણીતા મનોવિજ્ઞાની ડેનિયલ શૅક્ટર, પોતાના પુસ્તક 'ધ સેવન સિન્સ ઑફ મેમરી'માં, સ્મૃતિની આવી નિર્દોષ ભૂલને 'મિસઍટ્રિબ્યુશન' તરીકે ઓળખાવે છે. આ સિદ્ધાંત પ્રયોગશાળાઓમાં પણ વારંવાર પુરવાર થયો છે.

યાદ ભૂંસાઈ નથી, રસ્તો ખોવાયો છે?

પ્રખ્યાત વિકાસલક્ષી મનોવિજ્ઞાની પેટ્રિશિયા બૉઅર, આ ઘટનાને મગજનો એક સુગ્રથિત અને ક્રમિક વિકાસ ગણે છે. તેમના મતે, બાળપણથી લઈને પુખ્તાવસ્થા સુધીમાં, મગજમાં કોઈ અનુભવ નોંધાવાની, સચવાવાની, ગોઠવાવાની અને જરૂર પડે ત્યારે, તેને ફરીથી પાછો મેળવવાની જૈવિક પદ્ધતિઓ સતત પરિવર્તન પામતી રહે છે. આ જ દિશામાં આગળ વધીને, વર્ષ ૨૦૧૨માં જાણીતા ન્યુરોવૈજ્ઞાનિકો શીના જૉસેલિન અને પૉલ ફ્રેન્કલૅન્ડની જોડીએ, એક અનોખી વૈજ્ઞાનિક પરિકલ્પના રજૂ કરી હતી. તેમણે મગજના મુખ્ય સ્મૃતિ કેન્દ્ર એવા હિપ્પોકેમ્પસમાં, સતત પેદા થતા નવા ચેતાકોષો એટલે કે ન્યુરોજેનેસિસની પ્રક્રિયા, જૂની જમા થયેલી યાદોના વાયરિંગને અસર કરે છે? કે કેમ?એ અંગેના ઊંડા સંશોધનોની વિસ્તૃત સમીક્ષા કરી છે. તેઓ પ્રયોગશાળામાં સાદાં, રંગબેરંગી રમકડાંઓની મદદથી, શિશુઓની યાદશક્તિ, ગ્રહણશક્તિ અને યાદ રાખવાની ક્ષમતાની ચોક્કસ ચકાસણી કરે છે.

તેમના દ્વારા લખાયેલા પ્રખ્યાત સંશોધન ગ્રંથ 'રિમેમ્બરિંગ ધ ટાઈમ્સ ઑફ અવર લાઈવ્ઝ : મેમરી ઈન ઈન્ફન્સી એન્ડ બિયોન્ડ'ને, કૉગ્નિટિવ ડેવલપમેન્ટ સોસાયટી તરફથી, અત્યંત ગૌરવપૂર્ણ 'બુક ઑફ ધ યર'નો એવોર્ડ એનાયત થયો હતો. વર્ષ ૨૦૧૪માં પેટ્રિશિયા બૉઅરે, સંશોધક મરિના લાર્કિના સાથે મળીને, એક સીમાચિહ્નરૂપ પ્રયોગ કર્યો હતો.

તેમણે માત્ર ત્રણ વર્ષની વય ધરાવતાં, નાનાં ભૂલકાંઓની તાજી યાદોની, વિગતવાર નોંધ લીધી હતી. ત્યારબાદ વર્ષો પછી, એ જ બાળકો જ્યારે મોટાં થયાં ત્યારે, તેમની સ્મૃતિની પુનઃ ચકાસણી કરવામાં આવી હતી. આ પ્રયોગનું પરિણામ ચોંકાવનારું હતું :બાળકની ઉંમર સાતેક વર્ષની આસપાસ પહોંચે છે, ત્યારે તેની ત્રણ વર્ષની વયની, પેલી બાળપણની સ્મૃતિઓ રહસ્યમય રીતે ધૂંધળી અને ઝાંખી પડવા લાગે છે!

બૉઅરના ઊંડા વિશ્લેષણ મુજબ, માનવીય મગજમાં જ્યારે ભાષા અને પોતાના ખુદના અસ્તિત્વની સભાનતા એટલે કે 'હું'ની ભાવના આકાર લે છે. ત્યારે જ વ્યક્તિગત યાદોનું કાયમી જોડાણ રચાવું સરળ બને છે. માતા-પિતા બાળકની સાથે ભૂતકાળની વાતો, જે રીતે વાગોળે છે. એ સામાજિક સંવાદ, બાળપણની સ્મૃતિને સ્થિર માળખું આપવામાં, ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આ વાત કોઈ વિજ્ઞાનકથા નથી, પરંતુ આપણા દરેકના બાળપણને સીધી સ્પર્શતી વાસ્તવિકતા છે.

ન ભૂંસાયેલું, ન અકબંધ : સત્યની વચ્ચેની ભૂમિ

વર્ષ ૨૦૨૧માં પ્રકાશિત થયેલા, એક રસપ્રદ સંશોધન અભ્યાસ 'વૉટ ઈઝ યોર અર્લિયેસ્ટ મેમરી? ઈટ ડિપેન્ડ્સ' મુજબ, કોઈ પણ વ્યક્તિની સૌથી જૂની યાદ કઈ ઉંમરની છે? તેનો આધાર સંશોધક દ્વારા, તેને કઈ ઢબે અને કેવો પ્રશ્ન પૂછવામાં આવે છે? તેના પર રહેલો છે!

સમયના પ્રવાહમાં ફરી એકવાર, વિજ્ઞાનના ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરીએ તો, એક વાત દીવા જેવી સ્પષ્ટ થાય છે : 'ઈન્ફન્ટાઈલ એમ્નેસિયા' પાછળ, કોઈ એકલદોકલ વૈજ્ઞાનિક કારણ જવાબદાર નથી. આજના ન્યુરોસાયન્ટિસ્ટ્સ એ સમજવા મથી રહ્યા છે કે 'બાળકના મગજનો કુદરતી વિકાસ, વિસ્મૃતિ એટલે કે ભૂલવાની જૈવિક પ્રક્રિયા, ભાષાનું ઘડતર, સામાજિક વાતચીત અને પોતાની જાતનો એક અંગત ક્રમબદ્ધ ઈતિહાસ ગોઠવવાની માનસિક શક્તિ, આ બધું ભેગું મળીને સ્મૃતિનું સંચાલન કેવી રીતે કરે છે? જો કોઈ બાળપણની યાદ, સભાનપણે આપણા ધ્યાનમાં ન આવતી હોય, તો તેનો અર્થ એવો કદાપિ નથી કે 'મગજમાંથી એ માહિતી કાયમ માટે, કચરાપેટીની જેમ ભૂંસાઈ ગઈ છે! સાથોસાથ એ જૂની યાદ અંદર ક્યાંક અખંડ અને અકબંધ સ્વરૂપે સચવાયેલી જ પડી છે. તેવો હઠાગ્રહ રાખવો પણ, વિજ્ઞાનની દ્રષ્ટિએ ભારે ઉતાવળ ગણાશે.

'એન્ગ્રામ' પરનું સંશોધન, ભવિષ્યમાં ભયાનક આઘાતજનક ઘટનાઓ પછી થતા, પોસ્ટ-ટ્રૉમેટિક સ્ટ્રેસ ડિસઑર્ડર અને સ્કિઝોફ્રેનિયા જેવા ગંભીર માનસિક રોગોની, સચોટ સારવાર શોધવા માટે વરદાનરૂપ નીવડી શકે છે. જોકે આ દિશાનું સંશોધન હાલના તબક્કે મુખ્યત્વે ઉંદરો પર સફળતાપૂર્વક ચકાસાયું છે. અહીં સૌથી મોટો પડકાર, લોકપ્રિય વિજ્ઞાન લખાણોમાં ઊભો થતો અતિસરળીકરણનો છે. અખબારો કે માધ્યમો ઘણીવાર આવા ગહન તારણોને, બે અત્યંત પાતળા અને ભ્રામક સૂત્રોમાં વહેંચી નાખે છે. કાં તો એવું માની લેવાય છે કે 'બાળકનું મગજ બધું સાફ કરી નાખે છે', અથવા એવો અંધવિશ્વાસ કેળવાય છે કે 'જે યાદ મનમાં આટલી ચોખ્ખી દેખાય તે સાચી જ હોવી જોઈએ!' વાસ્તવિકતામાં આ બંને દાવા અધૂરા અને વૈજ્ઞાનિક રીતે અપરીપક્વ છે. આખરે માનવ મગજ એક જાદુઈ કેલિડોસ્કોપ છે. જ્યાં હકીકત અને કલ્પના વચ્ચેની ભેદરેખા હંમેશાં આછી અને રહસ્યમય બની રહે છે.

પ્રાણચિકિત્સા : મન, શરીર અને ઊર્જાનું સંતુલન

પ્રાણોઽસ્મિ પ્રજ્ઞાત્મા।
તં મામાયુરમૃતમિત્યુપાસસ્વ।
આયુ પ્રાણ : પ્રાણો વા આયુ :।
યાવદસ્મિન્ શરીરે પ્રાણો વસતિ તાવદાયુઃ।
પ્રાણેન હયેવાસ્મિન્ લોકેઽમૃતત્વમાપ્નોતિ॥

હું પ્રાણસ્વરૂપ પ્રજ્ઞાત્મા છું. મારી આયુષ્ય અને અમૃતસ્વરૂપ માની ઉપાસના કરો. પ્રાણ જ આયુષ્ય છે અને આયુષ્ય જ પ્રાણ છે. જ્યાં સુધી શરીરમાં પ્રાણ રહે છે ત્યાં સુધી જીવન રહે છે. પ્રાણ દ્વારા જ આ જગતમાં અમૃતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

- સાંખ્યાયન, આરણ્યક-૫-૨

યથાગ્નેર્જ્વલત : સર્વા દિશો
વિસ્ફુલ્લિંગા વિપ્રતિષ્ઠેરન્
એવમેવૈતસ્માદાત્મનઃ પ્રાણા :।

અગોચર વિશ્વ

દેવેશ મહેતા


જે રીતે સળગતા અગ્નિથી ચારે દિશાઓમાં તણખા નીકળે છે તે રીતે જ આત્મામાંથી પ્રાણોનો પ્રાદુર્ભાવ થાય છે.

- કૌષીતકિ બ્રાહ્મણોપનિષદ-૩-૩

પ્રાણ સંસ્કૃત શબ્દ છે. તે પ્ર અને અન્ પરથી બનેલો છે. તેનો અર્થ જીવન શક્તિ કે ચેતના શક્તિ એવો થાય. જે પ્રાણને ધારણ કરે, પ્રાણથી યુક્ત હોય તે 'પ્રાણી' કહેવાય. પ્રાણ આત્માનો ગુણ છે. તે પર બ્રહ્મથી પ્રગટ થયેલો તેમનો અંશ છે. પ્રાણશક્તિ બ્રહ્મચેતનાની તેજસ્વી ઊર્જા છે. સૃષ્ટિમાં જે ચૈતન્ય દ્રશ્યમાન થાય છે તેનું મૂળ કારણ પ્રાણ છે.

યોગનું એક મહત્ત્વનું અંગ છે- પ્રાણાયામ. પ્રાણાયામ પ્રાણશક્તિને વધારી પ્રબળ બનાવે છે. આપણને આ પ્રાણશક્તિ શ્વાસ દ્વારા લેવાયેલા વાયુમાંથી મળે છે. પ્રાણ અને શ્વાસ હમેશાં એકબીજા સાથે જોડાયેલા જ રહે છે. પ્રાણશક્તિની પ્રાપ્તિના મુખ્ય ત્રણ સ્તોત્ર છે. સૂર્ય, વાયુ અને ભૂમિ, સૂર્ય પ્રકાશમાંથી મળતી પ્રાણશક્તિને સૌર પ્રાણશક્તિ કહેવાય છે. હવા દ્વારા મળતી પ્રાણશક્તિને વાયુ પ્રાણ શક્તિ અને પૃથ્વીમાંથી મળતી પ્રાણશક્તિને ભૂ-પ્રાણશક્તિ કહેવાય છે.

આ પ્રાણશક્તિના ઉપયોગથી ઉપચાર કરવાની પદ્ધતિને પ્રાણિક હીલિંગ કહેવામાં આવે છે. આમ તો પ્રાણ ઉર્જાથી ઉપચાર કરવાની આ વિદ્યા સદીઓ જૂની છે, પણ તેને આધુનિક યુગને અનુકૂળ, સરળ અને વૈજ્ઞાનિક બનાવવાનું શ્રેય ગ્રાંડ માસ્ટર ચોઆ કોક સુઈ (Choa kok sui)ને જાય છે. તે એક ફિલિપિનો-ચીન મૂળના કેમિકલ એન્જિનિયર અને આધ્યાત્મિક ગુરુ હતા. તેમણે ૩૦ થી વધારે વર્ષો સુધી ચિકિત્સકો, ડોકટરો અને વિજ્ઞાનીઓ સાથે મળીને ઊર્જાના નિયમો પર સંશોધન કર્યું તેમણે એ વાતનું વૈજ્ઞાનિક વર્ગીકરણ કર્યું કે કઈ બીમારીમાં કયું ચક્ર પ્રભાવિત થાય છે



અને તેને કેવી રીતે શુદ્ધ કરી સશક્ત કરવું.

પ્રાણિક હીલિંગ ખરેખર કેટલું અસરકારક છે તે જાણવા બેઈજીંગના ચાઈના ઈમ્યુનોલોજી સેન્ટરમાં ઉંદરો પર એક અદ્ભુત પ્રયોગ કરાયો હતો. ડી.બી.એ. ઉંદરની લ્યુકેમિયા (બ્લડ કેન્સરવાળી) ૧૨૧૦ કોશિકાઓ પર પ્રાણિક હીલિંગ દ્વારા પ્રાણશક્તિનો પ્રવાહ વહેવડાવવામાં આવ્યો હતો. પ્રયોગ માટે પસંદ કરાયેલા ઉંદરોના એક સમૂહને દસ દિવસ સુધી પંદર મિનિટ માટે પ્રાણિક હીલર્સ દ્વારા પ્રાણ શક્તિ ઉત્સર્જિત કરાઈ હતી. જ્યારે નિયંત્રિત જૂથ પર પ્રાણ ચિકિત્સા આપવામાં આવી નહોતી. પ્રયોગનું પરિણામ ખરેખર આશ્ચર્યજનક હતું. પ્રયોગને અંતે જોવામાં આવ્યું હતું કે જેમને પ્રાણશક્તિનો ઉપચાર આપવામાં આવ્યો હતો તે ઉંદરોમાં કે.એલ.૧૨૧૦ (KL 1210) કોશિકાઓ સારા એવા પ્રમાણમાં ઘટવા લાગી હતી. એથી ઊલટું, જેમને પ્રાણિક હીલિંગ આપવામાં આવ્યું નહોતું એ ઉંદરોની કેન્સરવાળી કોશિકાઓમાં કોઈ ઘટાડો થયો નહોતો. આ પ્રયોગ પરથી સાબિત થયું કે પ્રાણ શક્તિ પર આધારિત આ ઉપચાર પદ્ધતિ કેન્સર જેવા ગંભીર અને જીવલેણ રોગોને પણ દૂર કરવા મદદરૂપ બને છે.

આવા એક બીજા પ્રયોગ દરમિયાન એક જૂથને ગિગાંગ માસ્ટર્સે પ્રાણિક હીલિંગ આપ્યું હતું અને બીજા જૂથને તે આપ્યું નહોતું પ્રયોગને અંતે જોવામાં આવ્યું હતું કે જેમને

શરીરના રોગોને દૂર કરી કોષોને નવજીવન પ્રદાન કરે છે. પ્રાણિક હીલિંગ માત્ર એક ચિકિત્સા પદ્ધતિ જ નથી, પણ બ્રહ્માંડીય ઉર્જાને સંચાલિત કરવાનું એક સંપૂર્ણ વિજ્ઞાન છે

પ્રાણશક્તિનો ઉપચાર આપવામાં આવ્યો હતો તે જૂથની ઈમ્યૂનિટી (રોગ પ્રતિકારક શક્તિ) અત્યંત વધી ગઇ હતી. પ્રાણશક્તિ પેરિટોનિયલ મેક્રોફેગસ ફેગોસાઈટિક (Peritioneal macrophages ફેગોસાઈટિક) પ્રક્રિયામાં સારા એવા પ્રમાણમાં વૃદ્ધિ કરે છે. તેથી ઈમ્યૂનિટી વધે છે અને ગંભીર રોગો પણ દૂર થાય છે.

ગ્રાન્ડ માસ્ટર ચોઆ કોક સુઈએ તેમના પ્રસિદ્ધ પુસ્તક મિરેકલ્સ થ્રુ પ્રાણિક હીલિગ (Miracles Through pranic Healing) માં એવા અનેક કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો છે. જેમાં પ્રાણશક્તિના ઉપચારથી બીમારીઓ દૂર થઈ જવા પામી હતી. તેમણે અસ્થમા અને જૂની ઉધરસના દર્દીઓ પર ફેફસાં અને ચક્રોમાંથી દૂષિત ઊર્જા દૂર કરી તેમાં પ્રાણશક્તિ ભરી હતી તો તેમની તકલીફો દૂર થઈ ગઈ હતી. તેમના શ્વાસ અને શ્વસન સંબંધી રોગો (Resplratory Ailments) માં ઝડપથી રાહત મળી હતી. તેનાથી માઈગ્રેન અને ઘા રૂઝાવાની બાબતમાં પણ ફાયદો થયો હતો.

આત્રેય નામના પ્રાણિક હીલરે પ્રાણોપચારથી એક સ્ત્રીની ઓવેરિયન (Ovarian cyst) દૂર કરી દીધી હતી. સાન ફ્રાન્સિસ્કોના એક મનોવિજ્ઞાનીને માઈગ્રેન અને સાયેટિકાની ભારે તકલીફ હતી. આત્રેયે પ્રાણશક્તિનો ઉપચાર કર્યો તે પછી તે જીવનભર માટે દૂર થઈ ગઈ હતી. પ્રાણીઓને જીવન આપનારી વાઈટલ એનર્જી આ પ્રાણશક્તિ જ છે. તે જ શરીરના રોગોને દૂર કરી કોષોને નવજીવન પ્રદાન કરે છે. પ્રાણિક હીલિંગ માત્ર એક ચિકિત્સા પદ્ધતિ જ નથી, પણ બ્રહ્માંડીય ઉર્જાને સંચાલિત કરવાનું એક સંપૂર્ણ વિજ્ઞાન છે.

મોંસૂઝણું : અજવાળાની ઓકળિયો

આજમાં ગઈકાલ

ભગીરથ બ્રહ્મભટ્ટ

સૂર્ય પૂર્ણ રીતે પ્રકાશ્યો ના હોય, અને રાત્રિએ પણ પોતાનો પ્રભાવ પૂર્ણપણે છોડ્યો ન હોય એવી સંધિક્ષણો મોં સૂઝણાની હોય છે. કેટલાક તેને ભળભાંખરું ને કેટલાક પરોઢ કહેતા હોય છે. કંઈક ઝાંખીપાંખી, અકળ અને નામ ન આપી શકો એવી પળોને જે સાચવીને જે બેઠું છે એ મોં સૂઝણાંની અકળ પળોનું પણ આગવું આકર્ષણ હોય છે. રાત્રિના અંધકાર ઉપર અદ્રશ્ય પીંછી ફર્યા જ કરતી હોય છે, એને પરિણામે અંધકાર એનો મૂળ રંગ ગુમાવે છે અને પલટાયેલો તેજસભર નૂતન રંગ ધારણ કરે છે. અંધારામાં આછા ઉજાસનું મેળવણ પડે છે પરિણામે દૂધનું દહીંમાં રૂપાંતર થાય એમ અંધારમાં પણ કશીક અદ્રશ્ય રાસાયણિક - અલૌકિક પ્રક્રિયા થાય છે - એ શું થાય છે તેની ખબર નથી પડતી, પણ એના પરિણામથી કશુંક થયાની પતીજ અવશ્ય પડે છે. મોંસૂઝણું એ સૂરજનો ભરોસો કે સવારની ખાતરી ? મોંસૂઝણું એ સૂરજદેવની શ્રદ્ધા કે અંધારાનું છેલ્લું પગથિયું ? મોં સૂઝણું એટલે તળેટીમાંથી બહાર નીકળવાનો આનંદ કે શિખરે પ્હોંચવાની અપાર પ્રસન્નતા !

અંધકાર રતુંબડો કેવી રીતે થતો હશે ? કાળા રંગમાં ક્યો રંગ ઉમેરવાથી રતુમ્બી તમસનાં ચિત્રો કંડારાતાં હશે ? ક્યા ચિતારા પાસે આ કસબ હશે ! માપનું અને માફકસરનું નિરખવા ટેવાયેલી આંખો અમાપ અને વિરાટનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે. પ્રકૃતિ અમાપની દાત્રી છે. કુદરત હંમેશાં વિસ્મયના પ્રવેશદ્વારથી માણસને વિરાટનાં - વ્યાપકતાનાં દર્શન કરાવે છે. છાસવલોણાના અવાજમાં પણ અંધારું જ વલોવાય છે પછી તેમાંથી ઊજળું માખણ નીકળે છે, 'ભળભાંખરું થયું છે સૂરજ કદાચ ઊગે' આવી કાવ્ય પંક્તિ પણ ભળભાંખરાને સૂરજની પ્રસ્તાવના સમજે છે. રાત પડે છે ત્યારે અંધારું તળાવમાં ન્હાવા પડે છે ને નદીમાં વાયુ વિહાર કરે છે. વૃક્ષો ઉપર કામળો થઈને સૂઈ જાય છે અને કૂવાની બખોલમાં સંતાઈ જાય છે અંધારું, પૃથ્વીના પટ ઉપર આંખો મીંચીને તપ કરવા બેસી જાય એ પણ અંધારું, જંગલની ડાળે ડાળે હિંચકા ખાતું અંધારું 'મોં સૂઝણા' ટાણે પોતાનું કરવટ પણ બદલે છે. બિડાઈ ગયેલી લજામણી જેમ આછેરા સ્પર્શથી જ પોતાનો પાલવ ઊંચો કરે એમ સૃષ્ટિ ઉપર સંચાર થવા માંડે છે. પનિહારીઓ ગામને કૂવે બેડાં ગોઠવી અંધારામાં ડોલ પાશી ગરગડી વાટે અંજવાળાં તાણીને જ્યારે બહાર લાવે છે ત્યારે એ અંજવાળે તેમનાં બેડાં ઊજળાં થઈ જતાં હોય છે. મંદિરની ફરકતી ધજા અંધારાં માટે લાલ અને અજવાળાં માટે લીલા રંગનું સિગ્નલ બની જાય છે. મંદિરમાં દીવો પ્રગટે છે, એ દીવાના અજવાળે નગારાં વાગે છે - આરતી થાય છે - ઘંટ વાગે છે - એ અંધારાની વિદાય માટેનો સમારંભ છે કે આવતા સૂર્યનો સત્કાર સમારંભ ? નક્કી નથી થતું, પણ મંદિરના મંગલસૂરો ગામની કાયામાં નૂતન સંચાર અવશ્ય પેદા કરે છે.

ભજનિકના એકતારા સાથે અંધારામાં મંજિરાનો જે સંવાદ રચાય છે તેમાંથી મળસ્કુ જન્મે છે. પંખીઓ વિદાય આપવાનું અને અજવાળાને આવકારવાનું બે કામ એક સાથે જે કરી શકે છે એ મોંસૂઝણું, ભળભાંખળુ !

અંધારાના ગર્ભમાંથી શ્રીકૃષ્ણનો જન્મ થયો છે અને અજવાળાની નાભિમાંથી શ્રીરામનો જન્મ થયો છે. બંનેનો અપાર મહિમા છે - અંધારાની અવેજીમાં અજવાળું નથી અને અજવાળાની અવેજીમાં અંધારું પણ નથી. બંને છે. બંનેની હાજરીમાં જ કૃષ્ણ છે અને રામ છે. કૃષ્ણનામનું અજવાળું માથે મેલી વસુદેવ જમુનાજીમાં પડ્યા અને અંધારા વચ્ચે



માળા છોડીને નભમાં વિહાર કરે છે ત્યારે તેમની પાંખોમાંથી વિદાય લેતા અંધારાનો પાંખો ફફડાટ વેરતી હશે કે આવનારા અજવાળાનો ફફડાટ પથરાતો હશે ? પર્વતો જાણે કે અંધારાનો ઊંચો ઢગલો! અને વૃક્ષો અંધારાની જાણે ઢગલીઓ! ગામના પાદરમાં એકલ દોકલ ઢોર અજવાળું શોધવા નીકળી પડે છે અને ગાયોને ખબર આપે છે - ગાયો અજવાળે અજવાળાં ચરવા નીકળી પડે છે, જેને અજવાળાની કેડી રચાઈ ગઈ... એ કેડી ભલે શાસ્ત્રોમાં લખાઈ હોય, પૌરાણિક કથા હોય પણ તમે રોજ સવારે, ભળભાંખળા ટાણે, મોંસૂઝણા વખતે એ કેડી અવશ્ય જોઈ શકો છો. સૂરજ નામનું અજવાળું પૃથ્વી પર ઉપર અંધારાના દરિયામાં કેવી અલગ કેડી કંડારે છે ! રોજ તમે એ કેડીનાં દર્શન કરી શકો, એનું સૌંદર્ય ક્યાં ઓછું હોય છે !

મોંસૂઝણું એટલે મોં દેખાય ન દેખાય, અસ્પષ્ટ, ઝાંખુપાંખું ઉકેલાય, અજવાળા-અંધારાનું સંમિશ્રણ સ્પષ્ટ ઓળખ ન થાય એવી ઝાંખપ વાળું અજવાળું અંધારું પણ એ ઝાંખપ, એ મોંસૂઝણું એ ભળભાંખળું જ અજવાળાની ખાતરી છે. ભોરનો ભરોસો છે. સૂરજનો વિશ્વાસ છે. દિવસ થવાની આશા છે. આપણે એવા અજવાળાને આવકારતા મોંસૂઝણાને પણ વધાવીએ. થોડીક જ પળોમાં અંધારું સોનેરી થઈ જતું હોય છે, આમ મોંસૂઝણાના મુખમાં જ અજવાળાનાં બ્રહ્માંડી દર્શન થતાં હોય છે.

અંધારામાં આછા ઉજાસનું મેળવણ પડે છે પરિણામે દૂધનું દહીંમાં રૂપાંતર થાય એમ અંધારમાં પણ કશીક અદ્રશ્ય રાસાયણિક - અલૌકિક પ્રક્રિયા થાય છે...

આપણે ગોધણ કહીએ છીએ. ગાયોના પગથી ઉડતી ગોરજમાં અને ગાયોના ભાંભરવાના અવાજમાં અજવાળાના અણુઓ ઊતરી આવતાં હોય છે.

ગામડાના પાદરનું પગલું ફળિયે ફળિયે ટહેલ નાખી ફળિયાને જગાડે છે ત્યારે આળસ મરડીને અંધારાને ભાગી જવાની અને સ્ફૂર્તિને દાખલ થવાની ફરજ પડતી હોય છે. મોડા ઊઠવા ટેવાયેલાં બાળકો સૂરજની ઉપેક્ષા કરે છે અને ભજનિકોના એકતારામાં અજવાળાનો તાર ત્રમ્મ ત્રમ્મ ત્રમ્મ અવાજ કરતો હોય છે. અંધારાને

મંત્રરૂપી બીજ અને સિદ્ધિરૂપી ફળ!

સનાતન તંત્ર

બ્રહ્મચારી પરખ ઓમ

વાક્-સિદ્ધિ પ્રદાન કરનારા વાગ્બીજની સાધનામાં જે વિનિયોગ ઉપયોગમાં લેવાય છે, એના વિશે ગયા અઠવાડિયે વિસ્તારમાં વાત માંડી હતી. વિનિયોગના છ અંગોમાંના બે 'ઐં' બીજ અને 'હ્રીં' શક્તિના હોવા પાછળનું કારણ જાણવાની સમજૂતી હવે આગળ વધારીએ.

વાગ્બીજ અર્થાત્ 'ઐં' બીજમંત્રનો વિનિયોગ :

ॐ अस्य सरस्वती मन्त्रस्य ब्रह्मा ऋषिः
गायत्री छन्दः महासरस्वती देवता
ऐं बीजम् ह्रीं शक्तिः
मम सर्वाभीष्टसिद्धये जपे विनियोगः।

બ્રહ્મા ઋષિ છે અને દેવતા મહાસરસ્વતી છે, 'ઐં' બીજ છે. આમ છતાં 'હ્રીં' શક્તિ કેમ? હ્રીં તો માયાબીજ છે, મા લક્ષ્મી, ત્રિપુરસુંદરી અને ભુવનેશ્વરીનો બીજમંત્ર છે. જોવા જેવી વાત એ છે કે સાધના વાગ્બીજ અર્થાત્ દેવી મહાસરસ્વતી અને મા માતંગીની છે. આ સાધનાના વિનિયોગમાં મા લક્ષ્મીના બીજમંત્રનું શું પ્રયોજન?

ભારતના અંતરિયાળ વિસ્તારોમાં એક લોકપ્રચલન છે. આજકાલ તો મેટ્રોસિટીના લોકો પણ આમાં વિશ્વાસ ધરાવે છે. એમનું માનવું છે કે મા લક્ષ્મી હંમેશા જિજ્ઞાસુ બનીને મા સરસ્વતીની પાછળ જાય છે. દેવી સરસ્વતી શું કરી રહી છે, એમનો નિવાસ ક્યાં છે એ જાણવામાં દેવી લક્ષ્મીને બહુ રસ! જ્યાં દેવી સરસ્વતી જાય, એમની પાછળ પાછળ મા લક્ષ્મી પણ એ સ્થાન પર સ્થિર થાય.

આખી વાતનું તાત્પર્ય એ કે જ્ઞાન થકી સમૃદ્ધિ આપોઆપ પ્રાપ્ત થાય છે. ધ્યાન માત્ર જ્ઞાન કેન્દ્રિત કરવામાં હોય, તો ઐશ્વર્ય અને સંપત્તિ તો મળવાના જ છે! આથી, પ્રાચીન ભારતમાં રંકથી માંડીને રાજા સુધીના લોકોએ પોતાના સંતાનને ગુરુકુળમાં જ શિક્ષા આપવી એવો નિયમ હતો. આ વાત સુદામા જેવા ગરીબથી માંડીને શ્રીકૃષ્ણ સમાન અવતારી બાળક અને શ્રીરામ સમાન રાજકુમારને પણ લાગુ પડતી. શિક્ષા પૂર્ણ કર્યા પછી સૌકોઈ પોતપોતાનો સ્વધર્મ નિભાવવા નીકળી પડતા. સૌને એ વાતની જાણ હતી કે જ્ઞાન વિના પ્રાપ્ત થતું ઐશ્વર્ય ક્ષણિક હોય છે. વગર શિક્ષાએ પ્રાપ્ત થતી સમૃદ્ધિ અથવા સંપત્તિ લાંબા સમય સુધી સ્થિર રહેતી નથી. શ્રી અર્થાત્ લક્ષ્મી તો આમ પણ ચંચળ જ હોય છે. એમને એક સ્થાન પર સ્થિર અને સ્થાયી રાખવા માટે બે પ્રકારની ઊર્જા સહાયભૂત થઈ શકે. (૧) સ્વયં નારાયણ, જેમના વૈકુંઠમાં લક્ષ્મી સ્થિર છે અને (૨) દેવી સરસ્વતીની કૃપા, જે જ્ઞાન અને વૈરાગ્યના આશીર્વાદ આપી જાણે છે. આથી, આ બે સંજોગો સિવાયના એકપણ વિકલ્પોમાં મા લક્ષ્મીને સ્થાયી કરી શકવા સંભવ નથી. આ કારણોસર, વાગ્બીજના વિનિયોગમાં 'ઐં' બીજ છે અને 'હ્રીં' શક્તિ છે. 'ઐં' અર્થાત્ જ્ઞાનનું બીજ, વૈરાગ્યનું બીજ, વિદ્યાનું બીજ, સદ્બુદ્ધિ પ્રદાન કરનારું બીજ.



ગુજરાતીમાં એક કહેવત છે, 'જેવું વાવો, એવું લણો'! જેવું બીજ હશે, એવું વૃક્ષ ઊગશે. જેવું બીજ હશે, એવું ફળ પાકશે. જેવું વાવશો, એવું જ પ્રાપ્ત કરશો. અહીં અગત્યની વાત એ છે કે મનુષ્યની ચેતનામાં 'ઐં' બીજરૂપી ફળ વાવવા માટે ઋષિ-મુનિઓએ વિનિયોગમાં તેને સ્થાન આપ્યું. જો ચિત્તમાં વાગ્બીજ વાવવામાં આવે, દેવી સરસ્વતીને મસ્તિષ્કમાં સ્થાયી થવાની પ્રાર્થના કરવામાં આવે, તો ભવિષ્યમાં જે ફળ પ્રાપ્ત થશે, એના લીધે મનુષ્ય છકી નહીં જાય, મોહાંધ નહીં થાય.

'ઐં' આખા સંસારની ઉત્પત્તિ માટેનું કારણભૂત બીજ છે. ભગવાન બ્રહ્મા હોય કે પછી મધુ-કૈટભ સમાન રાક્ષસ, બંનેને ફળ આપનારું બીજ છે આ!

વિદ્યાનું બીજ આગળ જઈને વિદ્યા જ આપશે. સાથોસાથ, મા લક્ષ્મીની કૃપા પણ લઈને આવશે. આથી, એ સમયે માણસની બુદ્ધિ સ્થિર રહે, એ કુંઠિત ન થઈ જાય એ માટે બીજનું વાવેતર સાત્ત્વિક હોય, એ સુનિશ્ચિત કરવું જરૂરી છે. 'ઐં' આખા સંસારની ઉત્પત્તિ માટેનું કારણભૂત બીજ છે. ભગવાન બ્રહ્મા હોય કે પછી મધુ-કૈટભ સમાન રાક્ષસ, બંનેને ફળ આપનારું બીજ છે આ! હવે એ નિર્ણય સાધકના હાથમાં રહે છે કે તેણે બ્રહ્મા બનીને સાત્ત્વિક રીતે પોતાના જીવનમાં નિર્માણની પ્રક્રિયા આગળ વધારવી છે કે પછી મધુ-કૈટભ બનીને તામસિકરૂપે અવિદ્યા પ્રાપ્ત કરવી છે!

વિનિયોગમાં આગળ 'હ્રીં' શક્તિ કેમ છે, એના વિશે આવનારા અંકે વાત કરીશું.

રામાયણ પાર્ટ ૧ની મજા : ભારતના સંસ્કારવારસાની ફિલ્મી પડદે લહેરાતી વિશ્વવિજયી ભવ્ય ધજા!

સ્પેક્ટ્રોમીટર
જય વસાવડા



સૌથી મોટી ચેલેન્જ જ રામાયણ જેવી સ્ટોરી ગ્રાન્ડ સિનેમેટિક કેનવાસ પર કહેવામાં શું આવે ? એ વાર્તા જે સદીઓથી ભારતમાં બચ્ચા બચ્ચાને મોઢે છે, હિંદુ ના હોય એ પણ જાણે છે....એ રામકથાને નવી રીતે કેમ કહેવી જેમાં દેશમાં પણ વખણાય ને પરદેશમાં તો છવાઈ જ જાય !

આ અઘરી કસોટીછે. એવું શું નવું થાય તો એ તે પડદા પરથી નજર જ ન હટાવે? અને જૂનું વળી સાવ બદલાવું ના જોઈએ. દિવ્ય પાત્રો માટે જડબેસલાક આદર દેખાવો જોઈએ. લોકોની આસ્થા પણ અકબંધ રહે ને એના વગરની ફોરેન જનરેશન પણ કનેક્ટ થવી જોઈએ. બેધારી તલવાર જેવો ઘાટ છે. લોકો બધું જાણે છે એટલે આપોઆપ ખેંચાણ અનુભવશે, અને એટલે જ ''આ આમ કેમ નથી'' જેવા સાસુછાપ વાંધાવચકા કાઢ્યા કરશે. બજેટ અને એટલે જોખમ મોટું છે તો કંઈ ભારત એક ખોજ જેવી નવતર પ્રયોગશીલ નાટક જેવી મોડર્ન આર્ટ ફિલ્મ તો બને નહિ. તો સ્પેક્ટાક્યુલર એન્ટરટેઈનર એવી કઈ રીતે બનાવવી કે જેમાં ડાયરેક્ટરનો એવો આગવો ટચ ઉમેરાતો જાય ?

નવી રામાયણ ફિલ્મ અને એના પ્રતિભાશાળી દિગ્દર્શકની આ અગ્નિપરીક્ષા હતી. ફિલ્મ એમાં બધી નહિ તો ઘણી ખરી જગ્યાએ ઈમર્સિવ (આલીશાન) છે, એટલી જ ઈમ્પ્રેસીવ (છાપ છોડનારી) બની છે. ઇન ફેક્ટ, આ એવી ફિલ્મ છે કે આટલી જાણીતી વાત છતાં એ જોયા પછી એનો ખુમાર કલાકો સુધી ઓસરે નહિ ને મનમાં ફરી ફરી એનું એક્શન રિપ્લે થયા કરે !ભારતમાં અગાઉ ના જોવા મળ્યો હોય એવો એપિક સ્ટોરીનો ગ્રાન્ડ સ્કેલ અને હાન્સ ઝીમરે ત્યારે કરેલું ધમાકેદાર બેકગ્રાઉન્ડ મ્યુઝિક. ગીતો તો આમ પણ એક બે લીટી સિવાય આવતા જ નથી. એના અમુક રાક્ષસોનાં લૂક બાદ કરતા વીએફએક્સ તો જબરદસ્ત છે.

વર્ષોનું તપ પૂરું થાય આપણી વાર્તા આ સ્તરે જોવાનું એનો ધરવ થાય છે આ જોઈને. પણ ઈફેક્ટસ સિવાય ઈમોશન ધરખમ છે ફિલ્મમાં. ડ્રામા ઓવર નથી. ઠહરાવને ખામોશીવાળો છે. પણ હૃદયને સ્પર્શી આંખના ખૂણા ભીંજવે એવો છે. તમે એમાં ખોવાઈ જાવ ને ખબર ના પડે સમયની એવું જડબેસલાક નેરેટિવ છે. દીવાલો પરના ચિત્રોની પણ ભવ્યતા અનેરી છે. ફિલ્મ એ સૃષ્ટિમાં ખેંચી જાય છે કે એક યુગમાં દેવતાઓ, અસુરો, મનુષ્યો અને પ્રાણીપંખીઓ એકમેક સાથે સંવાદ કરતા હોય ! કોસ્મિક યુનિવર્સનું એકત્વ.

ને મોટા પડદે જટાયુનો ક્લાઈમેક્સ તો ઓસ્કાર હલાવી દે એવો છે. (કાશ, અનુપમને બદલે અમિતાભનો અવાજ હોત નેરેશનમાં) ઓડિસી તો ફિક્કીફચ લાગે આપણી સતરંગી મલ્ટીલેયર્ડ રામાયણ સામે ! ૮૦ વર્ષમાં ઈન્ટરનેશનલ લેવલ પર આપણા વારસાની ભવ્યતા આવી રીતે ભાગ્યે જ રજુ થઈ છે. આપણા જ દિગ્દર્શક ને કલાકારો ઓસ્કાર જેવી ઓળખના દરવાજે હકથી ટકોરા મારે એવી કૃતિ છે આ, જેમાં ઘણા સીન ટૂંકાવી દેવાયા હોય એવું લાગે પણ એનો મન પર જાદૂ લાંબો સમય મોંઘા પરફ્યુમની જેમ મહેકે છે. આ ફિલ્મ દુનિયાને રસ પેદા કરી શકે એમ છે કે ભારત શું છે, ભારતની પરિવારભાવના શું છે, આપણે કેવા સદગુણોને ઈશ્વર માનીને પૂજીએ છીએ. આપણા રામ કેમ માર્વેલ ડીસીના સુપરહીરોઝથી ક્યાંય ઉપર છે. આપણી સંસ્કૃતિના ઉદાત્ત મૂલ્યો કઈ રીતે વિશ્વથી વધુ મહાન છે. ભારતનો પિંડ કઈ કથાની માટીએ ઘડ્યો છે.

અલબત્ત, ફિલ્મની પટકથા રચવી એટલી આસાન નથી. અહલ્યા છોડો તો નાવ પણ છોડવી પડે. દરેક વખતે કોઈ જૂની ધરોહરને નવી પેઢી સમક્ષ પહોંચાડવા માટે મથે એ સાથે જ એક ચાંપલા ચોખલિયાઓનું ટોળું મધમાખીઓની માફક ડંખ મારવા દોડે 'મૂળ વાર્તામાં આમ નહોતું' ! અરે, બધું મૂળ વાર્તા મુજબ જ કરવાનું હોય તો પછી બે હજાર કરોડની રામાયણની ચોપડીઓ ના વહેંચી દે નમિત મલ્હોત્રા ને નીતિશ તિવારી ?

ઉપરાંત, રામાયણના તો સેંકડો વર્ઝન છે. અનેક એકબીજાથી અલગ લોકકથાઓ છે.એ બધી ધારાઓની ગંગોત્રી વાલ્મીકિ રામાયણ ગણો તો એમાં આજે રામકથામાં સુપર પોપ્યુલર એવો એક દિવસમાં અનેક મુરતિયા આવે એવો સીતા સ્વયંવર નથી. એમાં લક્ષ્મણરેખા નથી. પગ મને ધોવા દો ને રઘુરાયવાળો કેવટ નથી. શ્રવણવાળી નામ વિનાની સંક્ષિપ્ત છે. ખિસકોલીકર્મની વાર્તા કે રામેશ્વરમમાં રાવણના હાથે શિવપૂજન પણ નથી.

આમાંનું ઘણુંખરું તુલસીદાસજીના રામચરિતમાનસમાં છે. પણ એમાં રાવણને રંભા ને વેદવતીનો શ્રાપ હતો, એ વાત જ નથી. વાલ્મીકિવાળો ઉત્તરકાંડ પણ નથી.

ટૂંકમાં, રામકથા પોતપોતાની આગવી રીતે ભારતમાં કહેવાતી આવી છે. એમાં છૂટછાટ લેવી જરાય નવીનવાઈની વાત નથી. એની કોર વેલ્યુઝ જળવાવી જોઈએ. રાવણનો અહંકાર અને રામની મર્યાદા. આમ પણ એક્ઝેટ જૂની ટેક્સ્ટ મુજબ બધું પિક્ચરાઈઝ કરવા બેસો તો તો ઈન્દ્રપુત્ર જયંતની વાત જ સેન્સર થઈ જાય અને સીતાહરણનો ફીઝીકલ સીન જોઈને લોકો થિયેટરમાં તોડફોડ કરવા લાગે એવું વર્ણન છે ! એવું પરિવર્તન તો જૂની પેઢીને જે લાંબી ખેંચાયેલી મેલોડ્રામેટિક રામાનંદ સાગરની સિરીયલ ગમેલી એમાં પણ હતું. જેમ કે, પરશુરામ સીતારામના લગ્ન વખતે આવે એ સીન.

એટલે નવી રામાયણમાંભારત તો જાણે છે રામને. જગત જાણે એવા સ્કેલ અને એ સ્ટાઈલમાં હોવું જોઈએ. અને એટલે જ એ ગ્લોબલ જેન ઝી ઓડિયન્સને ગેમ ઓફ થ્રોન્સ કે લોર્ડ ઓફ ધ રિંગ્સ યાદ આવે એવા વિઝ્યુઅલ જોઈએ. એમને રસ પડે એ માટે હીરો (એમને માટે રામ સીધા ભગવાન ના થઈ શકે) જમાવતા પહેલા વિલનને બરાબર એસ્ટાબ્લિશ કરવો જ પડે. ફિમેલ કેરેક્ટરને વધુ સ્વતંત્ર અને મજબૂત બતાવવા પડે.

આ રામાયણમ્ પાર્ટ વન પર એટલે ઓળઘોળ થઈ જવાયું કે એમાં નીતિશ તિવારીએ અનેક દ્રશ્યોમાં હળવેકથી કેંક અણધાર્યો રોમાંચ પેદા કર્યો છે. જેમ કે જેની ચર્ચા બહુ બધી વાર થશે એવો આઇકોનિક દસ માથાને એક જ સેલ્ફમાં રહેલા દસ વિચારોના વ્યક્તિત્વો તરીકે બતાવતો સીન. જેમ કે તરુણ રાવણને સંગીતની સાધના બાબતે ટોકતી મા વખતે વાઘના તંતુ પર પડીને ગુંજતું રક્તબિંદુ. જેમ કે રામની ઘંટારવ સાથે નિશાનબાજી કરતી પહેલી જ વાર રથને બદલે ઘોડેસવારી કરતી એન્ટ્રી. જેમ કે મિથિલાની નેપાળવાળી મૂળ ઓળખ સજીવન કરતી પૂર્વના દેશોના કોઈ પહાડી નગર જેવી રચના અને સાઈ પલ્લવીનો એ પ્રકારના ફીચર્સને અનુરૂપ ચહેરો.

હાઈન્ડસાઈટમાં જે પરમ પવિત્ર લાગે છે એ રામાયણમાં રામાનંદ સાગરની સીતા સતત દુઃખિયારી બનીને આંસુ સારતી હોય એવી છાપ પડતી હતી. આપણા વારસામાં સીતાનું પાત્ર તો ફીઅરલેસ નારીનું છે જેમણે શિવધનુષનો ઘોડો બનાવી રમતા રમતા શસ્ત્રવિદ્યા શીખેલી. એ પતિને સવાલ પૂછે, સૂચન કરે ને જોડે લડે એવી સહચરી છે. અહીં સરસ રીતે સીતાને જુનવાણી દેખાડવાને બદલે આધુનિક બતાવ્યા છે, વસ્ત્રોમાં નહિ, ભાષામાં નહિ, પણ મિજાજમાં. એટલે એ રાવણના હરણ બાદ ભયભીત નથી. સાઈ પલ્લવીએ સીતાની માસુમિયત સાથે મક્કમતા બરાબર ઉપસાવી છે. બસ, નડે છે કોઈએ સાવ વિચિત્ર રીતે ગૂંથેલો અંબોડો. જે રૂપ વધારવાને બદલે ઘટાડે છે !

એવી રીતે આ ફિલ્મમાં દશરથ તરીકે ઓછા સીનમાં પણ યાદગાર અભિનય કરી ગયેલા અરુણ ગોવિલને રામ તરીકે ભલા પ્લાસ્ટિક સ્માઈલ કરતા સાધુજન બતાવવાના અતિરેકમાં જનતા ભૂલી ગઈ કે રામ એક સૂર્યવંશી યોદ્ધા હતા. જેમની પાસે ધૈર્ય અને શૌર્યનું રેર કોમ્બિનેશન હતું. જે રાજવી હતા, રક્ષક હતા. રસિક પણ હતા. નમ્રતા છતાં એમના વ્યક્તિત્વનો આસપાસ પ્રભાવ પડતો. એ આવશ્યક ના હોય ત્યાં સુધી ક્રોધ ના કરે, પણ શસ્ત્ર ઉગામે તો સામેના થથરી ઉઠે એવા વીર હતા. જેમની હાજરીમાં શાંતિ અને આંખોમાં દ્રઢતાનો અનુભવ થતો. જેમની પાસે પરાક્રમ ઉપરાંત વિવેકનું ઊંડું ચિંતન હતું.

રણબીર કપૂર શરૂઆતમાં પેલા ધ્રુજતા હોંઠવાળા ફાધર ઇસ્યુવાળા કન્ફ્યુઝ્ડ કિડ જેવો ક્યાંક લાગે છે (આમાં પણ બાપબેટાની વાત તો છે જ!), સ્વાભાવિકપણે હવે ખાલી ખોટી નેગેટીવ થિયરીઓ બનાવવાને જીવન માની બેઠેલા ફોલ્ડરિયા રાક્ષસોથી છલકાતા દેશમાં ક્રિકેટ વર્લ્ડ કપ ફાઈનલ જેવું સભાન પ્રેશર આ રોલમાં અપેક્ષાનું હોવાનું. પણ છતાં ફિલ્મ પૂરી થાય ત્યાં સુધીમાં રણબીર રામનું ચરિત્ર ઉપસાવી ફીલ કરાવી જ દે છે. સૌમ્ય ખરા પણ ઢીલા નહિ. મૌન ખરા પણ, માંદલા નહિ. સંયમિત ખરા, પણ શુષ્ક નહિ એવા રામ રણબીર કપૂરે આબાદ ઉપસાવ્યા છે. અભિનયથી, બોડી લેન્ગવેજથી. અને સ્વપ્નીલ છતાં ઓજસ્વી આંખોથી. એની અને સાઈ વચ્ચે રોમાન્સ પણ એકદમ ડીસન્ટ છતાં છે, તો જ સીતાનો વિરહ અનુભવાય ને. માત્ર કૌટુંબિક ફરજમાં ના હોય એ.

પણ ફિલ્મમાં યશ રાવણ તરીકે અપેક્ષાની બહાર છવાઈ ગયો છે. આ રાવણ ખરા અર્થમાં વિદ્વાન લાગે ને હરાવવો મુશ્કેલ પણ. એ દરબાર ભરીને ચર્ચાઓ નથી કરતો. બેફિકરાઈ અને પ્રચંડ આત્મવિશ્વાસથી લડે છે. એની બેક સ્ટોરીમાં વાયડાઓ કોમ્યુનિઝ્મના આરોપ લઈ આવ્યા છે, પણ દેવ દાનવોમાં એ અન્યાયબોધ અને શોષણ તો આપણા ગ્રંથોમાં છે જ. યશને લીધે દુનિયાને ખબર પડશે કે પાત્રની રીતે થેનોસ કે જોકર તો બચોળિયું લાગે એવો ખૂંખાર ખલનાયક ભારતે હજારો વર્ષો પહેલા વિચારેલો. ખૂબસુરત રકુલ પ્રીત સિંહ અને યશ એ ભાઈ બહેનના પાત્રોમાં અહીં દેખાડવામાં આવ્યો છે હિમાલય જેવડો ગુરુર.

થ્રીડી આઈમેક્સમાં પણ ના સમાતી એવી વિરાટ નવી ફિલ્મમાં પ્રાચીન કથાનક અને પાત્રો સર્જકના સ્પર્શે આધુનિક પેઢી માટે મનોરંજન સાથે મંથન પણ આપે છે !

એ પડદા પરની પ્રેઝન્સ ગુરુરથી ઠાંસોઠાંસ ચમકાવે છે. સાક્ષાત એટીટ્યુડ છે. આ રાવણ કોઈ રણજીત ભજવતો એવો બ્યુટી માટે લાળ ટપકાવતો વાસનાંધ વિલન નથી. લોકો ઘરેણા પહેરે એમ એ મદ પહેરે છે. એની આંખમાં 'હું જ્યાંથી જે રીતે આગળ આવ્યો છું, પછી કોઈ શું ઉખાડી લેશે મારું'વાળી નફકરાઈ જ એને વધુ ઘાતક બનાવે છે.

નિતેશભાઈએ અનેક જગ્યે જે આગવા ટચ મુક્યા છે એમાં એક સીતા એમ જ ભરોસો નથી મુક્તિ વેશ જોઈને પણ ઋગ્વેદના શ્લોકની ચેલેન્જ આપે છે ને રાવણ માત્ર લડવૈયો નથી, શિવ ઉપાસક સંગીત નૃત્ય અને વિદ્યાનો જ્ઞાતા છે એ આપોઆપ વગર કહ્યે દેખાઈ જાય છે. રાવણ સ્ટ્રોંગ હોય તો જ રામ દેવતુલ્ય લાગે. કેઓસ વર્સીસ કામનેસનો, સ્ટાઈલ વર્સીસ સિન્સિયારિટીનો આ કોનફ્લિક્ટ છે.

અને આ ફિલ્મની મજા એ છે કે એ પાવર યાને શક્તિ / સત્તાના કાઉન્ટર વ્યુપોઈન્ટ્સ આપે છે. રાવણ શક્તિ હોય તો ભાઈ પાસેથી સત્તાસંપત્તિ છીનવી સુખી થવાને ન્યાય માને છે. રામ શક્તિ હોવા છતાં સત્તા સંપત્તિ ભાઈને આપી સસ્મિત દુઃખ સ્વીકારવાને ન્યાય માને છે. કુટુંબ માત્ર મહેલો ને રજવાડી ઠઠારાથી નથી બનતું. એકબીજા માટે ત્યાગ કરવાની સમજદારી અને સંજોગો સામે સંઘર્ષ કરવાની બહાદૂરીથી બને છે. મનુષ્ય રામ ભાગ્ય સમજવાની કોશિશ કરતા અંતે ભાગ્ય બદલાવવાનો રણટંકાર કરે છે. પણ એમાં અભિમાન નથી, આત્મસન્માન છે. ફિલ્મ હળવેકથી ગૂંથી લે છે કે માણસ નિર્ણયો લે એ નીયતિ બને છે, અને ક્યારેક ધાર્યું ના થાય છતાં સહજભાવે આગળ એટલે વધવું જોઈએ કે આજની તકલીફ આવતીકાલની તકનો નકશો કંડારે !

આ લખાય છે ત્યારેહજુ ફિલ્મ રિલીઝ થયાનો પહેલો જ દિવસ છે ! બહુ જોઈ ગ્લેડિયેટર ને બેન હર. દૂર હટો એ દુનિયાવાલો, અબ રામાયણ કી બારી હૈ.

ફાસ્ટ ફોરવર્ડ

'શાસક પોતાના વચનનું પાલન ના કરે, તો પ્રજા એવા શાસકનું સન્માન નથી કરતી!'
(ફિલ્મમાં રામનો સંવાદ)

'તીન દેવીયાં' એડલ્ટ ફિલ્મ હતી?

બાયોસ્કોપવાલા
મન્નુ શેખચલ્લી

હેડીંગ વાંચીને ચોંકી ગયા ને ? પરંતુ આજે પણ તમે યુ ટ્યુબ ખોલીને જોઈ શકો છો, ફિલ્મ શરૂ થતાં પહેલાં જે સેન્સર બોર્ડનું સર્ટિફિકેટ બતાડે છે એમાં સ્પષ્ટ, મોટા, કેપિટલ 'એ' દેખાય છે !

આપણને થાય કે ભૈશાબ, 'તીન દેવીયાં'માં એવું તે વળી શું 'એડલ્ટ' હતું ? તો સાહેબો, એ જમાનામાં પડદા ઉપર બે ફૂલો ટકરાય.. ભમરો ફૂલની અંદર જતો દેખાય... અને પછી પાણીનો ધોધ છૂટતો બતાડે... એ પછી શું જોવા મળતું હતું ?

તો સૌ જાણો છો, નેક્સ્ટ સીનમાં હિરોઈન હીરોને કહેતી હોય : 'મૈં માં બનનેવાલી હું !'

મતલબ કે હિન્દી ફિલ્મોમાં 'સિમ્બોલિઝમ'ની આ ભાષા તમામ પ્રેક્ષકોને (નાનાં બાળકોને પણ) આવડતી હતી ! આવા જમાનામાં એક હેન્ડસમ હીરો ત્રણ ત્રણ હીરોઈનો સાથે રોમાન્સ કરે... દરેકની જોડે મસ્ત રોમેન્ટિક ગાયનો પણ ગાય... અને ત્રણે ત્રણેને મીઠી મીઠી વાતો કરીને 'ફેરવે' (અમદાવાદી ભાષા મુજબ).... એવું બધું તમે ૧૮ વરસથી નાનાં માસૂમ બાળકોને શી રીતે બતાડી શકો?


પાછું એવું પણ નથી કે બીજી બે હિરોઈનો 'ચાલુ' છે, કે પછી દેવઆનંદને 'ફસાવે' છે. કે એમની કોઈ ખતરનાક 'ચાલ' હોય !

અચ્છા, દેવ આનંદ પણ કોઈ ભેદી સસ્પેન્સ ખોલવા માટે એમની જોડે 'પ્યાર કા નાટક' કરતો હોય એવું ય નથી ! ઉલટું, એપણ એમને મસ્ત 'ભાવ' આપે છે ! સાલું, આમાં તો બિચારું એ જમાનાનું ઓડિયન્સ પણ કન્ફ્યુઝ થઈ જાય ને ?

પણ પ્રોડ્યુસર અમરજીતને એમ હશે કે આપણા દેવઆનંદ ઉપર આમેય દેશભરની લાખો છોકરીઓ 'જાન છીડકે' છે, તો એમાંથી માત્ર 'ત્રણ' દેવીઓને દેવઆનંદની પાછળ ફિદા થતી બતાડવામાં શું વાંધો ?

અમરજીતને એમ પણ હશે કે જ્યારે જ્યારે ચાન્સ મળે ત્યારે દેવઆનંદને ચારે બાજુથી અડધો-પોણો ડઝન છોકરીઓ ઘેરી વળતી હોય એવું બતાડ્યા કરીશું તો દેશભરની છોકરીઓ વારંવાર બ્લેકમાં ટિકીટો લઈ લઈને 'તીન દેવીયાં' જોવા માટે રીતસર પડાપડી કરતી હશે !

બેશક, દેવઆનંદ પાછળ છોકરીઓ પાગલ હતી, પણ બધીને ફિલ્મ જોતાં જોતાં એમ થયું હશે કે 'દેવ તો મારો છે, તોપછી પેલી બીજી બે ચૂડેલો કોણ છે?'



જે હોય તે, અમરજીતને આશા હતી એટલી ફિલ્મ ચાલી નહીં. (એ વરસે કમાણીમાં ૧૮ મા નંબરે રહેલી) પરંતુ જો તમે આજે પણ દેવઆનંદના આશિક હો, અને 'આન્ટી' તો શું 'અંકલ' પણ હો, તો મિત્રો ફિલ્મી વારતા ગઈ તેલ લેવા.. તમે દેવઆનંદની અદાઓ, એનો ચાર્મ અને એની ડ્રેસિંગ સેન્સ પર ફરીથી (વન્સ મોર સહિત) ફીદા થઈ શકો છો ! કેમકે ફક્ત અદાઓથી મોહી શકે એવો એક્ટર હજી દેવઆનંદ સિવાય બીજો કોઈ પાક્યો નથી ! કસમ સે !

પ્રોડ્યુસર અમરજીતને એમ હશે કે આપણા દેવઆનંદ ઉપર આમેય દેશભરની લાખો છોકરીઓ 'જાન છીડકે' છે, તો એમાંથી માત્ર 'ત્રણ' દેવીઓને દેવઆનંદની પાછળ ફિદા થતી બતાડવામાં શું વાંધો ?

લેખમાં અત્યાર સુધી આપણે અમરજીતનું નામ લીધા કરીએ છીએ પણ જે રીતે 'હમ દોનોં' વિશે ભાંડો ફૂટી ગયેલો કે 'આ તો વિજય આનંદે ડિરેક્ટ કરેલી', એ જ રીતે દેવાઆનંદે રહી રહીને પેપર ફોડેલું કે 'તીન દેવીયાં' તો મેં જ ડિરેક્ટ કરેલી!

ચાલો, માની લઈએ. પણ પછી જ્યારે તમે 'પ્રેમ પૂજારી' જુઓ ત્યારે પાક્કો ડાઉટ પડે ! કે બોસ, ખરેખર 'તીન દેવીયાં' દેવ સાહેબે ડીરેક્ટ કરી હશે ? અચ્છા, માની લો કે અમરજીતે ડીરેક્ટ કરી છે, તો બોસ, 'ગેમ્બલર' જોયા પછી તો ખાતરી થઈ જાય કે અમરજીતનું તો પરદા પર માત્ર નામ જ હતું !

તો પછી 'કામ' કોનું હતું ?

તમે ગાયનોનાં પિક્ચરાઈઝેશનો જુઓ...

'અરે યાર મેરી તુમ ભી હો ગજબ...' અને 'લિખા હૈ તેરી આંખો મેં...' અહીં રીતસરની વિજય આનંદની છાપ દેખાય છે. બાકી કોને એવો વિચાર આવે કે નંદાને 'ખચ્ચર' પર બેસાડીને દેવઆનંદને એની પાછળ પાછળ પિકનિકની બાસ્કેટ અને સામાનની બેગ ઉઠાવીને ચાલતા હસમુખા 'કુલી' જેવો દેખાડી શકાય?

એમાંય, 'ખ્વાબ હો તુમ યા કોઈ હકીકત...' ગાયનની તો વાત જ એક્સ્ટ્રા ઓર્ડિનરી છે. તમે માર્ક કરજો, આખેઆખો એ પાર્ટીનો સીન સળંગ ૨૦ મિનિટ ચાલે છે ! અહીં હોલમાં કમસે કમ ૪૦-૫૦ મહેમાનો છે. પરંતુ બીજી ફિલ્મોમાં જે રીતે ગાયન દરમ્યાન બબૂચક પ્રેક્ષકોની જેમ મહેમાનોને ઊભા રાખી દેવામાં આવે છે એવું અહીં નથી ! બલ્કે લગભગ દરેક વ્યક્તિની ચોક્કસ આઈડેન્ટીટી પણ છે. ખાસ પ્રકારની મૂવમેન્ટ્સ અને ડાન્સનાં સ્ટેપ્સ વગેરે તો છે જ, પણ ડીટેઈલ્સ જુઓ... ક્યાંક પિયાનો પર ઓલમોસ્ટ મદહોશ બનીને ઢળી ચૂકેલી યુવતી છે, તો ક્યાંક એ જ પિયાનોના 'હૂડ' નીચેથી ત્રણ જુવાનીયા આવીને દેવઆનંદને દારૂ ઓફર કરે છે ! અને અફ કોર્સ, પોણો ડઝન છોકરીઓ અહોભાવથી દેવઆનંદની આજુબાજુ ગોઠવાઈને રીતસર 'આહ' તો ભરી જ રહી છે !

પરદા પર ભલે નામ અમરજીતનું હોય અને ભલે દેવઆનંદજી દાવો કરતા હોય, પણ આ કમાલ ગોલ્ડી સિવાય બીજા કોઈની હોઈ જ ના શકે ! શું કહો છો ?

જોકે આખી ફિલ્મ ગોલ્ડીના હાથે નહીં જ બની હોય. કેમકે જો બની હોત તો આ ૨૦ મિનિટનો લાંબો સીન કપાઈને બારેક મિનિટનો થઈ ગયો હોત ! અને છેલ્લે નંદાને સાવ સંતાકૂકડી રમતી હોય તેમ પ્રગટ કરીને ફિલ્મનો હેપ્પી એન્ડીંગ ના લવાયો હોત ! ઉલ્ટું, એના બદલે, દેવઆનંદ છેક નંદાના ગામડે એને મનાવવા જાય. રીસાયેલી નંદા (એની પરીક્ષા લેવા માટે કદાચ) આત્મહત્યા કરવા સુધી પહોંચી જાય... ત્યારે દેવઆનંદનો વલોપાત, પીડા અને પશ્ચાતાપ જોઈને નંદાને (અને પ્રેક્ષકોને) ખાતરી થાય કે હા, દેવની સાચી 'દેવી' તો આ જ છે !

આના બદલે બતાડ્યું શું ? એક 'રંગીન દુઃસ્વપ્ન' ! ફિલ્મ બની રહી હતી બ્લેક એન્ડ વ્હાઈટમાં, પણ જમાનો કલરનો આવી ગયેલો એટલે છેવટે એવો રસ્તો કાઢ્યો છે કે દેવઆનંદ એક 'હિપ્નોટિસ્ટ' પાસે જાય છે ! ત્યાં એને બીજી બે દેવીઓ સાથેનાં લગ્નજીવનનાં 'ફ્યુચર' દેખાય છે ! જે ડરામણાં છે, છતાં મસ્ત 'કલરમાં' છે, બોસ ! આથી દેવઆનંદને ભાન થાય છે કે બેટા, મેરેજ માટે તો આ સીધીસાદી નંદા જ સારી પડશે ! (જે માનસિકતા આજે પણ દરેક પુરુષની છે જ.)

પણ એવાં બધાં વાંકો કાઢવામાં શું મળવાનું ? આપણે એમ માનીએ ફિલ્મ એન્જોય કરવાની કે દેવઆનંદ સાહેબ એમના જમાનાથી ૫૦ વરસ આગળ હતા ! શું કહો છો ?

જો દેવઆનંદના ફેન હો, તો આજે પણ એન્જોય કરી શકશો. ગેરંટી છે બોસ.

'લગાન'ની સુપરહિટ જોડી ફરી સિક્સર ફટકારી શકશે?

સિનેમા એક્સપ્રેસ
શિશિર રામાવત

તો શું કરે છે આશુતોષ ગોવારીકર આજકાલ? જવાબ છેઃ 'લલકારા'ની તૈયારી. 'લલકારા' એક પીરિયડ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે જેમાં આશુતોષ ગોવારીકર અને આમિર ખાન 'લગાન' (૨૦૦૧)ની પા સદી વીતી વીતી ગયા પછી ફરી એક વાર સાથે કામ કરવાના છે. આ ફિલ્મ સ્વતંત્ર ભારતના પ્રથમ ટેસ્ટ કેપ્ટન લાલા અમરનાથના જીવન પર આધારિત બાયોપિક છે. 'લલકારા'માં એ બધું જ છે, જે આ વિષય પર બની રહેલી ફિલ્મમાં હોવું જોઈએ - ખેલાડીઓની અંગત વેદના, દિલધડક સ્પર્ધા અને ૧૯૫૨માં પાકિસ્તાન સામે ભારતની ઐતિહાસિક ટેસ્ટ શ્રેણી જીતવાની રોમાંચક કથા, વગેરે. ફિલ્મમાં, દેખીતી રીતે જ, આમિર ખાન લાલા અમરનાથનું મુખ્ય પાત્ર ભજવી રહ્યા છે. એક તબક્કે રાજકુમાર હિરાણી શાહરૂખ ખાનને લઈને આ વિષય બનાવવા માગતા હતા, સંજોગોનું ચક્ર એવું ફર્યું કે રાજકુમાર હિરાણી આ પ્રોજેક્ટમાંથી શકી ગયા અને એમની જગ્યાએ આશુતોષ ગોવારીકર ગોઠવાઈ ગયા. આમિર ખાન લીડ રોલ કરવા માટે સંમત થયા. હાલ આ ફિલ્મનું પ્રી-પ્રોડક્શન અને ક્રિકેટની ટ્રેનિંગ ચાલી રહી છે. મોટે ભાગે ૨૦૨૭ના અંત સુધીમાં આ ફિલ્મ રિલીઝ થાય તેવી શક્યતા છે.

સો મણનો સવાલ આ છેઃ આજની તારીખે આશુતોષ ગોવારીકર અને આમિર ખાન - આ બન્નેમાંથી એકેય ફૉર્મમાં નથી. શું તેઓ ભેગા થઈને પુનઃ 'લગાન' જેવી ઝક્કાસ ફિલ્મ આપી શકશે? 'લગાન'ની સિદ્ધિ અને યોગદાન એટલું પ્રભાવશાળી છે કે આશુતોષે જિંદગીમાં ફક્ત એક 'લગાન' જ બનાવી હોત અને આના સિવાય બીજું કશું જ કામ કર્યું ન હોત તો પણ હિન્દી સિનેમાનો ઈતિહાસ એમને હંમેશાં યાદ રાખત.

આશુતોષે જોકે 'લગાન'ની પહેલાં અને પછી બીજું ઘણું કામ કર્યું છે. 'સ્વદેસ' (૨૦૦૪) શાહરુખ ખાનની શ્રેષ્ઠતમ ફિલ્મોમાંની એક ગણાય છે, જે 'લગાન' પછી આવી. ત્યાર બાદ ઋતિક રોશન-ઐશ્વર્યા રાયની સુપરહિટ 'જોધા-અકબર' (૨૦૦૮) આવી. એમ તો અત્યંત નિરાશાજનક 'વોટ્સ યોર રાશિ?' (૨૦૦૯) અને લોકોનાં ચિત્તમાં જેનું ટાઈટલ, એકાદું વિઝ્યુઅલ કે ગીતની એકાદ કડી સુધ્ધાં નોંધાઈ નથી એવી અભિષેક બચ્ચન-દિપિકા પદુકોણની ભયંકર નિષ્ફળ નિવડેલી 'ખેલેંગે હમ જી જાન સે' (૨૦૧૦) પણ આશુતોષ ગોવારીકરે જ બનાવી છે. એમણે પ્રોડ્યુસ કરેલી 'એવરેસ્ટ' (૨૦૧૫) નામની ટીવી સિરીઝ પાસેથી ઠીક ઠીક અપેક્ષાઓ હતી, પણ આ સીરિયલ પણ આશ્ચર્ય થાય તેટલી હદે મામૂલી સાબિત થઈ. આશુતોષના ચાહકો વિચારમાં પડી ગયેલા કે ગોવારીકરસાહેબ પોતાનો મિડાસ ટચ ઉત્તરોત્તર ગુમાવી રહ્યા છે કે શું? આશા તો એવી હતી કે એમની ક્રિયેટિવિટી અને સફળતાનો ધડાધડ નીચે ઉતરી રહેલો ગ્રાફ 'મોહેન્જો દારો' (૨૦૧૬)થી પાછો ઉપર ચડશે. એવું ન થયું. ચાર વર્ષ પછી, ૨૦૧૯માં, 'પાનીપત' આવી (અર્જુન કપૂર, સંજય દત્ત, કૃતિ સેનન). સુપરફ્લોપ. આ ફિલ્મની ઓડિયન્સે નોંધ સુધ્ધાં ન લીધી. બસ, આ 'પાણીપત' આશુતોષે ડિરેક્ટ-પ્રોડ્યુસ કરેલી છેલ્લી ફિલ્મ. હા, એ પછી એક્ટર તરીકે એમણે થોડી હિન્દી-મરાઠીમાં નાના નાના રોલ્સ કર્યા.



આશુતોષની ઓળખ ભલે ફિલ્મમેકર તરીકેની હોય, પણ મૂળ તો એ અભિનેતા. કોલેજનાં વર્ષોમાં તેમનું ધ્યાન ભણવામાં ઓછું ને નાટક-ચેટક તેમજ ઈન્ટરકોલેજિયેટ કોમ્પિટીશન પર વધારે રહેતું. આવી જ કોઈ એક્ટિવિટી દરમિયાન ફિલ્મમેકર કેતન મહેતાનું ધ્યાન આ વાંકળિયા વાળવાળા અને બહુ જ ક્યુટ સ્માઈલ ધરાવતા લંબૂસ છોકરા પર પડી. કેતન મહેતાએ એમને પોતાની 'હોલી' (૧૯૮૪) નામની ઓફબીટ ફિલ્મમાં રોલ આપ્યો. કોલેજમાં થતા રેગિંગના થીમવાળી આ ફિલ્મના સેટ પર આશુતોષનો ભેટો એક નવાસવા એક્ટર સાથે થયો. એ છોકરો ગુજરાતી નાટકોમાં બેકસ્ટેજ વગેરે કરતો હતો ને એનેય એક્ટર બનવાના ધખારા હતા. આ છોકરાનું નામ હતું, આમિર ખાન.

ફિલ્મી પરિવારના ફરજંદ એવા આમિરની કરીઅર તો 'કયામત સે કયામત તક' પછી ક્રમશઃ જમાવટ કરતી ગઈ. આ બાજુ આશુતોષ સફળતા માટે હવાતિયાં મારતા રહ્યા. એમણે 'સરકસ' (૧૯૮૯) નામની સીરિયલ કરી (જેમાં એમનો ભેટો ઓર એક ટેલન્ટેડ નવા એક્ટર સાથે થયો હતો. એ દિલ્હીથી પોતાનું નસીબ અજમાવવા મુંબઈ આવ્યો હતો અને એનું નામ હતું શાહરૂખ ખાન). 'સીઆઈડી' સિરીયલમાં ય આશુતોષે થોડા એપિસોડ્સ કર્યા (૧૯૯૮). 'નામ' (૧૯૮૬), 'સલીમ લંગડે પે મત રો' (૧૯૮૯), 'ચમત્કાર' (૧૯૯૨), 'કભી હાં કભી ના' (૧૯૯૩) જેવી ફિલ્મોમાં છોટી-મોટી ભૂમિકાઓ કરી, ખૂબ કોશિશ કરી, પણ આશુતોષ એક એક્ટર તરીકે ઈન્ડસ્ટ્રીમાં ખુદને એસ્ટાબ્લિશ ન જ કરી શક્યા.

'આશુ, તું જે કંઈ બનાવી રહ્યો છે તેમાં તું ખુદ કન્વિન્સ્ડ નથી, તો ઓડિયન્સ ક્યાંથી કન્વિન્સ થવાનું? જો ડિરેક્ટર તરીકે તારામાં સેલ્ફ-બિલીફ નહીં હોય, જો તું હિંમત નહીં કરે તો તું ક્યારેય સારો ડિરેક્ટર નહીં બની શકે.'

એક્ટર તરીકે પોતાનું ખાસ કોઈ ભવિષ્ય નથી તે સત્ય આશુતોષને સમજાઈ ચુક્યું હતું, પણ વાઘે લોહી ચાખી લીધું હતું. એમણે નક્કી કરી નાખ્યું હતું કે સિનેમા-ટીવી જ મારી દુનિયા છે. કરીઅર તો હું આ જ લાઈનમાં બનાવીશ. એક્ટર તરીકે કામ કરતી વખતે સેટ પર આશુતોષને ડિરેક્ટરોને આસિસ્ટ કરવાની ખૂબ મજા પડતી. અમોલ પાલેકર (જેની 'કચ્ચી ધૂપ' નામની ટીનેજરો માટેની મસ્ત સિરીયલમાં આશુતોષે અભિનય કરેલો), સઈદ મિરઝા, મહેશ ભટ્ટ, કુંદન શાહ જેવા કાબેલ ડિરેક્ટરો સાથે આશુતોષે એક્ટર તરીકે કામ કર્યું છે. આમ જુઓ તો આમાંનાં કોઈ આશુતોષના ગુરુ નથી, પણ આશુતોષ એકલવ્યની જેમ સીરિયલ તેમજ ફિલ્મમેકિંગની પ્રોસેસ શીખ્યા છે. આશુતોષ જોકે માનતા કે હું જ મારો ગુરુ છું, હું બધું આપબળે શીખ્યો છું. આ પ્રકારનો આત્મવિશ્વાસ જ નહીં, તુમાખી પણ એમનામાં હતી. આશુતોષે પોતાનું ભવિષ્ય નવેસરથી રિ-ડિફાઈન કર્યુંઃ એક્ટર તરીકે આગળ વધી શકાય તેમ નથી તો શું થઈ ગયું, હું ડિરેક્ટર બનીશ!

આશુતોષને ૨૮ વર્ષની ઉંમરે ડિરેક્ટર તરીકે પહેલો બ્રેક મળ્યો. તે ફિલ્મ હતી, 'પહલા નશા' (૧૯૯૨). આ મર્ડર મિસ્ટરી બોક્સઓફિસ પર ન ચાલી ને રિવ્યૂઅરોએ તેને ધોઈ નાખી. આશુતોષે 'બાઝી' (૧૯૯૫) નામની બીજી ફિલ્મ બનાવી, જે હોલિવુડની 'ડાઈ હાર્ડ' પર આધારિત હતી. બોલિવુડમાં મસ્ત રીતે સેટ થઈ ગયેલા આમિર ખાન તેમાં હીરો હતા. આશુતોષે ધ્યાન રાખ્યું કે 'બાઝી' બનાવતી વખતે એક પણ ફિલ્મી મસાલો ભુલાઈ જવો ન જોઈએ. મારધાડ, નાચગાના, એક્શન-ઈમોશન બધું જ તેમણે સારી પેઠે ભભરાવ્યું. અરે, આમિર પાસે છોકરીનો વેશ ધારણ કરાવીને માદક ડાન્સ પણ કરાવ્યો. પરિણામ? ફ્લોપ. આ મસાલા ફિલ્મ ન ઓડિયન્સને ગમી, ન વિવેચકોએ વખાણી. આમિરે 'બાઝી'માં કામ જરૂર કર્યું, પણ એમની સેન્સિબિલિટી સાથે આ ફિલ્મ જરાય મેચ થતી નહોતી. ઈવન આશુતોષ પણ ક્રિએટિવ લેવલ પર 'બાઝી'થી સંતુષ્ટ નહોતા. તેઓ જાણતા હતાં કે મારધાડ ટાઈપના કમર્શિયલ મસાલાનો ઓવરડોઝ હું ફક્ત બોક્સઓફિસને ધ્યાનમાં રાખીને કરી રહ્યો છું. જોકે 'બાઝી'ને કારણે એક સરસ વાત બની. આમિરને સમજાયું કે આશુતોષે 'બાઝી' બનાવવામાં લોચા માર્યા છે તે વાત સાચી, પણ આ છોકરો છે ભારે તેજસ્વી. આમિર આશુતોષને કહેતા, 'આશુ, તું જે કંઈ બનાવી રહ્યો છે તેમાં તું ખુદ કન્વિન્સ્ડ નથી, તો ઓડિયન્સ ક્યાંથી કન્વિન્સ થવાનું? જો ડિરેક્ટર તરીકે તારામાં સેલ્ફ-બિલીફ નહીં હોય, જો તું હિંમત નહીં કરે તો તું ક્યારેય સારો ડિરેક્ટર નહીં બની શકે.'

ડિરેક્ટર તરીકેની પોતાની બન્ને ફિલ્મો ઊંધાં મોંએ પછડાઈ એટલે આશુતોષે આત્મમંથન કરવું પડયું, એમણે નક્કી કર્યું કે હવે હું બોક્સઓફિસને ધ્યાનમાં રાખીને ફિલ્મ નહીં જ બનાવું. ઓડિયન્સને શું ગમશે તેની કલ્પનાઓ કરીને હવામાં તીર ચલાવવાને બદલે મને ખુદને ગમે એવી ફિલ્મો કેમ ન બનાવું? હું ટ્રેન્ડને નહીં અનુસરું. રિસ્ક ઉઠાવવું પડે તો ઉઠાવીશ. હું એવી જ ફિલ્મ બનાવીશ, જેમાં મને ખુદને ભરપૂર શ્રદ્ધા હોય.

આ પ્રકારના ખુન્નસ સાથે આશુતોષે ૧૯૯૬નાં ઓક્ટોબરમાં સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કર્યું. આ સ્ક્રિપ્ટ પરથી જે ફિલ્મ બની તે જ 'લગાન'.

હવે પચ્ચીસ વર્ષના અંતરાલ બાદ આશુતોષ-આમિરની જોડી ફરી પાછી 'લલકારા' સાથે ઉપસ્થિત થઈ રહી છે. માત્ર આશુતોષની જ નહીં, આમિરની એક્ટર-પ્રોડ્યુસર તરીકેની કરીઅર પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી ડામાડોળ છે. જોઈએ, 'લલકારા' બન્નેને કેવીક ફળે છે!

શો-સ્ટોપર

કંઈક નવું શરૂ કરવું હોય તો નવા વર્ષ સુધી રાહ જોવાની શી જરૂર છે? મહિનાના ગમે તે દિવસે તમે શુભ શરૂઆત કરી જ શકો છો.
- કરીના કપૂર

ફુગાવો છ ટકાને પાર જતા સરકાર સફાળી જાગી

મુંબઈ, તા. ૧૪

દેશમાં ઓકટોબરનો ફુગાવો ખાસ કરીને ખાદ્ય પદાર્થનો ફુગાવો વધીને આવતા કેન્દ્ર સરકાર સફાળી જાગી ગઈ છે અને ખાદ્ય પદાર્થના ભાવમાં હજુ વધારો ન થાય તે માટે સખત પગલાં લેવાનું શરૂ કરી દીધુ હોવાનું પ્રાપ્ત માહિતી પરથી જણાય છે.ખાદ્ય પદાર્થ ખાસ કરીને અનાજકઠોળના ટ્રેડરોને સંગ્રહખોરીથી દૂર રહેવા અને સ્ટોક લિમિટ તથા સ્ટોક બાબતે માહિતી પૂરી પાડવા અપાયેલી સૂચનાનું પાલન કરવા હિસ્સેદારોને નિર્દેશ આપવામાં આવી રહ્યા હોવાનું બજારના સુત્રોએ જણાવ્યુ હતું.

ખાદ્ય પદાર્થ ઉદ્યોગ સાથે સંકળાયેલાઓને અપાયેલા નિર્દેશનું પાલન કરવા સૂચના

કઠોળનો પૂરવઠો પ્રમાણસર હોવાથી ભાવ વધવાનું કારણ નહીં હોવાનો દાવો



પ્રાપ્ત માહિતી પ્રમાણે ગ્રાહક બાબતોના મંત્રાલયના અધિકારીઓએ મોટી રિટેલ ચેઈન, પ્રોસેર્સ, આયાતકારો, સ્ટોકિસ્ટો તથા રિટેલરો સાથે સપ્તાહના અંતે બેઠક યોજી હતી.

તહેવારો સમાપ્ત થઈ ગયા છે અને માગ પણ ઘટી ગઈ છે ત્યારે ખાદ્ય પદાર્થના ભાવ વધવાનું કોઈ કારણ હવે રહ્યુ નહીં હોવાનું સરકાર તરફથી બેઠકમાં સ્પષ્ટ કરાયુ હોવાનું સુત્રોએ જણાવ્યુ હતું.

ખાંડ ઉદ્યોગ માટે લાગુ કરાયેલી સ્ટોક મર્યાદાનું પાલન નહીં કરવા બદલ પગલાં લેવા ઉપરાંત બીજા સખત પગલાં લેવાની ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી છે.

ખાદ્ય પદાર્થોના ઊંચા ભાવોને પરિણામે ભારતનો ઓકટોબરનો રિટેલ ફુગાવો વધીને ૬.૦૯ ટકા પહોંચી ગયો હતો, જે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની છ ટકાની મહત્તમ ટાર્ગેટ મર્યાદાથી ઊંચો છે.

ઓકટોબરમાં સતત નવમાં મહિને ફુગાવો વધીને આવ્યો છે. રિટેલ ફુગાવો જે જાન્યુઆરીમાં ૨.૭૪ ટકા હતો તે ઓકટોબરમાં બમણા કરતા પણ ઊંચો રહ્યો છે. ખાદ્ય પદાર્થનો ફુગાવો જે સપ્ટેમ્બરમાં ૭.૭૪ ટકા હતો તે ઓકટોબરમાં વધી ૮.૯૪ ટકા પહોંચી ગયો છે. સરકાર પાસે કઠોળનો હાલમાં પૂરતો બફર સ્ટોક છે એટલુ જ નહીં ખરીફ તથા રવી મોસમમાં કઠોળનું ઉત્પાદન સારુ રહેવાની અપેક્ષા હોવાનું પણ સરકાર તરફથી બેઠકમાં સ્પષ્ટ કરાયુ હતું.

સારો પૂરવઠો રહ્યો હોવા છતાં તહેવારો દરમિયાન ભાવમાં વધારો થયાનું સરકાર માની રહી છે. ભાવ વધારો ચાલુ રહેશે તો વધુ સ્ટોક લિમિટ લાગુ કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હોવાનું બેઠકમાં હાજર સુત્રોએ જણાવ્યુ હતું.

૨૦૨૬-૨૭ની ખરીફ મોસમમાં તુવેરનું ઉત્પાદન ૩૫.૯૦ લાખ ટન રહેવા સરકારનો અંદાજ છે જ્યારે ઉદ્યોગ દ્વારા ૨૫ લાખ ટનની ધારણાં મૂકવામાં આવી છે. નવા અડદની આવક પણ મંડીઓમાં સારી રહી હોવાનો સરકાર દાવો કરાઈ રહ્યો છે. ભારતમાં પીળા વટાણાની નિકાસને ઝડપી બનાવવા રશિયાની સરકારને વિનંતી કરવામાં આવી હોવાનું પણ બેઠકમાં માહિતી અપાઈ હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યુ હતું. સંગ્રહખોરી પર નજર રાખવા દરેક રાજ્યોને પણ નિર્દેશ અપાયા છે.

જેમ્સ જવેલરીની નિકાસ ઓકટોબરમાં ૩૪ ટકા વધીને ૨.૯૨ અબજ ડોલર

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, તા.૧૪

ભારતના જેમ્સ અને જવેલરી ઉદ્યોગ માટે ઓકટોબર ૨૦૨૬નો મહિનો પ્રોત્સાહક રહ્યો છે. તહેવારો અને ક્રિસમસ સહિત વર્ષના અંતની રજાઓની ખરીદીની મોસમ પહેલા આંતરરાષ્ટ્રીય બજારમાંથી મજબૂત ઓર્ડરના કારણે ભારતની જેમ્સ અને જવેલરીની કુલ નિકાસમાં ગત વર્ષની સરખામણીએ ૩૪.૦૧ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. ઓકટોબર ૨૦૨૬માં કુલ નિકાસ ૨.૯૨ અબજ અમેરિકન ડોલર (રૂ.૨૭,૮૬૨.૮૨ કરોડ) પર પહોંચી હતી. જ્યારે ઓકટોબર ૨૦૨૫માં આ આંક ૨.૧૮ અબજ ડોલરનો રહ્યો હતો.

જેમ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)ના આંકડા મુજબ, રૂપિયાની દ્રષ્ટિએ નિકાસમાં ૪૪.૭૧ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. ખાસ કરીને સોનાના દાગીના, ચાંદીના દાગીના અને લેબગ્રોન ડાયમંડની નિકાસમાં મજબૂત કામગીરી જોવા મળી છે. ઓકટોબરમાં સોનાના દાગીનાની નિકાસમાં ૪૮.૨૦ ટકા વધારો થઈને ૧.૨૬ અબજ ડોલર થઈ હતી. જેમાં સ્ટડેડ ગોલ્ડ જવેલરીની નિકાસ ૬૭.૩૦ ટકા વધીને ૮૭૫.૦૨ મિલિયન ડોલર નોંધાઈ હતી. ચાંદીના દાગીનાની નિકાસમાં પણ ૫૫.૫૨ ટકાનો ઉછાળો આવ્યો હતો અને એ ૨૦૩.૮૩ મિલિયન ડોલર પર પહોંચી હતી. પોલિશ્ડ લેબગ્રોન ડાયમંડની નિકાસમાં ૮૧.૦૨ ટકાની જંગી વૃદ્ધિ થઈ છે. કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડની નિકાસ પણ ૧૦.૫૦ ટકા વધી છે.



જીજેઈપીસીના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય જવેલરીની માંગ વધી રહી છે અને ઉદ્યોગ વૈશ્વિક ખરીદદારોની જરૂરિયાતો પૂરી કરવા સક્રિય છે. એપ્રિલથી ઓકટોબર ૨૦૨૬ દરમિયાન કુલ નિકાસ ૧૭.૨૨ અબજ ડોલર રહી હતી, જે ગત વર્ષ કરતાં ૭.૨૮ ટકા વધુ છે. નિકાસ બજારોમાં હોંગકોંગ, અમેરિકા અને બેલ્જિયમમાં સારી વૃદ્ધિ નોંધાઈ છે. જો કે, ભારતના સૌથી મોટા નિકાસ બજાર યુએઈમાં નિકાસ ૧૦.૨૭ ટકા ઘટી છે.

ઉદ્યોગના મતે, આ વર્ષે દિવાળી નવેમ્બરમાં હોવાથી ઓકટોબરમાં ઉત્પાદન અને શિપમેન્ટ માટે વધુ સમય મળ્યો હતોય. ગત વર્ષે દિવાળી ઓકટોબરમાં હોવાથી ઉત્પાદન એકમોમાં રજાઓને કારણે કામકાજ પ્રભાવિત થયું હતું. આ ઉપરાંત ક્રિસમસ અને વર્ષાંતની ખરીદીની મોસમને કારણે ભારતીય નિકાસકારોને આગામી મહિનાઓમાં પણ સારા વેપારની આશા છે.

સોના અને ચાંદીના દાગીનાની નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ : લેબગ્રોન ડાયમંડની નિકાસ ૮૧ ટકા વધી

સતત ચોથા મહિને બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિનો આંક ૧૯ ટકાની ઉપર

મુંબઈ, તા. ૧૪

ઓકટોબરના અંતે સતત ચોથા મહિને બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિનો આંક ૧૯ ટકાની ઉપર જોવા મળ્યો છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા જારી કરાયેલા ડેટા પ્રમાણે ૩૧ ઓકટોબરના અંતે બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૧૯.૫૪ ટકા રહી હતી જ્યારે આ ગાળામાં થાપણ વૃદ્ધિ મંદ પડી ૧૬.૮૬ ટકા રહેવા પામી હતી.

થાપણ વૃદ્ધિ મંદ પડી: એફસીએનઆર ડીપોઝિટને કારણે બેન્કો પર ઓછું દબાણ

ઓકટોબરમાં નવરાત્રી જેવા તહેવારને કારણે ધિરાણ માગ ઊંચી રહી હોવાનું એક બેન્કરે જણાવ્યુ હતું.

વર્તમાન વર્ષના જુલાઈથી ધિરાણ વૃદ્ધિ સતત ૧૯ ટકાની ઉપર જોવા મળી રહી છે. બીજી બાજુ થાપણ વૃદ્ધિ જે સપ્ટેમ્બરમાં ૧૭.૮૩ ટકા સાથે દાયકાની ઊંચી સપાટીએ રહી હતી તે ઓકટોબરમાં મંદ પડી ૧૬.૮૬ ટકા રહી છે.

થાપણની સરખામણીએ ધિરાણ વૃદ્ધિ ઊંચી રહેવાને પરિણામે બેન્કિંગ ક્ષેત્રમાં ભંડોળ ઊભા કરવાનું દબાણ રહ્યા કરે છે. જો કે તાજેતરની ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને કારણે બેન્કોને થાપણ મોરચે રાહત રહી છે.

૩૧ ઓકટોબરના અંતે બેન્કિંગ વ્યવસ્થામાં બાકી પડેલા ધિરાણનો આંક રૂપિયા ૨૩૧.૮૨ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણનો આંક રૂપિયા ૨૮૨.૫૧ ટ્રિલિયન રહ્યો હતો.

ઓગસ્ટના અંતે થાપણમાં ૧૭.૮૦ ટકા વૃદ્ધિ જોવા મળી હતી. એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને કારણે થયેલા ઈન્ફલોસથી બેન્કો માટે થાપણો ઊભી કરવાનો પડકાર હાલમાં હળવો થયો છે. થાપણમાં તાજેતરમાં જોવા મળેલી જંગી વૃદ્ધિને કારણે થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનું અંતર ઘટી ગયું છે જે વર્ષના પ્રારંભમાં પાંચ ટકા જેટલુ ઊંચે પહોંચી ગયુ હતું. એફસીએનઆર હેઠળ બેન્કિંગ વ્યવસ્થામાં ૧૨૭ અબજ ડોલરનો ઈન્ફલો રહ્યો હતો.

દેશની ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સની નિકાસમાં ૫૭ ટકાનો વધારો

અમદાવાદ, તા. ૧૪

ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ હવે માત્ર સ્માર્ટફોન પૂરતી મર્યાદિત ન રહેતા મુખ્ય ઘટકો (કમ્પોનન્ટ્સ) તરફ આગળ વધી રહી છે. પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ્સ, મેમરી ઈન્ટિગ્રેટેડ સર્કિટ્સ, સોલિડ-સ્ટેટ સ્ટોરેજ ડિવાઈસીસ અને ટેલિકોમ નેટવર્કિંગ સાધનોની નિકાસમાં તીવ્ર વધારો નોંધાયો છે, જે દેશના ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્રમાં થઈ રહેલા ક્રમિક વૈવિધ્યકરણનો સંકેત આપે છે.

એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન સ્માર્ટફોનની નિકાસ ૧૮.૧૭ અબજ ડોલરની હતી

વાણિજ્ય મંત્રાલયના આંકડા મુજબ, એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન બિન-સ્માર્ટફોન ઈલેક્ટ્રોનિક્સની નિકાસ વાર્ષિક ધોરણે ૫૬.૫% વધીને ૧૩.૭૯ અબજ ડોલર પર પહોંચી છે, જે સ્માર્ટફોનની નિકાસમાં થયેલા ૩૫.૮%ના વધારા કરતા ઘણી વધારે છે. આ સમયગાળામાં સ્માર્ટફોનની નિકાસ ૧૮.૧૭ અબજ ડોલર રહી છે.

પરિણામે, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતની કુલ ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં બિન-સ્માર્ટફોન ઉત્પાદનોનો હિસ્સો વધીને ૪૩.૨% થયો છે, જે એક વર્ષ અગાઉ ૩૯.૭% હતો. બીજી તરફ, કુલ નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો ૬૦.૩%થી ઘટીને ૫૬.૮% થયો છે. એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન એકંદર ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ૪૪% વધીને ૩૧.૯૭ અબજ ડોલર થઈ છે, જે ગત વર્ષના સમાન સમયગાળામાં ૨૨.૨૦ અબજ ડોલર હતી.

સેમિકન્ડક્ટર સંબંધિત ઉત્પાદનો અને ડેટા સ્ટોરેજ સાધનોમાં પણ આ વિસ્તરણ જોવા મળી રહ્યું છે. મેમરી ઈન્ટિગ્રેટેડ સર્કિટ્સની નિકાસ ગત વર્ષના ૨૩ મિલિયન ડોલરથી ૨,૩૩૨% ઉછળીને ૫૬૨ મિલિયન ડોલર પર પહોંચી છે. સોલિડ-સ્ટેટ સ્ટોરેજ ડિવાઈસીસમાં ૧,૬૮૧% ની વૃદ્ધિ નોંધાઈ છે, જેની નિકાસ ૧૫ મિલિયન ડોલરથી વધીને ૨૬૧ મિલિયન ડોલર થઈ છે.

સોના-ચાંદીની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં થયેલો ઘટાડો: ક્રૂડ બજાર સરપ્લસમાં

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શનિવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલિયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો જ્યારે સોનાના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા. વિશ્વ બજારના સમાચાર જો કે વિવિધ કિંમતી ધાતુઓના ભાવમાં વધુ ઘટાડો દર્શાવી રહ્યા હતા. ભારતમાં આયાત થતા સોના-ચાંદીની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે ઘટાડો કર્યાના સમાચાર હતા.

ચાંદી વધુ ગબડી: બંધ બજારે ડોલર સામે રૂપિયો વધુ તૂટ્યો: અમેરિકામાં બેરોજગારીના દાવા વધી બે લાખને આંબી ગયા

આના પગલે સોના-ચાંદીની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટી ઘટી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. સોનાની ટેરીફ વેલ્યુ ૧૦ ગ્રામદીઠ ડોલરના સંદર્ભમાં ૧૨૯૫થી ઘટાડી સરકારે ૧૨૪૫ ડોલર કરી છે જ્યારે ચાંદીની ટેરીફ વેલ્યુ કિલોદીઠ ડોલરના સંદર્ભમાં ૧૭૧૧થી ઘટી ૧૬૬૩ ડોલર કરાઈ હોવાના સમાચાર હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૩૮૯૪થી ૩૮૯૫ વાળા ઘટી છેલ્લે ભાવ ૩૮૮૪થી ૩૮૮૫ ડોલર રહ્યા હતા. આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૪.૨૪ વાળા વધુ વધી રૂ.૯૪.૩૬ થી ૯૪.૩૭ બોલાતાં રૂપિયો વધુ ગબડ્યો હતો.

મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૦ વધી ૯૯૫ના રૂ.૧૩૫૬૦૦ તથા ૯૯૯ના રૂ.૧૩૬૨૦૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ આજે વધુ રૂ.૨૩૦૦ તૂટી રૂ.૧૭૫૭૦૦ બોલાયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસના ૫૦.૦૫ વાળા ઘટી છેલ્લે ભાવ ૪૮.૭૪થી ૪૮.૭૫ ડોલર રહ્યા હતા. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૧૦૩.૦૬ તથા ઉંચામાં ૧૦૩.૪૪ થઈ ૧૦૩.૪૧ છેલ્લે રહ્યો હતો. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૪૯૮ ડોલર છેલ્લે રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ ૧૦૦૫ ડોલર રહ્યા હતા.

વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૧.૭૬ ટકા માઈનસમાં રહ્યા હતા. કોપરના ભાવ છેલ્લા સતત પાંચ સપ્તાહથી તૂટતા રહ્યા છે. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બેતરફી વધઘટે અથડાતા રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ઉંચામાં ૯૭.૧૩ તથા નીચામાં ૯૫.૦૬ ડોલર થઈ છેલ્લે ભાવ ૯૫.૪૮ ડોલર રહ્યા હતા યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૮૯.૬૪ તથા નીચામાં ૮૭.૮૦ થઈ છેલ્લે ભાવ ૮૮.૫૬ ડોલર રહ્યા હતા. ઈરાનમાં ક્રૂડનું ઉત્પાદન વધી દૈનિક ૪૬ લાખ બેરલ્સ થતાં ત્યાં ક્રૂડ ઉત્પાદનમાં સાત વર્ષની ટોચ દેખાઈ હતી. વૈશ્વિક સ્તરે હવે ક્રૂડમાં માગ કરતા સપ્લાય વધુ જેવી સ્થિતિ દેખાઈ હોવાનું ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ જણાવ્યુ હતું. વૈશ્વિક સ્તરે ક્રૂડની માગ સામે ક્રૂડની સપ્લાય દૈનિક ધોરણે ૧૭ લાખ બેરલ્સ વધુ નોંધાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આયાતી ખાદ્યતેલોની ટેરીફ વેલ્યુમાં ઘટાડો થતા આયાત જકાત પણ નીચી આવી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શનિવાર

ભારતમાં આયાત થતા વિવિધ ખાદ્યતેલોની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વલ્યુમાં સરકારે ઘટાડો કર્યાના સમાચાર હતા.આના પગલે વિવિધ આયાતી ખાદ્યતેલોની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ઘટાડો થયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. ક્રૂડ પામ ઓઈલ સીપીઓની ટેરીફ વેલ્યુ સરકારે ૧૧૭૪થી ઘટાડી ૧૧૪૧ ડોલર કરી છે આરબીડી પામોલીનની આવી ટેરીફ વેલ્યુ ૧૨૦૭થી ઘટી ૧૨૦૪ ડોલર તથા આયાતી સોયાતેલ ડિગમની ટેરીફ વેલ્યુ ૧૨૯૧થી ઘટી ૧૨૮૨ ડોલર કરવામાં આવી હોવાના સમાચાર મળ્યા હતા. આના પગલે ક્રૂડ પામ ઓઈલ સીપીઓની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટી ટનદીઠ રૂ.૩૪૬ ઘટી છે જ્યારે આરબીડી પામોલીનની રૂ.૮૬ તથા ડિગમ સોયાતેલની રૂ.૯૪ ઘટી હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું.

દિવેલ તથા હાજર એરંડાના ભાવ ઉંચકાયા

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે વિવિધ દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવ બેતરફી સાંકડી વધઘટે અથડાતા રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. દરમિયાન, દિવેલના હાજર ભાવ આજે ૧૦ કિલોના રૂ.૮ ઉંચકાતાં એરંડાના હાજર ભાવ ક્વિ.ના રૂ.૪૦ વધી આવ્યા હતા.

મુંબઈ ખોળ બજારમાં આજે સિંગખોળના ભાવ ટનના રૂ.૧૫૦૦ વધ્યા હતા. જ્યારે સોયાખોળના ભાવ ટનના રૂ.૫૦૦ વધ્યા હતા જો કે અન્ય ખોળો શાંત હતા. કંડલા ખાતે બાયબેકના ભાવ પામોલીનના રૂ.૧૩૦૮ તથા સોયાતેલના રૂ.૧૩૯૬ રહ્યા હતા. હઝીરા ખાતે સોયાતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૪૧૫થી ૧૪૨૦ જ્યારે ડિસેમ્બરના રૂ.૧૪૨૫ રહ્યા હતા. નવી મુંબઈ બંદરે આરબીડીના ભાવ રૂ.૧૩૫૫ રહ્યા હતા. ખોપોલી ખાતે સોયાતેલના ભાવ જાન્યુઆરીના રૂ.૧૪૫૦ રહ્યા હતા જ્યારે ત્યાં સનફલાવરના ભાવ નવેમ્બરના રૂ.૧૬૧૦ રહ્યા હતા.દરમિયાન, સૌરાષ્ટ્ર ખાતે મગફળીના ભાવ ૨૦ કિલોના જાતવાર રૂ.૧૩૦૦થી ૧૭૦૦ રહ્યા હતા.

સામાન્ય વીમા કંપનીઓની પ્રીમિયમ આવકમાં ૧૦ ટકાનો થયેલો વધારો

મુંબઈ, તા. ૧૪

સામાન્ય વીમા કંપનીઓની ગ્રોસ ડાયરેકટ પ્રીમિયમ આવક વર્તમાન વર્ષના ઓકટોબરમાં વાર્ષિક ધોરણે ૧૦.૫૦ ટકા વધી રૂપિયા ૩૨૭૬૧ કરોડ રહી હતી. આરોગ્ય વીમા પ્રીમિયમ મારફતની ઊંચી આવકને પરિણામે એકંદર આવક આંક ઊંચો રહેવા પામ્યો હોવાનું જનરલ ઈન્સ્યૂરન્સ કાઉન્સિલના ડેટા જણાવે છે.

આરોગ્ય વીમા કંપનીઓની આવક વાર્ષિક ધોરણે ૨૧.૩૦ ટકા વધી રૂપિયા ૪૫૪૯ કરોડ રહી

આરોગ્ય વીમા કંપનીઓની આવક વાર્ષિક ધોરણે ૨૧.૩૦ ટકા વધી રૂપિયા ૪૫૪૯ કરોડ રહી હતી.

વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓકટોબરના ગાળામાં સામાન્ય વીમા ઉદ્યોગની પ્રીમિયમ મારફતની આવક વાર્ષિક ધોરણે ૯.૧૩ ટકા વધી રૂપિયા ૨.૧૨ લાખ કરોડ રહી હતી.

પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે ભારત ખાતેથી ચા નિકાસમાં ઘટાડો

મુંબઈ, તા. ૧૪

પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે મુખ્ય નિકાસ મથકો ખાતે જહાજોની અવરજવરમાં ખલેલ પડતા વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતની ચા નિકાસમાં મૂલ્યની દ્રષ્ટિએ ૮ ટકા અને વોલ્યુમની દ્રષ્ટિએ ૯ ટકા ઘટાડો થયો છે.

ટી બોર્ડ દ્વારા જારી કરાયેલા ડેટા પ્રમાણે એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં ચાની નિકાસનો આંક રૂપિયા ૪૦૧૬ કરોડ રહ્યો હતો જે ગયા નાણાં વર્ષના સમાન ગાળામાં રૂપિયા ૪૩૫૧.૨૨ કરોડ રહ્યો હતો. વોલ્યુમની દ્રષ્ટિએ નિકાસ ૧૪.૦૯ કરોડ કી.ગ્રા. પરથી ઘટી ૧૨.૮૪ કરોડ કી.ગ્રા. રહી છે. જો કે ચાની પ્રતિ કીલો આવકમાં ૧.૩૦ ટકા વધારો થઈ તે રૂપિયા ૩૧૨.૭૦ રહી છે, જે ચાની કિંમતમાં વધારો થયાનું સૂચવે છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે નૂર ખર્ચમાં વધારાને કારણે ચાની નિકાસ પર અસર પડી હતી.

સેન્સેક્સ ૮૦૭૭૭ સપોર્ટ અને નિફટી ૨૪૮૮૮ ટકાની સપાટીએ

નવા સપ્તાહમાં નિફટી ૨૫૪૧૧ ઉપર ૨૫૬૬૬, સેન્સેક્સ ૮૨૪૧૧ ઉપર બંધ થતાં ૮૩૨૩૩ જોવાશે

મુંબઈ,શનિવાર

વૈશ્વિક મોરચે અમેરિકામાં મિડ-ટર્મ ચૂંટણીઓમાં ટ્રમ્પ સરકાર માટે પીછેહઠથી બદલાયેલા સમીકરણોમાં ઈરાન યુદ્ધના અંતની અપેક્ષા અને ટેરિફ યુદ્ધનો પણ અંત આવવાના પોઝિટીવ સંકેતોએ વૈશ્વિક બજારોમાં ક્રુડ ઓઈલના ભાવમાં કડાકા અને ઈક્વિટી બજારોમાં અપેક્ષિત તેજી જોવાઈ હતી. અલબત આર્ટફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ક્ષેત્રે ડેવલપમેન્ટ સાથે એનવિડીયા સીઈઓ પ્રકરણે વૈશ્વિક આઈટી શેરોને પછડાટ આપી હતી. ઘર આંગણે ભારતીય શેર બજારો એકાએક અમેરિકી ચૂંટણીઓના પરિણામ બાદ રોકાણ માટે આકર્ષક બની ફોરેન ઈન્વેસ્ટરો માટે લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (એલટીસીજી) નાબૂદ કરવાના વહેતાં થયેલા અહેવાલોએ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની શેરોમાં ધૂમ ખરીદી નીકળતાં ટૂંકાગાળામાં શેરોમાં રેકોર્ડ તેજી જોવાઈ છે.

ઝડપી તેજી બાદ ઉછાળે પ્રોફિટ બુકિંગ પણ શરૂ થતું જોવાયું છે. જો કે હવે આકર્ષક વેલ્યુએશને મળતાં ઘણા સ્મોલ કેપ અને મિડ કેપ શેરોમાં આગામી અઠવાડિયામાં તેજીનો વ્યાપક સળવળાટ જોવાય એવી શકયતા છે. પાછલા મહિનાઓમાં સ્મોલ, મિડ કેપ શેરોમાં ઓવર વેલ્યુએશન બાદ કરેકશન સાથે હવે ઘણા શેરોનું વેલ્યુએશન વ્યાજબી લેવલે પહોંચ્યું છે. જેમાં વિદેશી ફંડોનો રોકાણ પ્રવાહ વહેતો થતો જોવાઈ શકે છે. જેથી ઈન્ડેક્સ બેઝડ તેજીની તીવ્રતા ધીમી પડવાની શકયતા સામે સ્મોલ, મિડ કેપ શેરોનું સપ્તાહ ઉજવાય તો પણ નવાઈ ન પામશો. નવા સપ્તાહમાં સેન્સેક્સ ૮૦૭૭૭ની ટેકાની સપાટીએ ૮૨૪૧૧ ઉપર બંધ થતાં ૮૩૨૩૩ અને નિફટી સ્પોટ ૨૪૮૮૮ની ટેકાની સપાટીએ ૨૫૪૧૧ ઉપર બંધ થતાં ૨૫૬૬૬ જોવાઈ શકે છે.

અર્જુનની આંખે : VISAKA INDUSTRIES LTD.

બીએસઈ(૫૦૯૦૫૫), એનએસઈ (VISAKAIND) લિસ્ટેડ, રૂ.૨ પેઈડ-અપ, વિશાકા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ(VISAKA INDUSTRIES LIMITED), ડો. જી.વિવેક વેંકટસ્વામી દ્વારા વર્ષ ૧૯૮૧માં સ્થાપિત કંપની પાસે અનેક પ્રકારના ઉત્પાદનોનો પોર્ટફોલિયો છે. જેમાં કારૂગેટેડ સિમેન્ટ શીટ્સ, ફાઈબર સિમેન્ટ બોર્ડસ, હાઈબ્રિડ સોલાર રૂફ્સ અને માનવસર્જિત ફાઈબર યાર્નનો સમાવેશ થાય છે. ઊર્જાની માંગને ટકાઉ રીતે પૂરી કરવા માટે કંપનીએ એટીયુએમ નામની એક અનોખી હાઈબ્રિડ રૂફટોપ સોલાર પ્રોડક્ટ લોન્ચ કરી છે, જે ભારતમાં પોતાની આ પ્રકારની પ્રથમ પ્રોડક્ટ છે. પોતાની શ્રેષ્ઠ ટેકનોલોજીના કારણે એટીયુએમ થર્મલ કાર્યક્ષમતા ધરાવે છે અને પરંપરાગત સોલાર પેનલની સરખામણીએ ૨૦ ટકા વધુ આવક ઉત્પન્ન કરે છે. તેની અસાધારણ ટકાઉ ક્ષમતાને કારણે એટીયુએમ એક એવું નવીનીકરણીય-રિન્યુએબલ ઊર્જા સોલ્યુશન છે, જે એકસાથે છત અને સોલાર પેનલ બન્નેનું કાર્ય કરે છે અને સતત ઊર્જાની જરૂરિયાત પૂરી કરવા માટે બનાવવામાં આવ્યું છે.

કંપની પાસે સમગ્ર ભારતમાં ૧૨ મેન્યુફેકચરીંગ એકમો, ૧૩ માર્કેટિંગ ઓફિસો અને ૭૦૦૦થી વધુ ડીલર આઉટલેટ્સનું ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક છે. કંપની એક ટકાઉ-સસ્ટેનેબલ બિઝનેસ એન્ટરપ્રાઈઝ તરીકે ઊભરી આવી છે અને તેને ગ્રીન પ્રો સર્ટિફાઈડ (આઈજીબીસી) સંસ્થા તરીકે માન્યતા મળી છે. કંપની સિમેન્ટ ફાઈબર શીટ્સ, ફાઈબર સિમેન્ટ બોર્ડસ અને પેનલ્સ, સોલાર પેનલ્સ, સિન્થેટિક યાર્નના ઉત્પાદન, વેપાર અને બાંધકામ પ્રવૃતિઓમાં કાર્યરત છે. ઉપરાંત ગ્રીન પ્રોડક્ટસ, પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો, ટકાઉ ઉત્પાદનો અને ઓર્ગેનિક ઉત્પાદનોના વેપારમાં પણ સંકળાયેલી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬માં ખરીદી અને વેચાણનું પ્રમાણ : (એ) ખરીદી(પ્રોક્યોરમેન્ટ) : ટ્રેડિંગ હાઉસ પાસેથી થયેલી ખરીદી કુલ ખરીદીના ૩૦ ટકા જેટલી હતી. કંપનીએ કુલ ૨૮ ટ્રેડિંગ હાઉસો પાસેથી ખરીદી કરી હતી. તેમાંથી ટોચના ૧૦ ટ્રેડિંગ હાઉસોનો હિસ્સો ટ્રેડિંગ હાઉસ પાસેથી થયેલી કુલ ખરીદીના ૯૬.૨૪ ટકા જેટલો હતો. (બી) વેચાણ-સેલ્સ : ડીલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ દ્વારા કુલ વેચાણના ૬૦ ટકા જેટલું વેચાણ થયું હતું. કંપનીએ ૪૯૭૪ ડીલર્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સ મારફતે વેચાણ કર્યું હતું. ટોચના ૧૦ ડીલર્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સનો હિસ્સો કુલ વેચાણમાં માત્ર ૧૧ ટકા હતો.

મૂડી ખર્ચ : નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન કંપનીએ રૂ.૩૭ કરોડનો મૂડી ખર્ચ કર્યો હતો, મુખ્યત્વે મેન્ટેનન્સ, ઉત્પાદન ક્ષમતાની અડચણો દૂર કરવા અને પસંદગીના વિસ્તરણ માટે આ ખર્ચ કરવામાં આવ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩માં રૂ.૨૨૧ કરોડ, નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ.૧૧૮ કરોડ, નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂ.૨૮ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૬માં રૂ.૩૭ કરોડ

સબસીડિયરીઓ : (૧) વિશાખા ગ્રીન પ્રાઈવેટ લિમિટેડ : આ કંપની ઈપીસી અને ટર્નકી સોલ્યુશન્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં એટીયુએમ સોલાર પેનલ્સ, વી-બોર્ડસ, વી-પેનલ્સ અને ઈનફિલ મટિરિયલનો ઉપયોગ કરીને ઈનફિલ હાઉસીસ બનાવવાનો સમાવેશ થાય છે. (૨) એટીયુએમ લાઈફ પ્રાઈવેટ લિમિટેડ : આ કંપની સસ્ટેનેબલ-ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં સસ્ટેનેબલ સ્ટુડિયો અને એટીયુએમ સોલાર રૂફિંગ દ્વારા સંચાલિત એટીયુએમ ચાર્જ ગ્રીન ઈવી ચાર્જિંગ સ્ટેશનોનો સમાવેશ થાય છે.

મેન્યુફેકચરીંગ સવલતો અને ઉત્પાદન ક્ષમતા : કંપની સમગ્ર ભારતમાં ૧૭ મેન્યુફેકચરીંગ સવલતો ધરાવે છે અને દેશભરમાં ૧૩ માર્કેટિંગ ઓફિસો દ્વારા કામગીરી કરે છે. કંપનીના બિલ્ડિંગ પ્રોડક્ટસ ડિવિઝનની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા : સિમેન્ટ રૂફિંગ શીટ્સની ૮.૪૮ લાખ ટન, ફાઈબર સિમેન્ટ ફ્લેટ બોર્ડસ અને પેનલ્સની ૩.૫૬ લાખ ટન છે. કંપનીની યાર્ન સ્પિનિંગ ફેલિલિટીમાં ૩૦૪૦ ટ્વિન એર જેટ સ્પિનિંગ પોઝિશન્સ છે, જે ૯૫,૦૦૦ રિંગ સ્પિન્ડલ્સની સમકક્ષ છે.

ગ્રાહકો : ફાઈબર સિમેન્ટ બોર્ડસ અને પેનલ્સ : ગુગલ, એનટીપીસી, એમેઝોન, એલ એન્ડ ટી, ટાટા સ્ટીલ છે. એટીયુએમ સોલાર રૂફ સોલ્યુસન્સ : ઈન્ફિનિટી, એડિફાઈસ, શ્રી સાંઈ હોસ્પિટલ્સ, રેઈનબો ચિલ્ડ્રન્સ હોસ્પિટલ, પાયોનીયર હોલીડેઝ (ધ લીલા હોટલ્સ), સુંદરમ બ્રેક લાઈનિંગ્સ, એ બોન્ડ સ્ટ્રેન્ડ્સ, આલ્ફા સેરટોરિયલ, સ્ટાર ટેક લેબ્સ.નો સમાવેશ છે. સિન્થેટિક યાર્ન : ડોનીયર, અરવિંદ મિલ્સ, સિયારામ સિલ્ક્સ, અલોક ઈન્ડસ્ટ્રીઝ, રેમન્ડ્સ, વિધાતા, ગ્રાસીમ ભિવાની ટેક્સટાઈલ્સ લિમિટેડ, ડી-ડેકોર, બીએસએલ શુટિંગ્સ છે.

ભાવિ વિસ્તરણ : કંપની હવે ઉત્પાદન ક્ષમતા વિસ્તરણના નવા તબક્કામાં પ્રવેશી રહી છે. કંપનીનું મુખ્ય ધ્યાન આ બાબતો પર રહેશે, જેમાં બોર્ડસ અને પેનલ્સના બિઝનેસનું વિસ્તરણ, ટેક્સટાઈલ સેગ્મેન્ટમાં નફાકારકતામાં સુધારો, વેચાણના ભાવમાં શિસ્ત જાળવવી, ખર્ચનું યોગ્યય સંચાલન અને ઘટાડો, હાલની ફેક્ટરીઓની ઉત્પાદન ક્ષમતામાં વધારો અને નવા પ્લાન્ટ શરૂ કરવાનો સમાવેશ હશે. કંપનીએ વર્ષ ૨૦૩૦ સુધીમાં મધ્યમ ગાળાના આયોજન હેઠળ રૂ.૪૫૦ કરોડના મૂડી રોકાણનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ રોકાણ તબક્કાવાર કરવામાં આવશે, જેથી વિકાસની સાથે નાણાકીય શિસ્ત પણ જાળવી શકાય.

બીજા ત્રિમાસિકમાં અસાધારણ આવક : નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિકમાં કંપનીએ હૈદરાબાદ ક્રિકેટ એસોસિયેશન (એચસીએ) સામે લાંબા સમયથી ચાલી રહેલા કરાર સંબંધિત વિવાદમાં કોર્ટના અનુકૂળ ચૂકાદાના પરિણામે રૂ.૬૮ કરોડ ૭૩ લાખ પ્રાપ્ત થયા છે. આ રકમને કંપનીના નાણાકીય પરિણામોમાં અસાધારણ આવક (એક્સેપશનલ આઈટમ) તરીકે દર્શાવવામાં આવી છે.

પ્રમોટરોએ પોતાનો હિસ્સો વધાર્યો : પ્રમોટરોએ છેલ્લા એક વર્ષ દરમિયાન ઓપન માર્કેટમાંથી શેર ખરીદીના કંપનીમાં પોતાનો હિસ્સો અંદાજે પાંચ ટકા વધાર્યો છે. આ ખરીદી સેબીના નિયમો હેઠળ મંજૂર મર્યાદાની અંદર કરવામાં આવી છે.

કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો :

(૧) પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ :

ચોખ્ખી આવક ૮.૭૫ ટકા વધીને રૂ.૧૬૭૮ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો રૂ.૪૭.૪૪ કરોડ (અગાઉ રૂ.૨ કરોડનું નુકશાન હતું)નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૨.૧૫ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૩૬ કરોડ (અગાઉ રૂ.૩ કરોડ નુકશાન હતું)હાંસલ કરી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૪.૧૧(અસાધારણ આવક ગણ્યા વગર), રૂ.૯.૮૮ (અસાધારણ આવક ગણ્યા બાદ) નોંધાવી છે. (ઉપરના અન્ય આંકડામાં રૂ.૫૯.૭૦ કરોડની અસાધાણર આવકનો સમાવેશ કરવામાં આવ્યો નથી.)

(૨) પ્રથમ અર્ધવાર્ષિક એપ્રિલ ૨૦૨૬થી સપ્ટેમ્બર ૨૦૨૬ :

આવક ૧૯ ટકા વધીને રૂ.૯૯૦ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૪૩૩ ટકા વધીને રૂ.૮૮ કરોડ નોંધાવી, નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૬.૬૭ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૪૩૩ ટકા વધીને રૂ.૬૬ કરોડ હાંસલ કરી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૭.૫૮ (અસાધારણ આવક ગણ્યા વગર), રૂ.૧૪.૩૫ (અસાધારણ આવક ગણ્યા બાદ) હાંસલ કરી છે. ઉપરના અન્ય આંકડામાં રૂ.૬૯ કરોડની અસાધારણ આવકનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

(૩) અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ :

અપેક્ષિત ચોખ્ખી આવક રૂ.૧૯૪૦ કરોડ થકી કરવેરા પૂર્વેનો નફો રૂ.૧૪૩ કરોડ અપેક્ષિત સાથે નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૫.૧૨ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૧૦૭ કરોડ મેળવી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૧૨.૩૩ (અસાધારણ આવક વગર) અને રૂ.૧૯.૧૦ (અસાધારણ આવક સાથે) અપેક્ષિત છે.

ડિવિડન્ડ : વર્ષ ૨૦૨૨માં ૧૫૦ ટકા, વર્ષ ૨૦૨૩માં ૧૦૦ ટકા, વર્ષ ૨૦૨૪માં ૨૫ ટકા, વર્ષ ૨૦૨૫માં ૨૫ ટકા, વર્ષ ૨૦૨૬માં ૧૧૦ ટકા.

શેર દીઠ આવક-ઈપીએસ : વર્ષ ૨૦૨૨માં રૂ.૧૪.૨૬, વર્ષ ૨૦૨૩માં રૂ.૫.૮૦, વર્ષ ૨૦૨૪માં રૂ.૦.૧૦, વર્ષ ૨૦૨૫માં નેગેટીવ રૂ.૦.૩૫, વર્ષ ૨૦૨૬માં રૂ.૪.૧૧, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં રૂ.૧૨.૩૩

બુક વેલ્યુ : વર્ષ ૨૦૨૨માં રૂ.૮૫, વર્ષ ૨૦૨૩માં રૂ.૮૯, વર્ષ ૨૦૨૪માં રૂ.૮૭, વર્ષ ૨૦૨૫માં રૂ.૮૬, વર્ષ ૨૦૨૬માં રૂ.૯૬, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં રૂ.૧૦૮

શેર હોલ્ડિંગ પેટર્ન : પ્રમોટર્સ પાસે ૫૩.૪૮ ટકા, મ્યુચ્યુઅલ ફંડો પાસે ૦.૮૨ ટકા, એચએનઆઈ પાસે ૧૪.૭૦ ટકા, રિટેલ રોકાણકારો પાસે ૩૧ ટકા છે.

પ્રમોટર્સનો હિસ્સો : જૂન ૨૦૨૫ના ૪૮.૪ ટકા, સપ્ટેમ્બર ૨૦૨૫ના ૫૩.૨૪ ટકા, જૂન ૨૦૨૬ના ૫૩.૪૦ ટકા, સપ્ટેમ્બર ૨૦૨૬ના ૫૩.૪૮ ટકા.

ઓપરેટિંગ પ્રોફિટ માર્જિન : વર્ષ ૨૦૨૨માં ૧૪ ટકા, વર્ષ ૨૦૨૩માં ૮ ટકા, વર્ષ ૨૦૨૪માં ૬ ટકા, વર્ષ ૨૦૨૫માં ૭ ટકા, વર્ષ ૨૦૨૬માં ૮ ટકા, ટીટીએમ ૧૧ ટકા.

આરઓસીઈ : વર્ષ ૨૦૨૨માં ૨૧ ટકા, વર્ષ ૨૦૨૩માં ૧૦ ટકા, વર્ષ ૨૦૨૪માં ૩ ટકા, વર્ષ ૨૦૨૫માં ૪ ટકા, વર્ષ ૨૦૨૬માં ૭ ટકા, ટીટીએમ ૯ ટકા.

આમ(૧) લેખક ઉપરોકત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા ક્વોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં. (૨) વિશાકા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, બિલ્ડિંગ મટિરિયલ ક્ષેત્રની કંપની, જેમાં પ્રમોટરોએ છેલ્લા એક વર્ષમાં પોતાનું હોલ્ડિંગ પાંચ ટકા વધાર્યું છે. અપેક્ષિત પૂર્ણ નાણા વર્ષ ૨૦૨૬-૨૭માં અપેક્ષિત ઈપીએસ રૂ.૧૨.૩૩ (રૂ.૬૯ કરોડની અસાધારણ આવક બાદ કરતાં) અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૧૦૮ સામે શેર રૂ.૮૬ના ભાવે ૭ના પી/ઈએ ઉપલબ્ધ છે.

VISAKA INDUSTRIES અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૧૦૮ સામે શેર રૂ.૮૬ના ભાવે ૭ના પી/ઈએ ઉપલબ્ધ

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

છેલ્લા બોલે ૩ રનની જરુર હતી, ત્યારે ૧૦માં ક્રમના બેટસમેન સૌરાષ્ટ્રના મોહિત ઉલ્વા(૨૬ બોલમાં ૪૯*)નો વિજયી ચોગ્ગો

ભારતે છેલ્લા બોલે પાકિસ્તાનને એક વિકેટથી હરાવી U19 એશિયા કપ જીત્યો

અલ-અમેરાત, તા.૧૪

ભારતને છેલ્લા બોલે જીતવા માટે ૩ રનની જરુર હતી, ત્યારે ૧૦માં ક્રમના બેટ્સમેન સૌરાષ્ટ્રના મોહિત ઉલ્વાએ વિજયી ચોગ્ગો ફટકાર્યો હતો અને યુવા ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાન સામે એક વિકેટથી દિલધડક વિજય મેળવવાની સાથે અંડર-૧૯ એશિયા કપ જીતીને ઈતિહાસ રચી દીધો હતો. ૩૩૮ના ટાર્ગેટનો પીછો કરતાં એક તબક્કે ૨૫૨/૮ પર ફસડાયા બાદ ભારતની અંડર-૧૯ ટીમે ક્રિકેટ ઈતિહાસના યાદગાર કમબેક વિજયોમાં સ્થાન પામે તેવા લડાયક મિજાજ સાથે ૩૩૯/૯નો સ્કોર કરતાં ટ્રોફી જીતી હતી. પ્લેયર ઓફ ધ મેચ મોહિત ૨૬ બોલમાં પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૪૯ રને અણનમ રહ્યો હતો અને તેણે સી.વેંકટા (૧૧*) સાથે આખરી વિકેટમાં ૧૬ બોલમાં ૩૦* રનની વિજયી ભાગીદારી કરી હતી. ભારતે આ સાથે ૨૦૨૧ પછી પહેલીવાર અંડર-૧૯ એશિયા કપ જીત્યો હતો. આખી ટુર્નામેન્ટમાં અજેય રહેલા ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાનનો આ ટુર્નામેન્ટમાં પહેલો પરાજય હતો.

માનલ ચૌહાણ અને મોહિત ઉલ્વાએ બાજી પલ્ટી

ભારતને જીતવા માટે આખરી ૫૧ બોલમાં ૮૬ રનની જરુર હતી, ત્યારે ૧૦માં ક્રમના બેટર તરીકે મોહિત ઉલ્વા ક્રિઝ પર માનલ ચૌહાણ સાથે જોડાયો હતો. માનલે ૩ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૩૨ બોલમાં ૪૭ રન ફટકાર્યા હતા. તેણે અને મોહિત ઉલ્વાએ ૩૫ બોલમાં ૫૭ રન જોડતાં જીતની આશા જીવંત બનાવી હતી. માનલ આઉટ થયો ત્યારે ભારતને જીતવા ૧૬ બોલમાં ૨૯ રનની જરુર હતી અને એક જ વિકેટસલામત હતી. જોકે મોહિત અને વેંકટાની જોડીએ યાગદાર દેખાવ સાથે ભારતને ટ્રોફી અપાવી હતી.

લક્ષ્ય રાયચંદાની-આર્યવીર સેહવાગની અડધી સદી

જીતવા માટેના ૩૩૮ના વિશાળ પડકારનો પીછો કરવા ઉતરેલી ભારતની અંડર-૧૯ ટીમ તરફથી કેપ્ટન લક્ષ્ય રાયચંદાનીએ ૧૦૧ બોલમાં પાંચ ચોગ્ગા સાથે ૮૦ અને આર્યવીર સેહવાગે ૬૧ બોલમાં ૯ ચોગ્ગા સાથે ૫૮ રન ફટકાર્યા હતા. તેમણે ૧૭.૪ ઓવરમાં ૯૫ રનની ભાગીદારી કરી હતી. આ પછી લક્ષ્યે વિનીથ (૨૪) સાથે ૫૩ બોલમાં ૫૧ રન જોડ્યા હતા. જોકે વિનીથ બાદ અર્જુન રાજપુત (૧૬), યશબર્ધન ચૌહાણ (૯), રાયચંદાની (૮૦), અન્વય દ્રવિડ (૧૯), આર્યન સવસાણી (૯) તેમજ કાવ્ય પટેલ (૦) આઉટ થતાં ભારતની ટીમ ૨૫૨/૮ પર ફસડાઈ હતી. રિઝવાનુલ્લાહે ત્રણ અને નિકાબ શફિકે બે વિકેટ ઝડપી હતી.

ઉસ્માન ખાનની સદી : કાવ્ય પટેલની ચાર વિકેટ

અગાઉ પાકિસ્તાનની અંડર-૧૯ ટીમે ટોસ જીતીને ભારતને બેટિંગમાં ઉતાર્યું હતુ. ઓપનર ઉસ્માન ખાને ૧૧૧ બોલમાં ૧૧ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૧૦૭ રન તેમજ વન ડાઉન બેટ્સમેન અબ્દુલ કાદિરે ૫૪ બોલમાં ૮ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૮૦ તેમજ કેપ્ટન ફરહાન યુસુફે ૬૦ બોલમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૬૩ રન ફટકાર્યા હતા. ગુજરાતના કાવ્ય પટેલે ૧૦ ઓવરમાં ૬૮ રન આપીને ચાર અને સી.વેંકટાએ પાંચ ઓવરમાં ૪૦ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.

સેહવાગનો પુત્ર આર્યવીર ટુર્નામેન્ટનો ટોપ સ્કોરર



ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરેન્દ્ર સેહવાગનો પુત્ર આર્યવીર ૨૩૦ રન સાથે અંડર-૧૯ એશિયા કપનો ટોપ સ્કોરર બન્યો હતો. આર્યવીર સેહવાગે ટુર્નામેન્ટની પાંચ ઈનિંગમાં ૭૦.૨૫ની સરેરાશથી ૩૬૧ રન ફટકાર્યા હતા, જેમાં ત્રણ અડધી સદી અને એક સદી સામેલ હતી. તેણે યુએઈ સામે ૧૬૦ રન ફટકાર્યા હતા. આ પછી સેમિ ફાઈનલમાં અફઘાનિસ્તાન સામે ૫૧ અને ફાઈનલમાં પાકિસ્તાન સામે ૫૮ રન નોંધાવ્યા હતા.

આખરી૧૦ ઓવરમાં પાકિસ્તાન ૬૩ રન કરી શક્યું, ભારતે ૯૧ રન ફટકાર્યા

પ્રત્યેક પાંચ ઓવરની તુલના

ઓવર	પાકિસ્તાન	ભારત	ઓવર	પાકિસ્તાન	ભારત
૫	૩૬/૦	૨૨/૦	૩૦	૨૦૪/૨	૧૬૭/૨
૧૦	૯૩/૧	૫૪/૦	૩૫	૨૩૧/૨	૨૧૩/૪
૧૫	૧૧૭/૧	૮૦/૦	૪૦	૨૭૪/૩	૨૪૮/૬
૨૦	૧૩૮/૧	૧૦૭/૧	૪૫	૩૦૫/૫	૨૯૧/૮
૨૫	૧૯૧/૧	૧૩૨/૧	૫૦	૩૩૭/૯	૩૩૯/૯



સુરેન્દ્રનગરના લખતરમાં જન્મેલા
મોહિતનો વિજયી ચોગ્ગો ભારતીય ક્રિકેટના ઈતિહાસની યાદગાર ઘટના બની ગયો



અમદાવાદઃ ભારતની અંડર-૧૯ ટીમને પાકિસ્તાન સામેની ફાઈનલમાં આખરી બોલ પર ચોગ્ગો ફટકારીને વિજય અપાવનારા મોહિત મહેશભાઈ ઉલ્વાનો જન્મ સુરેન્દ્રનગર જીલ્લાના લખતર ખાતે થયો હતો. મોહિતના પિતા મહેશભાઈ રેલવે પ્રોટેકશન ફોર્સમાં ફરજ બજાવે છે અને તેમણે મોહિતને ક્રિકેટમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યો. મોહિતે જામનગરના ક્રિકેટ બંગલા ખાતે રવિન્દ્ર જાડેજાના કોચ રહી ચૂકેલા મહેન્દ્ર સિંહ ચૌહાણ પાસે તાલીમ મેળવી હતી. મહેશભાઈની બદલી રાજકોટ થઈ તે પછી મોહિતે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની જુનિયર વયજુથની ટીમો તરફથી નોંધપાત્ર દેખાવ કર્યો હતો. રાજકોટમાં સપ્ટેમ્બર-૨૦૨૬માં રમાયેલી ઓસ્ટ્રેલિયા સામેની યુથ ટેસ્ટમાં તેણે ઈનિંગમાં ત્રણ વિકેટ ઝડપવાની સાથે ૮૪ બોલમાં ૯૨ રન પણ ફટકાર્યા હતા. મોહિતે કહ્યું કે મને વિશ્વાસ હતો કે હું વિજયી ચોગ્ગો ફટકારી ટીમને ચેમ્પિયન બનાવી શકીશ. મને ઈશ્વર પર ભરોસો હતો. મને અહેસાસ હતોકે, આજે મારો દિવસ છે. માનલ અને વેંકટાએ મારી આત્મશ્રદ્ધાને દ્રઢ કરી. માનલે મને કહ્યું હતુ કે, જો આપણે છેલ્લા બોલ સુધી રમીશું તો જીતી શકીશું. વેંકટાએ મને કહ્યું કે, હું ક્રિઝ પર ટકી રહીશ, તું મેચ ફિનિશ કર.

ભારતની અંડર-૧૯ ટીમ તરફથી ગુજરાત રાજ્યના ખેલાડીઓનો વિજયી દેખાવ

ભારતની અંડર-૧૯ ટીમે ફાઈનલમાં પાકિસ્તાનને છેલ્લા બોલે એક વિકેટથી હરાવીને અંડર-૧૯ એશિયા કપ જીતી લીધો હતો. ભારતની જીતમાં ગુજરાત રાજ્યના ખેલાડીઓએ વિજયી દેખાવ કર્યો હતો. અત્યંત તનાવ વચ્ચે વિજયી ચોગ્ગો સાથે ૨૬ બોલમાં અણનમ ૪૯ રન ફટકારનારો મોહિત ઉલ્વા મૂળ સુરેન્દ્રનગરનો છે. જ્યારે મોરબીના આર્યન સવસાણી ૭ ઓવરમાં ૩૬ રન આપ્યા હતા. અમદાવાદના કાવ્ય પટેલે ભારતની અંડર-૧૯ ટીમ તરફથી કમાલ કરતાં પાકિસ્તાન સામે ૧૦ ઓવરમાં ૬૮ રન આપીને ચાર વિકેટ મેળવી હતી.

ભારતે પાકિસ્તાનને હરાવી હિસાબ ચુકતે કર્યો : રેકોર્ડ નવમું ટાઈટલ મેળવ્યું

ભારતીય ટીમે આ જીતની સાથે પાકિસ્તાન સામે ગત અંડર-૧૯ એશિયા કપની ફાઈનલમાં તેમજ હાલ પુરા થયેલા અંડર-૧૯ એશિયા કપની ગ્રૂપ સ્ટેજની મેચની હારનો હિસાબ ચૂકતે કર્યો હતો. ભારતની અંડર-૧૯ ટીમે આ સાથે ઓવરઓલ રેકોર્ડ નવમું અને ૨૦૨૧ પછીનું પ્રથમ ટાઈટલ જીત્યું હતુ. ભારતની અંડર-૧૯ ટીમ ૨૦૨૪ની ફાઈનલમાં બાંગ્લાદેશ સામે અને ૨૦૨૫ની ફાઈનલમાં પાકિસ્તાન સામે હારી હતી. ભારત અગાઉ ૧૯૮૯, ૨૦૦૩, ૨૦૧૨, ૨૦૧૩-૧૪, ૨૦૧૬, ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૧માં અંડર-૧૯ એશિયા કપ જીત્યું હતુ.

૩૩૮ના ટાર્ગેટને ભારતે ૫૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી પાર પાડ્યો : ભારત પાંચ વર્ષમાં પહેલીવખત ચેમ્પિયન : ગુજરાતના કાવ્ય પટેલની ૬૮ રનમાં ચાર વિકેટ : લક્ષ્ય રાયચંદાનીના ૮૦, આર્યવીર સહેવાગના ૫૮ અને માનલ ચૌહાણના ૪૭ રન

ઉષાના નોમિનેશન સામે સત્તાવાર વિરોધ નોંધાવાયો
પી.ટી. ઉષા આઈસહોકી એસોસિએશનના પ્રતિનિધિ તરીકે ચૂંટણી લડવાની તૈયારીમાં

નવી દિલ્હી, તા.૧૪

ભારતીય ઓલિમ્પિક સંઘ (આઈઓએ)ના વર્તમાન પ્રમુખ અને મહાન એથ્લીટ પી.ટી. ઉષા પાંચમી ડિસેમ્બરે યોજાનારી ચૂંટણી લડવી તો દૂર તેમાં પ્રમુખપદ કે અન્ય કોઈ હોદ્દા માટે ઉમેદવારી પણ ન નોંધાવી શકે તેવી શક્યતા પ્રબળ બની રહી છે. ભારતીય ઓલિમ્પિક સંઘની જનરલ એસેમ્બલીમાં પ્રવેશ માટેની સ્પોર્ટ્સપર્સન્સ ઓફ આઉટસ્ટેન્ડિંગ મેરિટ (એસઓએમ)ની ચૂંટણીમાં હારી ગયા પછી હવે પી.ટી. ઉષાએ નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશનનો માર્ગ અપનાવ્યો છે.

પી.ટી. ઉષાને હવે આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયાએ મહિલા પ્રતિનિધિ તરીકે પ્રસ્તાવિત મતદાર યાદીમાં નોમિનેટ કર્યા છે. આ મતદાર યાદી પાંચમી ડિસેમ્બરે યોજાનારી ભારતીય ઓલિમ્પિક સંઘના એક્ઝિક્યુટીવ કાઉન્સીલની ચૂંટણી માટેની છે. જોકે, આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયાના નોમિની તરીકે પી.ટી. ઉષાના નામની સામે સુપ્રીમ કોર્ટના વકીલ અતુલ કુમારે વિરોધ નોંધાવ્યો છે અને આ અંગે ઈલેક્ટોરલ ઓફિસર સંજય કુમાર શ્રીવાસ્તવાને રજુઆત કરી છે.

હવે એવો આક્ષેપ મુકાયો છે કે, ઉષા આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયાના સભ્ય નથી. વધુમાં આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયાની રાષ્ટ્રીય ફેડરેશન તરીકેની માન્યતાની સામે પણ પ્રશ્નાર્થ સર્જવામાં આવ્યો છે. હવે આ વિવાદ આગળ જતાં કેવો વળાંક લે છે, તે જોવાનું રહેશે.

હર્ષલ પટેલ હૈદરાબાદ છોડીને ગુજરાત ટાઈટન્સમાં જોડાવાની તૈયારીમાં

નવી દિલ્હી : હર્ષલ પટેલ આઈપીએલની સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમ છોડીને ગુજરાત ટાઈટન્સમાં જોડાવાની તૈયારીમાં છે, તેમ એક મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. સનરાઈઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે આઈપીએલની ટ્રેડ ડીલ થઈ જશે તે લગભગ નક્કી લાગી રહ્યું છે. હર્ષલ ચાર કરોડ રૂપિયાના કરાર સાથે ગુજરાત ટાઈટન્સમાં સામેલ થશે. નોંધપાત્ર છે કે, ૨૦૨૫ની આઈપીએલની હરાજીમાં હૈદરાબાદે તેને લગભગ આઠ કરોડમાં ખરીદ્યો હતો.

ભારતની પ્રજ્ઞાચક્ષુ મહિલા ક્રિકેટ
ટી-૨૦ ટીમમાં ગુજરાતની ખેલાડીની પસંદગી



અમદાવાદ : ક્રિકેટ -એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ ઈન ઈન્ડિયા દ્વારા બીજી થી આઠમી ડિસેમ્બર દરમિયાન ગુરુગ્રામમાં -રમાનારી નેપાળ સામેની પાંચ ટી-૨૦ મેચની પ્રજ્ઞાચક્ષુ મહિલા ક્રિકેટરોની શ્રેણી માટેની ભારતીય ટીમમાં ગુજરાતની કલ્પના ચૌર્યાની પસંદગી કરવામાં આવી છે. ડાંગ જીલ્લાની ૨૩ વર્ષની કલ્પના ચૌર્યા બી-૧ કેટેગરીમાં સામેલ છે, જેમાં ખેલાડી સંપૂર્ણપણે પ્રજ્ઞાચક્ષુ હોય છે. તે અગાઉ ૨૦ જેટલી નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે.

સેમી ફાઈનલમાં ઈન્ડોનેશિયાના ફરહાનને હરાવ્યો
કુમામોટો માસ્ટર્સ : લક્ષ્ય સેને સતત બીજી વખત BWF ટૂર ફાઈનલમાં સ્થાન મેળવ્યું
આ અગાઉ હાયલો ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યો હતો

મામોટો, તા. ૧૪

ભારતીય બેડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેને પોતાનું શાનદાર ફોર્મ જાળવી રાખતાં જાપાનમાં રમાઈ રહેલી કુમામોટો માસ્ટર્સ જાપાન સુપર ૫૦૦ ટુર્નામેન્ટની મેન્સ સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. સેમિફાઈનલમાં આઠમો ક્રમાંક ધરાવતા લક્ષ્યે છઠ્ઠા ક્રમાંકના અને વિશ્વના ૧૦મા નંબરના ઈન્ડોનેશિયન ખેલાડી અલ્વી ફરહાનને ૨૧-૧૨, ૧૫-૨૧, ૨૧-૧૧થી પરાજય આપ્યો હતો. આશરે ૭૦ મિનિટ સુધી ચાલેલી આ રસાકસીભરી મેચમાં લક્ષ્યે નિર્ણાયક ગેમમાં પોતાની ક્ષમતા અને માનસિક મજબૂતીનો પરિચય આપ્યો હતો. આ વિજય સાથે લક્ષ્ય સતત બીજી વખત ડબલ્યુ. બી. એફ. ટૂરની ફાઈનલમાં પહોંચ્યો છે. આ મહિનાની શરૂઆતમાં જ તેણે જર્મનીમાં યોજાયેલી હાયલો ઓપન સુપર ૫૦૦ ટુર્નામેન્ટનું ટાઈટલ જીત્યું હતું. રવિવારે રમાનારી ફાઈનલમાં લક્ષ્યનો મુકાબલો જાપાનના વાતાનાબે સામે થશે જેણે થાઈલેન્ડના બીજા ક્રમાંકિત ખેલાડી વિટિડસર્નને ૧૪-૨૧, ૨૧-૧૧, ૨૩-૨૧થી હરાવ્યો હતો.

વૈભવ સૂર્યવંશી મેન્સ ટી-૨૦ના ઈતિહાસનો સૌથી યુવા કેપ્ટન

ઈન્દોર : ૧૫ વર્ષના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર સામેની મેચમાં બિહારની કેપ્ટન્સી સંભાળીને ઈતિહાસ રચી દીધો હતો. વૈભવ આ સાથે ટી-૨૦ મેન્સ ક્રિકેટના ઈતિહાસનો સૌથી યુવા વયનો કેપ્ટન બની ગયો છે. તેણે ૧૫ વર્ષ ને ૨૩૨ દિવસની ઉંમરે બિહારની કેપ્ટન્સી સંભાળી હતી. આ સાથે તેણે ક્રોએશિયાના ઝૅચ વુકુસિચનો રેકોર્ડ તોડ્યો હતો. વુકુસિચે ૧૭ વર્ષ ને ૩૧૧ દિવસની ઉંમરે રાષ્ટ્રીય ટીમનું સુકાન ટી-૨૦માં સંભાળ્યું હતુ.

આજે એડિલેડમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી વન ડે, સવારે ૯.૦૦થી પ્રારંભ

ભારતીય બેટ્સમેનો વળતો પ્રહાર કરવા માટે સજ્જ
આજે પાંચમી વન ડે : ટીમ ઈન્ડિયાને ન્યુઝીલેન્ડની ભૂમિ પર સાત વર્ષ બાદ શ્રેણી જીતવાની તક

સવારે ૭.૩૦થી મેચ

માઉન્ટ મોન્ગનુઈ, તા.૧૪

આઘાતજનક બેટિંગ પ્રદર્શન બાદ મળેલી શરમજનક હાર પછી ટીમ ઈન્ડિયા હવે ધમાકેદાર પુનરાગમનના ઈરાદ સાથે ન્યુઝીલેન્ડ સામે આવતીકાલે રમાનારી શ્રેણીની પાંચમી અને આખરી વન ડેમાં ઉતરવાની તૈયારી કરી રહી છે. ભારતને આ સાથે સાત વર્ષ બાદ ન્યુઝીલેન્ડની ભૂમિ પર યજમાન ટીમ સામે વન ડે શ્રેણીમાં જીત હાંસલ કરવાની તક છે. જ્યારે ભારત સામે ૨૦૧૯માં મળેલી વન ડે શ્રેણીની હાર બાદ ન્યુઝીલેન્ડ ઘરઆંગણે તમામ દ્વિપક્ષીય વન ડે શ્રેણી જીતી ચૂક્યું છે. આ શ્રેણીની ત્રીજી મેચ ધોવાઈ જતાં ન્યુઝીલેન્ડની વિજયકૂચ તો અટકી ગઈ છે. હવે તેઓ ૨૦૧૯ પછી ઘરઆંગણે એક પણ વન ડે શ્રેણી ન હારવાનો રેકોર્ડ જાળવી રાખવા માટે આવતીકાલે જીતવા માટે ઝઝૂમશે. પાંચ વન ડેની શ્રેણીમાં ભારતે ૨-૧થી સરસાઈ મેળવી લીધી છે. ટીમ ઈન્ડિયાએ શરૂઆતની બંને વન ડેમાં વિજય મેળવ્યો હતો. ત્રીજી મેચ ધોવાઈ ગઈ હતી અને ચોથી વન ડેમાં ભારત બેટ્સમેનોના કંગાળ દેખાવના કારણે હાર્યું હતુ. હવે આવતીકાલે માઉન્ટ મોન્ગનુઈમાં રમાનારી મેચ ભારતીય સમય પ્રમાણે સવારે ૭.૩૦ વાગ્યાથી શરૂ થશે.

ભારત (સંભવિત) : રોહિત, ગાયકવાડ, કોહલી, શ્રેયસ (કેપ્ટન), કિશન (વિ.કી.), ધીર, અક્ષર, નાબી, સિરાજ, કુલદીપ અને અર્ષદીપ.

ન્યુઝીલેન્ડ (સંભવિત) : વિલ યંગ, સેઈફર્ટ (વિ.કી.), કેલી, ફોક્ષક્રોફ્ટ, એલન, બ્રેસવેલ, સાન્ટનર (કેપ્ટન), ક્લાર્કસન, ફિશર, ડફી, રેન્ડલ.


વોર્નરનો નવો ધડાકો : ઓસ્ટ્રેલિયા બોર્ડે બોલ ટેમ્પરિંગ વિવાદ પર ઢાંકપિછોડો કર્યો હતો

સીડની : ઓસ્ટ્રેલિયન ક્રિકેટના ઈતિહાસના સૌથી શરમજનક પ્રકરણોમાંના એક એવા ૨૦૧૮ના 'સેન્ડપેપર ગેટ' વિવાદે આઠ વર્ષ બાદ ફરી જોર પકડ્યું છે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપનર ડેવિડ વોર્નરે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની તે સમયની તપાસ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. વોર્નરનો આક્ષેપ છે કે બોલ ટેમ્પરિંગના વિવાદની તપાસ દરમિયાન ઓસ્ટ્રેલિયાના ત્રણ દિગ્ગજ બોલરો જોશ હેઝલવુડ, મિચેલ સ્ટાર્ક અને નેથન લાયનને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા જ નહોતા. વોર્નરે સોશિયલ મીડિયા પર આ અંગે લખ્યું છે કે જો આ વાત સાચી હોય તો ક્રિકેટ ઓસ્ટ્રેલિયા કયા આધારે એવું કહી શકે કે ટીમના બોલરોને બોલ સાથે ચેડાં કરવાની યોજનાની જાણ જ નહોતી? તેમણે તપાસને અધૂરી અને હેતુપૂર્વક કરવામાં આવેલી ગણાવીને આ સમગ્ર પ્રકરણમાં ઢાંકપીછોડો એટલે કે કવર-અપની શંકા વ્યક્ત કરી છે.

સૈયદ મુસ્તાક અલી ટી-૨૦
ગુજરાતે ઓડિશાને ૨૧ રનથી હરાવ્યું સૌરાષ્ટ્રનો બિહાર સામે પાંચ વિકેટથી વિજય

કોલકાતા/ઈન્દોર, તા.૧૪

ગુજરાતે ઓડિશા સામે ૨૧ રનથી વિજય મેળવીને સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટુર્નામેન્ટમાં વિજયી શુભારંભ કર્યો હતો. તેની સાથે સૌરાષ્ટ્રની ટીમે ૧૫ વર્ષની વયે કેપ્ટન્સી સંભાળીને ઈતિહાસ રચનારા વૈભવ સૂર્યવંશી બિહારની ટીમને પાંચ વિકેટથી સૈયદ મુસ્તાક અલી ટ્રોફીની મેચમાં હરાવી હતી.



ખિલન પટેલની આક્રમક બેટિંગ

ગુજરાત ૨૦ ઓવરમાં ૨૫૦/૯ (પ્લેયર ઓફ ધ મેચ ખિલન પટેલે ૮ છગ્ગા ને છ ચોગ્ગા સાથે ૨૯ બોલમાં ૮૪, ઉર્વિલ પટેલના ૩૦ બોલમાં ૬૨, લલિત યાદવ-દેવવ્રત પ્રધાન ૩-૩ વિકેટ), ઓડિશા ૨૦ ઓવરમાં ૨૨૯/૮ (સુભ્રાંશુ સેનાપતિ ૪૭ બોલમાં ૭ છગ્ગા ને ૬ ચોગ્ગા સાથે ૮૯, કાર્તિક બિસ્વાલ ૩૨ બોલમાં ૫૫, અર્ઝાન નાગવાસવાલા ૪/૫૦).

સૌરાષ્ટ્રના સ્પિનરોનો જાદુ

બિહાર ૧૩૭/૯ (પૃથ્વી રાજ ૩૮ રન, વૈભવ સૂર્યવંશીના ૧૨ બોલમાં ૧૮, પ્લેયર ઓફ ધ મેચ ચેતન સાકરિયાની ૩૩ અને પ્રેરક માંકડની ૨૦ રનમાં ૩-૩ વિકેટ), સૌરાષ્ટ્ર ૧૬.૩ ઓવરમાં ૧૩૮/૫ (હરવંશ પંગાલિયાના ૧૧ બોલમાં ૩૩).

બરોડાની હાર

કૃણાલ પંડ્યાએ ૪૨ બોલમાં અણનમ ૪૦ રન ફટકાર્યા બાદ ૪ ઓવરમાં ૧ મેડન સાથે ૭ રનમાં બે વિકેટ ઝડપી હોવા છતાં બરોડા છત્તીસગઢ સામે એક બોલ બાકી હતો, ત્યારે ત્રણ વિકેટથી હાર્યું હતુ. બરોડા ૧૪૮/૬ (શિવાલિક શર્મા ૪૫, લાઠર ૨/૨૭) છત્તીસગઢ ૧૯.૫ ઓવરમાં ૧૪૯/૭ (પ્લેયર ઓફ ધ મેચ શિવમ ભામ્બ્રી ૪૫, દીપક હૂડા ૨/૬, કૃણાલ પંડ્યા ૨/૭).

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે વાસણા ઇયાવાની સીમના સર્વે નંબર-૩૯૦/૨ની કુલ ૯૭૧૩ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીનના માલિકો અને કબજેદારો સવિતાબેન ગનુભાઈ ઉર્ફે ઘનશ્યામસિંહ રાઠોડ વિગેરે પાસેથી સદરહુ જમીન અમારા અસીલ વિપુલભાઈ ભુપતભાઈ પટેલ(વ.વ.૫૦ના હિસ્સેદાર), જીગ્નેશકુમાર બાલુભાઈ પોંકીયા (વ.વ.૪૧%ના હિસ્સેદાર) તથા મેહુલ જશુભાઈ પટેલ (સોડવડીયા) (વ.વ.૦૯%ના હિસ્સેદાર) એ વેચાણ દસ્તાવેજ નંબર-૩૧૪૮૨ થી તારીખ-૦૬/૧૧/૨૦૨૬ના રોજ વેચાણ રાખેલ છે તે આધારે સદરહુ જમીન અમારા અસીલોએ તેઓની સંપુર્ણપણે સંયુક્ત,માલિકી,કબજા,ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫(પંદર)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૧૫/૧૧/૨૦૨૬

કૌશિક.જી.પટેલ (એડવોકેટ એન્ડ નોટરી) (બી.એસ.સી.,એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર. આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે વાસણા ઇયાવાની સીમના સર્વે નંબર-૩૯૧ની કુલ ૧૭૯૦૭ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીનના માલિકો અને કબજેદારો સવિતાબેન ગનુભાઈ ઉર્ફે ઘનશ્યામસિંહ રાઠોડ વિગેરે પાસેથી સદરહુ જમીન અમારા અસીલ વિપુલભાઈ ભુપતભાઈ પટેલ(વ.વ.૫૦%ના હિસ્સેદાર), જીગ્નેશકુમાર બાલુભાઈ પોંકીયા (વ.વ.૪૧%ના હિસ્સેદાર) તથા મેહુલ જશુભાઈ પટેલ (સોડવડીયા) (વ.વ.૦૯%ના હિસ્સેદાર)એ વેચાણ દસ્તાવેજ નંબર-૩૧૪૭૭ થી તારીખ-૦૬/૧૧/૨૦૨૬ના રોજ વેચાણ રાખેલ છે તે આધારે સદરહુ જમીન અમારા અસીલોએ તેઓની સંપુર્ણપણે સંયુક્ત,માલિકી,કબજા,ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫(પંદર)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૧૫/૧૧/૨૦૨૬

કૌશિક.જી.પટેલ (એડવોકેટ એન્ડ નોટરી) (બી.એસ.સી.,એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર. આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

મોજે-ઓગણજ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૮(સોલા) ના ઘાટલોડીયા તાલુકાના મોજે ગામ ઓગણજ ની સીમના હાલના ખાતા નં.૩૭૧૪ ના બ્લોક/સર્વે નં: ૩૦૧/૧ ની હે.આર.ચો.મી. ૦-૩૯-૦૭ ક્ષેત્રફળ વાળી જમીનનો સમાવેશ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૨૨૮ (ઓગણજ-છારોડી-ખોડીયાર) માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નં. ૩૦૧ (હાલના પુનઃરચના સુચીત નક્શા મુજબ ફાઇનલ પ્લોટ નં. ૨૭૬/૧) ની ૨૩૪૪ ચો.મીટર મલ્ટી પર્પઝ હેતુ માટે બીનખેતીની જમીન (૧) રમેશભાઇ પ્રહલાદભાઇ પટેલ (તે વ.વ. ૫૦ ટકા હિસ્સાના વેચાણ લેનાર તરીકે) (૨) દર્શન ગોવિંદભાઇ પટેલ (તે વ.વ. ૪૦ ટકા હિસ્સાના વેચાણ લેનાર તરીકે) (૩) વિનોદભાઇ પ્રહલાદભાઇ પટેલ (તે વ.વ. ૧૦ ટકા હિસ્સાના વેચાણ લેનાર તરીકે) તમામ રહેવાસીઃ સોલા, અમદાવાદ નાની સંયુક્ત, માલિકી, કબજા, ભોગવટાની સંપુર્ણ બોજા રહીત આવેલી હોવાનુ જણાવી અમારી પાસે, ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઇ નો હરકોઇ પ્રકારે લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો વિગેરે પોષાતો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત) માં પુરાવા સહીત લેખીતમાં અમારા નીચે જણાવેલ સરનામે રજી.પો.એડી થી જાણ કરવી અન્યથા ચુક થયેથી સદરહુ જમીન પરત્વે કોઇનો હરકોઇ પ્રકારનો હક્ક, હિત, હીસ્સો પોષાતો નથી અને જો હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો યાને વેવ કરેલ છે તેમ સમજી સદરહુ જમીન પરત્વે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી જેની સ્પષ્ટ નોધ લેશો.

ઉમંગ અશોકભાઇ પટેલ, એડવોકેટ,
મારૂતી નંદન વિભાગ-૨, ઓગણજ, અમદાવાદ-૬૦
મો.નં. ૮૪૦૧૦૮૨૭૦૯

યુરિયાના કાળાબજાર ખુલ્લા પાડવા કેગ તપાસ હાથ ધરશે

ખાતર સબસિડી પર રૂ. ૩ લાખ કરોડના ખર્ચની સંભાવનાથી સરકારમાં હોબાળો

નવી દિલ્હી, તા.૧૪

દેશમાં ખેડૂતોને સસ્તુ ખાતર આપવા માટે સરકારનો ખર્ચ સતત વધી રહ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭માં ખાતર સબસિડીનો ખર્ચ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાની શક્યતા છે. આ સ્થિતિમાં કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (સીએજી)એ યુરિયા સબસિડીની વ્યાપક તપાસ શરૂ કરી છે. વર્ષ ૨૦૧૧ પછી પ્રથમ વખત આટલા મોટા પાયે તપાસ થઈ રહી છે. તેનો મુખ્ય હેતુ સસ્તા યુરિયાનો યોગ્ય ઉપયોગ થાય છે કે નહિ તે જાણવાનો છે.

સસ્તા ખાતરનો લાભ યોગ્ય લોકો સુધી ન પહોંચતો હોવાની શંકા, પ્રથમ વખત આટલા મોટા પાયે તપાસ શરૂ

આ તપાસ બે વર્ષ સુધી ચાલશે અને તેનો અહેવાલ ૨૦૨૭ના અંત સુધીમાં આવવાની શક્યતા છે. દેશના પંદર રાજ્યોના ૧૬૯ જિલ્લાઓને તપાસ માટે પસંદ કરાયા છે. તેમાંથી ૧૪૯ જિલ્લાઓમાં યુરિયાનો વપરાશ રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે છે. ખેડૂતોને મળતું યુરિયા અન્ય ઉદ્યોગમાં વપરાય છે કે નહિ, સરહદી વિસ્તારોમાં તેની દાણચોરી થાય છે કે નહિ અને નીમ કોટિંગ યોજનાથી ગેરઉપયોગ કેટલો અટક્યો છે તેની તપાસ તશે. ખેતી માટે યુરિયા આશરે ૬૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ મળે છે, જ્યારે ઔદ્યોગિક ઉપયોગ માટે તેની કિંમત ૨,૪૦૦થી ૭,૦૦૦ રૂપિયા સુધી છે. ભાવમાં આ તફાવતને કારણે સસ્તા યુરિયાનો અન્યત્ર ઉપયોગ થવાની આશંકા છે. બીજી તરફ, દેશમાં યુરિયાનું ઉત્પાદન ઘટી રહ્યું છે અને આયાત વધી રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં આયાત વધીને ૧.૦૩ કરોડ ટનથી વધુ થઈ હતી.

સીએજી દેશની ૩૬ યુરિયા ફેક્ટરીઓમાંથી ૧૩ની કામગીરી, ઉત્પાદન અને ઊર્જા વપરાશની પણ તપાસ કરશે. પ્રથમ વર્ષે યુરિયાની વાસ્તવિક જરૂરીયાત, સબસિડીની વ્યવસ્થા અને ડિજિટલ વેચાણ પ્રણાલીની સમીક્ષા થશે. બીજા વર્ષે આયાત, વિતરણ અને નિયમોના પાલનની તપાસ કરાશે. આ તપાસથી સરકારી નાણાનો યોગ્ય ઉપયોગ થાય છે કે નહિ અને સબસિડીનો લાભ ખરેખર ખેડૂતો સુધી પહોંચે છે કે નહિ તે સ્પષ્ટ થશે.

૧૩ વર્ષની બાળકીની ફરિયાદથી સમગ્ર રેકેટનો પર્દાફાશ

બ્રિટનમાં ૭૦ સગીરાનું ઓનલાઈન શોષણ કરનાર બિલાલ કાઝીને ૩૦ વર્ષની જેલ

લંડન, તા.૧૪

બ્રિટનમાં સગીર વયની ઓછામાં ઓછી ૭૦ છોકરીઓનું ઓનલાઈન જાતીય શોષણ કરવાના કેસમાં ભારતીય મૂળના ૨૭ વર્ષીય બિલાલ કાઝીને ૩૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ચેસ્ટર યુનિવ સટીમાં અભ્યાસ કરી ચૂકેલા કાઝીએ ૩૭ ગુનાઓનો સ્વીકાર કર્યો હતો. તેમાં બાળકોની અશ્લીલ તસવીરો બનાવવા, બ્લેકમેઈલ કરવા અને સગીરોને જાતીય પ્રવૃત્તિ માટે ઉશ્કેરવા જેવા ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે.

ભારતીય મૂળનો યુવક ૧૪ વર્ષનો કિશોર બની છોકરીઓને ફસાવતો, અશ્લીલ તસવીરોના આધારે બ્લેકમેઈલ કરતો

બ્રિટિશ પોલીસના જણાવ્યા અનુસાર, ઓગસ્ટ ૨૦૨૧થી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન કાઝીએ સ્નેપચેટ, રોબ્લોક્સ અને વિંક જેવા સોશિયલ મીડિયા તથા ગેમિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ૧૦થી ૧૭ વર્ષની છોકરીઓને નિશાન બનાવી હતી. તે પોતાને ૧૪ વર્ષનો શ્વેત બ્રિટિશ કિશોર 'રીસદ તરીકે ઓળખાવતો હતો અને અન્ય કિશોરના ફોટાનો ઉપયોગ કરી છોકરીઓનો વિશ્વાસ જીતતો હતો.

ડિસેમ્બર ૨૦૨૧માં ૧૩ વર્ષની બાળકીની ફરિયાદ બાદ તપાસ શરૂ થઈ હતી. પોલીસે કાઝીનાં ડિજિટલ ઉપકરણોમાંથી મળેલી માહિતીના આધારે ૨૮ પોલીસ વિસ્તારોમાં ૭૦ પીડિતાઓની ઓળખ કરી હતી. શરૂઆતમાં ૧૮૦ સંભવિત પીડિતાઓ સામે આવી હતી. ૨૧ જુલાઈ ૨૦૨૩ના રોજ બ્રિટનમાં પરત ફરતી વખતે હીથ્રો એરપોર્ટ પરથી કાઝીની ધરપકડ કરવામાં આવી હતી.

૧૩ નવેમ્બરે સજા સંભળાવતાં જજ સ્ટીફન એવરેટે કાઝીને અત્યંત જોખમી જાતીય શિકારી ગણાવ્યો હતો. તેને ઓછામાં ઓછાં ૨૦ વર્ષ જેલમાં રહેવું પડશે. આજીવન સેક્સ અપરાધીઓના રજિસ્ટરમાં તેનું નામ રહેશે અને પેરોલ પર મુક્ત થયા બાદ પણ આઠ વર્ષ સુી નિયંત્રણો લાગુ રહેશે.



આપણે ગુજરાતમાં જેમ લાભપાંચમના દિવસે પૂજા વિધિ સાથે કોઈપણ કામની શુભ શરુઆત કરવામાં આવે છે. તેવી જ રીતે પશ્ચિમ બંગાળમાં લાભપાંચમ તો નહીં પણ શાંતિ અને સમૃદ્ધિ માટે વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવતું હોય છે. દિવાળીના થોડા દિવસ બાદની આ પૂજામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આરતી કરતા હોય છે. આસ્થાનું આ સુંદર દ્રશ્ય કેમેરામાં કેદ થયું હતું.

એન્થ્રોપિકના સીઈઓ અમોડેઈની આશાસ્પદ આગાહી

એઆઈને લીધે ૧૦ વર્ષમાં કેન્સર, હૃદયરોગ, અલ્ઝાઈમર નામશેષ બનશે

ન્યૂયોર્ક, તા.૧૪

કેન્સર, અલ્ઝાઈમર, હૃદય રોગ અને માનસિક વ્યાધિ જેવી સમસ્યાઓ ૧૦ વરસ કરતા પણ ઓછા ગાળામાં ભૂતકાળની સમસ્યાઓ બની જશે એવો દાવો એન્થ્રોપિકના સીઈઓ ડેરિયો અમોડેઈએ કર્યો છે. તેમનું એવું માનવું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) વિજ્ઞાનીઓને પેઢીઓથી હાથતાળી આપતી મેડીકલ શોધો કરવામાં મદદરૂપ થશે.

એઆઈ પેઢીઓથી વિજ્ઞાનીઓને હાથતાળી આપતી મેડિકલ શોધો કરવામાં ભારે ઉપયોગી પુરવાર થશે

એન્થ્રોપિકના ઈન્વેસ્ટર, રોડ શોના એક ભાગરૂપે ૧૦મી નવેમ્બરે રિલીઝ કરાયેલા ૪૨ મિનિટના એક વિડીયોમાં અમોડેઈ એમ કહેતા દેખાય છે કે મને લાગે છે કે એક દાયકા કરતા પણ ઓછા સમયમાં કેન્સર, અલ્ઝાઈમર, હૃદયરોગ અને માનસિક રોગ ભૂતકાળની યાદો બની જશે. આ બધી હવે જવલ્લેજ જોવા મળતી બિમારીઓ રહી નથી. એ દુનિયાભરના કરોડો લોકો અને એમના પરિવારોને પેશાન કરી રહી છે.

વરસોના સંશોધન બાદ આમાંની ઘણી વ્યાધિઓ આધુનિક તબીબી વિજ્ઞાન સામે મોટો પડકાર બની રહી છે. મને લાગે છે કે હવે આપણે એમાંથી છુટકારો મેળવવો જોઈએ. આપણે ચમત્કારોનો એક એવો યુગ બનાવી શકીએ છીએ જેમાં માનવજાત પોતાને સદીઓથી પીડતી સમસ્યાઓનો ઉકેલ શોધી શકે.

એન્થ્રોપિકના સીઈઓએ એવી ટકોર પણ કરી હતી કે એઆઈ ટેક્નોલોજી વિકસાવતી કંપનીઓ પોતાનો જોખમો બાબતમાં ગંભીર અભિગમ અપનાવે તો એઆઈએક 'ચમત્કારોનો યુગ' લાવી શકે છે. એ આઈના લાભોનો આધાર આ સિસ્ટમ્સ કેટલી પાવરફુલ બને છે એના પર નહિ પરંતુ એઆઈ બનાવતી કંપનીઓ લોકોનો કેટલો વિશ્વાસ જીતી શકે છે એના પર આધાર રાખે છે.

અત્રે નોંધવું ઘટે કે આવી આગાહીઓ કરનારા અમોડેઈ દુનિયાના એકમાત્ર ટેકનોલોજી અગ્રણી નથી. ઈલોન મસ્ક અને ગુગલ ડિપમાઈન્ડના સીઈઓ ડેમિસ હસાબિસ પણ ભવિષ્યની તબીબી સારવારમાં એઆઈ કેવી ક્રાંતિ લાવશે એ વિશે બોલી ચુક્યા છે.

મહાદેવ એપ તથા અન્ય પ્લેટફોર્મ દ્વારા ૯૪,૦૦૦ કરોડની કમાણી

સીબીઆઈએ મહાદેવ સટ્ટેબાજી એપ કેસમાં ૭ રાજયોના ૩૩ સ્થળે દરોડા પાડ્યા

નવીદિલ્હી,તા.૧૪

સીબીઆઈએ મહાદેવ ઓનલાઈન સટ્ટેબાજી એપ મામલાની તપાસમાં છ રાજ્યોના ૩૩ સ્થાનો પર દરોડા પાડ્યા છે, જેમાં ડિજિટલ ઉપકરણ, મોબાઈલ ફોન અને કેટલાક દસ્તાવેજો જપ્ત કરાયા છે.

ચંદ્રાકરની પૂછપરછના આધારે દરોડા, ઓનલાઈન અથવા ઈન્ટરફેસના માધ્યમથી સટ્ટાબાજી રમાડાતી

દસ્તાવેજો પરથી મ્યુલ બેન્ક ખાતા અને હવાલાના માધ્યમથી નાણાની લેણદેણના સંકેત મળ્યા છે. તપાસ એજન્સીએ જણાવ્યું કે આ એપના મુખ્ય પ્રવર્તકોમાં સામેલ સૌરભ ચંદ્રાકરે ઓમાનથી કરેલા પ્રત્યાર્પણ પછી એના ખુલાસાના આધારે દરોડા પાડવામાં આવ્યા.અધિકારીઓએ જણાવ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં પડાયેલા આ દરોડામાં સટ્ટેબાજી એપના પેનલ સંચાલકો સાથે સંકળાયેલા સ્થળોને લક્ષ્ય બનાવવામાં આવ્યા. સટ્ટાબાજીની કામગીરીઓ ઓનલાઈન અથવા ઈન્ટરફેસના માધ્યમથી કરવામાં આવે છે.સીબીઆઈ પ્રવક્તાએ કહ્યું કે સટ્ટાબાજી અને જુગારની ઓનલાઈન પેનલ અનેક સ્થળોએ સક્રિય હોવાનું જણાયું છે, જેને પાછળથી નિષ્ક્રિય કરી દેવાયા. ચંદ્રાકરે ઓમાનમાં પ્રત્યાર્પણ કર્યું એ પછી સીબીઆઈએ ૧ નવેમ્બરે એને અટક કર્યો. ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) ના અનુમાન અનુસાર, મહાદેવ એપ અને એની સાથે સંકળાયેલા અન્ય પ્લેટફોર્મ દ્વારા લગભગ ૯૪,૦૦૦ કરોડ રૂપિયાની કમાણી થઈ છે. આમાંથી ૪૦૦૦ થી ૫૦૦૦કરોડ રૂપિયા પહેલેથી જ પ્રમોટરોને પહોંચાડી દેવાયા છે. સીબીઆઈ બે કેસની તપાસ કરી રહી છે.સૌરભ ચંદ્રાકરની પૂછપરછમાં માહિતી મળી કે આ પ્લેટફોર્મ અને ભારતમાં એના પેનલ ઓપરેટરોનું નેટવર્ક કેવી રીતે કામ કરે છે.

મહિલા તમામ પૂર્વ પતિઓ સાથે ઝઘડી ચુકી છે : અરજદાર

નવ વખત લગ્ન, સાતમા પતિ સામે ક્રૂરતાનો કેસ હાઈકોર્ટે રદ કર્યો

નવી દિલ્હી, તા. ૧૪

નવ વખત લગ્ન કરનારી એક મહિલાએ પોતાના સાતમા પતિની સામે ક્રૂરતા, મારપીટ અને ધાકધમકીનો કેસ કર્યો હતો જેને કર્ણાટક હાઈકોર્ટે રદ કરી દીધો હતો. હાઈકોર્ટનું માનવું છે કે ફરિયાદ અને ચાર્જશીટ પરથી લાગી રહ્યું છે કે આરોપ સામાન્ય અને અસ્પષ્ટ છે.

કોઈએ કેટલી વખત લગ્ન કર્યા છે તેના આધારે ચરિત્ર પર શંકા ના કરી શકાય : કર્ણાટક હાઈકોર્ટ

હાઈકોર્ટે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે આ મામલામાં ટ્રાયલ ચલાવવા માટે જરૂરી હકીકતો પણ ઉપલબ્ધ નથી. આ સમગ્ર મામલામાં રાજા હુસૈને કર્ણાટક હાઈકોર્ટમાં પોતાની સામેની કોર્ટ કાર્યવાહી રદ કરવા માટે અપીલ કરી હતી. જેમાં તેણે એવી દલીલ કરી હતી કે ફરિયાદી મહિલા સાથે મારા લગ્ન થયા ત્યારે તે ૩૦ વર્ષની હતી અને અગાઉ તેણે છ વખત લગ્ન કર્યા હતા અને દરેક સંબંધમાં તે વિવાદ પેદા કરતી હતી.

જોકે હાઈકોર્ટે એવી સ્પષ્ટતા કરી હતી કે કોઈ વ્યક્તિએ કેટલી વખત લગ્ન કર્યા છે તેના આધાર પર તેના ચરિત્ર પર કોઈ શંકા ના કરી શકાય. કદાચ મહિલાએ અગાઉ પોતાના પૂર્વ પતિઓની સામે ફરિયાદ કરી હોય તો તેના આધાર પર વર્તમાન ફરિયાદને પણ રદ ના કરી શકાય. જોકે વર્તમાન કેસ મહિલાએ કેટલી વખત લગ્ન કર્યા તેના આધાર પર નહીં પરંતુ ફરિયાદમાં આરોપો અંગે કોઈ જ સ્પષ્ટતા ના હોવાને કારણે હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યો હતો. અગાઉના કેસોમાં એક સરખી પેટન્ટની પણ હાઈકોર્ટે નોંધ લીધી હતી.

પુખ્ત વય ૧૮ વર્ષના બદલે ૧૬ વર્ષ કરવાની જરૂર : હાઈકોર્ટ

નવી દિલ્હી, તા. ૧૪

કેરળ હાઈકોર્ટે નાગરિકોની પુખ્ત વય ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ કરવાની સલાહ આપી છે. સાથે જ કહ્યું છે કે આજના બાળકો ૧૬ વર્ષની વયે જ ઘણા પુખ્ત બની જાય છે. તેથી ૧૮ વર્ષના બદલે બે વર્ષ ઘટાડીને ૧૬ વર્ષ કરવા જોઈએ.કેરળમાં ૨૩ વર્ષથી ઓછી વયનાને દારુ વેચવા કે પુરો પાડવા પર પ્રતિબંધ મુકતો કાયદો ઘડવામાં આવ્યો છે જેનો આકરી રીતે અમલ કરવામાં આવે તેવી માગણી સાથે હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. કોલ્લમના રહેવાસીએ તાજેતરમાં ૧૮ વર્ષીય યુવક દ્વારા દારૂનો નશો કરીને મિનિ કૂપર સ્કૂટર પર ચડાવી દેવાનો મામલો પણ ઉઠાવ્યો હતો.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

પુસ્તકના કવર પરનો ફોટો બ્લેક એન્ડ વ્હાઈટ છે જ્યારે બેક કવર પરનો ફોટો કલરમાં છે. કવર પરનો ફોટો ૧૯૬૬માં ઈટાલીના ક્યુરીન શહેરમાં રાજીવ ગાંધીએ પાડ્યો હતો, જ્યારે ૬૦ વર્ષ પછીનો ફોટો રેહાન અને અવીવાએ દિલ્હીમાં પાડ્યો હતો.

રાહુલ ગાંધીનો ફોન ટેપીંગનો આક્ષેપ, વિરોધીઓનો વળતો ઘા

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીનો આક્ષેપ છે કે સરકાર એમના ફોન ટેપ કરી રહી છે. આ બાબતે કોંગ્રેસ અને બીજા પક્ષો વચ્ચે બયાનબાજી ચાલુ થઈ ગઈ છે. શિવસેના (એકનાથ શિંદે)ના પ્રવક્તા શાયના એનસીએ રાહુલ ગાંધીના આરોપો વિશે પ્રતિપ્રશ્ન કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમનો ફોન શા માટે ટેપ કરાવે? એમણે રાહુલ ગાંધી પર વડાપ્રધાન મોદીને નિશાન બનાવવાનો અને મોદીની છબી ખરાબ કરવાનો આરોપ મૂક્યો હતો. બીજી તરફ કોંગ્રેસના નેતાઓએ શાયના એનસી અને ભાજપ પર શાબ્દીક હુમલો કર્યો હતો અને કહ્યું હતું કે પોતાના રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે મોદી તપાસ એજન્સીઓનો દુરપયોગ કરે છે. શાયનાએ એમ પણ કહ્યું હતું કે શું રાહુલ કોઈ ગુપ્ત એજન્ટ છે કે એમનો ફોન ટેપ કરવો પડે? શું રાહુલ પાસે કોઈ ખાનગી માહિતી છે?

દિલ્હીમાં છઠ પૂજા પર જાહેર રજાની જાહેરાત

છઠ પૂજાના પ્રસંગે દિલ્હી સરકારે ૧૬મી નવેમ્બરે તમામ સરકારી અને ખાનગી સ્કૂલોમાં રજા જાહેર કરી છે. હુકમ પ્રમાણે સોમવારે રાજધાનીની તમામ સરકારી સ્કૂલો, સરકારી સહાય પ્રાપ્ત સ્કૂલો અને માન્યતા પ્રાપ્ત ખાનગી સ્કૂલો બંધ રહેશે. આ ઉપરાંત શિક્ષણ નિયામક મંડળની તમામ સ્કૂલો પણ બંધ રહેશે. છઠ પૂજાને દિવસે શ્રદ્ધાળુઓની ભારે ભીડને નિયંત્રણમાં રાખવા માટે ટ્રાફીક એડવાઈઝરી પણ જાહેર કરવામાં આવી છે. ઈસ્ટ, નોર્થ ઈસ્ટ અને શાહદ્રા જિલ્લાના વિવિધ તળાવો તેમજ યમુના નદીને કિનારે લાખો શ્રદ્ધાળુઓ ભેગા થવાની સંભાવના છે. કેટલાક રસ્તાઓને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. રસ્તાની બાજુમાં કે પ્રતિબંધીત વિસ્તારમાં પાર્કિંગ કરી શકાશે નહીં.

એસઆઈઆર વિવાદ વચ્ચે સીજેપીની નવી અપીલ

કોકરોચ જનતા પાર્ટીએ લોકોને અપીલ કરી છે કે, એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન જેમના નામ મતદાર યાદીમાંથી દુર થયા હોય એમને માટે સીજેપી એક ફોર્મ બહાર પાડશે. સીજેપીએ સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકીને અપીલ કરી છે કે, એમનો અવાજ સાંભળવામાં આવે એ માટે એમની કોશિસ રહેશે. 'સીજેપી એ લોકોનો અવાજ બુલંદ કરશે કે જેઓ કદી સમાચારમાં ચમક્યા નથી અને એસઆઈઆરને કારણે જેમના મત ઓછો કરી નાખવામાં આવ્યા છે. જો તમે પણ એસઆઈઆરથી પ્રભાવીત થયા હો તો આ ફોર્મ ભરો. અમે તમારો અવાજ ઉપર સુધી પહોંચાડીશું.' છેલ્લા ઘણા દિવસોથી સીજેપી મુખ્ય ચૂંટણી કમિશનર અને એસઆઈઆર વિરુદ્ધ આંદોલન ચલાવી રહી છે.

દુષ્કાળ મામલે રાજસ્થાનમાં રાજકારણ

રાજસ્થાનમાં ઓછા વરસાદને કારણે ખેડૂતોની પરિસ્થિતિ વિકટ બની છે. ચૂરુ, જેસલમેર, જાલોર, જોધપુર, ડુંગરપુર, નાગોર, પાલી, ફલોદી, બ્યાવર, બાડમેર, બાલોતરા, બાસવાડા, બીકાનેર, રાજસમંદ, સીરોહી જિલ્લાની પરિસ્થિતિ ખૂબ વિકટ છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલોટનું કહેવું છે કે, સરકાર તરફથી ખેડૂતોને કોઈ રાહત કે મદદ મળતી નથી. સરકાર પોતાના વિવિધ કાર્યક્રમોમાં મસ્ત છે અને ખેડૂતોના હાલ બેહાલ છે. જોકે બીજી તરફ સરકારનું કહેવું છે કે સરકારે ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. રાજ્ય સરકારે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં રાહત માટે ૯૩૨૧ કરોડ રાહત ફંડની વ્યવસ્થા કરી છે. ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે જયપુરમાં રાષ્ટ્રીય મેળો ભરાશે. આ મેળામાં આત્મનિર્ભર મહિલાઓ પોતાના ઉત્પાદનનું વેચાણ અને પ્રદર્શન કરી શકશે.

'એ તમામ ન્યાયાધીશોના નામ બતાવો જેઓ ભાજપ સાથે છે'

કલકત્તા હાઈકોર્ટે ટીએમસીના સાંસદ અભિષેક બેનર્જીની કડક ટીકા કરી છે. હાઈકોર્ટે બેનર્જીને કહ્યું છે કે, તમે દાવો કર્યો હતો કે કેટલાક ન્યાયાધીશો ભાજપના રાજકીય દબાણમાં આવીને ઝુકી ગયા છે અને ભાજપના પક્ષમાં છે. જસ્ટીસ કૃષ્ણરાવ બેનર્જી સીક્યુરીટી કવરને ઝેડ પ્લસ કેટેગરીમાં અપગ્રેડ કરવાની અરજી પર સુનાવણી કરી રહ્યા હતા. એ વખતે રાજ્યના વકીલે ટીએમસીના નેતા અભિષેક બેનર્જીની વિવાદાસ્પદ ટીપ્પણી તરફ એમનું ધ્યાન દોર્યું હતું. બેંચે અભિષેક બેનર્જીના નિવેદન પરત્વે નારાજગી બતાવી હતી. બેનર્જીએ એમ પણ કહ્યું હતું કે રાજકીય વિરોધીઓ અને સામાન્ય નાગરીકો સાથે જોડાયેલા કેસોની સુનાવણી ઝડપથી થતી નથી. જસ્ટીસ કૃષ્ણરાવએ અભિષેક બેનર્જીના વકીલને કહ્યું હતું કે, 'તમારા અસીલ પાસે ભાજપના અને ટીએમસી પાર્ટીના ન્યાયાધીશોનું લીસ્ટ માંગો. તમારા અસીલ જજોનો એન્યુઅલ કોન્ફીડન્સલ રીપોર્ટ લખી રહ્યા છે.'

૬૯,૦૦૦ શિક્ષક ભરતી મામલે અલ્હાબાદ હાઈકોર્ટ કડક

અલ્હાબાદ હાઈકોર્ટે ૬૯,૦૦૦ સહાયક શિક્ષકોની ભરતીના વધારાના આંકડા બાબતે દાખલ કરવામાં આવેલી અવમાનનાની અરજી પર કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે કહ્યું છે કે, રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે અધિકારીઓએ હુકમની અવગણના જાણી જોઈને કરી છે. હવે એમણે સુપ્રિમ કોર્ટનો કોઈ અનુકૂળ હુકમ રજુ કરવો પડશે ક્યાં તો ૧ ડિસેમ્બરની સુનાવણી પહેલા વ્યક્તિગત રીતે હાજર રહેવું પડશે. આ હુકમ જસ્ટીસ પીયુષ અગ્રવાલની સિંગલ બેંચે પ્રયાગરાજના અરૂણ પ્રતાપ સિંહ પરમારની અવમાનના અરજી પર સુનાવણી કરતી વખતે કર્યો હતો. શિક્ષણ સચીવ સુરેન્દ્ર તિવારી તેમજ અન્યો આ કેસમાં પ્રતિવાદી છે. ઉચ્ચ ન્યાયાલયે ૨૦૨૬ની ૧૯મી મેના હુકમનો અમલ કરવામાં ૨૨૪૯ અરજીઓને એક વધારાનો અંક આપીને નવી મેરીટ લીસ્ટ બનાવી હતી. આમાંથી ૧૨૪૦ અરજીઓ કટઓફમાં જઈ રહી હતી.

ભારત પર અન્ય

(પહેલા પાનાનું ચાલુ)

ભારતની નજર અંતિમ ટેરિફ માળખા પર છે, જેના આધારે તેના પર બીજા દેશો કરતાં ઓછો ટેરિફ લદાશે.

સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે ભારત વર્તમાન નાણાકીય વર્ષના અંત સુધીમાં વ્યાપાર સમજૂતીનો પ્રથમ તબક્કો પૂરો કરવા માંગે છે. તેથી બંને દેશ એક સાથે બે સ્તરો પર વાતચીત કરી રહ્યા છે. પહેલી વાતચીત સમજૂતીના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવા પર કેન્દ્રિત છે. જ્યારે બીજીમાં વ્યાપારિક સમજૂતીના બાકી મુદ્દા પર ચર્ચા થઈ રહી છે. આ સિવાય ભારત સામે યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવની કાર્યવાહીનું અંતિમ પરિણામ પણ સામે આવવાનું બાકી છે. આ સંજોગોમાં ટેરિફને લઈને અંતિમ સ્થિતિ આ તપાસના પરિણામ અને બંને દેશ વચ્ચે નક્કી થનારી શરતો પછી સ્પષ્ટ થશે.

અમેરિકામાં

(પહેલા પાનાનું ચાલુ)

આપીને મદદ કરવામાં આવે છે. એર ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમ પર કામનો ભાર ઓછો કરવામાં આવે છે. એઆઇને કારણે આ ખામી સર્જાઇ કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી હતી, બાદમાં આ દાવાને પ્રશાસન દ્વારા નકારવામાં આવ્યો હતો. માઈક્રોસોફ્ટે દાવો કર્યો છે કે ગ્રાઉન્ડ સ્ટોપની કાર્યવાહીમાં માઈક્રોસોફ્ટને કઇ જ લેવાદેવા નથી. ખરેખર ખામી પાછળ કારણ શું છે તેને લઇને તપાસ ચાલી રહી છે.

બેન્કમાં ખાતા

(પહેલા પાનાનું ચાલુ)

છે. જો કે નાણા મોકલવા અને પ્રાપ્ત કરવાની વર્તમાન મર્યાદાઓમાં કોઈ ફેરફાર કર્યો નથી.આરબીઆઈના નવા નિયમ મુજબ બેન્ક ખાતું ના હોય તેવા લોકો પણ એનઈએફટી મારફત નાણાં મેળવી શકે છે. તેઓ એક વખતમાં મહત્તમ રૂ. ૧૦,૦૦૦ની રોકડ મેળવી શકશે. વધુમાં એક વ્યક્તિ મહિનામાં કુલ રૂ. ૨૫,૦૦૦ સુધીની રકમ મોકલી શકશે. નાણાં મોકલનારે બેન્કને રકમ મેળવનાર વ્યક્તિનું નામ અને સરનામું આપવાનું રહેશે. બેન્કોએ આ નામ અને સરનામા પોતાના રેકોર્ડમાં રાખવા પડશે.

ટ્રમ્પ, પુતિન

(પહેલા પાનાનું ચાલુ)

દરમિયાન તેઓ એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટર્ન એશિયન નેશન્સ (આસિઅન)ની બેઠકમાં પણ હાજરી આપશે.' તેમ પણ વ્હાઈટ હાઉસના પ્રવક્તા ઓલિવિયા વેલ્સે જણાવ્યું હતું.

આ બેઠકમાં રશિયા-યુક્રેન યુદ્ધ કોઈ એજન્ડામાં ન હોવા છતાં પણ તેના અંગે મહત્ત્વનો નિર્ણય લેવાઈ શકે છે. આ ઉપરાંત ટ્રમ્પ પોતે પુતિન સાથે ઈરાન સાથેના યુદ્ધના સંદર્ભમાં કોઈ મહત્ત્વની વાતચીત કરી શકે છે તેમ મનાય છે. અહીં તે યાદ રાખવું જરૂરી છે કે પુતિન અને જિનપિંગ તો લગભગ મિત્ર જેવા બની ગયા છે. જિનપિંગ ૨૦૧૨માં સત્તા પર આવ્યા પછી બંને વચ્ચે ૪૦થી પણ વધુ મુલાકાતો થઈ ચૂકી છે. તેમા પણયુક્રેન યુદ્ધ પછી ચીને પશ્ચિમને અવગણીને રશિયાને મદદ કરવાનું જારી રાખ્યું છે. ફક્ત આટલું જ નહીં તેણે યુક્રેન યુદ્ધ માટે યુરોપની ઠંડા યુદ્ધ સમયની માનસિકતાને કારણભૂત ગણાવી છે. આજે બૈજિંગ મોસ્કોનું નંબર વન ટ્રેડિંગ પાર્ટનર છે. તેની તુલનાએ ટ્રમ્પ અને પુતિન સાત વખત જ મળ્યા છે. તેમા ખાસ કરીને છેલ્લે ઓગસ્ટમાં અલાસ્કામાં મળ્યા હતા. જ્યારે ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે ચાર જ વખત મુલાકાત થઈ છે.

શેન્ઝેન સમિટમાં એપેકના ૨૧ સભ્ય દેશોમાં ઓસ્ટ્રેલિયા, બ્રુનેઈ, દારુસલામ, કેનેડા, ચીલી, ચીન, હોંગકોંગ, ઈન્ડોનેશિયા, જાપાન, સાઉથ કોરીયા, મલેશિયા, મેક્સિકો, ન્યૂઝીલેન્ડ, પાપુઆ ન્યુગિની, પેરુ, ફિલિપાઈન્સ, રશિયા, સિંગાપોર, ચાઈનીઝ તાઈપેઈ, થાઈલેન્ડ, અમેરિકા અને વિયેતનામનો સમાવેશ થાય છે. આમ ભારત સિવાયના દક્ષિણ એશિયાનો મોટો હિસ્સો તેમા આવી જાય છે.

ચીન આ સમિટનો ઉપયોગ પોતાને આંતરરાષ્ટ્રીય વ્યાપાર પ્રણાલિના સૌથી મહત્ત્વના હિતરક્ષક તરીકે બતાવવા કરી શકે છે. ચીન કહી શકે છે કે અમેરિકા અને યુરોપ ટેરિફ અને પ્રતિબંધોનું રાજકારણ રમી રહ્યા છે ત્યારે ચીન પોતે આ આંતરરાષ્ટ્રીય વ્યાપારિક પ્રણાલિના સૌથી મોટા હિતરક્ષક તરીકે ઉભરી આવ્યુ છે. તેણે પારસ્પરિક સન્માનની ભાવના સાથેની વેપાર પ્રણાલિ અપનાવી છે. આજે તે વૈશ્વિક વેપારનું મુખ્ય કેન્દ્ર છે. તેણે કોઈના પર તેના નિયમો લાદ્યા નથી, પરંતુ સર્વસામાન્ય નિયમો અપનાવ્યા છે.

શેનઝેન મીટિંગ

(પહેલા પાનાનું ચાલુ)

માંધાતા શી જિનપિંગ વચ્ચે મતભેદો બહાર આવી રહ્યા છે.

શી જિનપિંગ આર્થિક પરિવર્તન, એ.આઈ. અને રોબોટિક્સને મહત્ત્વ આપે છે. તો બીજી તરફ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પરમાણુ અપ્રસાર પર ભાર મૂકે છે. પરિણામે તે બંને સુપર પાવર વચ્ચે એકરાગ યોજાવાની કોઈ શક્યતા જ દેખાતી નથી.

ઉલ્લેખનીય તો તે છે કે આ મીટીંગ પૂર્વ જ અનામી રહેવા માંગતા અમેરિકાના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે, આ મિટિંગમાં કોઈ નક્કર પરિણામ આવે તેવી સંભાવના પહેલેથી જ દેખાતી ન હતી.

બીજી તરફ વિશ્લેષકો તો સ્પષ્ટ મત આપે છે કે, પ્રમુખ ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચે એકમતી સધાય તેવી આશા જ રાખવી વ્યર્થ છે. ચીન અને અમેરિકા વચ્ચે મેળ બેસી શકે તે શક્ય જ નથી. એવું લાગે છે કે બંને સુપર પાવર્સ 'સમય ગાળે છે' (ધે આર બાયિંગ ટાઈમ) તેટલામાં સમજી જાઓ.'

માઈક્રોસોફ્ટ

(પહેલા પાનાનું ચાલુ)

અવરોધાઈ હતી. ડાઉનડિટેક્ટરે જણાવ્યું હતું કે તેને ૭૪થી વધુ દેશોમાંથી કુલ ૭૪ લાખથી પણ વધુ ફરિયાદો મળી છે. વોશિંગ્ટન સ્થિત રેડમંડે આ બનાવ બદલ દિલગીરી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ કંઇ સાઈબર હુમલો ન હતો કે ન તો એઆઈ એજન્ટ્સનું આ કામ હતું.

માઈક્રોસોફ્ટનું કહેવું છે કે આ પરેશાની સર્વરમાં આવેલી ખરાબીના કારણે થઈ. તેની અસર કંપનીના એઆઈ આધારિત સહાયક કોપાયલોટ પર પડી. કંપનીએ જણાવ્યું હતું કે સમસ્યા દૂર કરવા માટે સોફ્ટવેરમાં જરુરી ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આ ફેરફારોને મોટાપાયા પર લાગુ કરવા માટે સ્થિતિમાં સુધારો થશે. આ બનાવના પગલે સમગ્ર વિશ્વની વીમા કંપનીઓ પાસે ૩૦થી ૫૦ કરોડ ડોલરના ક્લેમ આવી શકે છે.

ડાઉનડિટેક્ટર પર એક સમયે પ્રતિ મિનિટ લગભગ ૨૦ હજાર ફરિયાદ મળતી હતી. આ ફરિયાદો સામાન્ય દિવસોની તુલનાએ ૧,૫૦૦ ગણી વધારે હતી. માઈક્રોસોફ્ટના ઈતિહાસમાં તેને અત્યાર સુધી આવેલી સૌથી મોટી ખરાબી માનવામાં આવી રહી છે. આ વર્ષે કંપનીની સેવાઓમાં બીજી વખત જોવા મળેલું આઉટેજ છે.

બ્રિટનની સરકારે જણાવ્યું હતું કે તે આ ખરાબી દૂર કરવા માટેમાઈક્રોસોફ્ટ સાથે મળીને કામ કરી રહી છે. તેના લીધે સરકારી આરોગ્ય સેવા એનએચએસ અને લંડનની મેટ્રોપોલિટન પોલીસે પણ પરેશાનીનો સામનો કરવો પડ્યો. ઈ-મેઈલ અને બીજી ઓનલાઈન સેવા બંધ હોવાથી પોલીસની ગુના ઓનલાઈન નોંધવાની વ્યવસ્થા પર પણ અસર પડી. જ્યારે એનએચએસ સાથે જોડાયેલી આરોગ્ય સેવાઓએ કામ જારી રાખવા બીજી કમ્પ્યુટર વ્યવસ્થા અને કાગળોનો સહારો લેવો પડ્યો. ઓસ્ટ્રેલિયામાં પણ જાસૂસી વ્યવસ્થા અને ફેડરલ પોલીસની કામગીરી પર આ આઉટેજની અસર પડી.

ભારતમાં પણ આ ટેકનિકલ ખરાબીની અસર જોવા મળી. ઈન્ડિગો, અકાસા, એર ઈન્ડિયાના પ્રવાસીઓએ જણાવ્યું હતું કે તેમને ઈમેઈલ દ્વારા મદદ આપતી સેવા પર અસર પડી છે. તેના લીધે પ્રવાસીઓને તેમના સવાલોના જવાબો અને ફરિયાદોનો વળતો જવાબ મેળવવામાં મોડું થાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

યુરોપમાં શેરબજાર ચલાવતી કંપની યુરોનેક્સ્ટની ઈ-મેઈલ સેવા અવરોધાઈ. ડેન્માર્કની શિપિંગ કંપની મર્સ્કે પણ ગ્રાહકો માટે ચેતવણી જારી કરી. તાઈવાનમાં પણ આ ટેકનિકલ ખરાબીની અસર શેરબજાર સાથે જોડાયેલા કામકાજ અને નાણાકીય કામગીરીઓ પર પડી. શેરબજારનો કારોબાર કરતી કંપનીઓ, જીવન વીમા કંપનીઓ અને રોકાણ કરતી કંપનીઓને કામકાજમાં હેરાનગતિનો સામનો કરવો પડ્યો. અમુક ફાઈનાન્સ કંપનીઓએ તો તેમના સોદાના વેરિફિકેશન માટે ફેક્સની મદદ લેવી પડી.

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. નાગજીભાઈ બાવભાઈ બવાડીયા
સ્વ. તા. ૦૭-૧૧-૨૦૨૪

જીવન સદા એવું જીવ્યા કે જોનારા જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં સૌના વસ્યા કરે,
દુ:ખ થી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચૂકયા નહીં,
ધર્મ કદી ભૂલ્યા નહીં, સુખ દુ:ખમાં સદા હસતાં રહ્યાં.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

નંદુબેન નાગજીભાઈ બવાડીયા (પત્ની)
પ્રવિણ નાગજીભાઈ બવાડીયા (પુત્ર)
નિશા પ્રવિણભાઈ બવાડીયા (પુત્રવધુ)
પ્રકાશ નાગજીભાઈ બવાડીયા (પુત્ર)
શિલ્પા પ્રકાશભાઈ બવાડીયા (પુત્રવધુ)
મિત - કિયાન - મિષ્કા (પૌત્ર-પૌત્રી)

CITY ESTATE MANAGEMENT

ભાવભિની શ્રધ્ધાંજલિ



તમારા મધુર સ્મરણો અંકિત છે, અમારા હૃદયમાં તમારા કર્મોની સુવાસ જીવંત છે, અમારા શ્વાસમાં સદેહ તમે નથી એ સચ્ચાઇ છે, પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો, એ વિશ્વાસ છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ડૉ. જયંત આર. સાલવી (એમ.ડી., બાળરોગ નિષ્ણાંત)
સ્વ. તા. ૯-૧૧-૨૦૨૬

સરોજબેન જે. સાલવી (પત્ની)
ડૉ. મૃદુલ જે. સાલવી (પુત્ર)
ડૉ. ભૂમિકા એમ. સાલવી (પુત્રવધુ)
ડૉ. જય જે. સાલવી (પુત્ર)
ડૉ. પ્રતિક્ષા જે. સાલવી (પુત્રવધુ)

મયુરા એસ. પરમાર (પુત્રી)
સ્નેહલ એમ. પરમાર (જમાઇ)
આહાના એસ. પરમાર (પૌત્રી)
માનુષી એસ. પરમાર (પૌત્રી)
શિવરામભાઇ આર. સોલંકી (ભાઇ)
ગંગારામભાઇ આર. સોલંકી (ભાઇ)
મહેશભાઇ આર. સોલંકી (ભાઇ)

સમસ્ત સોલંકી પરિવાર

MACHINERY FOR SALE

WOVEN SACK TAPE PLANT, LOOMS, EXTRUSION LAMINATION

Tape plant JP 250kg/Hr, JP Make 2200mm Extrusion lamination

with Turn-bar and BOPP attachment, Jaiko vega-6 (6 Shuttle) 3-drive flat winder-9 nos, Jaiko vega-812 (8 Shuttle) 5-drive with double winder-4 nos, Tarpaulin sealing 2 head & 6 head with Auto stapling & other Machineries available.

Email : jaishyam.hyd@gmail.com
M : 95766 57669 • 93917 03010

SBI | ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ શાખા, અમદાવાદ

સરફેસી ઈ-હરાજી : મે. પંશુલ એગ્રો ફુડ એલએલપી
ઈ-હરાજીની તા.: ૨૬.૧૧.૨૦૨૬

૧. ફેક્ટરીની જમીન અને ઈમારત, વિસ્તાર : ૧૯૧૩૦ ચો.મી.
અનામત કિંમત : રૂા. ૧૩.૪૬ કરોડ
૨. રાઈસ મિલના પ્લાન્ટ અને મશીનરી
અનામત કિંમતઃ રૂ. ૧.૫૫ કરોડ
સ્થળ : નવો સર્વે બ્લોક નં. ૨૭૩ (જૂનો સર્વે/બ્લોક ૩૫૯), જય સોમનાથ રાઈસ મિલ પાસે, સલાજડા, બાવળા, અમદાવાદ, મુ. સલાજડા – ૩૮૨૨૨૦

વધુ વિગતો માટે, સંપર્ક કરો અથવા સ્કેન કરો : ફોન નં.: ૭૬૦૦૦૩૮૯૦૩, ૭૬૦૦૦૫૦૩૪૯
તારીખ : ૧૫.૧૧.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી

SBI | ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ શાખા, અમદાવાદ

સરફેસી ઈ-હરાજી : બીઆરઆર એન્ટરપ્રાઈસ પ્રા. લિ. અને મે. હારૂ વર્લ્ડવાઈડ પ્રા. લિ. (અગાઉ બીઆરઆર ઉદ્યોગ પ્રા. લિ.)

કુલ ૦૫ પ્લોટ. એરીયા ચો.મી.માં (૧) ૮૫૯૯.૦૦ (૨) ૮૫૯૯.૦૦ (૩) ૫૯૬૮.૯૦ (૪) ૬૦૬૭.૦૦ (૫) ૩૨૩૭.૦૦ કુલ રકમ રૂા. ૨૧.૦૪ કરોડ (કુલ એરીયા : ૩૨૪૭૧ ચો.મી.)

હરાજીની તારીખ : ૨૪.૧૧.૨૦૨૬
• કોમર્શિયલ મિલકત : બીન ખેતીલાયક ઈન્ડસ્ટ્રીયલ ખુલ્લો પ્લોટ જે મોજે રૂપાવતી, તા. સાણંદ, જી. અમદાવાદ ખાતે સ્થિત છે.
• સર્વે નં. ૫૨૫, ૫૨૯ અને ૫૩૦

વધુ વિગતો માટે, સંપર્ક કરો અથવા સ્કેન કરો : ફોન નં.: ૭૬૦૦૦૩૮૯૦૩, ૮૭૯૯૧૪૫૨૨૫
તારીખ : ૧૫.૧૧.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી

IN THE COURT OF THE DISTRICT JUDGE OF THE NILGIRIS, UDHAGAMANDALAM
O.P.No.40/2025
(IN THE MATTER OF SUCCESSION CERTIFICATE UNDER SECTION 372 OF ACT XXXIX OF 1925 TO THE SECURITIES OF SHRI.NARAYANASWAMY RAO)

THULASIRAMAN
REP BY HIS POWER OF ATTORNEY
SMT.DEEPA CHAVAN ... PETITIONER
VS.
1.HDFC BANK LIMITED AND 17 OTHERS ... RESPONDENTS
SUMMONS TO RESPONDENT NO.7

TO
GOLDEN TOBACCO LIMITED,
A PUBLIC LIMITED LISTED COMPANY, INCORPORATED UNDER THE COMPANIES ACT, 1913, HAVING ITS REGISTERED OFFICE AT DARJIPURA- POST AMALIYARA, VADODARA-GUJARAT 390022


PLEASE TAKE NOTICE that the Petitioner above named has filed the above Application, under Section 372 of the Indian Succession Act, 1952, for the grant of Succession Certificate to the securities of his late father Shri.Narayanaswamy Rao, to the Petitioner.

The above application is posted on 27.11.2026 for your appearance and objections if any. Unless you appear before the said Court on the date and time mentioned above, in person or through a pleader, the matter will be decided in your absence.

(By order of the Court)
SREE & SREE LAW PARTNERS LLP, ADVOCATES,
"SREE", No.34, MOUNT PLEASANT ROAD,
COONOOR-643 102, THE NILGIRIS.

દેશ-દુનિયા

ગૂગલના કો-ફાઉન્ડર રનવે વગર ઉડતી એરશિપ બનાવશે











ગૂગલના કો-ફાઉન્ડર સર્ગેઈ બ્રિન હવે ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં એક અનોખા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. તેમની કંપની **Pathfinder** | 3 નામનું વિશાળ એરશિપ ડેવલપ કરી રહી છે. આશરે ૬૦૭ ફૂટ (૧૮૫ મીટર) લાંબું આ એરશિપ બે ફૂટબોલ મેદાન કરતાં પણ લાંબું હશે. તેની ખાસિયત એ છે કે તેને પ્લેનની જેમ ઉડાન ભરવા માટે રનવેની જરૂર નહીં પડે. પ્રોજેક્ટ માટે લગભગ ૧૬ હજાર કિમીની રેન્જ અને સતત બે અઠવાડિયા સુધી હવામાં રહેવાની ક્ષમતાનું ટારગેટ રાખવામાં આવ્યું છે. આ એરશિપની ડિઝાઇનમાં કાર્બન ફાઇબરની ટ્યુબ અને ટાઇટેનિયમનો ઉપયોગ થવાનો છે. તેને હવામાં તરતું રાખવા હિલિયમ ગેસનો ઉપયોગ કરાશે. એરશિપ લગભગ ૯૬ મેટ્રિક ટન જેટલો ભાર ઉપાડી શકશે. તેમાં કાર્ગો ઉપરાંત મુસાફરો માટે વિશાળ જગ્યા, ડાઇનિંગ એરિયા અને બારીઓ જેવી સુવિધાઓની પણ સંભાવના છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ માત્ર મુસાફરી પૂરતો મર્યાદિત નથી. કુદરતી આફતો કે યુદ્ધ જેવી પરિસ્થિતિમાં જ્યાં રસ્તા, એરપોર્ટ અને બંદરોને નુકસાન થયું હોય ત્યાં રાહત સામગ્રી પહોંચાડવા માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે. સામાન્ય પ્લેનની જેમ રનવે પર આધાર રાખવો પડતો ન હોવાથી દૂરના અને દુર્ગમ વિસ્તારો સુધી પહોંચવામાં તે ઉપયોગી સાબિત થઈ શકે છે.


બે ફૂટબોલ મેદાન કરતા લાંબી એરશિપ : રેન્જ ૧૬ હજાર કિમી, તરતું રાખવા હિલિયમનો ઉપયોગ

૩૧ માર્ચ ૨૦૨૮માં ફિલ્મને થિયેટર્સમાં રજૂ કરાશે

યશરાજ ફિલ્મ્સની પહેલી હોરર ફિલ્મમાં હીરો તરીકે વરૂણ ધવનની પસંદગી થઈ

મુંબઈ, તા. ૧૪

યશરાજ ફિલ્મ્સની પહેલી હોરર ફિલ્મમાં વરૂણ ધવનની હીરો તરીકે પસંદગી કરવામાં આવી છે. આ ફિલ્મની કથા-પટકથા રોકેટ બોય સિરિઝ ફેમ અભય પન્નુએ લખી છે. નિર્દેશક તરીકે અભય પન્નુની આ પહેલી ફિલ્મ છે.



ફિલ્મનું નિર્માણ વાયઆરએફના સીઈઓ અક્ષય વિધાની કરશે. વિવિધ પ્રકારની ફિલ્મો બનાવનાર યશરાજ ફિલ્મ્સની આ પહેલી હોરર ફિલ્મ હશે. ફિલ્મને ૩૧ માર્ચ ૨૦૨૮માં થિયેટર્સમાં રજૂ કરવાની નિર્માતાઓની નેમ છે.

ફિલ્મનું નામ હજી નક્કી થયું નથી. વરૂણ ધવનની યશરાજ ફિલ્મ્સ સાથે આ બીજી ફિલ્મ છે.

અક્ષય કુમારની મૌજા હી મૌજા ફેબ્રુઆરીમાં રજૂ થશે

સલમાનની મોન્સ્ટર ફિલ્મ ઈદના તહેવારમાં થિયેટર્સમાં રજૂ કરાશે

મુંબઈ, તા. ૧૪

નિર્માતા દિલ રાજુએ અક્ષય કુમારની ફિલ્મ મૌજા હી મૌજા આવતાં વર્ષે ફેબ્રુઆરીમાં અને સલમાન ખાનની મોન્સ્ટર ફિલ્મ માર્ચમાં ઈદના તહેવારમાં થિયેટર્સમાં રજૂ થવાની જાહેરાત કરી હતી. આ બંને ફિલ્મોનું નિર્માણ દિલ રાજુના પ્રોડકશન હાઉસ શ્રી વેન્કટેશ્વર ક્રિયેશન્સ દ્વારા કરવામાં આવ્યું છે. અગાઉ મૌજા હી મૌજા ચોથી ડિસેમ્બરે રિલિઝ કરવાની યોજના હતી પણ હવે તેને ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવશે. આ ફિલ્મમાં અક્ષય કુમારની સાથે વિદ્યા બાલન અને રાશિ ખન્ના મહત્વની ભૂમિકામાં છે. ફિલ્મનું નિર્દેશન અનીસ બાઝમીએ કર્યું છે.


સલમાન ખાનની ફિલ્મ મોન્સ્ટરમાં નયનતારા અને મુઝમ્મિલ ઈબ્રાહિમની પણ મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે.

ગોવામાં ૨૦થી ૨૮નવેમ્બર સુધી ફિલ્મોત્સવ યોજાશે

૫૭મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં ઈન્ડિયન પેનોરમાનું ઉદ્ઘાટન ધુરંધર ફિલ્મથી

ગોવા, તા. ૧૪

ગોવામાં ૨૦થી ૨૮ નવેમ્બર દરમ્યાન યોજાનારા ભારતના ૫૭મા આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં ઈન્ડિયન પેનોરમાના ઉદ્ઘાટન માટે રણવીરસિંહની ધુરંધર ફિલ્મની અને બ્રિકસ વિભાગના ઉદ્ઘાટન માટે રણબીર કપૂરની રામાયણ ફિલ્મની પસંદગી કરવામાં આવી છે. જ્યારે કેરાલા સ્ટોરી ટુને ઈન્ટરનેશનલ કોમ્પિટિશનમાં સ્થાન આપવામાં આવ્યું છે. ફિલ્મોત્સવની ઉદ્ઘાટક ફિલ્મ તરીકે ફાયરલેન્ડ નામની જર્મન ફિલ્મને પસંદ કરવામાં આવી છે, જેમાં નોબેલ પારિતોષિક વિજેતા સાહિત્યકાર થોમસ માન તેમની પુત્રી એરિકા સાથે ૧૯૪૯માં વિભાજીત જર્મનીનો પ્રવાસ કરે છે. કાન ફિલ્મોત્સવ ૨૦૨૬માં આ ફિલ્મના નિર્દેશક પાવેલ પાવલિકોવસ્કીને બેસ્ટ ડાયરેક્ટરનો એવોર્ડ મળ્યો હતો.



આ ફિલ્મોત્સવમાં બે નવા વિભાગો એનિમેશન અને ફિલ્મ અબાઉટ ફિલ્મ્સ શરૂ કરવામાં આવ્યા છે.

રણબીર કપૂરની ફિલ્મ રામાયણ દર્શાવી ફિલ્મોત્સવના બ્રિક્સ વિભાગનું ઉદ્ઘાટન કરાશે

ગોડઝિલ્લા માઈનસ ઝીરો ૨૦ નવેમ્બરે રજૂ થશે

દુનિયાભરમાં આર રેટિંગ મેળવનારી ગોડઝિલ્લા માઈનસ ઝીરોને યુ/એ પ્રમાણપત્ર

મુંબઈ, તા. ૧૪

બે કલાક અને સાડા સત્તર મિનિટ લાંબી જાપાની ફિલ્મ ગોડઝિલ્લા માઈનસ ઝીરોને સેન્સર બોર્ડ દ્વારા યુ/એ ૧૬ પ્લસ પ્રમાણપત્ર તેરમી નવેમ્બરે આપવામાં આવ્યું હતું.




જાપાની મોન્સ્ટર ફિલ્મ ગોડઝિલ્લા માઈનસ ઝીરોને ભારતમાં ૨૦ નવેમ્બરે થિયેટર્સમાં રિલિઝ કરવામાં આવશે.

આ ફિલ્મને યુએસએ, યુકે, ઓસ્ટ્રેલિયા જેવા ઈન્ટરનેશનલ માર્કેટમાં આર રેટિંગ મળ્યું છે. જેના કારણે તેના ચાહકોમાં ઉત્સાહમાં આવી ગયા છે કે ફિલ્મમેકર્સે ફિલ્મમાં હિંસા બતાવવામાં કોઈ કસર છોડી નથી. પણ ભારતમાં તેન એને બદલે હળવું યુ/એ પ્રમાણપત્ર મળતાં ફિલ્મ પર સારી એવી કાતર ફેરવવામાં આવી હોવાની અટકળો વહેતી થઈ છે.

સેન્સર બોર્ડના નિર્ણયોને કારણે ઘણીવાર વિવાદ થતો હોય છે.

ફિલ્મને યુએ પ્રમાણપત્ર મળતાં સેન્સર બોર્ડે છૂટથી કાતર ફેરવી હોવાનું અનુમાન

મિશન માર્સ માટે રોબોટ્સ પહેલી પસંદ



પૃથ્વીથી લાખો કિલોમીટર દૂર આવેલા મંગળ ગ્રહ પર પહોંચવાનું સપનું વૈજ્ઞાનિકો વર્ષોથી જોઈ રહ્યા છે. જોકે, મંગળ પર માણસોને મોકલવા કરતાં રોબોટ મોકલવા વધુ સરળ છે. તેનું મુખ્ય કારણ એ છે કે રોબોટને ખોરાક, પાણી, ઓક્સિજન કે રહેવાની ખાસ વ્યવસ્થાની જરૂર પડતી નથી. બીજી તરફ, માણસોને મંગળ સુધી પહોંચાડવા અને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવા માટે અત્યંત જટિલ વ્યવસ્થા ઊભી કરવી પડે છે. મંગળની મુસાફરીમાં આવવા-જવાનો સમય મળીને આશરે ત્રણ વર્ષ લાગી શકે છે. આટલા લાંબા સમય સુધી અવકાશયાત્રીઓ માટે ખોરાક, પીવાનું પાણી અને શ્વાસ લેવા માટે ઓક્સિજનનો પૂરતો જથ્થો રાખવો પડે. જે મુશ્કેલ છે. રોબોટ્સ રેડિયેશનને પણ પહોંચી વળી શકે તેમ છે. આમ, તેઓ માણસોના મિશન માટેનો માર્ગ મોકળો કરશે. એટલે, મંગળ મિશન માટે રોબોટ્સ પહેલી પસંદ બને તો નવાઈ નહીં.

સોનિયા ગાંધીનો આત્મકથામાં સ્વીકાર : સારી સારવાર નહીં માનસિક શાંતિ માટે વિદેશ જવાનું નક્કી કર્યું

સોનિયા ગાંધીએ મુંબઈના બદલે મિલાનમાં કેન્સરની સર્જરી કરાવી!

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની આત્મકથા તાજેતરમાં જ લોન્ચ થઈ છે. તેમાં તેમના દ્વારા પોતાના જીવન, કવન, વિરોધાભાસ ધરાવતા લોકો દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે તો ક્યાંક વખાણ થઈ રહ્યા છે તો ક્યાંક નવી પેઢીમાં આ પુસ્તક વિશે ચર્ચા થઈ રહી છે. વાસ્તવિકતા એટલી જ છે કે, તેઓ જેવું જીવન જીવ્યા અને હાલ જીવી રહ્યા છે તેના વિશે તેમણે પહેલી વખત ખુલ્લા મનથી વાત કરી છે.

બ્રેસ્ટ કેન્સરના ઓપરેશન માટે તેમણે મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલને બદલે ઈટાલીના મિલાન સ્થિત એક હોસ્પિટલની પસંદગી કરી હતી. આની પાછળ સૌથી મોટું કારણ સારવારની ગુણવત્તા કરતાં વધુ પોતાની પ્રાઈવસીની ચિંતા હતી. તેમને ડર હતો કે ભારતમાં ઓપરેશન કરાવવા પર તેમની બીમારી મીડિયામાં હેડલાઈન્સ બની જશે. તેમની બિમારી અને સારવારને પણ રાજકીય રંગ આપવામાં આવશે : તેમણે લખ્યું છે કે, હું હંમેશા મારા અંગત જીવનને ખાનગી રાખવા માંગતી હતી. મારી બીમારીને મીડિયામાં ચર્ચાનો વિષય બનતી જોવી મારા માટે અત્યંત પીડાદાયક અને ગુસ્સો અપાવનારી હતી. શું સાર્વજનિક જીવનમાં હોવાનો અર્થ એ હતો કે મને થોડીક ગોપનીયતાનો પણ અધિકાર નહોતો? બસ આ સવાલની માનસિક પીડા અને કેન્સરની શારીરિક પીડામાંથી બહાર આવવું હતું : તે સમયે સોનિયા ગાંધીએ રાજકીય વિરોધીઓ કે ટીકાકારોનો વિચાર કર્યા વગર પોતાના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપ્યું હતું. સોનિયા ગાંધી માટે સારવાર દરમિયાન પરિવારનો સાથ પણ ખૂબ જ મહત્વપૂર્ણ હતો. મિલાનના બહારના વિસ્તારમાં આવેલી હોસ્પિટલ તેમના માટે એટલા માટે પણ સુવિધાજનક હતી, કારણ કે તેમની બહેનો નાદિયા અને અનૌશ્કા ત્યાંથી નજીક રહેતા હતા. તેઓ ગમે ત્યારે હોસ્પિટલ આવી શકે તેમ હતા.

તેમણે પોતાની આત્મકથા 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ'માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જવું, ત્યાં સ્ટુડન્ટ એક્સ્ચેન્જ હેઠળ કોઈ એક પરિવારને ત્યાં પીજી તરીકે સેટ થવું, રાજીવ ગાંધી સાથે મુલાકાત થવી, ભારત આવવું, રાજીવ સાથે લગ્ન કરવાનું નક્કી કરવું, લગ્ન જીવન, પારિવારિક જીવન, સંજય ગાંધીનું અવસાન, રાજીવ ગાંધીનો રાજકારણમાં આંશિક પ્રવેશ, સાસુ ઈન્દિરા ગાંધી સાથેનું જીવન અને પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના કેટલાક આકરા નિર્ણયો, તેમની હત્યા, રાજીવ ગાંધીનું વડા પ્રધાન બનવું, તેમની હત્યા, પોતાનો રાજકારણમાં પ્રવેશ, રાહુલનો રાજકીય પ્રવેશ જેવા ઘણા મુદે તેમણે વિગતે વાત કરી છે. આ દરમિયાન તેમણે પોતાના જીવનના સૌથી કપરા કાળ એવા કેન્સર સામેના સંઘર્ષ અને તેમાંથી બહાર આવવાની વાત પણ કરી છે. તેમણે જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૦માં બ્રેસ્ટ કેન્સરના ઓપરેશન માટે તેમણે મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલને બદલે ઈટાલીના મિલાન સ્થિત એક હોસ્પિટલની પસંદગી કરી હતી. આની પાછળ સૌથી મોટું કારણ સારવારની ગુણવત્તા કરતાં વધુ પોતાની પ્રાઈવસીની ચિંતા હતી. તેમને ડર હતો કે ભારતમાં ઓપરેશન કરાવવા પર તેમની બીમારી મીડિયામાં હેડલાઈન્સ બની જશે. તેમની બિમારી અને સારવારને પણ રાજકીય રંગ આપવામાં આવશે.

સોનિયા ગાંધીએ પોતાના પુસ્તકમાં લખ્યું છે કે તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના ડોક્ટરો પર પૂરો વિશ્વાસ હતો. ડોક્ટરોએ જ તેમને ઓપરેશનની સલાહ આપી હતી. પરંતુ તેમની સામે યક્ષ પ્રશ્ન એ હતો કે સર્જરી ભારતમાં કરાવવામાં આવે કે વિદેશમાં. મુંબઈની તાતા મેમોરિયલ હોસ્પિટલનો વિકલ્પ હતો. જોકે, તેમને લાગ્યું કે ભારતમાં સારવાર કરાવવા દરમિયાન તેમની બીમારીની મીડિયામાં ઘણી ચર્ચા થશે. એક સાર્વજનિક જીવન જીવતી વ્યક્તિ હોવા છતાં તેઓ પોતાની બીમારીને ખાનગી રાખવા માંગતા હતા. તેમણે લખ્યું છે કે, હું હંમેશા મારા અંગત જીવનને ખાનગી રાખવા માંગતી હતી. મારી બીમારીને મીડિયામાં ચર્ચાનો વિષય બનતી જોવી મારા માટે અત્યંત પીડાદાયક અને ગુસ્સો અપાવનારી હતી. શું સાર્વજનિક જીવનમાં હોવાનો અર્થ એ હતો કે મને થોડીક ગોપનીયતાનો પણ અધિકાર નહોતો? બસ આ સવાલની માનસિક પીડા અને કેન્સરની શારીરિક પીડામાંથી બહાર આવવું હતું. તે સમયે સોનિયા ગાંધીએ રાજકીય વિરોધીઓ કે ટીકાકારોનો વિચાર કર્યા વગર પોતાના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપ્યું હતું. સોનિયા ગાંધી માટે સારવાર દરમિયાન પરિવારનો સાથ પણ ખૂબ જ મહત્વપૂર્ણ હતો. મિલાનના બહારના વિસ્તારમાં આવેલી હોસ્પિટલ તેમના માટે એટલા માટે પણ સુવિધાજનક હતી, કારણ કે તેમની બહેનો નાદિયા અને અનૌશ્કા ત્યાંથી નજીક રહેતા હતા. તેઓ ગમે ત્યારે હોસ્પિટલ આવી શકે તેમ હતા.

પરિસ્થિતિ અને ભારતીય રાજકારણ વિશે જે વાતો કરવામાં આવી છે તેના કારણે તેની ચારકોર ચર્ચા છે. ક્યાંક રાજકીય વિરોધાભાસ ધરાવતા લોકો દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે તો ક્યાંક વખાણ થઈ રહ્યા છે તો ક્યાંક નવી પેઢીમાં આ પુસ્તક વિશે ચર્ચા થઈ રહી છે. વાસ્તવિકતા એટલી જ છે કે, તેઓ જેવું જીવન જીવ્યા અને હાલ જીવી રહ્યા છે તેના વિશે તેમણે પહેલી વખત ખુલ્લા મનથી વાત કરી છે.

તેમણે પોતાની આત્મકથા 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ'માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જવું, ત્યાં સ્ટુડન્ટ એક્સ્ચેન્જ હેઠળ કોઈ એક પરિવારને ત્યાં પીજી તરીકે સેટ થવું, રાજીવ ગાંધી સાથે મુલાકાત થવી, ભારત આવવું, રાજીવ સાથે લગ્ન કરવાનું નક્કી કરવું, લગ્ન જીવન, પારિવારિક જીવન, સંજય ગાંધીનું અવસાન, રાજીવ ગાંધીનો રાજકારણમાં આંશિક પ્રવેશ, સાસુ ઈન્દિરા ગાંધી સાથેનું જીવન અને પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના કેટલાક આકરા નિર્ણયો, તેમની હત્યા, રાજીવ ગાંધીનું વડા પ્રધાન બનવું, તેમની હત્યા, પોતાનો રાજકારણમાં પ્રવેશ, રાહુલનો રાજકીય પ્રવેશ જેવા ઘણા મુદે તેમણે વિગતે વાત કરી છે. આ દરમિયાન તેમણે પોતાના જીવનના સૌથી કપરા કાળ એવા કેન્સર સામેના સંઘર્ષ અને તેમાંથી બહાર આવવાની વાત પણ કરી છે. તેમણે જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૦માં બ્રેસ્ટ કેન્સરના ઓપરેશન માટે તેમણે મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલને બદલે ઈટાલીના મિલાન સ્થિત એક હોસ્પિટલની પસંદગી કરી હતી. આની પાછળ સૌથી મોટું કારણ સારવારની ગુણવત્તા કરતાં વધુ પોતાની પ્રાઈવસીની ચિંતા હતી. તેમને ડર હતો કે ભારતમાં ઓપરેશન કરાવવા પર તેમની બીમારી મીડિયામાં હેડલાઈન્સ બની જશે. તેમની બિમારી અને સારવારને પણ રાજકીય રંગ આપવામાં આવશે.

સોનિયા ગાંધીએ પોતાના પુસ્તકમાં લખ્યું છે કે તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના ડોક્ટરો પર પૂરો વિશ્વાસ હતો. ડોક્ટરોએ જ તેમને ઓપરેશનની સલાહ આપી હતી. પરંતુ તેમની સામે યક્ષ પ્રશ્ન એ હતો કે સર્જરી ભારતમાં કરાવવામાં આવે કે વિદેશમાં. મુંબઈની તાતા મેમોરિયલ હોસ્પિટલનો વિકલ્પ હતો. જોકે, તેમને લાગ્યું કે ભારતમાં સારવાર કરાવવા દરમિયાન તેમની બીમારીની મીડિયામાં ઘણી ચર્ચા થશે. એક સાર્વજનિક જીવન જીવતી વ્યક્તિ હોવા છતાં તેઓ પોતાની બીમારીને ખાનગી રાખવા માંગતા હતા. તેમણે લખ્યું છે કે, હું હંમેશા મારા અંગત જીવનને ખાનગી રાખવા માંગતી હતી. મારી બીમારીને મીડિયામાં ચર્ચાનો વિષય બનતી જોવી મારા માટે અત્યંત પીડાદાયક અને ગુસ્સો અપાવનારી હતી. શું સાર્વજનિક જીવનમાં હોવાનો અર્થ એ હતો કે મને થોડીક ગોપનીયતાનો પણ અધિકાર નહોતો? બસ આ સવાલની માનસિક પીડા અને કેન્સરની શારીરિક પીડામાંથી બહાર આવવું હતું. તે સમયે સોનિયા ગાંધીએ રાજકીય વિરોધીઓ કે ટીકાકારોનો વિચાર કર્યા વગર પોતાના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપ્યું હતું. સોનિયા ગાંધી માટે સારવાર દરમિયાન પરિવારનો સાથ પણ ખૂબ જ મહત્વપૂર્ણ હતો. મિલાનના બહારના વિસ્તારમાં આવેલી હોસ્પિટલ તેમના માટે એટલા માટે પણ સુવિધાજનક હતી, કારણ કે તેમની બહેનો નાદિયા અને અનૌશ્કા ત્યાંથી નજીક રહેતા હતા. તેઓ ગમે ત્યારે હોસ્પિટલ આવી શકે તેમ હતા.

ન્યુઝ ફોકસ

ફેક્ચરના ઓપરેશન બાદ શિયાળાના પ્રદૂષણથી બચવા ગોવામાં થોડો સમય વસવાટ કર્યો

થોડા વર્ષો પછી, ઓગસ્ટ ૨૦૧૬માં, ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી પ્રચાર મને પવિત્ર શહેર વારાણસીના ગીચ વસ્તીવાળા વિસ્તારમાં જનસંપર્ક યાત્રા પર લઈ ગયો. રાહુલ અને પ્રિયંકાને લાગ્યું કે, આટલા ગરમ અને ભેજવાળા હવામાનમાં તે જોખમી રહેશે, પરંતુ હું અમારા પક્ષના કાર્યકરોને નિરાશ કરવા માંગતી ન હતી, જેમણે મોટી તૈયારીઓ કરી હતી. રસ્તાની બંને બાજુ કોંગ્રેસની તરફેણમાં સૂત્રોચ્ચાર કરતા ઉત્સાહી ટોળા ઉમટી પડ્યા હતા, પરંતુ કાફલો પાંચ કલાક સુધી ચાલ્યો, અને વધતો જતો થાક મારા પર હાવી થઈ ગયો. હું ઢળી પડી અને મને વિમાન દ્વારા દિલ્હી લઈ જવામાં આવી. બેભાન અવસ્થામાં આવતા-જતા, મેં મારા પર ઝૂકેલા મારા સાથીદારો અને ડોક્ટરોના ચિંતિત ચહેરાઓની ઝલક જોઈ. પડવાને કારણે મારા ખભામાં ગંભીર ફેક્ચર થયું હતું વધુ એક ઓપરેશન! આ સર્જરીઓએ મને થોડી નાજુક બનાવી દીધી હતી. તેમાં વળી, દિલ્હીમાં વાયુ પ્રદૂષણ એક મોટો પડકાર હતો. સોનિયા ગાંધીને અસ્થમા અને એલર્જીની સમસ્યા પણ રહી છે. દિલ્હીની પ્રદૂષિત હવા અને શિયાળાની ઋતુ તેમના માટે પરેશાની વધારનારી હતી. બંને મોટી સર્જરી અને એક નાની સર્જરી બાદ તેઓ પોતાને પહેલાની સરખામણીમાં નબળા અનુભવતા હતા. વર્ષના ગરમ મહિનાઓમાં હું થોડા સમય માટે પહાડોમાં જઈ શકું છું, પરંતુ શિયાળાના મહિનાઓ વધુ કઠિન હોય છે. પાનખર આવતા જ શહેરની હવા ગૂંગળામણ ભરી થવા લાગે છે, અને ડિસેમ્બર સુધીમાં તો તેને જોખમી અથવા ઝેરી ગણાવવામાં આવે છે. એલર્જી કે અસ્થમાથી પીડાતા કોઈપણ વ્યક્તિ માટે, નાના હોય કે મોટા, શ્વાસ લેવો મુશ્કેલ બની જાય છે. સોનિયા ગાંધી નોંધે છે કે, મને દિલ્હીના શિયાળાની આ કઠિન કસોટીમાંથી છૂટકારો ગોવામાં મળ્યો, જ્યાં હું પરિવાર કે મિત્રો સાથે ઘણી વખત થોડા દિવસો માટે ગઈ હતી. તે એક થેરાપી હતી, સવાર-સાંજ નિર્જન દરિયાકિનારે લાંબી લટાર મારવી, સુંદર વૃક્ષો અને છોડવાઓ વચ્ચે બનેલી કેડીઓ પર સાયકલ ચલાવવી, ખુલ્લામાં બેસીને તાજી હવામાં શ્વાસ લેવો.






ઓપરેશન અને હોસ્પિટલમાં લાંબો સમય રોકાણ. આ વખતે મને રોટરડેમની ઈરાસ્મસ ટીચિંગ હોસ્પિટલમાં મોકલવામાં આવી, જ્યાં જાણીતા પેન્ક્રિયાટિક સર્જન ડૉ. કાસ્પર વાન આઈક દ્વારા મારી સારવાર થવાની હતી. દરેકના આશ્વાસન છતાં હું ઓપરેશન મુદે થોડી વધારે ચિંતિત હતી, કારણ કે રોગની વાસ્તવિકતા સર્જરી પછી જ નક્કી થઈ શકે તેમ હતી. મારું મન સૌથી ખરાબ પરિસ્થિતિ વિશે વિચારવા લાગ્યું. જો તે મેટાસ્ટેટિક ગાંઠ નીકળશે તો શું થશે? શું હું તેમાંથી બહાર આવી શકીશ? શું મારે કીમોથેરાપી લેવી પડશે? મારે ઘર અને કામથી કેટલો સમય દૂર રહેવું પડશે? વડાપ્રધાન અને થોડા વરિષ્ઠ સાથીદારો સિવાય કોઈને પણ જાણ કર્યા વિના જતા રહેવાથી મને દુઃખ થયું હતું. ડૉ. મનમોહન સિંહ સમજુ હતા, કારણ કે તેઓ પોતે થોડા વર્ષો પહેલા હૃદયની મોટી સર્જરીમાંથી પસાર થયા હતા, પરંતુ આ બધી ચિંતાઓ મને તણાવ અને અનિદ્રા આપી રહી હતી. નીકળતા પહેલા, મેં રાહુલ અને પ્રિયંકા માટે એક ચિઠ્ઠી લખી રાખી હતી, જેમાં જો કંઈક ખોટું થાય તો શું કરવું તેની સૂચનાઓ હતી.


પહેલાની જેમ જ, સર્જરીની સવારે રાહુલ અને પ્રિયંકા બંને મારી પડખે હતા. ઓપરેશન બાદ હું મારા રૂમમાં જાગી, તો ડૉ. વાન આઈક સાથે મારા સંતાનોને પણ જોયા. તેમણે સમજાવ્યું કે હું નસીબદાર હતી, ગાંઠ શરૂઆતના પ્રી-કેન્સરસ તબક્કામાં હોવાનું જણાયું હતું, કારણ કે તે વહેલી તકે પકડાઈ ગઈ હતી. મેં મનોમન સર ગંગારામ હોસ્પિટલના મારા બધા ડોક્ટરોનો તેમની કુશળતા અને તકેદારી બદલ આભાર માન્યો.

ઉલ્લેખનીય છે કે, તેમની સારવાર વિદેશમાં થઈ તે મુદ્દો રાજકીય ગરમાવો લાવે અને ભવિષ્યમાં લાવશે તે સ્વાભાવિક હતું. તે સમયે સોનિયા ગાંધીએ રાજકીય વિરોધીઓ કે ટિકાકારોનો વિચાર કર્યા વગર પોતાના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપ્યું હતું. સોનિયા ગાંધી માટે સારવાર દરમિયાન પરિવારનો સાથ પણ ખૂબ જ મહત્વપૂર્ણ હતો. મિલાનના બહારના વિસ્તારમાં આવેલી હોસ્પિટલ તેમના માટે એટલા માટે પણ સુવિધાજનક હતી, કારણ કે તેમની બહેનો નાદિયા અને અનૌશ્કા ત્યાંથી નજીક રહેતા હતા. તેઓ ગમે ત્યારે હોસ્પિટલ આવી શકે તેમ હતા. આનાથી રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને પરિવારના અન્ય સભ્યોની સાથે બહેનોને પણ તેમની પાસે રહેવાની તક મળી.

જમ્મુ કાશ્મીર હિમવર્ષા સાથે સોળે કળાએ ખીલ્યું





કાશ્મીરમાં સ્નોફોલ બાદ સમગ્ર વિસ્તારનું રૂપ બદલાઈ ગયું છે. પહાડો, ઘરો, વૃક્ષો અને રસ્તાઓ પર બરફની સફેદ ચાદર છવાઈ જતાં અહીંનું કુદરતી સૌંદર્ય વધુ નિખરી ઊઠ્યું છે. બરફથી ઢંકાયેલા ઊંચા પહાડો વચ્ચે વાદળો અને ધુમ્મસના આવરણથી જાણે આખું વાતાવરણ કોઈ સુંદર ચિત્ર જેવું લાગી રહ્યું છે. ક્યાંક બરફથી ઢંકાયેલા રસ્તાઓ વળાંક લેતા પહાડો વચ્ચેથી પસાર થાય છે તો ક્યાંક દેવદારનાં વૃક્ષો વચ્ચે વસેલા ઘરો મનમોહક દૃશ્ય સર્જે છે. સ્નોફોલ બાદ કાશ્મીરની આ સુંદરતા પ્રવાસીઓ અને પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. અનેક વિસ્તારોમાં થયેલી હિમવર્ષા પ્રવાસીઓ માટે લ્હાવો બની ગઈ છે. ટુરિસ્ટ ડેસ્ટિનેશન પર મોટી સંખ્યામાં પ્રવાસીઓ જોવા મળ્યા હતા. સાથે જ ધરતી પર ઉતરી આવેલા સ્વર્ગ જેવી કાશ્મીરની આ છટા સૌ કોઈનું મન મોહી લે તેવી છે.

પ્રસારણ મંત્રાલયમાં તપાસનો ધમધમાટ શરૂ

સરકારમાં ડીંડક : હાઈકોર્ટના નકલી આદેશથી ૧૨૯ વેબસાઈટ બંધ કરાઈ

કોર્ટના બનાવટી આદેશના પગલે ૧૨૯ ઓનલાઈન સટ્ટાબાજીની વેબસાઈટને બ્લોક કરવાનો મામલો હવે પીએમઓ સુધી પહોંચી ગયો છે. પીએમ મોદીની ઓફિસે શનિવારે પ્રસારણ સચિવ અમિત અગ્રવાલને બોલાવીને જવાબ માંગ્યો છે. અગ્રણી ન્યૂઝ એજન્સીએ બે સરકારી અધિકારીઓને ટાંકીને આ જાણકારી આપી છે.

વેબસાઈટ બ્લોક કરવાની પ્રક્રિયા પર પણ સવાલ ઉઠ્યા, બનાવટી આદેશોથી કોણે વેબસાઈટ બંધ કરાવી તેની તપાસ થશે

નવી દિલ્હી,તા.૧૪

આ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ પીએમઓએ દૂરસંચાર સચિવ અમિત અગ્રવાલને બોલાવીને પૂછ્યું છે કે કોર્ટના બનાવટી આદેશોના આધારે વેબસાઈટોને બ્લોક કરવાના આદેશ કેવી રીતે આપવામાં આવ્યા. આ અંગે જવાબ આપવા માટે અગ્રવાલે તેમના બીજા રાજ્યના પ્રવાસને અધવચ્ચે છોડવો પડ્યો. અમિત અગ્રવાલ દૂરસંચાર મંત્રાલયના સૌથી મોટા અધિકારી છે. આ મંત્રાલય મોટી ટેલિકોમ કંપનીઓથી લઈને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓના કામકાજ પર નજર રાખે છે.

પ્રસારણ મંત્રાલયે કરેલા ધબડકાની વાત પીએમઓ સુધી પહોંચી, પ્રસારણ સચિવ અમિત અગ્રવાલનો જવાબ માંગાયો

એક સરકારી અધિકારીના જણાવ્યા મુજબ સટ્ટાબાજી સાથે જોડાયેલી વેબસાઈટો બ્લોક કરવા માટેની કાર્યવાહી પ્રસારણ મંત્રાલયના પ્રાદેશિક અધિકારીઓએ કરી હતી. જો કે આ આખા મામલે અમિત અગ્રવાલ, પ્રસારણ મંત્રાલય અને પીએમઓએ ન્યૂઝ એજન્સીને કોઈ જવાબ આપ્યો નથી.

કોર્ટના આ બનાવટી આદેશો એકદમ સાચા લાગે તેવા બતાવવા માટે કોર્ટના લોગો અને મહોરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફક્ત એટલુ જ નહીં આ આદેશોમાં નકલી ક્યુઆર કોડ પણ લગાવવામાં આવ્યો હતો. આ બનાવટી આદેશ હાઈકોર્ટના નામે જારી કરવામાં આવ્યા હતા. પોલીસ અને કોર્ટની રજિસ્ટ્રી પાસેથી મળેલી જાણકારી મુજબ ન્યૂઝ એજન્સીએ આ આદેશો બનાવટી હોવાનો ખુલાસો કર્યો હતો.

આશ્ચર્યની વાત તો એ છે કે આ બનાવટી આદેશ કેટલાય મહિનાઓ સુધી પ્રસારણ મંત્રાલયની વેબસાઈટ પર રહ્યા હતા. શનિવાર સુધી એક બનાવટી આદેશ વેબસાઈટ પર દેખાતો હતો. જ્યારે બીજા આદેશો હટાવી દેવાયા હતા. આ મામલો સામે આવ્યા પછી પ્રસારણ મંત્રાલયે પોતાના સ્તરે તપાસ શરૂ કરી છે. પોલીસે પણ છેતરપિંડી અને બનાવટના આરોપસમાં અજાણ્યા લોકો સામે તપાસ શરૂ કરી છે.

પોલીસે તપાસને આગળ વધારવા માટે પ્રસારણ મંત્રાલય સાથે સંલગ્ન દસ્તાવેજ અને રેકોર્ડ માંગ્યા છે. આ કેસ સામે આવ્યા પછી સરકારી સ્તર પર વેબસાઈટો બ્લોક કરવાની પ્રક્રિયા પર સવાલ ઉઠવા લાગ્યા છે. વાસ્તવમાં ચિંતા એ વાતની છે કે કોર્ટના બનાવટી આદેશોના આધારે પણ વેબસાઈટ બ્લોક કરી શકાય છે. આના પગલે ભવિષ્યમાં યોગ્ય રીતે ચાલતી વેબસાઈટો સામે પણ આવા બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરી શકાય છે.

એસસીઓ બેઠક માટે ભારતનું પાક.ને આમંત્રણ

ઓપરેશન સિંદુર પછી પહેલી વખત પાક.ના મંત્રી ભારત આવશે

(પીટીઆઈ) ઈસ્લામાબાદ,તા.૧૪

દિલ્હીમાં ૨૦-૨૨ નવેમ્બર દરમિયાન યોજાનારી એસસીઓ (શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન) ની સિવિલાઈઝેશન ડાયલોગ સંબંધી બેઠકમાં પાકિસ્તાની હવામાન-પરિવર્તન મંત્રી મુસાદિક મલિક એમના દેશનું પ્રતિનિધિત્વ કરશે.

પહેલગામ હુમલા પછી ભારત સાથેના એના તંગ સંબંધો સામાન્ય બનાવવા પાકિસ્તાનની તૈયારી

ભારતે ૨૮ ઓકટોબરે નિયત પ્રણાલી મુજબ એસસીઓના બધા સભ્ય-રાષ્ટ્રોને નિમંત્રણ પાઠવવાનું જાહેર કર્યું હતું. પાકિસ્તાની વિદેશ કચેરીએ જણાવ્યું કે બેઠકમાં એસસીઓના સભ્ય-રાષ્ટ્રોના પ્રતિનિધિઓ સાંસ્કૃતિક સંવાદ અને સાંસ્કૃતિક સમજને લગતી બાબતોની ચર્ચા કરશે.

એસસીઓના માળખામાં રહીને વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે સંવાદને ઉત્તેજન મળે તથા વિવિધ પ્રજાઓના સંપર્કો ગાઢ બને એ માટે પાકિસ્તાન પ્રતિબધ્ધ છે, એમ પાકિસ્તાનના નિવેદનમાં ઉમેરાયું છે.

પાકિસ્તાનના હવામાન પરિવર્તનમંત્રી મુસાદિક મલિક એમની સરકારના સત્તાવાર વિચારની રજૂઆત માટે ટોક-શોમાં અવારનવાર દેખાતા રહે છે. ભારત દ્વારા જેની યજમાની કરાઈ રહી છે એવા આ કાર્યક્રમમાં મુસાદિક મલિકની હિસ્સેદારી દર્શાવે છે કે પાકિસ્તાન ઈચ્છે છે કે આગામી વર્ષે એને ત્યાં યોજાનારી એસસીઓની શિખર-બેઠકમાં ભાગ લેવા માટેનો ભારતનો માર્ગ મોકળો થાય એ માટે ભારત-પાકિસ્તાન વચ્ચેની તંગદિલી હળવી થાય.

બે દેશો વચ્ચેના સંબંધો ૨૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ પહેલગામ ત્રાસવાદી હુમલો કરાયો ત્યારથી તંગ થયેલા છે. આ હુમલામાં ૨૬ જણના મોત થયા હતા, જેના પ્રતિભાવરૂપે ભારતે ૭મેએ પાકિસ્તાન પર ઝીંકેલા ઓપરેશન સિંદૂર અંતર્ગત પાકિસ્તાન તથા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મિરમાંથી ત્રાસવાદી અડ્ડાઓનો સફાયો કરાયો હતો.



ભારતના પહેલા પીએમ પંડિત જવાહરલાલ નહેરુના ૧૩૭માં જન્મદિવસે દેશભરમાં ચિલ્ડ્રન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. દેશભરમાં તેમની યાદમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજનેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિતના નેતાઓએ પંડિત નહેરુના સમાધિ સ્થળે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, સોનિયા ગાંધીની બાયોગ્રાફી બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ હાલ ચર્ચામાં છે.

યુક્રેનની સુરક્ષા સાથે તેના પુનરુત્થાનના ભંડોળની પણ ઝેલેન્સ્કીએ માંગ કરી

નાટોનું સભ્યપદ લેવું હોય તો ડોનબાસ રશિયાને આપી દો: ઝેલેન્સ્કીને ઓફર

નવી દિલ્હી,તા.૧૪

અમેરિકન મંત્રણાકારોએ એવી આશા વ્યક્ત કરી હતી કે યુક્રેનને જો નાટોનું સભ્યપદ મળે તો તેઓ પૂર્વ ડોનબાસ વિસ્તારમાંથી યુક્રેની દળો પાછાં ખેંચી લેવા તૈયાર છે અને તે વિસ્તાર રશિયાને સોંપી દેવા પણ તૈયાર છે, અને બંને દેશો વચ્ચેનું યુદ્ધ પુરું થયેલું જોવા ઈચ્છે છે.

યુક્રેન સાથેના યુદ્ધમાં ૪.૫૦ લાખથી પણ વધુ રશિયનોના મોત મોટાભાગના મોત સૈનિકોના જ થયા હોવાની પ્રબળ સંભાવના

તેઓએ વધુમાં કહ્યું હતું કે હજી સુધીમાં પહેલી જ વખત આવો પ્રસ્તાવ સામે આવ્યો છે. અબુધાબીમાં યોજાયેલી મંત્રણાનો છેલ્લો દોર પૂરો થયા પછી પત્રકારો સાથેની વાતચીતમાં તેઓએ કહ્યું હતું કે કોઈ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે કીવ તેનો પ્રદેશ આપવા જરા પણ તૈયાર નથી. તે અહેવાલો તદ્દન સાચા છે. આમ છતાં યુક્રેનના નેતાએ કહ્યું હતું કે યુક્રેનને સલામતીની ખાતરી આપવા સાથે, સર્વગ્રાહી સલામતી માટે વિશ્વાસ આપવામાં આવે તો તેઓ ભૂમિ છોડી દેવા માટે લોકમત લેવા તૈયાર છે. તે સાથે તેમણે તે પણ શર્ત મુકી છે કે યુક્રેનને તેનાં સૈન્ય માટે પૂરતાં ભંડોળો મળવાં જોઈએ તેમ જ યુક્રેનનાં પુનરૂત્થાન માટે પણ પૂરતાં ભંડોળો મળવાં જોઈએ.

બીજી તરફ રાજકીય નિષ્ણાતો સ્પષ્ટ કહે છે કે તે ભૂલવું ન જોઈએ કે વાસ્તવમાં નાટોમાં જોડાવાને મુદ્દે તો આ યુદ્ધ ફાટી નીકળ્યું છે. ૨૦૧૪માં મિન્સ્કમાં થયેલા કરારો પ્રમાણે બેમાંથી એક પણ દેશે એક પણ દેશના શત્રુઓ કે વિરોધીઓ સાથે હાથ મેળવવા ન જોઈએ. વાસ્તવમાં નાટો અને હવે વિસર્જિત સેન્ટ્રો અને સીટો કરારો જ સોવિયેત રશિયા વિરૂદ્ધ થયા હતા.

દરમિયાન રશિયાની સ્ટેટ એજન્સી રોસસ્ટેટના લીક થયેલા અહેવાલને ટાંકીને જણાવાયું છે કે યુક્રેન સાથેના યુદ્ધમાં ૪.૫૦ લાખથી પણ વધુ રશિયનો અને તે પણ મુખ્યત્વે સૈનિકોના મોત થયા છે. આ આંકડા ચાલુ વર્ષે ઓગસ્ટ સુધીના છે. જોકે આ આંકડા સત્તાવાર છે કે કેમ તે અંગે આશંકા છે.

હવે સ્પામ કોલ કરનારાઓની ખેર નથી

સ્પામ કોલ અને મેસેજ સામે ટ્રાઈનો સપાટો, ૧.૨૪ લાખ નંબરો બ્લોક

નવી દિલ્હી, તા.૧૪

ટ્રાઈએ સ્પેમ કોલ અને મેસેજ મોકલનારાઓ સામે કડક કાર્યવાહી કરતા જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમ્યાન ૧.૨૪ લાખથી વધુ મોબાઈલ નંબરો અને ટેલીકોમ સેવાઓ પર પ્રતિબંધ મુક્યો છે. ઉપરાંત, નિયમોનો ભંગ કરનાર ૩૭૪ સંસ્થાઓને એક વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ મોબાઈલ ગ્રાહકોને અનિચ્છનીય કોલ અને મેસેજથી સુરક્ષા આપવાનો છે.

એઆઈ અને ડીએનડી દ્વારા મોબાઈલ ગ્રાહકોને રાહત આપવાનું ટ્રાઈનું ટેકનોલોજી આધારિત અભિયાન

ટ્રાઈના અહેવાલ મુજબ પ્રથમ વખત નિયમોનો ભંગ કરનારા ૧,૧૦,૩૨૫ કનેક્શનની કોલ અને મેસેજ સુવિધા પંદર દિવસ માટે બંધ કરવામાં આવી હતી. વારંવાર નિયમો તોડનારા ૧૩,૭૭૭ કનેક્શન એક વર્ષ માટે બંધ કરાયા છે. આ ઉપરાંત ૩,૭૨૫ એસએમએસ હેડર બ્લોક કરાયા છે. બ્લેકલિસ્ટ થયેલી સંસ્થાઓ આગામી એક વર્ષ સુધી નવી ટેલીકોમ સેવા મેળવી શકશે નહિ.

આ ત્રણ મહિનામાં ટ્રાઈને સ્પેમ કોલ અને મેસેજ બાબતે ૧૫.૨૯ લાખ ફરિયાદો મળી હતી, જેમાંથી ૭.૨૩ લાખ ફરિયાદો કાર્યવાહીપાત્ર હતી. કુલ ફરિયાદોમાંથી ૯૨.૯ ટકા ફરિયાદો ટ્રાઈના ડીએનડી એપ દ્વારા નોંધાઈ હતી. ટેલીકોમ કંપનીઓએ એઆઈની મદદથી ૧૯.૯ અબજ શંકાસ્પદ કોલ અને મેસેજ ઓળખ્યા હતા. કેવાયસી ચકાસણીમાં નિષ્ફળ ગયેલા ૯,૯૭૭ કનેક્શન પણ બંધ કરાયા હતા.

સ્પેમ કોલ ઓળખવા માટે ટ્રાઈએ અલગ નંબર સીરીઝ નક્કી કરી છે. પ્રમોશનલ કોલ માટે ૧૪૦, બેંકિંગ, વીમા અને સરકારી સેવાઓ માટે ૧૬૦૦ તેમજ ડિલિવરી અને આવશ્યક સેવાઓ માટે ૧૬૦૧ સીરીઝ રાખવામાં આવી છે. સપ્ટેમ્બર ૨૦૨૬ના અંત સુધીમાં ૨૨,૪૪૯ કરોડ ગ્રાહકોએ ડીએનડી રજિસ્ટ્રીમાં પોતાની પસંદ નોંધાવી હતી, જે કુલ મોબાઈલ ગ્રાહકોના ૧૬.૬૪ ટકા છે.

અમેરિકાનો ચીન પર એઆઈ ચિપ્સ ટેકનોલોજીની ચોરીનો આક્ષેપ

એનવિડિયા કૌભાંડ : અમેરિકા-ચીન વચ્ચે એઆઈના મોરચે હુંસાતુંસી ટોચે

હોંગકોંગ,તા.૧૪

એનવિડિયાના ચેરમેન જેન્સેન હુઆંગનું કૌભાંડ પ્રકાશમાં આવ્યા પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ને લઈને અમેરિકા અને ચીન વચ્ચે આ મોરચે હુંસાતુંસી ટોચ પર પહોંચી ગઈ છે. અમેરિકા આરોપ લગાવી રહ્યુ છે કે ચીની જાસૂસ સાથેનું સેક્સ કૌભાંડ બતાવે છે કે ચીન તેમની એડવાન્સ ટેકનોલોજી ચોરી રહ્યુ છે. જ્યારે ચીને પણ વળતો પ્રહાર કરતાં જણાવ્યું છે કે અમેરિકા ફક્ત આ કૌભાંડનો ઉપયોગ કરીને એઆઈના મોરચે તેનું આધિપત્ય સ્થાપવા માંગે છે. તેની સાથે ચીનને થતી એનવિડિયાની એડવાન્સ ચિપ્સની નિકાસ પર નિયંત્રણો લાદીને તેમના એઆઈ કાર્યક્રમો રોકવા માંગે છે.

યુએસ હુઆંગ પ્રકરણને હાથો બનાવી એડવાન્સ એઆઈ ચિપ્સની નિકાસ પર પ્રતિબંધ લાદવા માંગતુ હોવાનો ચીનનો આરોપ

ચીને ત્યાં સુધી જણાવ્યું હતું કે તેમને તો લાગે છે કે જેન્સેન હુઆંગ ચીન પરના એક્સપોર્ટ કંટ્રોલ દૂર કરવાના સમર્થનમાં હોવાના પગલે તેમને ફસાવવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમની કંપની એનવિડિયાના ચીનની અંદર કેટલીય કંપનીઓ સાથે પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. ચીનમાં એડવાન્સ એઆઈ ચિપ્સના માર્કેટમાં સપ્ટેમ્બરના અંત સુધીમાં એનવિડિયાનો ૬૪ ટકા હિસ્સો હતો.

આ દર્શાવે છે કે અમેરિકા સીધુ જેન્સેન હુઆંગ પર આ પ્રકારના આરોપ લગાવી શકે તેમ ન હોવાથી તેમના અફેરને ચીની જાસૂસ સાથેના અફેરનું નામ આપીને અમારા પર ચોરીનો આરોપ મૂકી દીધો. આ પ્રકારે તે ચીનને એડવાન્સ ચિપ્સથી વંચિત રાખીને એઆઈ ટેકનોલોજીના મોરચે તેની આગેવાની જાળવી રાખવા માંગે છે તો ચીનની કંપનીઓને પાછળ છોડી દેવા માંગે છે. આ રીતે જેન્સેન હુઆંગની વિદાય થઈ ગઈ અને હવે તેની કંપનીના ચીનમાં અનેક પ્રોજેક્ટ ખોરંભે પડી જશે. ચીનની કેટલીય એઆઈ કંપનીઓને તેના કારણે ફટકો પડશે. તેના પગલે એઆઈના મોરચે ચીનની કંપનીઓની આગેકૂચ ધીમી પડશે. હાલમાં એનવિડિયાના ચીનમાં ૧૫૦થી પણ વધુ એઆઈ પ્રોજેક્ટ છે. આ પ્રકરણના પગલે અમેરિકામાં ચીન વિરોધીઓએ ચીનમાં નિકાસ થતી દરેક એડવાન્સ ટેકનોલોજી અને ચિપ્સ પર પ્રતિબંધ લાદવાની માંગ વધુ પ્રબળ બનાવી છે. તેઓ તો તાજેતરના માઈક્રોસોફ્ટ આઉટેજ પાછળ પણ ચીનનો હાથ જુએ છે. ચીને ટેકનોલોજીના મોરચે અમેરિકાને બધા જ સેક્ટરોમાં પડકાર્યુ હોવા છતાં પણ હજી તે એનવિડિયા જેવી એડવાન્સ એઆઈ ચિપ્સ બનાવવામાં સફળ રહ્યુ નથી.

એઆઈ એજન્ટ હવે સ્માર્ટ શોપિંગ આસીસ્ટન્ટ બનશે

ઓપન એઆઈનું નવું ચેટજીપીટી વોલેટ હવે ઓનલાઈન ખરીદી કરશે

ન્યુ યોર્ક, તા.૧૪

ઓપન એઆઈ દ્વારા તેના ડોટ્સ એઆઈ એજન્ટો માટે ચેટજીપીટી વોલેટ લોન્ચ કરવામાં આવ્યું છે, જે વપરાશકારો વતી ઓનલાઈન ખરીદી કરી શકશે. મેટાના મ્યુઝ એજન્ટોની જેમ આ સ્વાયત્ત એજન્ટો બેકગ્રાઉન્ડમાં રહીને વપરાશકારોની પસંદગી મુજબની વસ્તુઓ શોધી ખરીદી માટે તૈયાર રાખે છે. હાલમાં આ સુવિધા અમેરિકાના ૧૮ વર્ષથી ઓછી વયના ચેટજીપીટી પ્રો સબસ્કાઈબર્સ માટે ઉપલબ્ધ છે.સુરક્ષાને ધ્યાનમાં રાખીને એજન્ટ પોતાની જાતે કોઈપણ ખરીદી નહિ કરે. વપરાશકારે એકવાર પોતાનું ક્રેડિટ કાર્ડ સાંકળવું પડશે, પણ પ્રત્યેક ખરીદી પહેલા વસ્તુઓની કુલ રકમ અને કાર્ડની વિગતો તપાસવી ફરજિયાત છે. ત્યાર પછી ફેસ આઈડી અથવા ફિંગર પ્રિન્ટ સ્કેન દ્વારા સુરક્ષા મંજૂરી આપ્યા પછી જ ચુકવણી પૂરી થશે, જેનો સ્પષ્ટ રેકોર્ડ પણ રહેશે. આ વોલેટની સૌથી મોટી વિશેષતા એ છે કે તે એઆઈ એજન્ટ કે વિક્રેતા સાથે વપરાશકારના કાર્ડની અસલી વિગતો શેર કરતું નથી. એપલ પે અને ગૂગલ વોલેટની જેમ તેમાં ટોકનાઈઝેશન પદ્ધતિનો ઉપયોગ થાય છે. આ માટે ઓપનએઆઈએ અમેરિકન એક્સપ્રેસ, માસ્ટરકાર્ડ અને વિઝા સાથે ભાગીદારી કરી છે, જેથી વર્તમાન વેબસાઈટ્સ અને ચેકઆઉટ સીસ્ટમ પર સરળતાથી કામ થઈ શકે.

ભવિષ્યમાં ઓપનએઆઈ વપરાશકારને ખર્ચની મર્યાદા અને કેટગરી નક્કી કરીને સંપૂર્ણ ખરીદી એજન્ટને સોંપવાની સુવિધા આપવા માગે છે. જો કે હાલમાં ઘણી વેબસાઈટ્સ એઆઈ એજન્ટોને બ્લોક કરે છે અને બેંકિંગ સીસ્ટમ આવા વ્યવહારોને શંકાસ્પદ માની શકે છે. તેથી જ આ ટેકનોલોજીની સફળતા ઓનલાઈન સ્ટોર્સ અને બેંકોના સહકાર પર નિર્ભર રહેશે.

સુરક્ષિત ટોકનાઈઝ્ડ ચુકવણી અને બાયોમેટ્રિક મંજૂરી સાથે ખરીદીનો નવો યુગ, ઓનલાઈન સ્ટોર્સનો સહકાર જરૂરી

કેરળનો ચોંકાવનારો મામલો

૧૩ વર્ષીય સગીરાએ આઈફોન બાઈક માટે નાનાની હત્યા કરાવી

નવી દિલ્હી, તા. ૧૪

કેરળના કોટ્ટાયમમાં ૧૩ વર્ષીય સગીરાએ અન્ય ત્રણ સગીરો સાથે મળીને પોતાના ૬૭ વર્ષીય નાનાની હત્યા માટે કાવતરું ઘડ્યું હતું. સગીરાને પોતાના માટે આઈફોન જ્યારે મિત્ર માટે બાઈક ખરીદવા માટે રૂપિયાની જરૂર હતી જેને કારણે તેણે આ પગલું ભર્યું હતું.

ત્રણ સગીરોની મદદથી હત્યા કરાવી, આરોપીઓ ઘરમાંથી સોનું લઈ ભાગ્યા હતા

બે મહિના પહેલા ઈન્સ્ટાગ્રામ પર આ હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું, પોલીસના જણાવ્યા મુજબ ૧૫મી ઓગસ્ટની રાત્રે કરુવટ્ટામાં ત્રણ સગીર વયના યુવકો બાથરૂમની છતની ટાઈલ હટાવીને વેન્ટિલેશનવાળી જગ્યાએથી પ્રવેશ કર્યો હતો. બાદમાં આ યુવકોએ સગીરાના નાનાના મોઢામાં કપડુ નાખી દીધુ હતું.

બાદમાં ચેહરા પર બેડશીટ દબાવીને તેમને ગુંગળાવીને મારી નાખવા પ્રયાસ કર્યો હતો. બાદમાં મારપીટ કરવામાં આવી હતી. જેને કારણે અંતે સગીરાના આ નાનાનું મોત નિપજ્યું હતું. બાદમાં ઘરમાંથી ૩૬ ગ્રામ સોનાની ચોરી કરીને ભાગી ગયા હતા.

પોલીસે આ મામલે ચાર્જશીટ દાખલ કરી છે જેમાં દાવો કરાયો છે કે યુવતીએ વોટ્સએપ દ્વારા વીડિયો કોલ કરીને સગીરાને હત્યાનું સ્થળ દેખાડ્યું હતું. હત્યાને અંજામ આપ્યા બાદ પણ ચારેય આરોપીઓ એકબીજાના સંપર્કમાં રહેતા હતા. પોલીસે આરોપીઓના મોબાઈલમાંથી તમામ ડેટા કાઢી લીધા હતા. હવે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ વધુ નિર્ણયો લેશે. સગીરા સામે કાર્યવાહી બોર્ડમાં જ ચાલશે જ્યારે અન્ય ત્રણ આરોપી સગીરોને પુખ્ત માનવા અને બાદમાં કાર્યવાહી કરવી કે કેમ તે અંગે બોર્ડ દ્વારા નિર્ણય લેવામાં આવશે.

સત્તાના કેન્દ્રીકરણ અને આર્થિક મોડેલની નિષ્ફળતા પર પ્રહાર

૨૦૨૪ની ચૂંટણીમાં ૧૪ કરોડ મતદારો ગેરકાયદે, ૨૦૧૪માં કરોડો ખર્ચ્યા : રાહુલ

નવી દિલ્હી, તા.૧૪

હૈદરાબાદમાં યોજાયેલી 'ભારત સમિટ'માં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની વિશ્વસનીયતા અને દેશની લોકશાહી વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે ચૂંટણી પંચ પર આરોપ મૂક્યો કે ૧૪ કરોડ મતદારોને અસ્તિત્વવિહોણા અથવા બિનમતદારો ગણવામાં આવ્યા છે. જો આટલા મતદારોના મત ગેરકાયદેસર ગણાય તો ચૂંટણીની કાયદેસરતા કેવી રીતે જળવાય, એવો સવાલ તેમણે કર્યો હતો.

રાહુલે મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામોને ટાંકી ચૂંટણી અને લોકશાહી વ્યવસ્થા સામે ગંભીર સવાલ ઉઠાવ્યા

રાહુલ ગાંધીએ ૨૦૧૪ની ચૂંટણીથી રાજકીય વ્યવસ્થામાં આવેલા પરિવર્તનનો ઉલ્લેખ કરતા ભાજપની સંપત્તિ એક દાયકામાં ૧૧ ગણી વધ્યાનો દાવો કર્યો. તેમના મતે રાજકીય અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું છે. તેમણે કહ્યું કે ફાસીવાદી માનસિકતા ધરાવતા લોકો ઊંચા અવાજે બોલે છે, જ્યારે બહુમતી શાંતિથી સાંભળે છે અને સંવેદનશીલ રહે છે.

મહારાષ્ટ્રની ચૂંટણીનું ઉદાહરણ આપતા તેમણે દાવો કર્યો કે લોકસભા ચૂંટણીમાં જીત્યા પછી માત્ર ત્રણ મહિનામાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં વિપક્ષને મોટું નુકસાન થયું હતું. બંને



ચૂંટણીઓમાં લગભગ સમાન મત મળ્યા હોવા છતાં સિત્તેર લાખ નવા મતદારો ઉમેરાયા અને બધાએ ભાજપને મત આપ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો. અન્ય રાજ્યોમાં પણ આવી ઘટનાઓ બની હોવાનો તેમણે દાવો કર્યો.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે ચૂંટણી પ્રક્રિયાના અભ્યાસ પછી તેમને લાગે છે કે ભારતમાં લોકશાહીની સંરચના નબળી પડી છે. તેમના મતે આ પરિવર્તન માત્ર રાજકીય વ્યવસ્થા પૂરતુ મર્યાદિત નથી, પણ તેની અસર આર્થિક માળખા પર પણ પડી છે. તેમણે ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં અગાઉ સફળ રહેલા આર્થિક મોડેલને નિષ્ફળ ગણાવી વર્તમાન વ્યવસ્થા વિશે ગંભીર ચિંતા વ્યક્ત કરી.

લોકભવનમાં રાતવાસો કરી મોદીએ મંત્રીઓ સાથે બેઠક કરી

વહીવટી તંત્ર પર સરકારની પકડ ઢીલી પડતાં મોદી દિલ્હીથી દોડી આવ્યા

અમદાવાદ,શનિવાર

ગુજરાતના રાજકારણમાં અત્યારે 'સબ સલામત'ના દાવાઓ વચ્ચે અંદરખાને ગરમાવો જોવા મળી રહ્યો છે. આઈએએસ-આઈપીએસ અધિકારીઓ કોઈને ગાંઠતા નથી. પ્રજાલક્ષી કામો ખોરંભે ચડ્યા છે. ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. સત્તાવિરોધી માહોલ ઉભો થયો છે ત્યારે રાજ્યના વહીવટી તંત્ર પર સરકારની પકડ ઢીલી પડતાં ખુદ વડાપ્રધાન મોદી પાટનગર ગાંધીનગર દોડી આવ્યાં હતો. મોદીએ તાબડતોબ પાટનગરમાં રાત્રિરોકાણ કરી મંત્રીઓ અને ભાજપના ટોચના આગેવાનોને સૂચના આપવી પડી હતી.

ભાજપના બે જૂથો વચ્ચે વિખવાદ પણ વિપક્ષનો એકડો નીકળી જતાં ૧૬૦ બેઠકો જળવાઈ રહેશે તેવો મોદી-શાહને વિશ્વાસ

પાટનગરની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાને મંત્રીઓથી માંડીને સંગઠનના ટોચના નેતાઓ સાથે બેઠકોનો દોર ચલાવ્યો હતો. રાજકીય વિશ્લેષકોના મતે, રાજ્યમાં વધી રહેલા અસંતોષને ડામવા વર્તુળોમાં એવી ચર્ચા છે કે , આ નેતાઓને માત્ર નામ પુરતી જ મુલાકાત અપાઈ હતી તેમની વાત સાંભળવામાં આવી ન હતી. બલ્કે તેમને ઉતારી પાડવામાં આવ્યા હતાં. નેતાઓએ પણ 'સાહેબે બોલાવ્યા' તેવા માટે અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી સાથેની વ્યૂહાત્મક ગોઠવણ પાડવામાં આવી છે. સાથે સાથે ૫૦-૫૦ લાખ આપીને મુસ્લિમ ઉમેદવારોને ચૂંટણી મેદાને ઉભા રાખવાનું પણ અમિત શાહનું આયોજન છે તેવી ચર્ચાઓ પણ રાજકીય ગલિયારામાં જોરશોરથી ચાલી રહી છે.

હાલ રાજ્ય ભાજપમાં બે મોટા જૂથો વચ્ચે આંતરિક ખેંચતાણ ચરમસીમાએ

મોડી રાત્રે પૂર્વ મંત્રી સૌરભ દલાલની લોકભવનમાં એન્ટ્રી, બળદેવજી ઠાકોર પણ પહોંચ્યાં

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત દરમિયાન ગાંધીનગરના રાજકારણમાં મોડી રાત સુધી ભારે ગરમાવો જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી નિવાસસ્થાને મોદીની અધ્યક્ષતામાં ગુજરાત મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી, બેઠક પૂર્ણ થયા બાદ વડાપ્રધાને તમામ મંત્રીઓ સાથે ભોજન લીધું હતું. જોકે, આ રાજકીય ગતિવિધિઓ વચ્ચે પૂર્વ મંત્રી સૌરભ દલાલ અચાનક મંત્રી નિવાસસ્થાને પહોંચતા રાજકીય વર્તુળોમાં તર્ક-વિતર્ક શરૂ થયા છે. બીજી તરફ, કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોર પણ લોકભવન ખાતે જોવા મળ્યા હતા. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ વનમંત્રી અર્જુન મોઢવાડિયાને મળવા માટે આવ્યા હતા.

સંસ્કારધામ ટ્રસ્ટ સાથે વિકાસલક્ષી મંથન

રાજકીય વ્યસ્તતાઓ વચ્ચે આજે સવારે રાજભવન ખાતે વડાપ્રધાને શૈક્ષણિક સંસ્થા 'સંસ્કારધામ'ના ટ્રસ્ટીઓ સાથે વિશેષ બેઠક યોજી હતી. આ સંસ્થાના પાયાથી લઈને વિકાસ સુધી જોડાયેલા રહેલા વડાપ્રધાને તેના આગામી શૈક્ષણિક અને વિકાસલક્ષી આયોજનો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

હાલ એક જ સવાલ : અસલી મુખ્યમંત્રી કોણ? દિલ્હીથી સૂચના આપતાં અમિત શાહ, ભૂપેન્દ્ર પટેલ કે પછી હર્ષ સંઘવી

અને જનાધાર ફરી મજબૂત કરવા માટે તેમણે પદાધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી. બીજી તરફ, હાંસિયામાં ધકેલાઈ ગયેલા પૂર્વ મંત્રીઓ અને નારાજ ધારાસભ્યોને એરપોર્ટ પર બોલાવીને મુલાકાત આપવામાં આવી હતી. રાજકીય સંતોષ સાથે મન મનાવી લીધું હતું.

રાજ્યમાં ભલે અંદરખાને રાજકીય પરિસ્થિતિ ડામાડોળ જણાતી હોય, પરંતુ વિપક્ષ કોંગ્રેસની નબળી સ્થિતિ ભાજપ માટે સૌથી મોટું જમા પાસું માનવામાં આવે છે. ભાજપના પરંપરાગત પટેલોના મતોહવે આપમાં

જશે તેવા ગણિત સાથે અમિત શાહને વિશ્વાસ છે કે આગામી ચૂંટણીમાં પણ ૧૬૦ બેઠકોનો આંકડો જળવાઈ રહેશે. આ ઉપરાંત, લઘુમતી મતોના વિભાજન હોવાનું કહેવાય છે. આ આંતરિક માથાકૂટને કારણે જ રાજ્યમાં રાજકીય માહોલ જામતો નથી, પરિણામે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને વારંવાર ગુજરાતની મુલાકાતે આવવું પડે છે.

આ તમામ ઘટનાક્રમ વચ્ચે ગાંધીનગરના સત્તાના ગલિયારાઓમાં અને સામાન્ય જનતામાં અત્યારે એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે, સત્તાવાર રીતે ભલે ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રીની ખુરશી

(અનુસંધાન છટ્ઠે પાને)

ધારાસભ્યોને મતવિસ્તારમાં હાજર રહેવા આદેશ

૧૮૨ બેઠકો પર 'સ્નેહમિલન' યોજી ભાજપ શક્તિ પ્રદર્શન કરશે

અમદાવાદ,શનિવાર

આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે અત્યારથી જ ચૂંટણી મોડમાં આવ્યુ છે અને સંગઠનને ધમધમતું કરવાની કવાયત તેજ કરી દીધી છે. નવા વર્ષની શરૂઆત સાથે જ પહેલીવાર ૨૨ નવેમ્બરે રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર એક જ દિવસે અને એકસાથે દિવાળી સ્નેહમિલન સમારોહ યોજાનાર છે. રાજકીય વર્તુળોમાં આ દિવાળી સ્નેહમિલનને પણ ભાજપના મેગા સંગઠનાત્મક શક્તિપ્રદર્શન તરીકે જોવામાં આવી રહ્યું છે.

નવા વર્ષની શુભેચ્છાની સાથે સ્નેહમિલન મંચ પરથી ચૂંટણી અભિયાનને વેગ આપવાની ગણતરી

અત્યાર સુધી ભાજપના સ્નેહમિલન કાર્યક્રમ અલગ-અલગ જિલ્લાઓ જુદી-જુદી તારીખોએ યોજાતા હતા, પરંતુ પ્રથમ વખત આ સમગ્ર આયોજનને એક જ દિવસે રાજ્યવ્યાપી સ્વરૂપ આપવામાં આવ્યું છે. દિવાળીના તહેવારો પૂર્ણ થતાંની સાથે જ ગુજરાત ભાજપ સંગઠન એક્શન મોડમાં આવી ગયું છે.

નવા વર્ષના અવસરે ભાજપે સંગઠનાત્મક સ્નેહમિલન અભિયાન હાથ ધરવાનો નિર્ણય કરાયો છે.આ વિશેષ

(અનુસંધાન છટ્ઠે પાને)

માંગ સ્થિર, ઉત્પાદન પર્યાપ્ત છતાં સિંગતેલ મોંઘું

ખુલતી બજારે સિંગતેલનો ડબ્બો ૩૧૧૦ની નવી વિક્રમી ઉંચાઈએ

રાજકોટ,શનિવાર

નૂતન વિક્રમ સંવંત ૨૦૨૮ના આરંભ સાથે જ મોંઘવારીના કડવા ડામ આપવાનું શરુ કરાયું છે. ગઈકાલે દૂધના ભાવમાં વધારા બાદ તા.૮થી ૧૩ સુધી ૬ દિવસ દિવાળી વેકેશનમાં તેલબજાર બંધ રહ્યા બાદ આજે ખુલતી બજારે જ સિંગતેલનો ડબ્બો રૂ.૩૧૦૦ની ઐતહાસિક ઉંચાઈને પાર કરીને રૂ.૩૧૧૦એ પહોંચાડી દેવાયો છે.

મુહૂર્તના સોદામાં કપાસિયા તેલમાં રૂ.૭૦નો, પામતેલમાં ૩૦નો ઘટાડો ત્યારે સિંગતેલમાં રૂ.૨૦નો વધારો

આશ્ચર્યજનક રીતે (૧) મગફળીનું પર્યાપ્ત ઉત્પાદન (૨) માંગ સ્થિર (૩) સાઈડ તેલોના ભાવમાં ઘટાડો (૪) હાલ યાર્ડમાં નવી મગફળીની ધોધમાર આવક એમ ભાવ ઘટે તેવા સંજોગો છતાં ભાવ વધી રહ્યા છે.

મગફળીનું ઉત્પાદન ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચાલુ વર્ષે યથાવત્ જળવાયું છે અને ગત વર્ષે તો વિક્રમજનક ઉત્પાદન થયું હતું છતાં ભાવમાં નિરંકુશ વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન પાંચ વર્ષમાં ૪૫ લાખ ટનથી વધીને ગત વર્ષે ૬૨ લાખ ટનના રેકોર્ડબ્રેક ઉત્પાદન બાદ ચાલુ વર્ષે પણ ૫૦ લાખ ટનથી વધુ ઉત્પાદનનો અંદાજ છે તો ગુજરાત સહિત સમગ્ર દેશમાં ગત પાંચ વર્ષમાં મગફળીના પાકમાં ૩૦ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે છતાં સરકારની

(અનુસંધાન છટ્ઠે પાને)

પાટીદાર સમાજના ઝેન ઝી યુવકો આગેવાની લેવાના મૂડમાં

ભાજપમાં લેઉવા પટેલોને 'કટ ટુ સાઈઝ' કરવા અમિત શાહની યોજના સામે આક્રોશ

જૂનાગઢ, શનિવાર

સૌરાષ્ટ્ર અને સુરત ખાતે વસતા લેઉવા પટેલ સમાજને સત્તા અને રાજકારણમાં વ્યવસ્થિત રીતે 'કટ ટુ સાઈઝ' કરવાની પેરવી ભાજપમાં લાંબા સમયથી ચાલી રહી હોવાનો ગંભીર મુદ્દો હાલ પાટીદાર યુવાનો અને રાજકીય બેઠકો પર ચર્ચાનાં એરણે ચડ્યો છે. અગાઉ જે બેઠકો પર લેઉવા પાટીદારો સાંસદ કે ધારાસભ્ય તરીકે મજબૂત પકડ ધરાવતા હતા, ત્યાં સમાજના આગેવાનોને ક્રમશઃ સાઈડલાઈન કરવામાં આવ્યા હોવાના આંકડાકીય પુરાવાઓ સાથે સમાજમાં આક્રોશ પ્રવર્તે છે. સુરતની સંસ્થાઓ, આગેવાનો, યુવાનો પોતપોતાના વિસ્તારમાં ધીમે-ધીમે સક્રિય થઈ નવા-જૂની કરવાના મૂડમાં હોવાનું અંદરખાને ચર્ચાય છે.

સુરતની સંસ્થાઓ- આગેવાનો બેઠકવાર આંકડાકીય ગણિત સાથે સક્રિય થયા, અનેક બેઠકો છીનવી લેવાઈ હોવાનો વસવસો

આગામી વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્રની લોકસભા અને વિધાનસભા બેઠકો પર શાહ કે હાઈકમાન્ડ સ્તરે લેઉવા પટેલોના કદને નાનું કરવા માટેનું સુવ્યવસ્થિત આયોજન ચાલી રહ્યું છે ? સંસ્થાઓના ધોવાણ સામે ચૂપ છે. હવે સુરત અને સૌરાષ્ટ્રના યુવાનો (ઝેનઝી પેઢી) આ મુદ્દે આક્રમક મૂડમાં છે અને ટૂંક સમયમાં જ

લોકસભા- વિધાનસભામાં સૌરાષ્ટ્રમાંથી લેઉવા પટેલોનાં પ્રતિનિધિત્વનું ભૂતકાળ અને વર્તમાનનું આછેરૂં ચિત્ર

* જૂનાગઢ લોકસભા બેઠક પર ભૂતકાળમાં નાનજીભાઈ વેકરિયા, ગોવિંદભાઈ શેખડા, ભાવનાબેન ચિખલીયા જેવા લેઉવા પાટીદાર દિગ્ગજો પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. * જૂનાગઢ વિધાનસભા બાઠક પર ગોરધનભાઈ વસોયા ધારાસભ્ય રહ્યા. જૂનાગઢ શહેરમાં લેઉવા પાટીદારોની વસ્તી ખૂબ મોટી હોવા છતાં અન્યાય થઈ રહ્યો છે. * અગાઉ મેંદરડા-માળિયા સીટમાં એલ.ટી. રાજાણી ધારાસભ્ય હતા તે સીટ પણ લેઉવા પાટીદારોની રહી નથી. સૌરાષ્ટ્રની અન્ય કેટલીક બેઠકો પર પણ લેઉવા પાટીદાર નેતૃત્વને ક્રમશઃ હાંસિયામાં ધકેલવામાં આવ્યું છે. * રાજકોટ લોકસભા બેઠક પર ભૂતકાળમાં રમાબેન માવાણી, રામજીભાઈ માવાણી, બાદમાં ભાજપમાંથી શિવલાલ વેકરીયા, વલ્લભભાઈ કથીરિયા સાંસદ રહી ચુક્યા છે. હાલમાં આ બેઠક પર કડવા પાટીદાર નેતા સાંસદ છે. * વિધાનસભામાં રાજકોટની એક બેઠક પર પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીનું પત્તુ કાપી અન્યને ટિકિટ આપવામાં આવી હતી. * જામનગર લોકસભા બેઠક પરથી ચંદ્રેશ પટેલ જેવા આગેવાનોનું પ્રતિનિધિત્વ હતું જે આજે નહિવત બન્યું છે. * વિધાનસભાની ગોંડલ બેઠક સમગ્ર ગુજરાતમાં વિસાવદર પછી લેઉવા પટેલોની સૌથી મોટી વસ્તી ધરાવતી (બીજા નંબરની) બેઠક છે. અહીં અગાઉ ચંદુભાઈ વઘાસિયા જેવા ધારાસભ્યો સમાજનું પ્રતિનિધિત્વ કરતા હતા પરંતુ વર્તમાન રાજકીય ગોઠવણોમાં આ બેઠકો પર પણ સમાજની પકડ નબળી પાડવાના પ્રયાસો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

લેઉવા પટેલ સમાજના પ્રતિનિધિત્વની ઘટેલી સંખ્યા અનેક સવાલો ખડા કરે છે. લેઉવા પટેલ સમાજના અનેક ચહેરાઓને હાંસિયામાં ધકેલવામાં આવ્યા છે.

સુરત અને સૌરાષ્ટ્રના યુવાનો સવાલ કરી રહ્યા છે કે શું ભાજપની નીતિ પાટીદાર સમાજ વિરોધી છે ? શું ભાજપમાં અમિત આગેવાનોનું મૌન કેમ ? હીરા ઉદ્યોગ સાથે જોડાયેલી મોટી મોટી સંસ્થાઓના આગેવાનો પોતાના અંગત સ્વાર્થ કે મજબૂરી વશ સમાજના આ રાજકીય આરપારની લડાઈ લડવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. ગુજરાતભરમાં શાસક પક્ષની આ પ્રકારની રાજકીય નીતિઓ

(અનુસંધાન છટ્ઠે પાને)

શોરૂમ - ન્યુ બિલ્ડીંગમાં
પેલેડિયમ મોલ પાસે, SG હાઈવે ટચ

વેચાણ આપવાનો છે	ભાડે-વેચાણ આપવાનો છે
ગ્રાઉન્ડ ફ્લોર	૪થો ફ્લોર
1800 Ft.	12000 Ft.
14 Ft. Height	12 Ft. Height
17 Ft. Frontage	8 કાર પાર્કીંગ
આકર્ષક રીટર્નની ગેરંટી	ડોકટર, ફર્નિચર, બેંક, બેંક ઓફિસ માટે ઉત્તમ

K2 : 99240 10800

વેચવાની છે
YMCA ક્લબ ની મેમ્બરશીપ
98250 15404

વેચવાનો છે.
શેડ NA જગ્યા
11600 સ્કે.મીટર આશરે જગ્યા પર ઇન્ડસ્ટ્રીયલ શેડ, PEB શેડ, 32000 ફૂટ,100 KV GEB, પાવર,પાણી બોર રનીંગ કન્ડિશનમાં, નાયકા ગામ રોડ, ખેડા-ધોળકા હાઈવે પાસે,
Mobile: 95370 25555

જોઇએ છે સ્વતંત્ર પ્લોટ
સ્કીમ લાયક, ટાઇટલ ક્લીયર
1500 થી 15000 વાર, R1-R2 ઝોન
એસ.જી.હાઇવે, સિંધુભવન રોડ, બોડકદેવ, થલતેજ, શીલજ, આંબલી રોડ, મકરબા, શેલા.
અનંત શાહ - 9825612039

બેસણું



અમારા પૂજ્ય મોટાભાઈશ્રી શાહ જયંતીલાલ છગનલાલજી (કિવરલી વાળા) તા.૧૪-૧૧-૨૦૨૬ ના રોજ અરિહંત શરણ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૫-૧૧-૨૦૨૬,રવિવારે સવારે ૯ થી ૧૧ રાખેલ છે.

સ્થળ- આબુ વિહાર હોલ, રામનગર,સાબરમતી,અમદાવાદ

લિ. શાહ ચંપકલાલ છગનલાલજી
સ્વ.શાહ પરેશ નવલમલજી
શાહ દિનેશ જયંતીલાલ (CA) (પુત્ર)　શાહ નિયુષ દિનેશકુમાર (CA)
શાહ જીગ્નેશ જયંતીલાલ (પુત્ર)　શાહ રિધમ જીગ્નેશકુમાર
શાહ હિતેશ નવલમલજી　શાહ કેવલ દિનેશકુમાર

Firm : Dinesh J Shah Associate (Charterd Accountants)• Sanghvi Synthetic, Ahmedabad

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.- શાહ નથમલજી છગનલાલજી (કાસીન્દ્રા નિવાસી)

પ્રાર્થના સભા - બેસણું



અમારા પ્રેમાળ
શ્રી ધીરજકુમાર રમેશચંદ્ર મહેતા (રોહીડાવાળા)
તા. ૧૧-૧૧-૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે.
સદ્ગતનું બેસણું (પ્રાર્થના સભા) તા. ૧૫-૧૧-૨૦૨૬, રવિવાર ના રોજ સવારે ૯:૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેનાં સ્થળે રાખેલ છે.

સ્થળ : ધ સનશાઇન બેન્કવેટ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઇટ, અમદાવાદ.

લીલાબેન રમેશચંદ્ર મહેતા
હેતલબેન ધીરજકુમાર મહેતા
ફેનિલ ધીરજ મહેતા　નેવિલ ધીરજ મહેતા
આયુષી ફેનિલ મહેતા　ખુશાલી નેવિલ મહેતા
રમેશચંદ્ર શેષમલજી મહેતા પરિવાર (રોહીડાવાળા)

ફર્મઃ મહેતા ઈન્ટરકેમ LLP,
નેવિલ કેમ, JNN સ્પેસિસ

સાસરિયા પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
શાહ પુખરાજજી ભભુતમલજી પરિવાર (ભટાણા વાળા)

બેસણું



અમારા સુપુત્ર કલ્પેશભાઈ નટવરલાલ પારેખ
તા.૧૦-૧૧-૨૬ ને રોજ શ્રીજી ચરણ થયેલ છે.
સદ્ગતનું બેસણું તા.૧૫-૧૧-૨૬ને રવિવારના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સદવિચાર પરિવાર હોલ , સમર્પણ વિદ્યાપીઠ કેમ્પસ, રામદેવનગર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

નટવરલાલ જમનાદાસ પારેખ
રોહિત જમનાદાસ પારેખ　હિતેશ નટવરલાલ પારેખ
શ્રી ગોવર્ધન ફૂડ એન્ડ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ (યમુના બ્રાન્ડ) કડી

બેસણું



સખેદ જણાવવાનું કે અમારા માતૃશ્રી
ગં.સ્વ.ભગવતીબેન ચીમનભાઈ મિસ્ત્રી (સરઢવ)
તા.૯/૧૧/૨૦૨૬ ને સોમવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.
સ્વર્ગસ્થ નું બેસણું તથા સુંવાળા તારીખ ૧૬/૧૧/૨૦૨૬ ને સોમવાર ના રોજ નીચેના સ્થળે સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી રાખેલ છે.

સ્થળઃ રૂક્ષ્મણીબેન ભાવસાર હોલ, સ્મૃતિ મંદિર પાસે, રામનગર, સાબરમતી, અમદાવાદ - ૩૮૦૦૦૫

લી. મનોજ ચીમનભાઈ મિસ્ત્રી　નીરજ ચીમનભાઈ મિસ્ત્રી
સમસ્ત ઘેલદાસ હીરદાસ પરિવાર

પિયરપક્ષ નું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. જગજીવનદાસ ગીરધરલાલ મિસ્ત્રી　સ્વ. ભાઇલાલભાઇ ગીરધરલાલ મિસ્ત્રી (કડી)

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
કનકસિંહ વીશનજી બજરીયા
(મુંદ્રા-કચ્છ) તા.૧૨/૧૧/૨૦૨૬ના રોજ શ્રીજીના ચરણ પામેલ છે.
સદ્ગતનું બેસણું તા.૧૫/૧૧/૨૦૨૬ને રવિવાર ના સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ, નવચેતન સ્કુલ સામે, પાલડી.

સંદિપ કનકસિંહ બજરીયા　લિ.　દીપેશ કનકસિંહ બજરીયા
નીમીતાબેન અનિલભાઈ કજરીયા
ફર્મ : સંદિપ ઓટો એસેસરીઝ | શ્રીજી ઓટો એસેસરીઝ

બત્રીસી જૈન સમાજ બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
પ્રિયદર્શનાબેન નવિનચંદ્ર શાહ
તા. ૧૪-૧૧-૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામ્યા છે.
સદ્ગતની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫-૧૧-૨૦૨૬ ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : હીરાલાલ હરગોવનદાસ બત્રીસી હોલ, ગાંધી આશ્રમ પાસે, RTO સર્કલ,અમદાવાદ-૩૮૦૦૨૭

સ્વ. નવિનચંદ્ર અમરતલાલ શાહ (સાંતેજવાળા) પરિવાર
વિજય નવિનચંદ્ર શાહ　જ્યોતિ વિજય શાહ
હેમંત નવિનચંદ્ર શાહ (ટીકુભાઇ)　પરાગી હેમંત શાહ

પિયર પક્ષ : સ્વ. શાંતિલાલ નાથાલાલ શાહ (કોબાવાળા) પરિવાર

સફેદ વસ્ત્ર પહેરવા નહીં

बेसना



हमारे पूजनीय पिताजी
श्री राधेश्याम रामअवतार शर्मा
का स्वर्गवास दिनांक 11-11-2026, बुधवार को हुआ है।
जिनका बैसना दिनांक 15-11-2026, रविवार को प्रातः 9:30 बजे से 11:00 बजे तक रखा गया है।

स्थानः श्री रानी शक्ति सेवा समिति, शाहिबाग अंडरब्रिज के पास, अहमदाबाद

जगदीश शर्मा (पुत्र)　डॉली वैभव कुमार (पुत्री एवं दामाद)
ओम फैब्रिक्स
अनुज शर्मा (पुत्र)　नेहा आर. शर्मा (एडवोकेट) (पुत्री)
कुमार रामअवतार शर्मा (भाई) | महेश रामअवतार शर्मा (भाई)
भतीज　अमित शर्मा | चिराग शर्मा | अंकित शर्मा | चिंतन शर्मा | हार्दिक शर्मा | हनी शर्मा | कुशल शर्मा

एवं समस्त शर्मा परिवार

વિસનગરા નાગર બેસણું (નારદીપુર)



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે
શશાંકભાઈ હર્ષદરાય પંડિત
તા.૦૮-૧૧-૨૦૨૬ નારોજ હાટકેશ શરણ પામ્યા છે
સદ્ગતનું બેસણું તા.૧૫.૧૧.૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે

સ્થળઃ જોધપુર કોમ્યુનીટી હોલ, પ્રેરણાર્તીથ દેરાસર પાસે, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ-૧૫

સ્વ. સૂર્યાબેન હર્ષદરાય પંડિત　લિ.　ધ્રુવલબેન શશાંકભાઈ પંડિત
જલજ શશાંકભાઈ પંડિત　દેવાંગભાઈ હર્ષદરાય પંડિત
શબ્દવી જલજ પંડિત　પારૂલ પિયુષ શાહ
ડૉ. પિયુષ ડી. શાહ (ઓર્થોપેડિક)

પિયર પક્ષ (વાલમ): જયદ્રથભાઈ નટવરલાલ જાની, શૈલેષભાઈ નટવરલાલ જાની

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી / કાકાશ્રી
ખગેશકુમાર સોમાલાલ પરીખ
તા. ૧૧-૧૧-૨૦૨૬, બુધવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.
સદ્ગતનું બેસણું તા. ૧૫-૧૧-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ મધુરિકા હોલ, ૬, એસ.વી.દેસાઈ માર્ગ, બેંક ઓફ બરોડા સામે, એચ.એલ. કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ.

સ્વ. હેમાંગિનીબેન પરીખ　સ્વ. પંકજકુમાર પરીખ
માનસી પરીખ　બિંદુબેન પરીખ
પૂર્વી પરીખ　કેયુર પરીખ
મૃદુલાબેન પરીખ　સંજયકુમાર પરીખ
પરીખ પરિવાર અને સમગ્ર મિત્ર મંડળ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
બકુલાબેન પરીખ　વ્રજેશભાઈ સરૈયા
કીર્તિદાબેન પરીખ　ઉષ્માબેન દેસાઈ

બેસણું



સ્વ. મહેશભાઈ બાબુભાઈ ઓઝા
નું તા. ૦૭-૧૧-૨૦૨૬ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૫-૧૧-૨૦૨૬ રવિવાર સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ શ્રીમાળી બ્રાહ્મણ સુવર્ણ જયંતી હોલ, અતુલ પેટ્રોલ પંપની સામે, ઉન્નિત સ્કુલની બાજુમાં, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ

ઓઝા પરિવાર - 9328177755
ફર્મ : પી.ડી.એન્ટરપ્રાઈઝ

બેસણું



અમારા માતૃશ્રી ગં. સ્વ. હંસાબેન મધુસુદન શાહ
(રીટાયર્ડ સેલટેક્ષ ઓફિસર) નું દુઃખદ અવસાન તા. ૧૩/૧૧/૨૦૨૬, શુક્રવાર ના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૫/૧૧/૨૦૨૬, રવિવાર સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ડૉ. મુકુલભાઈ શાહ કોમ્યુનિટી હોલ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ. મો. : ૯૯૦૯૦૦૯૦૯૨, ૯૮૨૫૮૫૦૨૪૯

શોકાતુર પરિવાર : સ્વ. મધુસુદન કે. શાહ
સંદીપ (પુત્ર)-સમા (પુત્રવધુ), સ્નેહલ (પુત્ર)-અલ્પા (પુત્રવધુ), સ્મિતા (પુત્રી)-જયેશ (જમાઈ), વીરલ (પૌત્ર)-ખુશ્બુ (પૌત્રવધુ), દેવાંશી (પૌત્રી)-અચલ (જમાઈ) જીનલ (પૌત્રી), વ્રજેશ (પૌત્ર), શિવમ (પૌત્ર), આરવ (પ્રપૌત્ર)
શાહ પરિવાર

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

બેસણું



દિલગીરી સાથે જણાવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી
શુકદેવ એન. પંડ્યા
તા. 14/11/2026 ને શનિવાર ના રોજ દેવલોક પધાર્યા છે.
સદગતનું બેસણું તા. 16/11/2026 ને સોમવાર ના રોજ સવારે 8.00 થી 11.00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે રાખેલ છે.

સ્થળ : લાયન્સ કલબ, મીઠાખળી સિક્સ રોડ, લેમન ટ્રી હોટેલ પાસે, મહારાષ્ટ્ર સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-380006.

અખિલ શુકદેવ પંડ્યા　લી.　નિખિલ શુકદેવ પંડ્યા
તથા સમસ્ત પંડ્યા પરિવાર

નોંધ : લૌકિક ક્રિયાઓ રાખવામાં આવેલ નથી.

બેસણું



સ્વ. શારદાબેન ઇશ્વરભાઇ પટેલ (ઉમતાવાળા, હાલ - અમદાવાદ)
તા. ૧૩-૧૧-૨૦૨૬ને શુક્રવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
સદ્ગતનું બેસણું નીચે મુજબ રાખેલ છે.

અમદાવાદ : તા.૧૫-૧૧-૨૦૨૬, રવિવાર સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે
સ્થળ : સ્કાયલાઇન બેન્કવેટ એન્ડ લોન, ઉમાવિલા બંગલા પાસે, સાયન્સ સીટી, અમદાવાદ.

ઉમતા : તા. ૧૯-૧૧-૨૦૨૬, ગુરૂવાર સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે
મે.ગં. પટેલ ભુણાતર પાટીની વાડી, ફુલેશ્વર મહાદેવ, ઉમતા, તા. વિસનગર.

લિ. સ્વ. ઇશ્વરભાઇ અંબારામદાસ પટેલ
નવિનભાઇ ઇશ્વરભાઇ પટેલ　અરૂણભાઇ ઇશ્વરભાઇ પટેલ
પુષ્પાબેન નવિનભાઇ પટેલ　સુજ્ઞા અરૂણભાઇ પટેલ
ધવલ નવિનભાઇ પટેલ　દેવર્ષ અરૂણભાઇ પટેલ
કૃપાંશ નવિનભાઇ પટેલ　વેદાંશી નિશીતકુમાર પટેલ
સ્વ. અંબારામદાસ નાથાભાઇ પટેલ પરિવાર (ઉમતા)
ફર્મ : કોર હાઇડ્રોલિક્સ પ્રા.લિ. ● અરૂણ હાઇડ્રોલીક્સ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. નરસિંહભાઇ વસ્તારામ પટેલ - ભોગીભાઇ વસ્તારામ પટેલ (ઉંઝા)

રાત્રી બેઠક રાખેલ નથી.

દુઃખદ અવસાન



ગામ કંથારીયા, હાલ આણંદ થી સખેદ જણાવવાનું કે અમારા પૂજનીય માતૃશ્રી પ્રભાતબા મહેન્દ્રસિંહજી ઝાલા નું તા. ૧૩-૧૧-૨૦૨૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે.

સદ્ગતની ઈચ્છા અનુસાર તેમના પાર્થિવ દેહનું દાન કરેલ છે તેમજ બેસણું અને ઉત્તરક્રિયા રાખેલ નથી.

- કિશોરસિંહ મહેન્દ્રસિંહ ઝાલા • કાશ્મીરાબા કિશોરસિંહ ઝાલા
- પ્રકાશસિંહ મહેન્દ્રસિંહ ઝાલા
- અજયસિંહ મહેન્દ્રસિંહ ઝાલા • બિરાજબા અજયસિંહ ઝાલા
- ભાગ્યરાજસિંહ કિશોરસિંહ ઝાલા • દેવયાનીબા ભાગ્યરાજસિંહ ઝાલા
- યશરાજસિંહ અજયસિંહ ઝાલા • અંશુમાનસિંહ કિશોરસિંહ ઝાલા

બેસણું (સુંવાળા)



સખેદ જણાવવાનું કે અમારા પૂજ્ય માતૃશ્રી / દાદીમા
ચંદુબા અર્જુનસિંહ ગોર (ઉં.વ.૧૦૭)
તા.૧૦-૧૧-૨૦૨૬ ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે.
સદ્ગતનું બેસણું (સુંવાળા) તા.૧૬-૧૧-૨૦૨૬ને સોમવારના રોજ સમય સવારે ૯ થી ૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

(નોંધ : કાંણ-મોકાંણ સદંતર બંધ છે)

સ્થળ : મોટા ઘરોનો માઢ, ગામ-વાવોલ, તા.જી.ગાંધીનગર

લિ. ઘનશ્યામસિંહ અર્જુનસિંહ ગોર - મો.૯૯૭૯૯ ૭૧૫૮૭
વિરપાલસિંહ ઘનશ્યામસિંહ ગોર - મો.૯૯૯૮૧ ૭૪૦૦૯
જયદિપસિંહ ઘનશ્યામસિંહ ગોર - મો.૭૮૭૮૭ ૮૬૧૦૪